

એસ.એમ.વી.એસ.ના સુવર્ણયુગ પ્રારંભે સ્વર્ણિમ

# ભલામણ



**પૂર્ણ પુરુષોત્તમ**
**શ્રી સ્વામિનારાયણ ભગવાન**



**જીવનપ્રાણ**
**અબજીબાપાશ્રી**

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનું લક્ષ્ય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સનાતન સિદ્ધાંતો અને અજોડ ઉપાસનાના પ્રવર્તનનું મહામોટું ભગીરથ કાર્ય કરી જેઓએ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના રહસ્યને યથાર્થ છતું કર્યું છે. એવા જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સમજાવેલા શ્રીજીમહારાજનાં સર્વોપરી સિદ્ધાંતોના વિશ્વવ્યાપી પ્રવર્તન અર્થે સને ૧૯૭૪માં ગુરુવર્ય પ.પૂ.બાપજીએ પ્રથમ સોપાન ભરી આ ભગીરથ કાર્યને નૂતન ક્રાંતિ આપી હતી. આ નૂતન ક્રાંતિને વિરાટ સ્વરૂપ આપતા સને ૧૯૮૭માં ગુરુવર્ય પ.પૂ.બાપજીએ સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાની સ્થાપના કરી.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવન-પરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૫૮ જેટલા સંતો તથા ૩૪ જેટલા ત્યાગી મહિલામુક્તો, ૫૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવન-પરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન-જન સુધી પહોંચી અજ્ઞાન ને દુઃખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યા છે.

ભારત, યુ.કે., અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કુવૈત, દુબઈ વગેરે સહિત અનેક દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવાં સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા સેવા કાર્યમાં ભગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણીસંગમખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવા કાર્ય તો વળી, જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન-જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# ભલામણ...


રજૂકર્તા : શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

પ્રકાશક : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૯

પ્રેરણામૂર્તિ : પ.પૂ.અ.મુ. સદ્‌ગુરુશ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. બાપજી)

પ્રથમ આવૃત્તિ : ..........., ૨૦૧૩

પ્રત : ૫૦૦૦ નંગ

મૂલ્ય :

સેવામૂલ્ય :

સૌજન્ય :



સૂચના : © સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
આ પુસ્તકના અંશો કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે
પ્રકાશકની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

# અનુક્રમણિકા

સંપાદકીય ........................................................ ૧

સ્વામિનારાયણ સંપ્રદાય –
એક વર્તનશીલ સંપ્રદાય ........................................ ૭

શ્રીહરિએ કરેલી
સંતો–હરિભક્તોને ભલામણ ....................................૧૭

જીવન ઘડતરમાં
અમૂલ્યવાન ભલામણ ............................................૩૦

સુવર્ણઘડી આવી
એસ.એમ.વી.એસ. કેરી ........................................૩૮

ભલા થઈને...
નિષ્ઠા, પતિવ્રતાપણું ને કર્તાપણું એક શ્રીજીનું જ રાખજો .........૪૫

ભલા થઈને...
પૈસા, પદ, પ્રતિષ્ઠા ને વાહવાહમાં ન લેવાતા ............................૫૫

ભલા થઈને...
અભાવ, અવગુણથી બચી આંતરમુખી બનજો ...........................૬૫

ભલા થઈને...

રાજીપાનો વિચાર રાખજો ને સિદ્ધાંતવાદી થજો ..........................૭૫

ભલા થઈને...

આજ્ઞા ને ઉપાસનામાં ભંગ ન થવા દેશો ................................૮૫

ભલા થઈને...

વાતો કરતાં વર્તન બળવાન છે એ રીત રાખજો .........................૯૫

ભલા થઈને...

અલ્પ વચનમાં ફેર પડે તો મહદ્ વચનમાં ફેર પડ્યો જાણજો.............૧૦૩

ભલા થઈને...

પ્રાપ્તિ પૂરી માનજો, છતાં પૂરું માની છકી ન જશો....૧૧૨

ભલા થઈને...

દિવ્ય દૃષ્ટિ કેળવી આત્મીયતા ને આત્મબુદ્ધિ કરજો ...........૧૨૧

ભલા થઈને...

કાર્ય કરવામાં કારણને મુખ્ય રાખજો...........................૧૩૦

ભલા થઈને...


મૂર્તિરૂપ માની પાત્ર બનજો અને ધ્યાન કરી સુખ લેજો .........૧૩૯

ભલા થઈને...

તન, મન, ધન સર્વસ્વ અર્પી હોમાઈ જાજો .....................૧૪૬

જોજો તો ખરા...

એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવાશે ..................૧૫૬



# સંપાદકીય

સૃષ્ટિનો ક્રમ એવું કહે છે કે સૂર્યનો ઉદય થાય છે ત્યારે પ્રકાશ પથરાય છે અને સૂર્ય અસ્ત પામે છે ત્યારે અંધકાર છવાય છે. સૃષ્ટિના ક્રમ પ્રમાણે વાત સો ટકા સાચી છે. પરંતુ ગુરુવર્ય પ.પૂ.બાપજી જેવા ક્રાંતિકારી, વિરલ, સમ્રાટ સત્પુરુષોનાં ક્રાંતિકારી કાર્યો એવું સ્વીકારવા સુબદ્ધ કરી દે છે કે સૂર્યનો ઉદય થવાથી જ પ્રકાશ પથરાતો નથી પરંતુ વ્યક્તિની આંખ ખૂલતાં પ્રકાશ પથરાય છે ને સૂર્ય અસ્ત પામતાં અંધકાર છવાતો નથી પરંતુ વ્યક્તિની આંખ બંધ થતાં અંધકાર છવાય છે.

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આ બ્રહ્માંડને વિષે સહજાનંદરૂપી સૂર્ય ઉદય થયો ત્યારથી સ્વામિનારાયણ સંપ્રદાયનું સ્થાપન થયું. પરંતુ જ્યાં સુધી ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ નથી થઈ, સર્વોપરી ઉપાસનાની અન્વય-વ્યતિરેકપણે સ્પષ્ટ સમજણ નથી થઈ, અનાદિમુક્તની સર્વોત્તમ સ્થિતિ પ્રાપ્ત નથી થઈ ત્યાં સુધી સહજાનંદરૂપી સૂર્ય ઉદય થયો હોવા છતાં સંપૂર્ણપણે પ્રકાશ પથરાયો નથી અર્થાત્ સંપ્રદાય માટે શ્રીજીમહારાજનો જે સંકલ્પ હતો તેને સંપૂર્ણ ઓપ આપવામાં કસર રહી ગઈ છે. આ માટે વ્યક્તિ વ્યક્તિ સુધી પહોંચી તેમના જ્ઞાનરૂપી ચક્ષુને ખોલી સમગ્ર સંપ્રદાયમાં જ્ઞાનની, ઉપાસનાની, સિદ્ધાંતોની, ધર્મની, વર્તનની, સમજણની અને પરંપરાગત સાંસ્કૃતિક મૂલ્યોની શુદ્ધીકરણરૂપ ક્રાંતિ આરંભનાર છે એસ.એમ.વી.એસ. સંસ્થા અને આ સંસ્થાના આદ્ય સ્થાપક ગુરુવર્ય પ.પૂ.બાપજી.

ગુરુવર્ય પ.પૂ.બાપજીએ આરંભેલ આ ક્રાંતિ ભગવાન સ્વામિનારાયણના યથાર્થ સ્વરૂપને ઓળખાવવા માટેની છે તથા તેઓએ સમજાવેલ વાસ્તવિક સિદ્ધાંતોને છતા કરવા માટે છે.

આ ક્રાંતિ મંદિરો, સંતો, હરિભક્તો, વિવિધ પ્રવૃત્તિઓ, ઉત્સવો, સમૈયાઓ આ બધું કરીને અંતે શુદ્ધ મંદિરો, શુદ્ધ સંતો-ભક્તો તૈયાર કરવા માટેની અને કાર્યને ગૌણ કરી કારણમાં જોડાવા માટેની છે.

આ ક્રાંતિ એસ.એમ.વી.એસ. સંસ્થાના દિગંતમાં ડંકા વગાડવા માટેની નથી, પરંતુ કારણ સત્સંગના જ્ઞાન અને સિદ્ધાંતોને વિશ્વવ્યાપી કરવા માટેની છે.

ભવ્યતાપૂર્વક ઊજવાયેલ રજત જયંતી મહોત્સવ એ સંસ્થાનો વિકાસ ને ઉદ્‌ઘોષ દેખાડવા માટે કે સંપ્રદાયમાં સરસાઈ દેખાડવા માટે નથી ઊજવાયો. આ મહોત્સવ ઊજવાયો છે ઉપરોક્ત જણાવેલ ક્રાંતિનું રજત ક્રાંતિમાંથી સુવર્ણ ક્રાંતિ તરફ મહાભિનિષ્ક્રમણ કરવા માટે.

કેટલાક એવું કહે છે કે એસ.એમ.વી.એસ. સંસ્થામાં શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠાનો આગ્રહ સંસ્થાના ગુરુથી માંડીને સંતો અને હરિભક્તો બધામાં સવિશેષ દેખાય છે.

કેટલાક એવું કહે છે કે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો અને હરિભક્તોનું વર્તન બહુ જ અણિશુદ્ધ જોવા મળે છે કે જેનાથી આપણું મસ્તક નમી જાય.

કેટલાક એવું પણ કહે છે કે એસ.એમ.વી.એસ. સંસ્થાના હરિભક્તોમાં તન, મન, ધનથી શ્રીજી અર્થે જીવન જીવવાની ભાવના બેજોડ જોવા મળે છે.

વળી, કેટલાક એવું પણ કહે છે કે એસ.એમ.વી.એસ. સંસ્થામાં ગુરુવર્ય પ.પૂ.બાપજી અને પ.પૂ.સ્વામીશ્રી જેવા સિદ્ધાંતવાદી સત્પુરુષો છે એટલે સંપ્રદાયને વિશેષ પુષ્ટિ મળી રહી છે.

તો વળી, કેટલાક એવું પણ કહે છે આ બધું જોતાં તો એવું લાગે છે કે એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા કારણ સત્સંગ જરૂર વિશ્વવ્યાપી થશે.

મુમુક્ષુ જનોના મુખે ઉચ્ચારાતા આ શબ્દો તેઓના એસ.એમ.વી.એસ. સંસ્થાના પરિચય અને અનુભવોની વર્ણનગાથા સમાન છે. પરંતુ સંસ્થા માટેના આવા ઉચ્ચ ને પવિત્ર ખ્યાલો પ્રસરવાનું કારણ એક જ છે...

*“સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા સહજાનંદની...*
*વ્હાલો આ સમાજ... વ્હાલો આ સમાજ...**SMVS**”*

આ સંસ્થા સહજાનંદની જ છે. એમનું જ મુખ્યપણું, એમનું જ કર્તાપણું,

એમનું જ વર્ચસ્વ અને એમનું જ સંચાલન. આ હેઠળ જ આ સંસ્થાની આન, બાન, શાન ને કથા-કીર્તિ વધી રહી છે. પચ્ચીસ વર્ષના લઘુકાળમાં સંસ્થાએ, ગુરુવર્ય પ.પૂ.બાપજીએ શું કરી દેખાડ્યું એનો નથી વિચાર કે નથી એનું અનુસંધાન તો પછી અમે શું કરી દેખાડ્યું એનો ગર્વ તો હોય જ ક્યાંથી ? અહીં તો શું કર્યું છે એ ભૂલવાનો અને હવે આપણે શું કરવાનું છે એ તરફનો જ દૃષ્ટિકોણ છે.

પચ્ચીસ વર્ષમાં શું શું કર્યું એનો ગર્વ નથી પરંતુ હવેનાં પચ્ચીસ વર્ષમાં શું શું કરવું છે એનું તો ગૌરવ જરૂર છે... એની અસ્મિતા તો રૂંવાડે રૂંવાડે છલકી રહી છે અને એટલે જ આ સંસ્થાએ પોતાના પચ્ચીસ વર્ષના પ્રચુરકાળને પૂર્ણ કર્યાનો રજત જયંતી ઉત્સવ નથી ઊજવ્યો પરંતુ પોતાની નૂતન અર્ધશતાબ્દીના દીર્ઘકાળમાં પ્રવેશ્યાનો સુવર્ણ જયંતી ઉત્સવ ઊજવી સુવર્ણ કાળનાં વધામણાં કર્યાં છે.

૨૧થી ૨૭ ડિસેમ્બર ૨૦૧૨ના માત્ર સપ્તદિવસીય ઊજવાયેલ એસ.એમ.વી.એસ. રજત જયંતી મહોત્સવે જાણે વિશ્વભરમાં પોતાના સપ્ત રંગો જેવા કે ઉપાસના, અનાદિની સ્થિતિ, સત્પુરુષ, દિવ્યભાવ, વર્તન, સમર્પણ અને સંસ્થાની અસ્મિતારૂપી મેઘધનુષ્ય રચી સ્વામિનારાયણ સંપ્રદાયની રોનક અને ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સિદ્ધાંતોના પ્રવર્તનની વણથંભી ક્રાંતિને ચાર ચાંદ લગાવી દીધા છે.

હજારો અને લાખો મુમુક્ષુઓના માનસપટ ઉપર એ વિચાર ઝબકી ઊઠે છે કે આંખના એક પલકારા પહેલાં જે એસ.એમ.વી.એસ.ના નામથી કોઈ પરિચિત નહોતું તેના બદલે આંખના બીજા જ પલકારામાં એ નામ વ્યક્તિ વ્યક્તિના મુખે ગૌરવતાથી ગુંજતું થઈ રહ્યું છે. શું આ કોઈ જાદુ થઈ રહ્યો છે ? શું આવું કરાવવામાં કોઈ સંગઠન આધારરૂપ અને સહકારરૂપ બની રહ્યું છે ? તો ખરેખર માત્ર ૨૫ વર્ષના અલ્પકાળમાં એસ.એમ.વી.એસ.નો આટલો બધો પ્રભાવ કેમ ? એની સફળતામાં શું રહસ્ય સમાયેલું છે ?

અનંત મુમુક્ષુઓના આંતર જગતમાં સ્ફુરતા અને જાણવાની ઉત્કંઠા જગાવતા પ્રશ્નનો ઉત્તર આપતાં પૂ. સ્વામીશ્રી જણાવે છે કે, “આ જે વિકાસ થઈ રહ્યો છે, પ્રભાવ વધી રહ્યો છે એ સંસ્થાનો નથી પરંતુ શ્રીજીમહારાજ અને બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોનો અને તેઓએ સમજાવેલા જ્ઞાનના પ્રવર્તનનો છે અર્થાત્ કારણ સત્સંગનો છે; અને એટલે જ એની સફળતાના રહસ્યમાં કોઈ ગુરુ, વ્યક્તિ, સત્તા, સંગઠન, જૂથ કે સંપત્તિ કારણભૂત નથી. આ સઘળા કાર્યની પ્રભાવના વધારવામાં મુખ્ય છ રહસ્યોરૂપ બાબતો અગ્રગામી છે. જેમાં...

(૧) શ્રીજીમહારાજનો જ પ્રબળ સંકલ્પ

(૨) એકમાત્ર શ્રીજીમહારાજનું જ કર્તાપણું

(૩) સિદ્ધાંતવાદી સત્પુરુષની ભેટ

(૪) સત્પુરુષના સંગે રાજીપાની ભૂખવાળો સમાજ

(૫) સંખ્યાની ગૌણતા અને ગુણવત્તાની પ્રધાનતા

(૬) સંતો-ભક્તોનાં બલિદાન અને સમર્પણ

એસ.એમ.વી.એસ. એ કોઈ કાર્યકારી સંસ્થા નથી. માત્ર લૌકિક ઓળખ માટે 'સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા' એમ આલેખાય છે. પરંતુ તેની સાચી અને વાસ્તવિક ઓળખ એક જ છે -"શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ". અર્થાત્ શ્રીજીમહારાજના વ્હાલામાં વ્હાલા અનાદિમુક્તો છે. આ અનાદિમુક્તોનો સમાજ એ જ કારણ સત્સંગ અને એટલે એસ.એમ.વી.એસ. એ આપણી સાચી ઓળખ નથી પણ કારણ સત્સંગ એ જ આપણી સાચી ઓળખ છે. અને એટલે જ તો એસ.એમ.વી.એસ.ના સુવર્ણ યુગનાં વધામણાં નથી પણ કારણ સત્સંગના સુવર્ણ યુગનાં વધામણાં છે. ત્યારે આવો, આ કારણ સત્સંગના વિકાસરૂપ રહસ્યમય છ અગ્રગામી પાસાંઓને કીર્તનમાં કંડારેલા શબ્દોના સહારે સુદૃઢ કરીએ.

*આવો વ્હાલા આજ કરાવું, (૨) ઝાંખી કારણ સત્સંગની,*
*સ્વામિનારાયણ મંદિર વાસણા, (૨) સંસ્થા સહજાનંદની. (૨)*
*વ્હાલો આ સમાજ.... **SMVS**..ટેક૦*

*નિજ મંદિરે નિજ સ્વરૂપો, પધરાવવા શ્રીહરિને, (૨)*
*ત્યાગનો પક્ષ મોળો કરીને, ધામ રચ્યાં શ્રીહરિએ,*
*અજોડ ઉપાસના, સ્થિતિ અનાદિ, સમજાવવી કેમ કરીને.. (૩)*
*એ જેવા તો એક જ છે એ, (૨) દૃઢ કરાવવું હરિને... સ્વા. મંદિર... ૦૧*

*પ્રથમ-૩૨, પ્રથમ-૧૮, મુક્ત અનાદિ જણાવી રે, (૨)*
*ધામ સ્વરૂપ પોતા તણું, પંચાળાનું સાત ગણાવી રે,*
*પુરુષોત્તમરૂપ થઈ મૂર્તિમાં, (૨) પ્રતિલોમની રીત જણાવી રે.. (૩)*
*નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય, (૨) પ્રથમ એકાવનમાં કરાવી... સ્વા. મંદિર... ૦૨*

*હું, મેં, મને, મારું બોલવું, એ સત્સંગની ગાળ રે, (૨)*
*કર્તાપણું બસ એક શ્રીજીનું, દૃઢ કરવું ઉરમાંય રે,*
*પ્રેરક પ્રયોજક સ્થાપક એક જ, શ્રીહરિ કહેવાય રે.. (૩)*

*રાગ-દ્વેષ ને ઈર્ષા છોડી,(ર) માન-મોટપ હરિરાયને રે...સ્વા.મંદિર... ૦૩*
*સ્વામિનારાયણ એક જ ભગવાન, સ્થિતિ અનાદિ છેલ્લી રે,(ર)*
*સિદ્ધાંતો આ શ્રીહરિના, રોમે રોમ ચડી હેલી રે,*
*શેહ શરમ નહીં મહોબત કેદી, શ્રીજી બાપા એક જ બેલી રે..(૩)*
*સિદ્ધાંતવાદી ગુરુ બાપજી,(ર) સ્વામીશ્રી વાત કહેવી રે...સ્વા.મંદિર... ૦૪*
*ગુણવત્તાના ભોગે આપણે, વિકાસ કદી કરવો નથી, (ર)*
*નિયમ ધરમ ને નિષ્ઠા સાથે, પ્રચાર કરવા રહ્યા મથી,*
*દિવ્યજીવન ને પવિત્રતા એ, (ર) આભૂષણ સાચું વળી..(૩)*
*કારણ સત્સંગ વિશ્વવ્યાપી,(ર) ગુણવત્તા રાખી કરી... સ્વા.મંદિર... ૦૫*
*મહારાજ મોટાપુરુષને બસ, રાજી કરી લેવા છે, (ર)*
*જીવનધ્યેય આ દૃઢ કરીને, મૂર્તિ સુખના મેવા છે,*
*રાજી કરવા શું ન થાય હવે, શ્રીજી અર્થે રહેવા છે..(૩)*
*રાજી કર્યા નથી રાજી કરવા,(ર) જન જનનાં મન એવાં છે... સ્વા.મંદિર...૦૬*
*શ્રીજી અર્થે જીવન અમારું, તન મન ધન કુરબાની છે, (ર)*
***SMVS** કાજે હોમાઈ જવા, અંગે બહુ ખુમારી છે,*
*દશે-દિશાએ નારા ગુંજે, સમર્પણ તૈયારી છે..(૩)*
*કારણ સત્સંગ શિર સાટે આ, (ર) જીવન એક બલિદાની છે... સ્વા.મંદિર...૦૭*
*સ્વયમ્ શ્રીજી સ્થાપક બન્યા, ગુરુ બાપજી દ્વારા રે, (ર)*
*શુદ્ધ ઉપાસના સમજાવી, ખૂંટ અવિચળ ખોડ્યા રે,*
*મંદિર શાસ્ત્રો ચોખ્ખાં કરવાં, શ્રીહરિ હરખાયા રે..(૩)*
*પચ્ચીસ વરસના ટૂંક સમયમાં,(ર) આન બાન શાન લહેરાયા રે... સ્વા.મંદિર...૦૮*

એસ.એમ.વી.એસ.ની અવિસ્મરણીય ચિરંતન ગાથાને ભૂંસવી કે ભૂમંડળમાં સમાવી દેવી એ તો અશક્ય છે. પરંતુ એને સ્મરણમાં રાખી સુવર્ણયુગના સુવર્ણ દીપ પ્રગટાય એ જ સંસ્થાની ખરેખરી સફળતા લેખાશે. કારણ કે સફળતા મળવી સહેલી છે પરંતુ એ સફળતાને કાયમી ટકાવી રાખવી એ અઘરી છે. તેમ જે આદર્શો, સિદ્ધાંતો અને મૂલ્યો અને રહસ્યો સાથે આ એસ.એમ.વી.એસ. સંસ્થાએ પોતાના રજતયુગને દૈદીપ્યમાન બનાવ્યો છે એ જ આદર્શો, સિદ્ધાંતો અને મૂલ્યોના આધારસ્તંભો સુવર્ણયુગમાં એવી અનંત દીપમાળાઓ ઉજાળશે જે એસ.એમ.વી.એસ.ની અર્થાત્ આ કારણ સત્સંગની શતાબ્દીઓ ઊજવવાના જયઘોષથી આરંભી સમગ્ર બ્રહ્માંડમાં કારણ સત્સંગને વિશ્વધર્મ બની વિરમશે.

એસ.એમ.વી.એસ.ના આવા આધારસ્તંભો સુવર્ણયુગમાં અનંત દીપમાળાઓ બની જરૂર ઉજાળશે પરંતુ તેને ઉજાળનાર તો એસ.એમ.વી.એસ.નો સમાજ જ છે. ત્યારે આપણા સૌની આ સહિયારી જવાબદારી બની જાય છે કે આપણે સૌ એક એવો સામૂહિક હોલા ઉઠાવ જગાવી આપણા સ્વજીવનને એવું અણિશુદ્ધ અને વર્તનશીલ બનાવીએ કે જેથી એસ.એમ.વી.એસ.ની આન, બાન અને શાન સારા વિશ્વમાં લહેરાઈ જાય. પરંતુ આ માટે આપણે આપણા કારણ સત્સંગના સર્વોત્તમ આદર્શો, સિદ્ધાંતો અને મૂલ્યોને આપણા વ્યક્તિગત જીવનમાં મક્કમ બની ચરિતાર્થ કરવાં પડશે. ત્યારે સમગ્ર એસ.એમ.વી.એસ.ના સમાજે સંસ્થાના સુવર્ણયુગને વધુ દૈદીપ્યમાન બનાવવા શાની શાની દૃઢતા કરવી જોઈશે તે સંસ્થાના સુવર્ણયુગના પ્રારંભમાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પૂ. સ્વામીશ્રીએ આપણને ભલામણ રૂપે જણાવ્યું છે. આ ભલામણોને આપણે સુવર્ણયુગની ‘સ્વર્ણિમ ભલામણ’ માની આપણા જીવનને એવું સુવર્ણ સરીખું બનાવવા માટે કટિબદ્ધ બનવાનું છે.

‘ભલામણ’ ગીત દ્વારા ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પૂ. સ્વામીશ્રીએ આપણને સુવર્ણયુગની સ્વર્ણિમ ભલામણો જણાવી છે તેને સ્વજીવનમાં ચરિતાર્થ કરવા અંગે માર્ગદર્શન આપતા બે વિશેષાંકો તૈયાર કરવામાં આવ્યા હતા જે સંસ્થાના માસિક સામયિક ‘ઘનશ્યામ’માં અનુક્રમે ૨૦૧૩ના માર્ચ અને એપ્રિલ માસમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આ બંને માસનાં સામયિકોનું સંકલન કરી, જરૂરી સુધારા અને નવા કેટલાક વિષયો ઉમેરી તેને એક નૂતન પુસ્તક સ્વરૂપે તૈયાર કરવામાં આવ્યું છે. સંસ્થાના સુવર્ણયુગના પ્રથમ વર્ષના પ્રારંભ અને સાથે સાથે ભારતીય વર્ષ મુજબ નૂતન વર્ષ સંવત ૨૦૭૦ (ઈ.સ. ૨૦૧૪)ના પ્રારંભે આ સ્વર્ણિમ ‘ભલામણ’ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. જેનો ઉદ્દેશ્ય એક જ છે કે નવા વર્ષે સમગ્ર સમાજ આ ‘ભલામણ’ પુસ્તકનો ઉપયોગ કરી એમાં જણાવ્યા મુજબનું જીવન બનાવવા માટે જાગ્રત બને અને શ્રીજીમહારાજના વ્હાલા સમાજની દિવ્ય રચના થાય. માટે આવો, આ ‘ભલામણ’ પુસ્તકમાં જણાવેલ ભલામણોનું મનન અને નિદિધ્યાસ કરી આપણા જીવનને આદર્શ બનાવીએ એવી અપેક્ષા સહ...

- સાહિત્ય લેખન વિભાગ



# Mòtr{™thtlý Ëk«ŒEtl yuf ò,o™þe÷ Ëk«ŒEtl

ભારતવર્ષનાં ઈતિહાસપૃષ્ઠોમાં એક એવો સમય નોંધાયો કે જેમાં ભારતભૂમિ ઉપર અતિ કષ્ટદાયક કપરી પળો વહી રહી હતી. એ પળો અતિ કષ્ટદાયક અને કપરી હતી તેનું કારણ એ હતું કે એ સમયે નાશ નહિ, સર્વનાશ થઈ રહ્યો હતો. જે સર્વનાશ હતો – સંસ્કારો, સાંસ્કૃતિક મૂલ્યો અને ધર્મ તથા આધ્યાત્મિકતાનો.

જેના કારણે માનવધર્મનો અને ધર્મ- પરિવર્તનનો અંધકાર નહિ, ગાઢ અંધકાર વ્યાપી રહ્યો હતો...

વિષય, વ્યસન, વહેમ, અંધશ્રદ્ધા અને ભ્રષ્ટાચારનું... વિષ નહિ, કાતિલ વિષ પ્રસરી રહ્યું હતું...

અઢારમી સદીના પ્રારંભકાળમાં ભારતભૂમિમાં વર્તાતો કાળો કેર હૈયાને હચમચાવી નાખે તેવો હતો. અધર્મ ધર્મનો અંચળો ઓઢીને સમાજમાં ફરતો હતો. સમાજમાં ધર્મના નામે ઢોંગ, ધતિંગ અને ભ્રષ્ટાચારનો દાવાનળ ફાટી નીકળ્યો હતો. માનવતાની, સંસ્કારની અને સાંસ્કૃતિક મૂલ્યોની જેમાં આહુતિઓ અપાઈ રહી હતી. જાણે કે સકળ જગત અધર્મના અંધકારમાં ડૂબી રહ્યું હોય કે શું ? એવી ભેંકાર અને બિહામણી સ્થિતિમાં સમાજવ્યવસ્થા ડૂબી રહી હતી. આ સમયે જરૂર હતી કોઈ એવા સૂર્ય સમ સર્જક અવતારી પુરુષની કે જે સમાજની આવી વરવી કરવટને બદલી આદર્શતાનો આખરી અંજામ આપે.

આવા ઘોર કળિકાળના વિષયમય વાતાવરણમાં માયાના અંધકારને ભેદવા અને પોતાના સનાતન ધર્મનું સ્થાપન કરવા સહજાનંદરૂપી સૂર્ય ઉદય થયો અને

થયું એક નૌતમ પ્રભાત.

જેનું વર્ણન કરતાં સદ્. મુક્તાનંદ સ્વામીએ કીર્તનના શબ્દોમાં કહ્યું છે કે,

*“પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું રે;*
*માયા રાત મુમુક્ષુની ટળી, થયું હરિ મળતાં પૂરણ પ્રભાત.”*

તેમજ

*“મુક્તાનંદ કહે અધર્મ ઉથાપિયો, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય સ્થાપ્યાં ગ્રહી હાથ.”*

અઢારમી સદીની ઢળતી સંધ્યાએ ભારતભરમાં વિચરણ કરી નીલકંઠવર્ણી રૂપે ભગવાન સ્વામિનારાયણ ગુજરાતમાં લોજપુરને વિષે પધાર્યા. ચારેબાજુ અનેકાનેક ધર્મો અને સંપ્રદાયોમાં નજરે ચડતા હતા - ધર્મને ઓથે અધર્મનાં કૃત્યો. આવા સમયમાં માત્ર ધર્મનું મહોરું પહેરેલા સંપ્રદાયોથી અલગ શુદ્ધ, પવિત્ર અને વાસ્તવિક વર્તનશીલ સંપ્રદાયની સ્થાપના કરવાનું ભગીરથ કાર્ય ભગવાન સ્વામિનારાયણે કર્યું. તેઓએ ભારતીય સંસ્કૃતિમાં અનેક ધર્મોમાં અઘરી લાગતી બાબતોને પોતાના ધર્મમાં મૂળ સ્થાને મૂકી સ્વામિનારાયણ સંપ્રદાયની બેજોડ રચના કરી.

‘Sun never sets on supreme Swaminarayan sect’ અર્થાત્ ‘સર્વોપરી સ્વામિનારાયણ સંપ્રદાયના માથેથી સૂર્ય કદી આથમતો નથી.’ કારણ સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયના મૂળમાં સ્થાપેલી વર્તનશીલ જીવનની એક અનેરી રીતિ. પરિણામ સ્વરૂપે આજે વર્ષો પછી પણ સ્વામિનારાયણ સંપ્રદાય એક જીવંત વર્તનશીલ સંપ્રદાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રારંભકાળમાં વર્તનની અનોખી રીત શ્રીજીમહારાજે પોતાના સ્વજીવન દ્વારા દર્શાવી. જેમાં સેવા, દાસત્વભાવ, સમર્પણ, ગુરુમહિમા જેવા ઉચ્ચ ગુણોનો નીલકંઠવર્ણી વેશે વર્તીને સૌને ઉપદેશ આપ્યો. લોજપુરને વિષે ગુરુમિલન પહેલાં સદ્. મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. આશ્રમની નાની-મોટી સેવામાં હરખભેર દોડતા રહ્યા. સંતો-હરિભક્તોની દાસત્વભાવે ખૂબ સેવા કરી, પોતાના અવરભાવના જીવનના ઉચ્ચ વર્તન દ્વારા પોતે સ્વયં વર્તી પોતના વર્તમાન અને ભાવિ સંત સમાજને આદર્શ પ્રેરણા આપી.

માત્ર બ્રહ્મચર્યની વાત નહિ, સત્સંગમાં આવતાંની સાથે પ્રથમ દિવસે જ સ્ત્રી-પુરુષોની સભા નોખી કરી સંપ્રદાયની આગવી પ્રથા બાંધી દીધી. શ્રીજીમહારાજે આગ્રહ સહ સેવેલી આ પ્રથા સંપ્રદાયના પ્રારંભથી માંડી અદ્યાપિપર્યંત જાળવવા આગ્રહપૂર્વક મોટાપુરુષો વાત કરતા રહ્યા છે કે,

"મહિલાઓ મહિલા વર્ગમાં બેસીને ધૂન ગાય, કીર્તન-ભજન કરે તેમાં કોઈ બાધ આવે નહીં. એ જ રીતે પુરુષો પુરુષ વર્ગમાં બેસીને કીર્તન ગાય, કથાવાર્તા કરે આ પ્રણાલિકા કદી ભુલાય નહીં. સત્સંગની આ સદાયની પ્રથા છે."

પ્રારંભકાળથી જ સ્વામિનારાયણ સંપ્રદાયના પાયામાં વર્તનની અણિશુદ્ધતા સ્વયં શ્રીહરિએ પૂરી હતી. સંતો-હરિભક્તોનાં વર્તનશીલ જીવન કરવા તેઓએ પોતાની હયાતીમાં પંચવર્તમાનરૂપી બંધારણ બાંધ્યું. જેમાં ઈતર સંપ્રદાયોમાં પ્રવર્તતી ગેરરીતિઓથી પર શુદ્ધ રીતિ-નીતિ સ્થાપી, પોતાના આશ્રિતગણમાં વાણી-વિચાર અને વર્તનની એકતાસભર જીવન થાય તથા એ માટે સ્વયં શ્રીજીમહારાજ નિરંતર મંડ્યા રહેતા જેનું નિદર્શન સ્વમુખવાણી વચનામૃતમાં થાય છે. પંચવર્તમાનમાં વર્તી પંચ ઈન્દ્રિયોના આહાર શુદ્ધ રાખવાનો આગ્રહ દર્શાવતાં શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૧૮મા વચનામૃતમાં કહ્યું છે કે, "પંચ ઈન્દ્રિયોના આહાર છે તેને અતિશે શુદ્ધપણે કરીને રાખજ્યો. એ વચન અમારું જરૂરાજરૂર માનજ્યો. અને આ વાત તો સર્વેને સમજાય એવી સુગમ છે, માટે સર્વેના સમજ્યામાં તુરત આવી જશે તે સારુ સત્સંગમાં અતિશે પ્રવર્તાવજો. તેમાં અમારો ઘણો રાજીપો છે."

સંતો-હરિભક્તોને નિયમમાં વર્તાવવા શ્રીજીમહારાજ સૌને વારંવાર યાદ કરાવતા - ઉપદેશ આપતા, પ્રસંગોપાત્ત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ટકોર પણ કરતા તો ક્યારેક પત્રો લખી ઉપદેશ દ્વારા સૌનું વર્તનશીલ જીવન કરવાનો આગ્રહ નિરંતર રાખતા. શ્રીજીમહારાજના આવા આગ્રહને સદ્. આધારાનંદ સ્વામીએ વર્ણવતાં કહ્યું છે કે, "શ્રીજીમહારાજ ભક્તોના ઉપર પ્રસન્ન થઈને હરેક વર્ષમાં એક, બે અથવા ત્રણ કૃપાપત્ર લખતા. ઋતુ પ્રમાણેના વરસાદની જેમ શ્રીહરિ ભક્તોના ઉપર વારે વારે પત્ર લખતા અને તેમાં યોગ્ય રીતે આદેશ આપતા."

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૭, તરંગ-૨૨

ઋતુ પ્રમાણે જ્યારે જેટલા વરસાદની જરૂર હોય તેમ વરસાદ વરસતો હોય છે તેમ શ્રીજીમહારાજ પણ પોતાના સંતો-હરિભક્તોને વર્તાવવા જ્યારે જેવી જરૂર હોય તેવા ઉપદેશના પત્રો લખતા.

એક વખત શ્રીજીમહારાજ જોડિયા બંદરેથી માંડવી બંદરે આવ્યા અને કચ્છના હરિભક્તોને ખૂબ લાભ આપ્યો. શ્રીજીમહારાજે સૌ સંતો-હરિભક્તોને સભામાં સત્સંગના નિયમની દૃઢતા રાખવા વિષે વાત કરી કે, "અત્યારે આપણા સત્સંગના જે નિયમ છે તે બધા ધર્મનાં અંગો છે. સત્સંગના નાના-મોટા નિયમ હોય તે

આપણાં ઘરેણાંરૂપ છે એટલે તે નિયમોને હરિભક્તોએ અવશ્ય પાળવા. બીજાં આભૂષણો તો અનેક હોય છે. કરોડો રૂપિયાની કિંમતનાં હોય પણ સત્સંગના નિયમરૂપ જે આભૂષણ છે તે સહુને શોભાડે છે." એમ વાત કરી દેશદેશના સંતો-હરિભક્તોને નિયમની દઢતા થાય તે માટે માંડવી બંદરેથી નિયમ પ્રમાણે વર્તવા માટેનો પત્ર લખાવ્યો.

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૦, તરંગ-૨૭

શ્રીહરિએ સંતોને ક્ષમા ધર્મ શીખવ્યો હતો કે કદી કોઈનું ભૂંડું થાય તેવો સંકલ્પ પણ ન કરવો તો ક્રિયા તો થાય જ કેમ ? સંતોના સૌમ્ય અને સાધુતાએ યુક્ત વર્તનશીલ જીવન જોઈ ગંજેરી-ભંગેરી જેવા બાવાઓ સંતોને ઢોરમાર મારી લોહીલુહાણ કરી નાખતા. સંતોના શરીરમાંથી માંસના લોચા લબડી જતા, આંખના ડોળા નીકળી જતા, ક્યારેક તો અસુરો તલવારના ઝાટકે સંતોના પ્રાણ પણ હરી લેતા છતાંય સંતો શ્રીહરિની આજ્ઞા અને વચનમાં અલ્પ ફેર ન પાડતા. કપરી કસોટીઓમાં પણ પોતાના પંચવર્તમાનમાં લગારેય ફેર ન પડવા દેતા.

એક વખત સદ્. મુક્તાનંદ સ્વામી સંતો-હરિભક્તો સાથે અમદાવાદ પધાર્યા હતા. અમદાવાદમાં ગોમતીપુરમાં લોલંગર બાવાનો અખાડો હતો. ૭૦૦ વ્યસની અને ઘાતકી બાવાઓની જમાત વ્યસનના નશામાં ચકચૂર રહેતી. ભગવાન સ્વામિનારાયણના સૌમ્ય, સાધુતાયુક્ત અને ક્ષમા, દયા, અહિંસા અને સહનશીલતાનાં ઉચ્ચ મૂલ્યોને વરેલા સંતોનાં વર્તનશીલ જીવન જોઈ સમાજમાં સંતોની ભગવી શાંતિદાયક આભા ધીમે ધીમે પ્રસરવા લાગી હતી. પ્રજાએ સંત-અસંતનો ભેદ પારખી લીધો હતો તેથી ગંજેરી-ભંગેરી જેવા ખાખી બાવાઓની છબી ભૂંસાવા માંડી હતી. લોલંગર બાવો પણ સ્વામિનારાયણ ભગવાનના નંદ પરમહંસોનાં ક્ષમા, શીલ, પરમ હિતકારી અને વર્તનશીલ જીવન જોઈ બળી મરતો હતો. એક દિવસ લોલંગર બાવાને થયું કે, આ સ્વામિનારાયણના મૂંડિયા બહુ વિચરતા રહેશે તો સમાજમાં આપણો કાંઈ પ્રભાવ રહેશે નહીં. તેથી તેણે પોતાના ૭૦૦ બાવાઓને સાબદા કર્યા કે, સ્વામિનારાયણના સંતોને માર્યે પાર કરો. સંતો કાંકરિયા તળાવની પાળે ઊતર્યા હતા. લોલંગર બાવાએ ૭૦૦ બાવાઓની સાથે સંતોને મારવાનો પેંતરો રચ્યો અને પહોંચ્યા કાંકરિયા તળાવની પાળે.

બાવાઓએ ભેગા મળી નિર્દોષ અને ભલા સંતો ઉપર તલવાર અને ભાલાનો વરસાદ વરસાવ્યો. સાધુતાની મૂર્તિ સમા સદ્. મુક્તાનંદ સ્વામીને બાવાઓએ

એટલી હદે ઢોરમાર માર્યો કે સ્વામીનાં નેત્રોમાંથી લોહી ટપકવા માંડ્યું હતું. સ્વામી બેભાન થઈ ત્યાં જ ઢળી પડ્યા. બીજા સંતો તેમને ઝોળીમાં નાખી શ્રીજીમહારાજ પાસે લઈ આવ્યા. આવા સમયે પણ સદ્. મુક્તાનંદ સ્વામી સંતોને એ જ ઉપદેશ કરતા હતા કે, ‘‘સંતો, ભૂંડા ભૂંડાઈ ન તજે, તો ભલા ભલાઈ કેમ તજે ? આપણે આપણી સાધુતા ન મૂકશો.’’

શ્રીજીમહારાજે સંતોને આ એક જ મંત્ર આપ્યો હતો કે,

‘‘गालिदानं ताडनं च रुतं कुमतिभिर्जनैः ।
क्षन्तव्यमेव सर्वेषां चिन्ततीयं हितं च तैः ॥’’

આ મંત્રનું સંતો અક્ષરશઃ પાલન કરતા.

શ્રીહરિના વચનમાં વર્તવા માટે સંતોએ પોતાના દેહની પણ પરવા કરી નહોતી. શ્રીજીમહારાજની હયાતીમાં જ આવો અણિશુદ્ધ વર્તને યુક્ત ગરવો સંત સમાજ તૈયાર થયો હતો.

શ્રીજીમહારાજે માત્ર પોતાના સંતસમાજમાં જ વર્તનશીલ જીવનના ખૂંટ નહોતા ખોડ્યા. સંસારમાં ગૃહસ્થાશ્રમમાં સમાજની વચ્ચે, સમાજના રીત-રિવાજોની વચ્ચે રહેલા હરિભક્તોના જીવનમાં પણ વર્તનની અણિશુદ્ધતા પરોવી દીધી હતી. સમાજમાં વ્યાપેલાં ચોરી, લૂંટફાટ, અનાચાર, અત્યાચાર, રૂઢિચુસ્તતા, કુરિવાજો, નાત-જાતના ભેદને મિટાવી હરિભક્ત સમાજને પંચવર્તમાનમાં વર્તવાની આજ્ઞા કરી.

જેતલપુરના મહોલમાં હરિભક્તોની સભામાં શ્રીજીમહારાજે સૌ ગૃહસ્થ હરિભક્તોને વર્તનશીલ કરવા પોતાનો આગ્રહ દર્શાવ્યો છે કે, ‘‘ગૃહસ્થના નિયમમાં ગૃહસ્થોએ વર્તવું. સત્સંગીએ સત્સંગીનો યોગ નિત્ય રાખવો. સંત-સમાગમનું વ્યસન પાડવું. બાઈઓએ બાઈઓમાં સત્સંગ કરાવવો. મન-કર્મ-વચને નિયમમાં રહી જે સત્સંગ રાખશે તેને અંત સમે આ મૂર્તિનાં દર્શન થશે.’’ એટલે કે એને મૂર્તિના સુખમાં લઈ જશે, બીજાને નહીં.

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૮, તરંગ-૨૨

ગૃહસ્થ હરિભક્તોના જીવનમાં પણ વર્તનની અણિશુદ્ધતા દૃઢ કરાવવા શ્રીજીમહારાજ નિરંતર વિચરતા રહ્યા હતા. ગામોગામ અને દેશોદેશમાં વિચરણ કરી શ્રીજીમહારાજે પંચવર્તમાને યુક્ત હરિભક્તોનો એક વિશાળ સમાજ તૈયાર

કર્યો હતો.

એક વખત શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે વિચરણ કરતા સૌરાષ્ટ્રના મહુવા પાસેના મેણપુર ગામે જવા શાર્દુલ ખસિયાના ગામ પાસે થઈ નીકળ્યા હતા. પંચવર્તમાનના અડગ ટેકધારી હરિભક્તોનું વૃંદ પણ શ્રીહરિની સાથે જ વિચરણમાં હતું. સૌ હરિભક્તો સાથે શ્રીજીમહારાજ આજે સામે ચાલી શાર્દુલ ખસિયાના ઘેર પધારી રહ્યા છે આ સમાચાર સાંભળતાં દરબાર શ્રી શાર્દુલ ખસિયાના આનંદનો પાર ન રહ્યો. ઢોલ વગાડી, શરણાઈના સૂર સાથે શ્રીજીમહારાજનું ભવ્ય સ્વાગત કર્યું. ઢોલિયો પાથરી શ્રીહરિને બિરાજમાન કરી જળપાન કરાવ્યું. છપ્પર પલંગ પર બિરાજેલા શ્રીહરિ ભક્તરાજ તરફ અમિનેષ નજરે જોઈ રહ્યા હતા. આજે અતિ કૃપા વરસાવી શ્રીજીમહારાજે સામેથી શાર્દુલનું ઘર પોતાનું ગણીને કહ્યું કે, “શાર્દુલ ! આજે તો અમારે સૌ સંતો-ભક્તો માટે મોતૈયા લાડુની રસોઈ બનાવડાવવી છે.” આટલું સાંભળતાં તો શાર્દુલ ભક્ત અડધા અડધા થઈ ગયા.

અગિયાર વાગ્યાના સુમારે તો રસોઈ તૈયાર થઈ ગઈ અને શ્રીજીમહારાજને જમવાનું આમંત્રણ આપવા વિપ્ર આવ્યા. શ્રીહરિના હાસ્યસભર મુખારવિંદની રેખાઓ અચાનક બદલાવા માંડી અને ઊભા થઈ સંતો-હરિભક્તોને હાકલ કરી કે, “સંતો-હરિભક્તો ! જલ્દી હાલો, અબ ઘડી મહુવા જવા નીકળવું છે.” એક ક્ષણમાં તો શ્રીહરિ રોઝા ઘોડા ઉપર અસવાર થઈ ગયા અને મહુવાની વાટ પકડી લીધી. સંતો-હરિભક્તો અને શાર્દુલ ભક્ત પ્રાર્થના કરતાં રડી પડ્યા. સમગ્ર ગામમાં સન્નાટો છવાઈ ગયો. સંતો-હરિભક્તો પણ વગર જમાડ્યે મહારાજની પાછળ ચાલતા થયા.

ઘરઆંગણે આવેલ પોતાના પ્રાણઆધાર તૈયાર ભાણેથી ઊઠીને ચાલી નીસરે - આના જેવો વજ્રાઘાત બીજો કયો હોય ? શાર્દુલ ભક્તનું હૈયું આ બીનાને માનવા તૈયાર નહોતું. જે શ્રીહરિએ સામે ચાલીને રસોઈ કરાવી, ઘેર આવ્યા ને એ જ મારા જીવનઆધાર કેમ ચાલી નીસર્યા ? શાર્દુલ ભક્ત તો મારતે ઘોડે નીકળ્યા ને શ્રીહરિને પૂગી ગયા.

ઘોડા ઉપરથી ઊતરતાં જ શાર્દુલ ભક્તે શ્રીહરિના ચરણ ઝાલી લીધા અને આર્તનાદે પ્રાર્થી રહ્યા કે, “હે પ્રભુ ! આજ આપ વણનોતર્યા સામે ચાલી ઘેર પધાર્યા, સ્વેચ્છાએ મોતૈયા લાડુની રસોઈ કરાવી અને આમ ભૂખ્યા ક્યાં હાલ્યા જાવ ? જો આપ આંગણે આવેલા ભાણા ઉપરથી ઊઠીને જાવ તો શાર્દુલની

જણનારી લાજે; માટે મહારાજ, કંઈક તો બોલો !''

શ્રીહરિએ શાર્દુલ પરથી દૃષ્ટિ ફેરવી કહ્યું, ''દરબાર ! એ પૂછવાનું રહેવા દો અને અમને જવા દ્યો. બહુ આગ્રહ કરી પૂછશો નહીં.''

શાર્દુલ ભક્તે અતિ આગ્રહ કરી પૂછ્યું ત્યાં તો શ્રીહરિની મુખારવિંદની રેખાઓ તપવા માંડી અને વક્રદૃષ્ટિ સાથે ગગનભેદી અવાજ શાર્દુલ ભક્તના કાને અથડાયો કે, ''હે શાર્દુલ ! અમે અનંતકોટિ બ્રહ્માંડોના નિયંતા છીએ. અમે સદાચાર, નીતિમત્તા અને પંચવર્તમાનની દૃઢતાના સદ્ધર્મનો ઉપદેશ અનંત જીવોને કરીએ છીએ અને તમે અમારા આશ્રિત છો છતાં પાલીતાણાના જૈન દેરાસરનો સંભવનાથનો ચોરાયેલો કીમતી તિલકમણિ તમારી પાસે છે. મહુવાના અંગ્રેજ અમલદાર મીલસાહેબ તેને શોધે છે. અમારા ભક્ત થઈ તમે પંચવર્તમાનની આજ્ઞાનો લોપ કરો અને ચોરીનું કર્મ કરો તે અમારાથી કેમ દેખાય ? માટે તમે તે મણિ મીલસાહેબને આપી આવવાનું વચન આપો તો જ અમે જમવા પાછા વળીએ; નહિ તો આ હાલ્યા...''

અંતર્યામી મહાપ્રભુના ગગનભેદી શબ્દોએ શાર્દુલ ભક્તને ભૂતકાળમાં સેરવી દીધા. વર્ષો પહેલાં ચોરાયેલા તિલકમણિની ગુપ્ત વાત આજે જાહેર થઈ ગઈ હતી. એક બાજુ કીમતી તિલકમણિનો મોહ હતો તો બીજી બાજુ શ્રીહરિની પંચવર્તમાનની આજ્ઞા હતી. શાર્દુલ ભક્તના મનમાં ઘમસાણ મચ્યું. શ્રીહરિએ પાયેલા અણિશુદ્ધ વર્તનના પીયૂષે પ્રાણ પૂર્યા. પોતાની ભૂલ સમજાઈ અને શ્રીજીમહારાજની માફી માંગી. તિલકમણિ પાછો આપી આવવાનું વચન આપ્યું, ત્યારે જ મહારાજે રોઝા ઘોડાનું ચોકડું મણિપુર ભણી મરડ્યું. શ્રીહરિએ સંઘે સહિત જમાડી શાર્દુલ ભક્તને ત્યાંથી સમી સાંજે વિદાય લીધી.

શ્રીહરિ પધાર્યા એ જ રાત્રે પોતાના દેવઘરમાં ડબ્બીમાં સાચવી રાખેલ તિલકમણિ લઈ શાર્દુલ ભક્તે મહુવાની વાટ પકડી અને સીધા મીલસાહેબના બંગલે પહોંચ્યા.

રાત્રિના અંધકારમાં પલંગ ઉપરથી ઊભા થઈ મીલસાહેબે શાર્દુલનું સ્વાગત કર્યું અને આવવાનું કારણ પૂછ્યું ત્યાં તો શાર્દુલ ખસિયાએ સીધો મીલસાહેબના હાથમાં તિલકમણિ મૂકી દીધો. ૩૦ વર્ષ પૂર્વે ચોરાયેલો તિલકમણિ આજે પોતાના હાથમાં જોતાં તેઓ આશ્ચર્યમૂઢ બની ગયા અને પૂછી લીધું કે, ''દરબાર ! આ મણિ તમારી પાસે ક્યાંથી ?'' શાર્દુલે ભૂતકાળનો ઇતિહાસ રજૂ કર્યો અને સાથે પોતાના ઇષ્ટદેવ શ્રીહરિની અનુજ્ઞા રજૂ કરી. મીલસાહેબ તો શ્રીહરિના પોતાના

હરિભક્તોના આવા શુદ્ધ અને પવિત્ર જીવન કરવાના આગ્રહ પર ઓવારી ગયા અને એ રાત્રે શાર્દુલ ભક્તને પોતાને ઘેર રાખ્યા. બીજા દિવસે બંને સાથે શ્રીહરિને મળવા ગયા.

શ્રીજીમહારાજ પોતાના આશ્રિત હરિભક્તોનાં જીવન પંચવર્તમાને યુક્ત અને માનવતાનાં મૂલ્યોથી સુગ્રથિત કરતા. ભગવાન સિવાય બીજે ક્યાંય લૌકિક પદાર્થમાં લોભ ન થઈ જાય તેનો નિરંતર ખટકો રાખતા અને રખાવતા. જેના પરિપાક રૂપે વિધ વિધ જ્ઞાતિઓના હરિભક્તોનાં જીવન પણ નીતિમત્તા, માનવતા અને જીવનનાં ઉચ્ચ આદર્શ મૂલ્યોને વરેલાં હતાં. ગમે તેવા કપરા કાળમાં પણ તેમના વર્તનમાં પોણી સોળ આની ફેર પડતો નહીં.

અગણોતેરા ભીષણ દુષ્કાળે સમગ્ર કાઠિયાવાડને પોતાના ભરડામાં લઈ લીધું હતું. કણ અનાજ અને ટીપું પાણી માટે ફાંફાં મારવા પડતાં હતાં. શ્રીહરિના અનન્ય આશ્રિત એવા લીમલી ગામના સગરામ ભગત અને તેમનાં ધર્મપત્ની દુષ્કાળને પાર ઉતારવા દક્ષિણ ગુજરાતમાં સુરત તરફ પ્રયાણ કરી રહ્યાં હતાં.

સગરામ ભગત આગળ ચાલતા હતા અને પાછળ થોડે છેટે તેમનાં ધર્મપત્ની ચાલ્યા આવતાં હતાં. સગરામ ભગતની નજર રસ્તામાં પડેલા એક રૂપાના ચમકતા મૂલ્યવાન તોડા ઉપર પડી. નજર પડતાં તેમને તરત જ વિચાર આવ્યો કે, અત્યારે આ ભીષણ દેશકાળમાં પેટિયું રળવા જઈ રહ્યા છીએ. મને તો આ તોડો લેવાની ઇચ્છા નથી થઈ પરંતુ પાછળ આવતાં મારાં ધર્મપત્નીને રખે ને જો લેવાનું મન થશે તો મહારાજની આજ્ઞા લોપાય, પંચવર્તમાનમાં ફેર પડે માટે તેમણે પગ વડે તોડા ઉપર ધૂળ વાળી દીધી અને આગળ ચાલવા માંડ્યું.

થોડે આગળ જતાં સગરામને તેમનાં ધર્મપત્નીએ પૂછ્યું કે, "ભગત ! હમણા તમે ધૂળમાં શું કરતા હતા ?" ત્યારે તેમણે ચાંદીના તોડા પર ધૂળ વાળી તે વાત કરી કહ્યું કે, "તારી નજર ભૂલમાં તોડા પર પડે ને ક્યાંક મહારાજની આજ્ઞા લોપાય તેથી મેં ધૂળ વાળી દીધી."

જેના રૂંવાડે રૂંવાડે શ્રીહરિના વચનમાં વર્તવાનાં જોમ-ખુમારી ભરેલાં હતાં એવા સગરામ ભગતનાં ધર્મપત્નીએ દૃઢતાપૂર્વક જવાબ આપ્યો કે, "ભગત ! તમે તો ધૂળ ઉપર ધૂળ વાળી એમાં શું બહુ મોટી ધાડ મારી ! પણ હું તો પારકી વસ્તુને ધૂળ સમાન જ ગણું છું."

શ્રીજીમહારાજે પોતાના ભક્તને કરેલી આજ્ઞામાં અલ્પ પણ ફેર નથી પાડ્યો એટલે જ સદ્. પ્રેમાનંદ સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાયના આવા અણિશુદ્ધ

વર્તને યુક્ત હરિભક્તોનાં જીવનને કીર્તનની પંક્તિમાં કંડારી દીધાં કે,

*"પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ,*
*હરિજન સંગે કીધી સાચી સગાઈઓ રાજ;*
*બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે,*
*પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ."*

સ્વામિનારાયણ સંપ્રદાય એ વાત અને વર્તનનો સમન્વયાત્મક જીવંત સંપ્રદાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્યકાળથી માંડી વર્તમાનકાળે પણ હરિભક્ત સમાજમાં આવા વર્તનશીલ જીવનની શૃંખલા વણથંભી ચાલી રહી છે.

એક એક રૂપિયાની ગણતરી થઈ રહી છે. પોતાની પત્ની હૉસ્પિટલમાં ઈમરજન્સીમાં એડમિટ છે. ડૉક્ટરો ઑપરેશન કરવાનું કહે છે. પરંતુ પ્રશ્ન છે - ઑપરેશન માટેના પૈસા લાવવા ક્યાંથી ? ઘરની આર્થિક સ્થિતિ સારી હતી નહીં. અંતરમાં મૂંઝવણનાં વાદળો છવાઈ ગયાં. કાંઈ સૂઝતું નથી. એ જ સમયે સ્વામિનારાયણ ધામની દિવ્ય સંકલ્પભૂમિ ઉપર દિવાળી વેકેશનમાં જ્ઞાનસત્ર ચાલી રહ્યું હતું. સર્વેના તારણહાર એકમાત્ર શ્રીજીમહારાજ છે. સઘળી પરિસ્થિતિ મહારાજને સોંપી એક હરિભક્ત જ્ઞાનસત્રનો લાભ લેવા આવ્યા.

સભા પૂર્ણ થતાં સૌ આગામી સેવા-પ્રવૃત્તિ તથા જમાડવા માટે જઈ રહ્યા હતા. એ જ વખતે એમની નજર રસ્તામાં પડેલી સોનાની જાડી લકી ઉપર પડી. એક બાજુ પોતાનાં પત્ની હૉસ્પિટલમાં દુઃખથી છેલ્લી અવસ્થામાં જન્મ-મૃત્યુ વચ્ચે ઝોલા ખાતાં હતાં અને બીજી બાજુ શ્રીહરિની આજ્ઞા હતી કે પડી વસ્તુ કોઈની ન લેવાય.

આવા કસોટીના સમયે પણ પોતાના સ્નેહીજનો કરતાં શ્રીહરિની આજ્ઞાને મુખ્ય કરી સોનાની લકી લઈ સ્ટેજ ઉપર જમા કરાવી જે તે વ્યક્તિ સુધી પહોંચતી કરી દીધી.

વર્તમાનકાળે પણ આવા ઊંચે આભમાં ઝગમગતા સિતારા જેવો હરિભક્ત સમુદાય એસ.એમ.વી.એસ.માં મોજૂદ છે, જીવંત છે જે સ્વામિનારાયણ સંપ્રદાયની વર્તનશીલ જીવનની પ્રણાલિકાને જીવંત રાખી રહ્યો છે.

શ્રીજીમહારાજે માત્ર બાહ્ય વર્તનની રીતિ-નીતિ જ પ્રસ્થાપિત નહોતી કરી, બ્રહ્મજ્ઞાનના અખાડા ચલાવી બ્રહ્મજ્ઞાનમાં ગુલતાન એવા સિદ્ધપુરુષોની વણઝાર ત્યાગી અને ગૃહી સમાજમાં સર્જી હતી. સદાય બ્રહ્મ અર્થાત્ પ્રભુ આનંદમાં રમણ કરતા શ્રીરંગદાસજીની ઉચ્ચ સ્થિતિને શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી નામ

ધારણ કરી બિરદાવી હતી. પોતાના આધ્યાત્મિક વારસદાર તરીકે પોતાની મૂર્તિના સુખમાં અખંડ લુબ્ધ રહેતા એવા ગોપાળાનંદ સ્વામીને કર્યા. શ્રીહરિની હયાતીમાં આવી સ્થિતિને પામેલા નંદ સંતોની હારમાળા દીપકની જેમ ઝળહળતી હતી.

હરિભક્ત સમાજમાં પણ ગોરધનભાઈ અને અગત્રાઈના પર્વતભાઈ જેવા મુક્તોની સ્થિતિ ન્યારી હતી કે જેમને દેહભાવ કે સંસાર ક્યાંય સ્પર્શતો જ નહોતો; સદાય નિર્બંધ રહી મૂર્તિમાં ગુલતાન રહેતા. એવા સ્થિતિને પામેલા પર્વતભાઈએ સ્વમુખે પોતાની સ્થિતિની વાત કરી છે કે,

*"ત્યારે બોલ્યા પરવતભાઈ, તમો સુણો વ્હાલા સુખદાઈ,*
*પ્રભુ તમારી ઈચ્છા અનુસાર, આંહીં આવ્યો છું નિરધાર;*
*મારે વર્તે છે અક્ષરધામ, આ સર્વે પરમહંસના સમ,*
*તવ રૂપ વિષે મારું મન, અહોનિશ રહે છે મગન;*
*મુને નથી બીજું કાંઈ ભાન, નિત્ય કરું છું તમારું ધ્યાન,*
*મૂર્તિમાં રહું છું દિન-રાત, કૃપાનાથ કહું સાચી વાત;*
*એમ શ્રીહરિ સહજાનંદ, સ્વામિનારાયણ સુખકંદ,*
*પોતાના જે અનાદિમુક્ત, તેની સ્થિતિ જાણવાની જુક્ત."*

આવા વર્તનશીલ અને સ્થિતિધારક મુક્તોથી સ્વામિનારાયણ સંપ્રદાય અદ્યાપિપર્યંત જીવંત અને વર્તનશીલ રહ્યો છે. સ્વામિનારાયણ ભગવાન સ્થાપિત સાંપ્રદાયિક બંધારણ અને વર્તનશીલ સમાજની શુદ્ધિ અને વૃદ્ધિ કરવાની નેમ સાથે જીવનપ્રાણ બાપાશ્રી પધાર્યા. જીવનપ્રાણ બાપાશ્રી સંત સમાજમાં કે હરિભક્ત સમાજમાં જ્યાં વર્તનની કે સ્વભાવ-પ્રકૃતિની કસર જુએ કે તરત ટકોર કરતા અને સુધારો કરાવતા. જેને વર્તમાનમાં ફેર પડ્યો હોય તેને જગનમાં (સમૈયામાં) આવવાની બંધી કરતા. સમર્થ સદ્‌ગુરુઓ પણ સંત-હરિભક્ત સમાજને વર્તનશીલ કરવા માટે મંડ્યા રહ્યા. વર્તમાનકાળે સમગ્ર એસ.એમ.વી.એસ. પરિવાર ઉપર પણ આવી જ કરુણા વરસી રહી છે. ગુરુવર્ય પ.પૂ. બાપજી સંત અને હરિભક્ત સમાજને વર્તનશીલ કરવા એસ.એમ.વી.એસ. સુવર્ણયુગ પ્રારંભે બાહ્ય ઉદ્‌ઘોષ ન કરતાં સત્સંગના સારરૂપ ભલામણ કરી એ પ્રમાણે વર્તાવવા ૮૧ વર્ષની જૈફ વયે પણ મંડ્યા રહ્યા છે. ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કરેલી ભલામણને ભલા થઈને આપણા જીવનમાં વણી લેવા કૃતનિશ્ચયી થઈએ અને 'સ્વામિનારાયણ સંપ્રદાય એક વર્તનશીલ સંપ્રદાય' તે બિરુદને યાવદ્‌ચંદ્રદિવાકરૌ જાળવી રાખીએ.



# ©enrhyu fhu÷e Ekt,tu-nrh¼õ,tu™u ¼÷t{ý

હજાર શબ્દો છે પુસ્તકના...

લાખ શબ્દો છે કલમના...

કરોડ શબ્દો છે કાનના...

અને માત્ર એક જ શબ્દ છે મુખમાંથી આવતો જે છે ભલામણનો. આ એક શબ્દ ભલામણનો જ આમૂલ પરિવર્તન આણે છે.

પુસ્તકના શબ્દોમાં ને કલમથી લખેલા શબ્દોમાં તથા સાંભળેલા શબ્દોમાં જીવનપરિવર્તન કરવાની જે તાકાત નથી એવી અજબ તાકાત ભલામણના માત્ર એક શબ્દમાં સમાયેલી છે. કારણ એ ભલામણ કરનાર એવા અલૌકિક અને સામર્થ્યવાન છે જેથી એમના શબ્દો પણ એવા જ સામર્થ્યવાન અને પરિવર્તનશીલ હોય છે. જેને ઝીલવાથી આંતરશક્તિ ઉત્પન્ન થઈ વેગવાન બને છે. જે વિચારોમાં લાવે છે કૃતનિશ્ચયતા, પ્રબળતા, મક્કમતા અને ફના થવાની ભાવના. જે શબ્દોમાં લાવે છે રણકાર, નીડરતા અને નિર્ભયતા.

આવી ભલામણ કરે છે ભગવાન અને ભગવાનના સત્પુરુષ, જેઓ સંપૂર્ણ દિવ્ય સ્વરૂપ છે, જેથી તેમના શબ્દોમાં પણ એક દિવ્ય શક્તિ સમાયેલી છે. આથી એમના ભલામણના દિવ્ય શબ્દો જ મુમુક્ષુને દિવ્ય જીવનનો રાહ કંડારી આપે છે અને એ જ પંથ કાપવા માટે કટિબદ્ધ કરે છે. તેઓના જીવનને અને કાર્યને જોતાં એવું સ્પષ્ટ જણાઈ આવે છે કે તેઓના પ્રાગટ્યનો હેતુ અને કાર્ય એક

જ છે - અનેક મુમુક્ષુઓને ભલામણરૂપી ઉપદેશવચન કહી શુદ્ધ પાત્ર કરવા. તેઓ પોતાનું આ કાર્ય અવિરત કરતા આવ્યા છે અને વર્તમાન સમયે પણ કરી જ રહ્યા છે. એ માટે તેઓએ સત્સંગ-વિચરણ અને કથાવાર્તારૂપી સંમિશ્રિત એવું માધ્યમ અપનાવ્યું છે કે જેના દ્વારા તેમની ભલામણોનો પ્રવાહ અસ્ખલિત ચાલુ રહે છે. આ બે માટે તેઓએ કદી રાત કે દિવસ નથી જોયાં. નથી થાક્યા કે નથી થંભ્યા. નથી જોઈ જાત કે કુજાત. કેવળ અનંત મનુષ્યોને મુમુક્ષુ ને મુમુક્ષુને મુક્ત કરવા વિચરતા જ રહ્યા... ધર્મનો માર્ગ પાઠવતા જ રહ્યા અને અનંત જીવોને ઉદ્ધારતા જ રહ્યા. સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ એટલે જ ગાયું છે કે,

*"ધર્મનો ઢોલ સુણાવિયો રે, દેવા લાગ્યા પોતે દાત,*
*દુર્બળનાં દુઃખ કાપિયાં રે, ન જોઈ જાત કુજાત;*
*ધન્ય ધન્ય મારા નાથજી રે, ધન્ય ઉદ્ધારીયા જન."*

શ્રીજીમહારાજ પણ સ્વમુખે કહેતા કે, "અમારે તો હરિભક્તોને પોતારૂપ કરવા એટલો જ ઘાટ છે; તેને માટે વિચરણ કરીએ છીએ, કોઈ સ્થાને ઠરીને બેસતા નથી." અર્થાત્ શ્રીજીમહારાજ પોતાના જોગમાં આવનાર સૌને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરવા માટે જ વિચરણ કરતા હતા. એના માટે જ તેઓ વિચરણ દરમ્યાન શરણાગત ભક્તને માયાના અંધકારથી મુકાવતા. સૌને માયાના અંધકારમાંથી બહાર નીકળવાના ઉપાયરૂપ ઉપદેશવચનો દ્વારા ભલામણ કરતા અને તે ઉપદેશ નિરંતર યાદ રાખવાની અને એ મુજબ વર્તન બનાવવાની સૌને ભલામણ કરતા.

"અનાદિકાળથી જીવોને અજ્ઞાનરૂપ માયાનું ઘોરતમ વળગ્યું છે ને તેમાં જ સુખ માની બેઠા છે તે પાપથી સર્વને ઉગારી નિષ્પાપ કરવા છે. અમારી વાતોમાં પણ જીવને અનાદિ અજ્ઞાનથી મુક્ત કરવા સંબંધી વાતોનું મુખ્યપણું છે એ સાંભળીને સૌએ તત્કાળ યાદ રાખીને લખી લેવી ને બીજાને વાત કરવી એમાં અમારી પ્રસન્નતા છે. જે કોઈ અમારી વાત સાંભળશે તેનું અજ્ઞાનરૂપી જાળું તૂટી જશે."

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૬, તરંગ-૮૦

અહીં શ્રીજીમહારાજ આપણને ભલામણ કરે છે કે તમને અનાદિકાળથી અનંત જન્મોમાં માયારૂપી અંધકાર વળગ્યો છે. પરિણામે પુરુષોત્તમનાં અવિનાશી સુખને મૂકી તમે માયાનાં નાશવંત અને તુચ્છ સુખને સાચાં માની બેઠા છો. પરંતુ અમારે તમને સાચા સુખની ઓળખાણ કરાવી, સર્વે માયાનાં પાપ થકી નિષ્પાપ

કરવા છે એટલે વારંવાર દેહ અને દેહના સુખના નાશવંતપણાની વાતો મુખપણે કરીએ છીએ તેને તમે યાદ રાખજો, લખી તેનું મનન કરજો અને બીજા તમારા જોગમાં જે આવે તેને પણ દેહભાવરૂપી અંધકારમાંથી બહાર કાઢવાની વાતો કરજો તો અમે ખૂબ પ્રસન્ન થઈશું. એટલે કે, અમારો મુખ્ય રાજીપો તમે દેહભાવ ટાળો અને પુરુષોત્તમરૂપ પાત્ર થાવ તેમાં જ છે.

કળિયુગની ભીષણ આગમાં અને વધતા માયાના ઘોર અંધકારમાં માનવતાનાં મૂલ્યોસભર જીવન જીવવું પણ અઘરું છે. ત્યાં માયાથી રહિત શુદ્ધ પાત્ર એવા અનાદિમુક્ત તરીકે અવરભાવમાં જીવન જીવવું તો કેટલું કપરું બની જાય ! પરંતુ આવા સમયમાં પણ મહારાજ અને મોટાપુરુષ થકી થયેલી ભલામણના શબ્દો જીવનનો યોગ્ય રાહ ચીંધે છે. ભલામણના શબ્દે શબ્દને જીવનમાં અનુસરવાથી કળિયુગને પણ બદલી શકાય છે. માયાના ઘોર અંધકારને ભેદી પૂરણ પ્રકાશ પણ જીવનમાં પાથરી શકાય છે.

શ્રીજીમહારાજ પોતાના આશ્રિતમાત્ર એવા સંતો-હરિભક્તોને હિતોપદેશ રૂપે ભલામણનાં વચનો કહેતા. ક્યારેક દૂરના સંતો-હરિભક્તોને સદ્. શુક સ્વામી પાસે પત્ર લખાવીને પણ ભલામણ કરતા. સંતો-હરિભક્તોનાં કસર રહિત શુદ્ધ અને પવિત્ર જીવન કરાવવાં અને સ્થિતિ કરાવવા માટે શ્રીજીમહારાજ નિરંતર કથાવાર્તા કરીને, ઉપદેશ આપીને કે ગ્રંથ લખી-લખાવીને ભલામણ કરતા. આ કાર્ય કરવા માટે શ્રીજીમહારાજે પોતાના અવરભાવના સ્વાસ્થ્યની પણ કદી પરવા કરી નથી.

સંવત ૧૮૮૨ના મહા મહિનામાં શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે વરતાલ પધાર્યા હતા. આ સમામાં શ્રીજીમહારાજે બહોળો મંદવાડ ગ્રહણ કર્યો હતો. એટલે સંતો-હરિભક્તો સૌ ઉદાસ હતા. સૌના મુખારવિંદ ઉપર આનંદની લકીર પણ રહી નહોતી. પોતાના પ્રાણાધારનો મંદવાડ જોઈ સૌનાં મન અતિશે વ્યાકુળ હતાં. સૂધબૂધ હરાઈ ગઈ હતી. શ્રીહરિનો અતિશે મંદવાડ જોઈ એક દિવસ સદ્. મુક્તાનંદ સ્વામી અતિ દિલગીર થઈ ગયા અને રડતા રડતા શ્રીજીમહારાજને પ્રાર્થી રહ્યા કે, ‘‘હે મહારાજ, અમે તો બધા ક્ષણે ક્ષણના ગુનેગાર જ છીએ. આપ અમારા સર્વે ગુના માફ કરો. અમારા અપરાધને કારણે જ આપે આ મંદવાડ ગ્રહણ કર્યો છે. માટે હવે હે મહારાજ ! અમે અમારા દોષો ટાળી શકીએ તેવાં હિતોપદેશનાં વચન કહી સત્સંગમાં વર્તવાની રીત શિખવાડો. શીખના સારરૂપ એક ગ્રંથ આપો.’’

સદ્. મુક્તાનંદ સ્વામીની વાત સાંભળતાં શ્રીહરિએ મુખારવિંદ પર એક અનેરી ચમક જણાવી. શ્રીહરિએ એકદમ ઉત્સાહમાં આવી જણાવ્યું, “સ્વામી, તમારી વાત સાચી છે કે અમારે સર્વે આશ્રિતમાત્રને આજ્ઞા અને શીખ (ભલામણ) રૂપે એક ગ્રંથ લખવો છે જેમાં અમારા અંતરની વાત લખી સૌને સત્સંગમાં બોલતાં, ચાલતાં ને વર્તતાં શિખવાડવું છે.” આટલું કહેતાં શ્રીજીમહારાજે શરીર ઉપરથી વસ્ત્ર ઉતારીને મૂકી દે એમ મંદવાડને કાઢીને બાજુમાં મૂકી દીધો.

શ્રીજીમહારાજ ઢોલિયા ઉપરથી ઊભા થઈ ગયા અને બાજોઠ ઉપર ખડિયો અને કલમ લઈ પોતાના સંકલ્પો લખવા માંડ્યા. શ્રીજીમહારાજે સમગ્ર સત્સંગી સમાજને સત્સંગમાં અને વ્યવહારમાં કેવી રીતે વર્તવું તેની અદ્ભુત ભલામણ ગાગરમાં સાગર સમાન ‘શિક્ષાપત્રી’ ગ્રંથમાં કરી છે. આ ભલામણને કોઈ પણ સત્સંગી કે બિનસત્સંગી પોતાના જીવનમાં અનુસરે તો તે સર્વશ્રેષ્ઠ બની શકે છે. આ ‘શિક્ષાપત્રી’ ગ્રંથમાં શ્રીજીમહારાજે પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં ઊઠી જવું, નિત્ય મંદિર દર્શને જવું, સંતનો સમાગમ કરવો, નિત્યપૂજા કરવી, કોઈ જીવની હિંસા ન કરવી, પોતાની જાતે આત્મઘાત, આત્મશ્લાઘા કે કોઈનો વિશ્વાસઘાત ન કરવો, મિથ્યા અપવાદ-આરોપણ ન કરવાં, કોઈના અભાવ-અવગુણ ન લેવા કે નિંદા ન કરવી, પારકો કે પોતાનો દ્રોહ થાય એવું સત્ય વચન ન બોલવું, વ્યવહારમાં પ્રતિષ્ઠિત મનુષ્યનું અપમાન ન કરવું, કોઈની ખાનગી વાત જાણતા હોય તોય પ્રકાશ ન કરવી, ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવા, એકાદશીનો ઉપવાસ કરવો, ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય તો સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરવું, સૂતક પાળવું, માતા, બહેન કે પુત્રી સાથે પુરુષે અને પિતા, ભાઈ કે પુત્ર સાથે સ્ત્રીએ એકાંતમાં ન રહેવું, વ્યવહારિક મિલકતની લેતી-દેતીમાં સાક્ષીએ સહિત લખાણ કર્યા વિના વ્યવહાર ન કરવો, ધર્માદો કાઢવો, વ્યવહારે સુખી હરિભક્તોએ સ્વામિનારાયણ ભગવાનના મોટા સમૈયા-ઉત્સવો કરાવવા જેવી અનેક ભલામણો સત્સંગીમાત્રને કરી છે. આ ઉપરાંત ત્યાગી, સાધુ, બ્રહ્મચારી, આચાર્ય, આચાર્યશ્રીનાં ધર્મપત્ની, સધવા-વિધવા સ્ત્રીઓ, રાજા આદિકને પોતાના આશ્રમ અનુસાર યોગ્ય રીતે વર્તવાની ભલામણ કરી છે.

શ્રીજીમહારાજે સ્વ-હસ્તે લખેલા આ ‘શિક્ષાપત્રી’ ગ્રંથમાં ત્યાગી અને ગૃહી બંને સમાજને આજ્ઞા રૂપે ભલામણ કરી છે, જે ભલામણ માત્ર એ વખતના સંતો-હરિભક્તો માટે જ નહોતી. જે જે શ્રીજીમહારાજના આશ્રિત થાય તે બધા માટે ફરજિયાત હતી; આજે છે અને ભવિષ્યમાં રહેશે. એ પ્રમાણેનું જીવન કરવું

સૌ માટે ફરજિયાત છે. શ્રીજીમહારાજ જ્યાં પોતાના આશ્રિત વર્ગને જીવન બદલવાની ભલામણ કરવા ગ્રંથ લખવા તૈયાર થયા ત્યાં પોતાના અવરભાવના મંદવાડને પણ ગણકાર્યો નથી. શ્રીજીમહારાજનો સમગ્ર સંત-હરિભક્ત સમાજને વર્તાવવાનો આવો આગ્રહ આજે પણ આપણા સૌ માટે છે જ. માટે આ અભિપ્રાય મુજબ આપણું જીવન કરીશું તો જ રાજીપાના માર્ગ તરફ પ્રયાણ કરી શકીશું.

શ્રીજીમહારાજ પોતાના હૃદય સમાન સંતગણમાં અલ્પ કસર પણ ચલાવી ને લેતા. સંતો નિયમ-ધર્મમાં, વર્તનમાં શૂરા ને પૂરા બને તેવા જીવનનું ઘડતર કરવા અને તેમનું આત્મિક જતન કરવા પ્રસંગોપાત્ત અનેક વાર ભલામણ કરતા.

એક વખત શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સહિત જૂનાગઢ પધાર્યા હતા. જૂનાગઢના નવાબે ખૂબ ભવ્યતાપૂર્વક શ્રીહરિનું સ્વાગત કર્યું હતું. દાદાભાઈએ દીવાનખંડમાં ઉતારો કરાવ્યો હતો. શ્રીજીમહારાજે દેશોદેશમાં વિચરણ કરતા સંતોને પત્ર લખીને જૂનાગઢ બોલાવ્યા અને દેવ-દિવાળીનો પાંચ દિવસનો સમૈયો કર્યો હતો. સમૈયો પૂરા થયા પછી શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે ગિરનાર પર્વત પર વિચરણ કરવા પધાર્યા. પર્વત પર વિચરણ કરી અનેક મુમુક્ષુ જીવોનાં કલ્યાણ કર્યાં હતાં.

શ્રીજીમહારાજે સંતોની સભા કરી અને વિચરણમાં જવા માટે મંડળધારી સંતોનાં દસ મંડળ કર્યાં. તેમની જોડે બીજા સાધુને મૂક્યા પછી તેમને જુદા જુદા દેશમાં ફરવાની આજ્ઞા કરી.

સંતોના માવતર તરીકે શ્રીજીમહારાજે સંતોને વિચરણમાં મોકલતા પહેલાં ભલામણ કરી કે, “હે મારા વ્હાલા સંતો ! અત્યારે દેશકાળ ભૂંડા છે તેથી અજ્ઞાની લોકો અને બાવાઓ ઉપાધિ જરૂર કરશે. એવો સમય આવે ત્યારે આપણો અહિંસા ધર્મ રાખી પાછી પાની કર્યા વગર ઉપાધિ સહન કરજો ને સદુપદેશ કરતા રહેજો. કદાચ કોઈ મારે, બાંધે, ગાળો ભાંડે; છતાંય સાધુનો ધર્મ ન મૂકતા ને પ્રસન્ન રહેજો. આપણે તો અધર્મનો ઉચ્છેદ કાઢી ધર્મનું સ્થાપન કરવું છે. આ કોઈ ખૂણાખાંચરાનો ખેલ નથી, આ તો મેદાનની લડાઈ છે. અમારા વચને તમારે સત્સંગ માટે એકલા એકલા પણ ફરવાનું થશે. માટે સંતો ! અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખજો, વાણીમાં વિવેક રાખજો, ધન-પદાર્થનો ક્યારેય રાગ રાખતા નહીં. આવે તો તરત ત્યજી દેજો. નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ આ પાંચ વર્તમાન સાવધાન થઈને રાખજો, કારણ કે તમે ધર્મ પાળશો તો પળાવી શકશો. તમારું વર્તન એવું રાખજો તો સૌ ખેંચાશે. નિરંતર ભજન-

ભક્તિમાં નિમગ્ન રહેજો. ક્યારેય કોઈની નિંદા ન કરશો, ક્યારેય કોઈનું અપમાન ન કરશો. સૌ સાથે મળીને રહેજો." એવી અનેક ભલામણો સંતોને કરી પછી શ્રીજીમહારાજ રાજી થઈ સર્વે સંતોને મળ્યા અને કરેલી ભલામણને સંભારતા સંભારતા વિચરણમાં જવાની આજ્ઞા કરી. શ્રીજીમહારાજે કરેલી આ ભલામણોને સદ્. આધારાનંદ સ્વામીએ સ્વ-હસ્તે શ્રીહરિચરિત્રામૃત સાગર ગ્રંથ : પૂર-૬, તરંગ-૮૦,૮૧માં નોંધી છે.

અહીં શ્રીજીમહારાજે ત્યાગી સમાજની શુદ્ધતા, પવિત્રતા અને વર્તનની એક સામ્યતા કરી સાધુતાસભર સંત સમાજની રચના માટે જે ભલામણો કરી છે તે સમગ્ર ત્યાગી વર્ગે પોતાના જીવનમાં નોંધી લઈ, એ પ્રમાણેનું જીવન કરવું જ રહ્યું.

આ જ રીતે પંચવર્તમાને યુક્ત જીવન જીવી અનેકના પ્રેરણામૂર્તિ કરવા શ્રીજીમહારાજ સંતોને પંચવર્તમાનની દૃઢતા, વાણી-વર્તનમાં વિવેક-મર્યાદા રાખવાની, સંપ-સુહૃદભાવથી રહેવાની, દેહભાવથી પર થઈ મૂર્તિ રૂપે વર્તવાની એવી વ્યવહારલક્ષી અને આત્મલક્ષી ભલામણો કરી છેલ્લા ધ્યેય સુધી પહોંચાડતા.

*"એક એકથી અધિક છો તમે, એ તો જાણ્યું છે જરૂર અમે;*
*માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ થકી ન્યારું."*

- ભક્તચિંતામણિ પ્રકરણ : ૭૧

સંતોએ જ્યારે પોતાની મહારાજ પ્રત્યેની નિષ્ઠાની, બલિદાનની અને મહારાજને રાજી કરવા આકરા તપ કરવાની તૈયારી બતાવી ત્યારે મહારાજે સંતોને એ જ ભલામણ કરી છે કે, "હે સંતો, તમે બધાએ અમારા માટે થઈ દેહના સુખનો ત્યાગ કરવાની વાત કરી એ તો ખરું છે પરંતુ તમે દેહભાવથી પર થઈ પોતાના આત્માને પુરુષોત્તમરૂપ માનો તો અમે ખરેખર રાજી થઈએ. અમારે તમારી પાસે એ કરાવવું છે." સમગ્ર ત્યાગી અને ગૃહી સમાજ પાસે શ્રીજીમહારાજને આ જ કરાવવું છે.

હરિભક્ત સમાજને પણ અણિશુદ્ધ જીવન કરવા માટે દેહની અને આત્માની સુખાકારી માટે શ્રીહરિ સમયોચિત વ્યવહારિક અને આધ્યાત્મિક ભલામણ કરતા. દુષ્કાળના કપરા સમયમાં શ્રીજીમહારાજ હરિભક્તોને અન્ન અને દ્રવ્યનો સંચય કરવાની ભલામણ કરતા; સાથે સાથે એવા વિકટ સમયમાં પણ પંચવર્તમાનની અડગતા રાખવાની પણ ભલામણ કરતા.

૧૮૬૯માં ભીષણ કારમો દુષ્કાળ પડવાનો છે એવી આગાહી કરવા

શ્રીજીમહારાજ માણકી ઘોડીએ અસવાર થઈ ગામોગામ વિચરણ કરતા. હરિભક્તોને અનાજ અને દ્રવ્યનો સંગ્રહ કરવાની, ઢોર વેચી દેવાની ભલામણ કરતા કરતા દેરડી ગામે ભક્તરાજ મેરામ માંજરિયાના ઘરે પધાર્યા. તેમને દુષ્કાળ પાર પાડવા ભલામણ કરી આગળ પધાર્યા.

ચોમાસું અડધું જતું રહ્યું હતું, પરંતુ વરસાદનો છાંટોય પડ્યો નહોતો. સૌરાષ્ટ્રની લીલુડી ધરતી આજે સુકાવા માંડી હતી. પીવાનાં પાણી ન મળે તો દાણા તો મળે જ ક્યાંથી ? આવા સમયમાં દયાળુ સ્વભાવના મેરામ ભગત સંગ્રહ કરેલા અનાજમાંથી ભૂખ્યા અભ્યાગતોને દાણા ખવરાવતા. છેવટ જતા ભગતના કોઠાર પણ દાણા વિનાના થઈ ગયા. ઘરમાં વાવણી કરવા માટે પણ એક દાણો બચ્યો નહોતો તો પછી છોકરાને શું ખવડાવે ? તેથી ભગતનાં ધર્મપત્ની કરમબાઈએ દીકરાઓને તેમના મોસાળ દુષ્કાળ પાર પાડવા મોકલી દીધા. પછી મેરામ ભગતને કહ્યું કે, "મહારાજે કહ્યું હતું કે દાણા ખૂટી જાય તો ગઢડા હાલ્યા આવજો. તો હાલો આપણે ગઢપુર જાઈએ." ત્યારે મેરામ ભગતે કહ્યું, "આપણાથી ધર્માદાનો દાણોય કેમ ખવાય ? આવા સમયમાં આપણે મહારાજને આપવાનું હોય કે એમને ભારરૂપ થવાનું હોય ?" તેથી કરમબાઈએ ગઢડા જવાનો સંકલ્પ માંડી વાળ્યો.

એક, બે, ત્રણ એમ કરતા ચાર-ચાર દિવસ વીતી ગયા છે. મુખમાં સ્વામિનારાયણ મંત્રનું રટણ ચાલુ છે પણ પેટમાં અનાજનો દાણોય ગયો નથી. ભૂખ્યા ટળવળતાં રાત્રે નીંદર પણ શે આવે ? આજની ચોથી રાત મેરામ ભગતને કાઢવી અસહ્ય થઈ પડી. તેઓ રાત્રે ચુપકીથી ઊઠ્યા અને વાણિયાના ઘરનું બારણું ઠેકી છાનામાના મૂઠી જારની ચોરી કરી ત્યાં ને ત્યાં જ આખી જાર ચાવી ગયા. ઘેર આવી પાણી પી સૂઈ ગયા. મૂઠી જારે પેટ તો શું ભરાય ? પણ થોડી કળ વળી.

આ જ રાત્રે શ્રીજીમહારાજ મારતી માણકી ઘોડીએ દેરડી ગામે મેરામ ભગતને ઘેર પધાર્યા અને દરવાજો ખટખટાવ્યો. કરમબાઈએ દરવાજો ખોલ્યો તો શ્રીજીમહારાજ દાઢી-મૂછ વધારેલી અને મસ્તકે પીળી કચ્છી ટોપી પહેરેલી એવા વેશે દરવાજામાં દર્શન આપતા ઊભા હતા. મહારાજનાં આવાં નવીન દર્શન થતાં કરમબાઈ તો મહારાજના ચરણોમાં પડી વારંવાર વંદન કરવા લાગ્યાં. પરંતુ મહારાજનું મુખ જરા શ્યામળું - નારાજગી ભરેલું દેખાતું હતું. મહારાજે ભ્રકુટિ વાંકી કરી મેરામ ભગતને કહ્યું, "ભગત, તમે અમારા સત્સંગી થયા

પરંતુ તમે સત્સંગીની રહેણીકરણી એટલે પંચવર્તમાન યથાર્થ પાળી ન શક્યા. તમે વાણિયાના ઘરે ચોરી કરીને મૂઠી જાર ખાધી છે, પરંતુ ગણી લો મૂઠી જારમાં કેટલા દાણા આવે ? જુવારના એક એક દાણે તમારે વાણિયાને ઘેર જન્મ ધરવો પડશે.''

પતિ-પત્ની બંને શ્રીજીમહારાજના આવા આકરા શબ્દો સાંભળતાં અવાચક થઈ ગયાં. કરમબાઈએ વિનય-વચને મહારાજને ભક્તનો અપરાધ માફ કરવા કગરીને વિનંતી-પ્રાર્થના કરી. પરંતુ હજુ શ્રીજીમહારાજનો ભક્તના આજ્ઞાલોપ માટેનો આક્રોશ શમ્યો નહોતો. તેથી ફરી કહેવા માંડ્યું કે, ''ભગત, અમે કહ્યું હતું કે દાણા ન મળે તો ગઢડે આવી જજો છતાં તમે અમારી આજ્ઞા ન માની ને ચોરી કરી. જો દાણે દાણે વાણિયાના ઘેર અવતાર ન ધરવો હોય તો કાલે સવારે વાણિયાના ઘેર જઈ માફી માંગી મૂઠી જારના ત્રણ રૂપિયા રોકડા ગણી દેજો.''

મેરામ ભગત ચોધાર આંસુએ રડતાં મહારાજના ચરણમાં પડી ગયા અને ખૂબ માફી માંગી. ઘરમાં એક દોકડો (એક પૈસો) ન હોવા છતાં મહારાજના વચને મૂઠી જારના ત્રણ રૂપિયા ચૂકવવા તૈયાર થઈ ગયા. પ્રભુ કરુણા અને કટાક્ષ બેય વાપરી હંમેશાં ભક્તનું હિત જ કરતા હોય છે. પોતાનો સત્સંગી હરિભક્ત સમાજ મૂઠી જારની આવા કપરા સમયમાં ચોરી કરે તે પણ શ્રીહરિને માન્ય નહોતું. તેથી પોતે અડધી રાત્રે પણ પોતાના ભક્તને આજ્ઞાલોપનું જાણપણું અપાવી સાચી ભલામણ કરવા પધાર્યા.

વાત્સલ્યમૂર્તિ શ્રીહરિએ માણકીની મૂંડકીએ લટકાવેલી પચાસ રૂપિયાની કોથળી ભગતના હાથમાં ધરી દીધી અને ટીમણ જમાડ્યું પછી કહ્યું, ''લો ભગત, આ પચાસ રૂપિયામાંથી ત્રણ રૂપિયા ચૂકવી દેજો.'' જમીને તૃપ્ત થયેલા દંપતીને શ્રીજીમહારાજે સત્સંગી તરીકે કેવું વર્તન રાખવું તેની ભલામણ કરતાં કહ્યું કે, ''અમારો આશરો થયા પછી પરસેવાનો જ દાણો લેવો; વગર મહેનતનું ઘણું મળે તોપણ ન લેવું. ક્યારેય ભૂલેચૂકે અણહકનો એક કણ પણ ન લેવો. અનીતિએ કરીને કદી ઉદર પોષણ કરવું નહીં.'' એવી રીતે પોતાના ભક્તજનને નીતિમય જીવન જીવી પંચવર્તમાન પાળવાની ભલામણ કરી, મળસકે શ્રીહરિ ગઢપુર પધાર્યા.

શ્રીજીમહારાજ પોતાના આશ્રિત સત્સંગીમાત્રનું પંચવર્તમાને યુક્ત જીવન કરવા કટિબદ્ધ હતા અને આજે પણ છે જ. એ જ શ્રીજીમહારાજ વર્તમાનકાળે પ્રગટ બિરાજે છે ત્યારે ગમે તેવા દેશ, કાળ, ક્રિયા કે સંગમાં પણ કરેલી

પંચવર્તમાનની પાળમાં લગારેય ફેર ન પડી જાય તેનો ખટકો રાખવાની અહીં મહારાજ આપણને સૌને ભલામણ કરે છે.

આ ઉપરાંત, શ્રીજીમહારાજ સ્વભાવ-પ્રકૃતિથી રહિત કરવા, સત્સંગના કાતિલ ઝેરરૂપ અભાવ-અવગુણ થકી પર થવાની, દેહાભિમાનથી રહિત થઈ નિર્દંભ જીવન જીવવાની, નિષ્ઠા-ઉપાસનામાં અડગ રહેવાની ભલામણ કરતા. એટલું જ નહિ, સર્વજીવહિતાવહ એવા સત્સંગના સમૈયા-ઉત્સવો કરાવવાની ધનાઢ્ય હરિભક્તોને ભલામણ કરતા. તેમ છતાં સમૈયા-ઉત્સવ કરવા-કરાવવામાં કેવો પરમ વિવેક રાખવો તેની શ્રીજીમહારાજ ભલામણ કરતા. તે ભલામણને શ્રીહરિના શિક્ષાપત્રીના પ્રસાદિક શબ્દો દ્વારા આપણા જીવનમાં ગ્રહણ કરીએ.

"ધનાઢ્ય એવા ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા મોટા સમૈયા-ઉત્સવો કરાવવા."

– શિક્ષાપત્રી : શ્લોક-૧૫૬

એક વખત શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે કાળા-તળાવથી ભુજ પધાર્યા. ત્યાં હીરજીભાઈને સત્સંગના મહિમાની વાત કરી વિદાય લેતા હતા એ વખતે ભુજના સૌ હરિભક્તોએ મહારાજને પ્રાર્થના કરી કે, "દયાળુ, દિવાળી અને અન્નકૂટનો સમૈયો નજીક આવે છે માટે આપ બંને સમૈયા અહીં જ કરો. ઉત્સવમાં જે કંઈ ખર્ચ થશે તે અમે સૌ હરિભક્તો મળીને આપી દઈશું." ત્યારે શ્રીજીમહારાજે તરત કહ્યું, "તો તો અમે અહીંયાં ન રહીએ અને સમૈયા પણ ન કરીએ." હરિભક્તોએ મહારાજને પ્રાર્થના કરી કે, "દયાળુ, શા કારણથી આમાં ના પાડો છો ?" ત્યારે શ્રીજીમહારાજે કૃપા કરી હરિભક્તોને ભલામણ કરતાં કહ્યું કે, "હે હરિભક્તો, તમારામાંથી કેટલાક ધનાઢ્ય હરિભક્તો છો અને કેટલાક ગરીબ છો જેઓ પોતાનો પેટગુજારો પણ માંડ કરતા હોય અને તમે સૌ બધાનો બરાબર ખર્ચ ગણો તો તેનું દિલ દુભાય. ખર્ચમાં ગરીબ હરિભક્તોને કોઈ આગ્રહ કરવો નહીં. તેમની શ્રદ્ધા પ્રમાણે સેવા કરે તો ભલે, નહિ તો તનથી સેવા કરશે. માટે ધનાઢ્ય હરિભક્તોએ સત્સંગના સમૈયા-ઉત્સવના ખર્ચ કરવા એ જ તમારી શોભા છે. કોઈને હુકમ કરીને તેમની પાસે સેવા કરાવવી નહીં." એવી રીતે ધનાઢ્ય હરિભક્તોને સત્સંગમાં વર્તવાની ભલામણ કરી.

આ પ્રસંગનો ઉલ્લેખ સદ્. આધારાનંદ સ્વામીએ શ્રીહરિચરિત્રામૃત સાગર ગ્રંથના પૂર-૭ ને તરંગ-૯માં કર્યો છે.

ભુજના હરિભક્તોને ઉદેશી શ્રીજીમહારાજે સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ

ધનાઢ્ય હરિભક્તોને સત્સંગના સમૈયા-ઉત્સવ કરાવવાની ભલામણ કરી છે અને મધ્યમ વર્ગના હરિભક્તોને થાય તેટલી ધનની સેવા કરી, બાકી તનની સેવા કરવાની ભલામણ કરી છે. હરિભક્તોના વ્યવહારની અને દ્રવ્યની શુદ્ધિ નિરંતર થતી રહે તે માટે શ્રીહરિ પોતાના ભક્તજનના હિતાર્થે આવી ભલામણ કરતા.

સત્સંગમાં અને સંસારમાં સુખિયા રહેવા શ્રીજીમહારાજ સૌને આત્મીયતાથી રહેવાની ભલામણ કરતા. એક વખત શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે મોટેરા (અમદાવાદ) પધાર્યા હતા. ત્યારે મોટેરા ગામના હરિભક્તોને સંતો-હરિભક્તો સાથે હેત કરી આત્મીયતાથી રહેવાની અને નિયમની દઢતા રાખવાની ભલામણ કરી હતી જે શ્રીહરિની પ્રસાદી રૂપે ગ્રહણ કરીએ. "ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોમાં જેટલું હેત એટલું કારણ શરીર ટળ્યું જાણવું. એકબીજામાં મન ન મળે એ કારણ શરીરનો ભાગ છે. ધર્મ-નિયમ પ્રીતિપૂર્વક પાળે તેને હરિભક્ત જાણવો; નિયમ વિના કોઈ હરિજન કહેવાતો નથી. કોઈ નિયમ-ધર્મમાં બધાથી શ્રેષ્ઠ વર્તે ને અપાર સેવા કરે પણ પ્રગટ શ્રીહરિનો નિશ્ચય ન હોય તો તેને હરિજન ન જાણવો. ભગવાનનો નિશ્ચય ન હોય તે વગર દોષે દોષિત છે. નિશ્ચયવાળાને તનના દોષનો શો ભાર છે ? ભગવાનની કૃપાથી એ નિર્દોષ થશે."

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૪, તરંગ-૬૪

સત્સંગનો યોગ થયા પછી પણ ક્યાંક અસુખ-ઉદ્વેગ જેવું વર્તતું હોય છે તેનું એક કારણ નિષ્ઠાની દઢતા નથી હોતી, આજ્ઞાનો લોપ અને બીજું આત્મીયતાનો અભાવ હોય છે. પરિણામે ગમે તેટલું કરવા છતાં તેનું સુખ મળતું નથી. એટલે જ શ્રીજીમહારાજ સત્સંગના મહામૂલા સુખમાં સદાય આનંદમાં રહેવા અને કારણ શરીરની વાસનાથી રહિત થવા આત્મીય થઈને રહેવાની અમૂલ્ય ભલામણ કરે છે તેને આપણા જીવનમાં સુદઢ કરીએ.

વળી, શ્રીજીમહારાજને પોતાના સંતો-હરિભક્તોને અનાદિકાળની વાસના ટળાવી શુદ્ધ પાત્ર કરી મૂર્તિસુખના અધિકારી કરવા એ જ એક આગ્રહ રહેતો. મૂર્તિસુખના પાત્ર થતાં પહેલાં અવરભાવમાં પંચઇન્દ્રિયો અને અંતઃકરણના આહાર શુદ્ધ કરવા ફરજિયાત છે. જીવાત્માને દેહનો સંગ છે તેથી જેટલા ઇન્દ્રિયો-અંતઃકરણના આહાર અશુદ્ધ હોય તેટલો જીવાત્મા વધુ ને વધુ માયામાં ખરડાતો જાય છે. પછી એ જીવાત્મા ઇન્દ્રિયો-અંતઃકરણ આગળ નિર્બળ થઈ જાય છે. અને મહારાજના રાજીપાના માર્ગે પ્રગતિ કરી શકતો નથી. ભજન-ભક્તિમાં

તેને પાટો ગોઠતો નથી. તેથી શ્રીજીમહારાજ પોતાના સંતો-હરિભક્તોને ઇન્દ્રિયો-અંતઃકરણના આહાર શુદ્ધ કરવા ખટકો રખાવતા અને ભલામણ કરતા.

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૬ને દિવસે રાત્રિનો એક પહોર બાકી હતો ત્યારે શ્રીજીમહારાજે અતિશે આગ્રહ સાથે પરમહંસ અને સત્સંગી હરિભક્તોને તેડાવ્યા. માગશર મહિનાની કડકડતી ઠંડીમાં રાત્રે ૩ વાગ્યે શ્રીજીમહારાજે પોતાના સંતો-હરિભક્તોને કેવા આશા-અરમાન અને અંતરના આગ્રહ સાથે બોલાવ્યા હશે ! માત્ર બોલાવ્યા નથી, પરંતુ રાત્રિના ૩ વાગ્યે શિયાળાની કડકડતી ઠંડીને પણ ઉડાડી દે તેવી પંચ ઇન્દ્રિયોના અને અંતઃકરણના આહારને શુદ્ધ રાખવાની ભલામણ કરતાં કહ્યું છે કે, "અમારા મનમાં તો એમ થાય છે જે વાત ન કહીએ પણ તમે અમારા છો માટે જાણીએ છીએ જે કહીએ જ.

પંચે ઇન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જશે. અને પંચે ઇન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે, તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચે ઇન્દ્રિયોના આહારમાંથી એકેય ઇન્દ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે માટે ભગવાનના ભક્તને ભગવાનના ભજનને વિષે જે કાંઈ વિક્ષેપ થઈ આવે છે તેનું કારણ તે પંચ ઇન્દ્રિયોના વિષય જ છે, પણ અંતઃકરણ નથી.

અને આ જે અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વે સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દેશું, ને તમો ઉપર ઘણા પ્રસન્ન થાશું, કાં જે તમે અમારો દાખડો સુફળ કર્યો. અને ભગવાનનું ધામ છે, ત્યાં આપણ સર્વે ભેળા રહેશું. અને જો એમ નહિ રહો તો તમારે ને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે ને હેરાન થાશો."

- ગઢડા પ્રથમ પ્રકરણનું ૧૮મું વચનામૃત

આજથી ૨૦૦ વર્ષ પહેલાંના કળિયુગમાં પણ શ્રીજીમહારાજ જો આટલી સાવધાની અને ખટકો રાખવાની ભલામણ કરતા હોય તો વર્તમાનકાળે કેટલી સાવધાની રાખવી પડે ! જો મહારાજનાં વચન પ્રમાણે વર્તીશું તો એમના આશીર્વાદ કહેતાં રાજીપો પ્રાપ્ત થશે અને જો એ પ્રમાણે નહિ વર્તીએ તો એમનાથી આપણે છેટું થઈ જશે કહેતાં મૂર્તિનું સુખ આપણે પામી શકીશું નહીં. માટે પંચ ઇન્દ્રિયોના અને અંતઃકરણના આહારને અતિશે શુદ્ધ કરીએ.

સત્સંગના બંધારણ સમાન ઓરડાના પદમાં પણ શ્રીજીમહારાજે પંચવિષયના સુખની આશા છોડવાની જ ભલામણ કરી છે,

*"સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ,*
*તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ."*

એટલે કે દેહના મિથ્યા (ખોટા-નાશવંત) પંચવિષયને ભોગવવાની ઇચ્છા આપણે ત્યજીશું તો જ મહારાજની મૂર્તિમાં રહી શકીશું. એ વિના શક્ય જ નથી.

વળી, શ્રીજીમહારાજને વિષે એક નિષ્ઠા રાખવાની ભલામણ પણ શ્રીજીમહારાજે ઓરડાના પદમાં કરી છે કે,

*"જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;*
*સહુને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન,*
*અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;*
*મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય,*
*એમ મુને જાણજો રે, મારાં આશ્રિત સહુ નરનારી;*
*મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી."*

શ્રીજીમહારાજે સ્વમુખે પોતાના આશ્રિત એવા સંતો-હરિભક્તોને એક નિષ્ઠા રાખવાની ભલામણ કરી છે ત્યારે આપણા જીવનમાં પણ એકમાત્ર શ્રીજીમહારાજની અનન્ય નિષ્ઠા દૃઢ કરીએ.

આ ઉપરાંત, શ્રીજીમહારાજ સંતો-હરિભક્તોને માન-અપમાન સહન કરી નિર્માનીપણે વર્તવાની, સર્વોપરી પ્રાપ્તિ કરાવ્યા પછી તે પ્રમાણેનું વર્તન કરવાની અને પ્રાપ્તિના કેફમાં છકી ન જવાની એવી અનેક ભલામણો કરી પરિપક્વ કરતા.

શ્રીજીમહારાજનો વર્તનશીલ સમાજ રચવાનો એકમાત્ર આલોચ હતો તેથી સંતો-હરિભક્તોનાં જીવન નક્કર બને તે માટે નિરંતર ભલામણો કરી છે જે ભલામણોને આપણા સ્વજીવનમાં અનુતાપ અને પરિતાપ કરી ગ્રહણ કરીએ અને તે પ્રમાણેનું આપણું જીવન કરવા કટિબદ્ધ થઈએ. મહારાજ અને મોટાપુરુષોએ કરેલી ભલામણોને જ્યારે આપણા જીવનમાં દૃઢ કરીશું ત્યારે આપણું જીવન ક્યાં પરિવર્તન થઈ જશે તેનો ખ્યાલ પણ નહિ આવે. માટે ભલામણનું કેટલું ઊંચું મૂલ્ય છે તે આપણા જીવનમાં સમજીએ.



S∂™½z,h{tk
Y{aÕl∂t™ ¼÷t{ý

"શું જીવનમાં ઘડતર થવું ફરજિયાત છે ? જીવન તો ઘડતર વિના પણ જિવાય અને પૂરું પણ થઈ જાય. તો આપ જીવનઘડતરની આટલી બધી મહત્તા શા માટે દર્શાવો છો ?"

ઉપરોક્ત વચનો એક નવ યુવાનનાં છે જે ગ્રીસના દાર્શનિક ટૉલ્સ્ટૉય પાસે આવ્યો અને પોતાના વિચારોને રજૂ કર્યા. ટૉલ્સ્ટૉય યુવા માનસને ખૂબ સારી રીતે જાણતા હોવાથી તેમને યુવાન સાથે તાર્કિક દલીલો કરવાનું વ્યર્થ લાગ્યું. તેથી તેમણે યુક્તિપૂર્વક વાત સમજાવવા પ્રયત્ન કર્યો.

તેમણે નવયુવાનને કહ્યું કે, "મારે અત્યારે થોડા પૈસાની જરૂર છે તો તું સામે પડેલો લોખંડનો ટુકડો બજારમાં વેચી આવ અને મને પૈસા આપ. પછી હું તારા પ્રશ્નનો ઉત્તર કરીશ."

યુવક વિચારી રહ્યો કે આટલા નાના લોખંડના ટુકડાને હું બજારમાં વેચવા જઉં તો તેનું કંઈ ન ઊપજે; ઉપરથી મારે જવા-આવવાનો ખર્ચ અને ધક્કો માથે પડે. તેથી તેણે કહ્યું કે, "મહાશય ! આવડા નાના લોખંડના ટુકડાને કોઈ ન ખરીદે, કારણ કે તેનું કોઈ મૂલ્ય નથી."

ટૉલ્સ્ટૉયે આગળ કહ્યું કે, "અચ્છા ! જો હું લોખંડના ટુકડામાંથી દાદાજીની લાકડી નીચે નાખવાની લોખંડની કુંડલી બનાવું અને પછી વેચીએ તો ?"

"તો કદાચ એના બદલામાં ચાર-પાંચ રૂપિયા મળી જાય."

"અરે, કદાચ જો હું તેમાંથી તેજીલી ધારદાર છરી બનાવીને વેચું તો ?"

"તો કદાચ આઠ-દસ રૂપિયા મળે !"

"એ જ લોખંડને શુદ્ધ કરી તેમાંથી યુદ્ધના મેદાનમાં વપરાતી તીક્ષ્ણ ભાલાની નોક(આર) બનાવું તો ?"

"તો તો પચ્ચીસ-ત્રીસ રૂપિયા આરામથી મળે; એથી વધુ ન મળે."

"એથી વિશેષ લોખંડને સંપૂર્ણ શુદ્ધ કરી હાર્ટ સર્જરીમાં વપરાતું અતિ મહત્ત્વનું શસ્ત્ર બનાવું તો...??"

"તો તો મહાશય, આપને હજારો રૂપિયા મળે."

ત્યારે હસતા હસતા ટૉલ્સ્ટૉયે કહ્યું, "હે યુવાન ! બસ, આવું જ છે. જેમ લોખંડનો ટુકડો ઘડાય છે તેમ તેમ તેની કિંમત વધતી જાય છે એવી જ રીતે જેમ જેમ આપણું જીવન ઘડાતું જાય તેમ તેમ તેની કિંમત પણ વધતી જાય છે; નહિ તો અણઘડ જીવન જેમતેમ વ્યતીત થઈ જાય છે.

આપણા રોજિંદા જીવનમાં આપણે કેટલાંક દૃશ્યો અને કેટલીક ક્રિયાઓ આપણી નજર સમક્ષ જોઈએ છીએ. જેમ કે,

- કુંભાર માટીનાં ઢેફાંને કેળવી ઘાટ આપી સુંદર માટલું બનાવે છે...!
- સંઘાડિયો ઝાડનાં થડિયાંને ઘાટ આપી અદ્‌ભુત રાજસિંહાસન બનાવે છે...!
- સોની સોનાના બિસ્કિટને ઘાટ આપી મૂલ્યવાન રત્નજડિત હાર બનાવે છે...!
- શિલ્પી પથ્થરના ગચ્ચાને ઘાટ આપી પૂજનીય મૂર્તિ બનાવે છે...!
- વાલી કુમળા બાળકને ઘડી દેશનો નેતા કે મહાન પુરુષ બનાવે છે...!

દરેક ક્ષેત્રે વ્યક્તિ અને પદાર્થ ભિન્ન છે પણ ઘડતરની પ્રક્રિયા તો ફરજિયાત છે. 'Shaping of a thing or a person transform it from ordinary to extra ordinary.' અર્થાત્ 'ઘડતર જ વસ્તુ અને વ્યક્તિનું સામાન્યમાંથી અસામાન્યમાં સ્વરૂપાંતર કરે છે.' પરંતુ, વાસ્તવિકતાએ શું દરેક વ્યક્તિને ઘડાવું ગમે છે ? ઘડતર ફરજિયાત હોવા છતાં બહુધા એવું જોવા મળે છે કે કોઈને ઘડાવું ગમતું નથી. સો ટચની એક વાત છે કે, જે ઘડાય છે તે જ ઘાટ પામે છે અને તેનું જ મૂલ્ય અંકાય છે. એટલે કે જીવનને ઘડવું જ રહ્યું. પરંતુ ઘડાય કેવી રીતે ? જીવનના યોગ્ય સમયે થતી યોગ્ય ટકોર દ્વારા એટલે કે, ભલામણથી.

ભલામણ એ આપણા જીવનઘડતરનો અણમોલ ખજાનો છે. યોગ્ય સમયે

યોગ્ય વ્યક્તિ દ્વારા થયેલી ભલામણને જો આપણા જીવનની સ્લેટ પર ઘૂંટીને વર્તનમાં કંડારી દઈએ તો સંસારરૂપી અગાધ મહાસાગરને તો શું, દેહભાવરૂપી વિરાટ રણને પણ તરી શકાય; પુરુષોત્તમના સાધર્મ્યપણાને પણ પામી શકાય. ઈન્દ્રિયો-અંતઃકરણ અને વિષય સમક્ષ પડકાર ફેંકી વિજય માટે બાથ ભીડી શકાય. દિવ્યભાવરૂપી ઝાકળ વડે રાજીપારૂપી ઝરણું ભરી શકાય. આત્મબુદ્ધિની અલગારી દુનિયામાં રમણ કરી શકાય.

સામાન્યતઃ જોઈએ તો 'આમ કરવું...' એટલે ભલામણ. જ્યારે આધ્યાત્મિક માર્ગમાં પ્રભુના રાજીપા તરફ આગળ ધપાવવાનો આગ્રહ કે વર્તનશીલ જીવન કરાવવાનો અનુગ્રહ એટલે ભલામણ. વ્યવહારમાર્ગમાં માતાપિતા, શિક્ષક, મિત્ર, વડીલો વગેરે આપણને ભલામણ કરતા જ હોય છે. પરંતુ આ ભલામણ ક્યાંક સ્વાર્થપ્રેરિત કે આબરૂની રૂએ તો ક્યાંક દૈહિક સુખાકારી માટે થતી હોય છે જે માત્ર લૌકિક માર્ગમાં જ શ્રેયકર હોય છે. તે ખરેખર સાચી અને વાસ્તવિક ભલામણ નથી. નિઃસ્વાર્થ, નિર્દંભ અને કરુણાસભર તથા આત્મસુખાકારી માટેની ભલામણ તો આપણા પરમહિતચિંતક એવા સત્પુરુષ (ગુરુ) જ કરી શકે છે, જે ભલામણ આપણને વ્યવહારમાર્ગમાં અને અધ્યાત્મમાર્ગમાં પરમ સુખદાયી હોય છે, જે ભલામણ કંટકથી ભરેલા કઠિન માર્ગને ફૂલની પગદંડી સમાન બનાવી દે છે.

ભલામણ એ અંતરથી ઉત્કૃષ્ટ બનાવવાની ઉમદા ભાવના છે, જે ભલામણ મહારાજ અને મોટાપુરુષ કરી રહ્યા છે. પરંતુ પ્રશ્ન થાય કે ભલામણ કરે કોને ? તો, જેને પોતાના માન્યા છે અને જે મહારાજ અને મોટાપુરુષના થઈને રહ્યા છે એમને જ કરે છે. કારણ જે એમના પોતાના છે તેમના માટે એમને સર્વાંગે પૂર્ણ પાત્ર કરવાનો તથા તેમાં અલ્પ કસર પણ ન રહી જાય તેવો તેમનો આશય હોય છે.

ગઢડા મધ્યના ૪૫મા વચનામૃતમાં શ્રીજીમહારાજ પોતાના આશ્રિતમાત્રને ભલામણ કરતાં કહે છે કે, "તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી એ તમે સર્વે અમારા કહેવાઓ છો તે જો હું તમને ખટકો રાખીને વર્તાવું નહિ અને તમે કંઈક ગાફલપણે વર્તો તે અમ થકી દેખાય નહીં. માટે જે જે અમારા કહેવાણા છો તેમાં અમારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી માટે તમે પણ સૂધા સાવધાન રહેજો. જો જરાય ગાફલાઈ

રાખશો તો તમારો પગ ટકશે નહિ અને અમારે તો જે તમે ભગવાનના (અમારા) ભક્ત છો તેના હૃદયમાં કોઈ જાત્યની વાસના તથા કોઈ જાત્યનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી. અને માયાના ત્રણ ગુણ, દસ ઇન્દ્રિયો, દસ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય ને ચૌદ ઇન્દ્રિયોના દેવતા એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી ને એ સર્વે માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે (પુરુષોત્તમરૂપ) થઈને ભગવાનની (અમારી) ભક્તિ કરો એવા સર્વેને કરવા છે, પણ કોઈ જાત્યનો માયાનો ગુણ રહેવા દેવો નથી.''

જેમ ડૉક્ટરને પોતાના દીકરાને ડૉક્ટર બનાવવાનો, વકીલને પોતાના દીકરાને વકીલ બનાવવાનો, ધંધાદારીને પોતાના દીકરાને ધંધાદારી બનાવવાનો જ આગ્રહ રહે છે. એમ, આપણા બાપ એવા પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ આપણને સૌને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરવાનો જ આગ્રહ સેવે છે. એ જ સંકલ્પથી તેઓ આપણને સૌને આ કારણ સત્સંગના દિવ્ય યોગમાં લાવ્યા છે.

વળી, જે શ્રીજીમહારાજના પોતાના થયા તેમને તેઓ પોતા જેવા કરવાનો સહજ સ્વભાવ તેવું દર્શાવતા જેને શાસ્ત્રોમાં નંદ સંતોએ નોંધ્યું છે કે, ''અમે અમારા જનને વારંવાર વઢીએ છીએ એ અમારો સહજ સ્વભાવ છે. જીવને ભગવાન સિવાયના જેટલા ઠરાવ છે તે મુકાવી દઈએ છીએ. એ મૂકે પછી અમને તેમાં ભાવ ઊપજે છે.''

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૭, તરંગ-૪

મહારાજ અને મોટાપુરુષ ક્યાંક વઢે છે, રોકે છે, ટોકે છે અને ભલામણ કરે છે, યોગ્ય રાહ ચીંધે છે; ક્યાંક નાનીમોટી બાબતો-કસરોમાં આંખ આડા કાન થતા હોય છતાં પણ બાળકનાં હિતેચ્છુ માતાપિતા પોતાનાં સંતાનોને ભલામણ કરતા જ રહે છે; ક્યારેય પોતાનું કર્તવ્ય ચૂકતાં નથી. એવી રીતે આધ્યાત્મિક માર્ગમાં પણ મોટાપુરુષ દરેક મુમુક્ષુને કેવળ કૃપા વરસાવી પોતાનું બિરુદ ગણી ભલામણ કરતા રહે છે. એ જ એમની કરુણતા ને દયા છે. વળી, એમની ભલામણને જો મુમુક્ષુ સમજી શકે તો તેમાં દીર્ઘ સમયના સુખનું રહસ્ય સમાયેલું હોય છે.

વળી, મોટાપુરુષ આપણી મુમુક્ષુતાની કસરને, સત્સંગની ભૂખ અને ગરજની ઊણપને જાણતા હોવા છતાં ભલામણ કરે છે. કારણ આપણને એમના સંકલ્પના

પાત્ર કર્યા છે. કારણ સત્સંગના ભવિષ્યના આશા-અરમાનના મિનારા આપણી ઉપર રચ્યા છે. જો આજનો આ સમાજ મહારાજ અને મોટાપુરુષના સિદ્ધાંતો અને સંકલ્પો અનુસાર તૈયાર થશે તો આવનાર પેઢી માટે સત્સંગનો એક ચીલો ચીતરાઈ જશે. આજે મોટાપુરુષના અવરભાવના સાંનિધ્યમાં મહારાજના સંકલ્પ મુજબનો દિવ્ય સમાજ તૈયાર થશે તો કારણ સત્સંગનું ભવિષ્ય ઉજ્જવળ અને ફળદ્રુપ તૈયાર થશે, જેમાંથી અનંત અનાદિમુક્તોનો પાક લેવાશે. માટે મોટાપુરુષ આપણે ખપવાળા ન બનીએ તોપણ તેઓ આપણાં પર કરુણા વરસાવી આગ્રહ દર્શાવે છે કે, ‘‘ભલા થઈને.... આ પ્રમાણે વર્તો.’’

કારણ સત્સંગના સત્સંગી તરીકે આપણા સૌનો એકમાત્ર ધ્યેય છે - મહારાજની મૂર્તિ. વર્તમાનકાળે મોટાપુરુષનું પણ આ જ લક્ષ્ય છે કે, યેનકેન પ્રકારે અમારા જોગમાં આવનાર સૌને પાત્ર કરી, અનાદિમુક્તની સ્થિતિને પામી શકે તેવા પુરુષોત્તમરૂપ કરવા છે. પરંતુ અનાદિકાળના દૃઢ થઈ ગયેલ દેહાધ્યાસ, ખોટી માનીનતા અને અજ્ઞાન અવસ્થાના કારણે આ ધ્યેય દરેક મુમુક્ષુનો એકસરખો થતો નથી. તેમ છતાં મોટાપુરુષ દરેક ચૈતન્યને ઘડી પાત્રતા કેળવાવી મૂર્તિસુખની યાત્રામાં નિરંતર આગળ વધવા માટે પ્રેરણા આપતા રહે છે. વિવિધતાસભર નવ્ય આયોજનો દ્વારા અવિચળ ધ્યેયમાં અચળ રહેવાનું નિરંતર બળ આપે છે. મૂર્તિસુખની યાત્રા કેવી રીતે ટૂંકી થાય તેના યત્ન કરે છે. આ માટે મોટાપુરુષે આપણને કરેલી ભલામણ આપણી પાત્રતા કેળવવાનાં પગથિયાં બની રહે છે.

મોટાપુરુષ આત્મિક જતનની સાથે જે પોતાના થાય તેનું દૈહિક જતન પણ કરે છે. કારણ તેઓ આત્માના સંવર્ધક અને દેહના રક્ષક છે. વિપરીત દેશ, કાળ, ક્રિયા અને સંગમાં જ્યાં ચૈતન્યની શુદ્ધતા કલંકિત થતી હોય, ઇન્દ્રિયો-અંતઃકરણની ધારા તેજ બનતી હોય, મોક્ષમાર્ગમાં વિઘ્ન થાય તેવું જણાતું હોય ત્યારે કે એવા સંજોગો બને તે પહેલાં પણ મોટાપુરુષ તે થકી આપણા આત્માને રક્ષવા ભલામણ કરે છે.

કોઈ એવા સંજોગ-પરિસ્થિતિથી દૈહિક દુઃખ આવનાર હોય કે આવી પડ્યું હોય તો તેથી પર થવા માટે પણ મોટાપુરુષ ભલામણ કરી યોગ્ય રાહ ચીંધે છે. આવી પડેલા સંકટમાંથી ઊગરવા કે આવનાર વિકટ સંજોગોમાંથી પાર ઊતરવા સમજણ કેળવવારૂપી ભલામણ કરે છે જે સમજણ આપણને અવરભાવમાં અને પરભાવમાં સુખી કરે છે.

જીવનના એવા કોઈક સમયે ખોટા સંગે કરીને, અવળી સમજણે કરીને આપણા જીવનનો ઉત્કૃષ્ટ માર્ગ ભ્રમિત થઈ જતો હોય તેવા સમયે યોગ્ય રાહ ચીંધવા મોટાપુરુષ આપણને ભલામણ કરે છે, જે આપણને દુઃખની ઊંડી ખીણમાં પડતા બચાવે છે.

એક સત્સંગી કિશોર કૉલેજકાળ દરમ્યાન કુસંગી મિત્રોના સંગમાં આવી ગયો. કુસંગના સંગે બાલ્યાવસ્થામાં મેળવેલા સંસ્કારો પણ નષ્ટ થઈ ગયા. વિજાતિ મિત્રોનો સંગ થઈ ગયો. જીવનમાં ન બનવાની અણછાજતી ઘટના બની જાય એવી પરિસ્થિતિનું સર્જન થઈ ગયું. કિશોરના વાલીએ પૂ. સ્વામીશ્રીને આ અંગે વાત કરી. પૂ. સ્વામીશ્રીએ આ કિશોરને મળવા બોલાવ્યો. પ્રસાદી આપી જમાડ્યો અને તેની પાસે બેઠા.

જીવનના એક અતિ મહત્ત્વના સમયે પૂ. સ્વામીશ્રીએ કિશોરને સાચી સમજ અને જીવનનો સાચો રાહ ચીંધતી ભલામણ કરી. કહેવાની જરૂર નથી કે પરિણામ શું આવ્યું હશે ? પૂ. સ્વામીશ્રીના ભલામણના ચાર શબ્દોએ કિશોરના જીવનની કરવટ બદલી નાંખી. આજે એક આદર્શ સત્સંગી તરીકેનું જીવન આ કિશોરમુક્ત જીવી અનંતને પ્રેરણા આપી રહ્યા છે. દિશાહીન થયેલા આ કિશોરના જીવનમાં મોટાપુરુષ થકી થયેલી ભલામણ ઉજ્જવળ જીવનનો આધારસ્તંભ બની રહી.

ભલામણરૂપી ખજાનો જો લૂંટતા આવડે તો આપણું જીવન દિવ્યજીવનથી મહેંકી ઊઠે તથા સત્સંગ અને સંસ્કારથી માલમમાલ થઈ જવાય. લગ્ન-પ્રસંગમાં ગયા હોઈએ કે અન્ય કોઈ સ્થાનમાં ગયા હોઈએ, બધાની સાથે રહેવા છતાં આપણી અંદર કંઈક જુદું અનુભવાય છે. ક્યાંક ખોટું કરવાનો વિચાર આવે કે થઈ જાય ત્યારે પાછી વૃત્તિ થાય છે. તેનું કારણ એક જ છે - મોટાપુરુષે આપણને સમયોચિત કરેલી ભલામણ. જે આપણને નિરંતર આપણા અવરભાવના અને પરભાવના ધ્યેયનું જાણપણું રખાવે છે. જેથી ભલામણ એ સમયે એક બ્રેકનું કામ કરે છે.

વિદેશની ભોગવિલાસી ભૂમિ ઉપર પણ ભલામણ જ ભોમિયા સમ બની રહે છે. એક હરિભક્તના જીવનમાં બનેલા જીવંત પ્રસંગની અહીં સ્મૃતિ થઈ આવે છે.

વર્ષો પહેલાં એક દિવસ સવારના સમયે આ હરિભક્ત વાસણા મંદિરે ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરવા અને આશીર્વાદ લેવા માટે આવ્યા. ગુરુવર્ય પ.પૂ.

બાપજીનાં દર્શન કરી તેમણે પ્રાર્થના કરી કે, "દયાળુ, બાપજી ! હું અમેરિકા મારાં સગાં-સંબંધી અને મિત્રોના ઘરે જઉં છું માટે આપનાં દર્શન-આશીર્વાદ માટે આવ્યો છું."

ગુરુવર્ય પ.પૂ. બાપજી થોડી વાર અનિમેષ નજરે તેમની સામું જોઈ રહ્યા અને ભલામણના બે શબ્દો કહ્યા કે, "અમેરિકા ભલે જાવ પણ જોજો... પંચવર્તમાનની આજ્ઞામાં ક્યાંય ફેર ન પડી જાય. નિયમ-ધર્મમાં ખબડદાર રહેજો અને ખાવા-પીવામાં ધ્યાન રાખજો."

ગુરુવર્ય પ.પૂ. બાપજીના ભલામણના શબ્દો સાંભળતાં આ હરિભક્ત મનોમન વિચારી રહ્યા કે, 'હું ચુસ્ત સત્સંગી છું. બધા નિયમ-ધર્મ પૂરા પાળું છું. એકેય આજ્ઞાનો લોપ કરતો નથી છતાં પણ આવું કેમ કહ્યું હશે ?' કારણ કે તેઓ એ દિવ્યપુરુષના પરભાવના દીર્ઘદર્શીપણાને કેમ પિછાની શકે ?

થોડા સમયમાં તેઓ અમેરિકા ગયા. એક દિવસ સંધ્યા સમય હતો. તેઓ તેમના ખાસ મિત્રો સાથે બેઠા હતા. આજે તેમના મિત્રોએ તેમને બારમાં (દારૂની દુકાનમાં) તેમની સાથે આવવા આગ્રહ કર્યો. શરૂઆતમાં ના પાડી છતાંય મિત્રોના આગ્રહને વશ થઈ તેઓ ગયા. પરંતુ 'કશું લઈશ નહિ' એવી શરતે ગયા. 'દૂધને છાશનો સંગ થાય તો દૂધને બગાડે જ' એવી રીતે આ ભાઈને વ્યસની મિત્રોએ પરાણે હાથમાં દારૂનો ગ્લાસ પકડાવી દીધો. અને જ્યાં હાથ મોં તરફ લઈ જવા જાય છે ત્યાં એ જ ક્ષણે સામે દીવાલ પર ગુરુવર્ય પ.પૂ. બાપજીના નારાજીભરી મુખમુદ્રામાં દર્શન થયાં. એ જ ક્ષણે "જોજો પંચવર્તમાનની આજ્ઞામાં ક્યાંય ફેર ન પડી જાય..." આ ભલામણના શબ્દો તેમના કાનમાં ગુંજી રહ્યા. અંતરમાં ખળભળાટ મચી ગયો. તેઓ ગ્લાસ ફેંકી દોડતા બારની બહાર નીકળી ગયા.

મોટાપુરુષ થકી થયેલી ભલામણે સમયે એમના જીવનમાં બ્રેકનું કામ કર્યું. કેટલીક વખત સમયના વિકટ વહેણમાં ભલામણ આવી રીતે દીવાદાંડી સમાન બની રહે છે. કોઈનો સહકાર ન હોય, એકલા-અટૂલા અનેકવિધ પરિસ્થિતિઓનો સામનો કરતાં આગળ વધવાનું હોય ત્યારે ભલામણ જ આપણને આંતરિક સ્ફુરણા દ્વારા માર્ગદર્શન આપે છે કે આ સમયમાં શું કરવું જોઈએ ? શું ન કરવું જોઈએ ? મહારાજ અને મોટાપુરુષ કેવી રીતે રાજી થશે ? આવી આંતરિક સ્ફુરણા આપણા જીવનમાં નવો રાહ કંડારી આપે છે.

મહારાજ અને મોટાપુરુષ થકી થયેલી ભલામણને વાગોળીએ, તેનું નિરંતર અનુસંધાન રાખીએ તો આપણું જીવન એમના આદર્શો અને સિદ્ધાંતોસભર બનતું જાય છે, જેનાથી આપણી આધ્યાત્મિક ગુણવત્તા દિન-પ્રતિદિન વધતી જાય છે અને સર્વશ્રેષ્ઠ ભૂમિકા પર પહોંચી શકાય છે.

ભલામણ એ અનુભવીના અનુભવનું તારણ છે. જેમ કોઈ વ્યક્તિ રસ્તા ઉપર ગાડી લઈને જઈ રહી છે. આગળ પુલ તૂટેલો હોય કે રસ્તો ચાલુ ન હોય તો પાછા વળતાં જે કોઈ સામે મળે તેને આગળ ન જવા ભલામણ કરે છે. અગ્નિથી દાઝી જવાય, મરચું તીખું લાગે, ઈલેક્ટ્રિક બૉર્ડમાં આંગળી જાય તો શૉક લાગે – આ બધી બાબતોથી માતાપિતા અનુભવી હોય છે. સ્વાનુભવ કે આંખે જોયેલ અનુભવના તારણ રૂપે માતાપિતા બાળકને તેનાથી દૂર રહેવા ભલામણ કરે છે. અધ્યાત્મમાર્ગના અનુભવી એકમાત્ર મોટાપુરુષ છે. જેઓ સાધનકાળમાં રહેનાર સાધનિકના જીવનમાં કેવા સંજોગ-પરિસ્થિતિઓ આવે છે ? તે ક્યાં ગાફલ રહી જાય છે ? ક્યાં સત્સંગનું બળ ઓછું-વત્તું થઈ જાય છે ? તેનાથી તેઓ વાકેફ છે એવા અનેક અનુભવમાંથી પસાર થતા સાધનિકને તેમણે જોયા છે અને યોગ્ય ભલામણ પણ કરી હોય છે. આપણને આપણા જીવન માટે શું કરવું ? અને શું ન કરવું ? – તેનો પણ ખ્યાલ આવતો નથી. ત્યારે એવા અનુભવી સત્પુરુષની અનુભવરૂપ ભલામણને જીવનમાં લક્ષ્યાર્થ કરીને આપણે સુખ, શાંતિ, આનંદ અને અંતે આધ્યાત્મિકતાને માણી શકીશું.

વર્તમાનકાળે સમગ્ર એસ.એમ.વી.એસ. પરિવાર ઉપર શ્રીજીમહારાજની અઢળક કૃપાવર્ષાની ફલશ્રુતિ રૂપે ગુરુવર્ય પ.પૂ.બાપજી અને પૂ.સ્વામીશ્રી જેવા અનુભવી દિવ્ય સત્પુરુષોનું શિરછત્ર મળ્યું છે. એસ.એમ.વી.એસ.ના સુવર્ણયુગના પ્રારંભકાળમાં તેઓ સમગ્ર સમાજને મહારાજ અને મોટાપુરુષના રાજીપામાં વર્તાવી મૂર્તિસુખના પાત્ર કરવા ભલામણ કરી રહ્યા છે ત્યારે સુવર્ણયુગનાં વધામણાં કરીએ આ ભલામણોને જીવનમાં ચરિતાર્થ કરીને.

# ભલામણ ગીત

સુવર્ણઘડી આવી એસ.એમ.વી.એસ. કેરી,
અનાદિમુક્તોની રીત હોય અનેરી... સુવર્ણઘડી ૦ટેક
સર્વોપરી સનાતન નિષ્ઠા સદા રાખજો, ભક્તિ પતિવ્રતાની સદા સહુ રાખજો.
કર્તાપણું શ્રીજીનું જ એક સમજજો... સુવર્ણઘડી ૦૧
પૈસા, પદ, પ્રતિષ્ઠા ને ઝાઝા માણસો, જગત તણી વાહ વાહને કદી નવ જોશો;
સંતો-ભક્તો મહોબતમાં માર ન ખાશો... સુવર્ણઘડી ૦૨
બહારવૃત્તિના ફેર ન ચડે એથી બચજો, આંતરમુખી રહેવાય તે નિરંતર જોજો;
અભાવ, અવગુણ, દ્રોહથી સદા છેટા રહેજો.. સુવર્ણઘડી ૦૩
સિદ્ધાંતવાદી જીવન સદા કરી રાખો, રાજી શ્રીજી ન હોય તેને દૂર નાખો,
રાજીપાના વિચારે અહોનિશ રાચો... સુવર્ણઘડી ૦૪
આજ્ઞા ઉપાસના છે મુખ્ય બે સ્તંભ, એમાં કદી અલ્પ ન થવા દેવો ભંગ;
વર્તનશીલ જીવન જોઈએ નિર્દંભ... સુવર્ણઘડી ૦૫
જેનાં જેનાં કહ્યાં પાંચ વર્તમાન, સંતો-ભક્તોએ રહેવું થઈ સાવધાન;
વાતો કરતાં વર્તન છે બળવાન... સુવર્ણઘડી ૦૬
અલ્પ આજ્ઞામાં ન પડવા દેવો ફેર, મહદ્ વચન લોપાઈ જાય જરૂર;
ખોવાઈ જાય જે થઈ છે ઘણી મહેર... સુવર્ણઘડી ૦૭
પ્રાપ્તિ અનાદિમુક્તની છે પૂર્ણ નક્કી, અનહદ કૃપા થઈ છે શ્રીહરિ થકી;
ખટકો રાખી ન જવું કદીયે છકી... સુવર્ણઘડી ૦૮
સંતો-ભક્તોમાં આત્મીયતા જરૂર જોશે, આત્મબુદ્ધિ મોટા સાથે કરવી પડશે;
સુખ-શાંતિ-આનંદ નિત્ય નવાં રહેશે... સુવર્ણઘડી ૦૯
ભલે થાય કાર્ય પણ કારણ મુખ્ય કરો, દેહ દૃષ્ટિ ટાળી દિવ્ય દૃષ્ટિ ધરો,
એક મેક મૂર્તિમાં રહી હરો ફરો... સુવર્ણઘડી ૧૦
પાત્ર થાવું માની સદા મૂર્તિરૂપ, તેજોમય, તદાકાર, તદ્રૂપ;
ધ્યાન ખૂબ કરી બનો સુખરૂપ... સુવર્ણઘડી ૧૧
તન, મન, ધન સર્વસ્વ મહારાજ માટે, હોમાઈ જાવું પડશે નિજ શિર સાટે;
કારણ સત્સંગ તો જ વિશ્વવ્યાપી થાશે... સુવર્ણઘડી ૧૨
અનંત બ્રહ્માંડો તો જરૂર ખેંચાશે, દશે દિશાએ જય જયકાર થતો જશે,
એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવાશે... સુવર્ણઘડી ૧૩




## સુવર્ણઘડી આવી એસ.એમ.વી.એસ. કેરી...

વણથંભ્યા સમયરથે સન ૧૯૮૭થી સન ૨૦૧૨ સુધીનું પચવીસ વર્ષનું રજતચક્ર પૂર્ણ કર્યું. પચવીસ વર્ષનો અલ્પ સમય આંખના પલકારાની જેમ સરી ગયો. પરંતુ એસ.એમ.વી.એસ. સંસ્થાએ કારણ સત્સંગની અતીત ગાથાને વર્ણવતાં ઈતિહાસપૃષ્ઠોને રસાતાળ ખુલ્લાં મૂકવાં આ સરકતા સમયને એક ક્ષણ તો જાણે થંભાવી દીધો ! "સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા સહજાનંદની" એવી આ એસ.એમ.વી.એસ. સંસ્થાએ પોતાના અસ્મિતાભેર રજત ઈતિહાસને સંપ્રદાયનાં પાનાં ઉપર કોતરી 'એસ.એમ.વી.એસ. રજત જયંતી મહોત્સવ' ઊજવીને નૂતન સુવર્ણયુગનો પ્રારંભ કર્યો.

એસ.એમ.વી.એસ. સંસ્થાએ જ્યારે પોતાના રજતકાળને વિદાય આપી નૂતન સુવર્ણકાળમાં પગરવ માંડ્યા છે ત્યારે તેના રજત ઈતિહાસ પર નજર કરતાં આશ્ચર્યચકિત બની જવાય છે કે,"સંસ્થાની રજતગાથા આવી અકલ્પનીય છે તો સુવર્ણગાથા કેવી હશે ?" જેનો પ્રતિઉત્તર રજૂ કરતાં તેમજ તેનો વિચાર કરતાં, મન દ્વિધા અનુભવે છે. અંતરે ગડમથલ થાય છે કે આવેલી સુવર્ણઘડીને કેવી રીતે નવાજવી ?

આ સુવર્ણઘડી વેળાએ પૂ.સ્વામીશ્રી સમગ્ર સમાજને અનુલક્ષીને સુવર્ણ સંદેશ આપે છે કે, "આ સુવર્ણઘડી એ સંપ્રદાયમાં આપણી સરસાઈ દેખાડવા માટે કે કોઈની સાથે ચડસાચડસી કરવા માટે નથી. સંસ્થાની માન-મોટપ કે પ્રસિદ્ધિ માટેની નથી. આ સુવર્ણતક છે આપણાં જીવનને સુવર્ણ સમાં વર્તનશીલ બનાવવાની. આ સુવર્ણઘડી છે શ્રીજીમહારાજના વ્હાલા થવાની."

જ્યારે આપણાં જીવન સુવર્ણ સરીખાં મઘમઘતાં બને ત્યારે જ શ્રીજીમહારાજના વ્હાલા થવાય. મહારાજ અને મોટાના આદર્શો, સિદ્ધાંતો તથા સંકલ્પો પ્રમાણેનાં આપણાં જીવન બને ત્યારે જ 'રજત ગીત'માં કોતરાયેલા શબ્દો સાકાર થશે :

*"શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ આ, એસ.એમ.વી.એસ. કહેવાય છે."*

એસ.એમ.વી.એસ.નો આધ્યાત્મિક અર્થ થાય છે, 'શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ'. સમાજ એ જનસમુદાયનું દર્શન કરાવતો તથા બહોળો અર્થ ધરાવતો શબ્દ છે. એક-એક વ્યક્તિના એકત્રીકરણથી બનતી રચના એ દેશ, સમાજ કે સંસ્થા તરીકે ઓળખાય છે. જેમ આપણે ઘડિયાળની સફળતાનો શ્રેય તેની બાહ્યિક રચનાને જ આપીએ છીએ, પરંતુ ઘડિયાળની મહત્તાનો આધાર એ માત્ર બાહ્યિક દેખાવ કે આકાર ઉપર નથી. ઘડિયાળનું પ્રત્યેક નાનામાં નાનું યંત્ર એ ઘડિયાળની

સફળતામાં કારણભૂત છે. સોલેનોઈડ, સેલ, મશીન, કાંટા... આ દરેક વસ્તુના સમન્વયથી ઘડિયાળની રચના થાય છે. તેમ એસ.એમ.વી.એસ. પણ પ્રત્યેક સભ્યોનાં સમૂહ, સંગઠન, સમર્પણ, રાજીપા સામે એક દૃષ્ટિ અને સહકાર જેવાં વિવિધ તત્ત્વોના એકત્રીકરણથી કાર્યરત છે. આ સંસ્થામાં સંતો-હરિભક્તોની ભૂમિકા પણ ઘડિયાળના નાનામાં નાના યંત્ર જેટલી જ મહત્ત્વપૂર્ણ છે.

શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ એટલે જેમાં વ્હાલા સંતો, વ્હાલા સાધકો, વ્હાલા સમર્પિત સેવકો, વ્હાલા સંયોજકો, વ્હાલા સંચાલકો, વ્હાલા સ્વયંસેવકો... આ દરેકનો સમન્વય છે. આ દરેકના સઘળા પ્રયત્નથી જ આ એસ.એમ.વી.એસ.નો સમાજ રચાયેલો છે. જ્યારે આ સમાજની પ્રત્યેક વ્યક્તિ શ્રીજીમહારાજને વ્હાલી બને ત્યારે જ વ્હાલો સમાજ બન્યો કહેવાય. માટે, આ સુવર્ણઘડી એ એસ.એમ.વી.એસ. સંસ્થાની છે એમ નથી, પરંતુ સંસ્થાના નેજા હેઠળ રહેલા પ્રત્યેક સભ્યો માટેની છે. આ વ્હાલા સમાજની પ્રત્યેક વ્યક્તિ જ્યારે શ્રીજીસંમત સિદ્ધાંતો, સંકલ્પોને સ્વજીવનમાં ચરિતાર્થ કરવા માટે જાગ્રત બનશે તથા ઉચ્ચ અને આદર્શ વિચારે યુક્ત જીવન જીવશે ત્યારે જ આ સમાજ શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ બનશે, ત્યારે જ વ્હાલા સમાજની રચના થશે.

ઉપરોક્ત જણાવેલ 'રજત ગીત'ની પંક્તિના શબ્દોથી આપણને મથાળું તો મળી ગયું છે કે "એસ.એમ.વી.એસ.નો સમાજ એ શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ છે." પરંતુ શું ખરેખર માત્ર મથાળું મળી જવાથી આ સમાજ શ્રીજીમહારાજને વ્હાલો થઈ ગયો ? ના. માત્ર શબ્દોથી રાજી થવાનું નથી. આ શબ્દોને સાકાર સ્વરૂપ આપવાનું છે. આ શબ્દોને મૂર્તિમંત કરવા માટે જ આ સુવર્ણઘડી છે. આ સુવર્ણઘડીએ આપણને મળેલા શીર્ષકને સાર્થક કરી આપણે ખરા અર્થમાં વ્હાલા સમાજના સભ્ય થવાનું છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જેમ વિના પ્રયત્ને સીધું ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનું પદ આપવામાં આવ્યું અને મુદત આપી કે તમારે આગામી છ માસમાં પોતાના મુખ્યમંત્રીપદની લાયકાત પુરવાર કરી બતાવવાની છે. અને એમણે મળેલા પદને સાર્થક કરી બતાવ્યું. તેમ આપણને અત્યારે શ્રીજીમહારાજના વ્હાલા સમાજ તરીકેનું પદ અર્થાત્ શીર્ષક મળી ગયું છે, પરંતુ સાથે મુદત પણ આપવામાં આવી છે કે આ સુવર્ણયુગમાં આપણે વ્હાલા સમાજ તરીકેનું આપણું પદ પુરવાર કરી બતાવવાનું છે. ત્યારે પ્રશ્ન જરૂર થાય કે ખરા અર્થમાં શ્રીજીમહારાજને વ્હાલા કેવી રીતે થવાય ? તો તેનો ઉત્તર સુવર્ણયુગના

પ્રારંભે ભલામણ ગીતની પ્રથમ પંક્તિ આપણને આપે છે...

**"સુવર્ણઘડી આવી એસ.એમ.વી.એસ. કેરી,**
**અનાદિમુક્તોની રીત હોય અનેરી."**

આજે એસ.એમ.વી.એસ. કેરી સુવર્ણઘડી આવી છે ત્યારે એસ.એમ.વી.એસ.ના સમાજમાં પ્રત્યેક સભ્યોનું વર્તન સુવર્ણ સમું અનેરું હોવું જોઈશે, કારણ કે શ્રીજીમહારાજે આપણા ઉપર અનહદ કૃપા કરીને આપણને પરભાવની કહેતાં અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવી છે. માટે અવરભાવમાં અનાદિમુક્તોનું જીવન પણ ઊંચું હોવું જોઈએ. જેટલી આપણી પ્રાપ્તિ ઊંચી તેટલું જ વર્તન પણ ઊંચું હોવું જોઈએ.

જેમ ગાનકલામાં ગીત ઊંચું હોય તો તેની સાથે સંગીત પણ ઊંચું લઈ જવું પડે; તો જ ગીત અને સંગીત શોભે. પરંતુ ગીત ઊંચું હોય અને સંગીત નીચું હોય તો ? ગીતના શબ્દો ગમે તેટલા સારા હોય તોપણ શ્રવણમાં બેસૂરું લાગે. સાંભળવું ન ગમે. સારી ગાનકલા માટે પણ સંગીત અને ગીતની ઐક્યતા જરૂરી છે. તેમ આપણને અનાદિમુક્તની પ્રાપ્તિ થઈ ચૂકી છે. હવે, એ પ્રાપ્તિને શોભે કહેતાં અનાદિમુક્તને છાજે એવું જીવન બનાવવાનું છે. જ્યારે પ્રાપ્તિ અને વર્તનની ઐક્યતા થાય ત્યારે જ અનેરી રીતિનું દર્શન થાય.

"અનાદિમુક્તની રીત હોય અનેરી..." અનેરી રીત એટલે શું ? શ્રીજીમહારાજ પ્રબોધિત આદર્શો, સિદ્ધાંતો તથા સંકલ્પો પ્રમાણેની આપણા જીવનની રીતિ એ અનેરી રીત. નિષ્ઠા-ઉપાસનામાં શૂરવીર, નિયમ-ધર્મમાં શૂરાપૂરા, પંચવર્તમાનમાં અકબંધ તથા જ્ઞાન-સમજણમાં એક્કા થઈએ એ અનેરી રીત. આવી અનેરી રીત જ્યારે આપણા જીવનમાં ચરિતાર્થ થાય ત્યારે જ સુવર્ણતક ઝડપી કહેવાય.

પૂર્વે પણ ઘણા સંતો-હરિભક્તો પોતાની અનેરી રીતથી મહારાજને વ્હાલા બન્યા છે. રૂપાભાઈ દરબારમાં પણ આવી જ અનેરી રીતનાં દર્શન થાય છે. એક વખત રાજા વખતસિંહબાપુએ તેમની દીકરીનાં લગ્નના પ્રસંગ નિમિત્તે પોતાના દરબારમાં એક મિજબાની ગોઠવી હતી, જેમાં ઘણા મોટા મોટા દરબારીઓ હાજર હતા. લગ્નના આનંદમાં વખતસિંહબાપુએ કસુંબો તૈયાર કરાવડાવ્યો. રૂપાભાઈના વિરોધીઓએ તેમને ધર્મમાંથી ચલિત કરવા કસુંબો આપવા માંડ્યો છતાં પણ તેમણે કસુંબો ન લીધો. જામનગરના જામસાહેબે ઊભા થઈને કહ્યું, "રૂપાભાઈ ! કસુંબો લેવો જ પડશે. નહિતર લગ્નના આનંદમાં ભંગ પડશે."

છતાંય રૂપાભાઈને અંતરે એક જ વિચાર હતો કે, “મારે શ્રીજીમહારાજના વ્હાલા થવું છે.” આથી તેમણે ઘસીને ના પાડી દીધી. સ્વયં વખતસિંહબાપુએ ઊભા થઈને કસુંબો આપવા માંડ્યો ત્યારે પણ રૂપાભાઈ પોતાના ધર્મમાં અડગ રહ્યા. વખતસિંહબાપુએ આક્રોશમાં આવીને કહ્યું, “રૂપાભાઈ ! તમારે અમારી આજ્ઞા ન માનવી હોય તો અમારે તમારી જરૂર નથી; ચાલ્યા જાવ. જે ’દી કસુંબો પીવાની તૈયારી હોય તે ’દી આવજો.” ત્યારે રૂપાભાઈ પોતાના મ્યાનમાંથી તલવાર કાઢીને વખતસિંહબાપુને આપે છે અને કહે છે, “તમે આ માથું ધડથી અલગ કરી દો, પછી જેટલો કસુંબો રેડવો હોય એટલો રેડજો. પણ, આ દેહે કરીને તો ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા નહિ જ લોપાય.”

પોતાના આવા સુવર્ણમય જીવનને લઈને જ રૂપાભાઈ શ્રીજીમહારાજના વ્હાલા થઈ શક્યા. તેમણે પોતાને મળેલી તક ઝડપી લીધી. વર્તમાનકાળે પણ આવા અનેકાનેક હરિભક્તોના પ્રસંગો છે કે, જેમણે આ ઘડીને સુવર્ણથી મઢી દીધી હોય !

દાહોદ જિલ્લાના અંતરિયાળ ગામમાં રહેતા એક બાળમુક્તને ભારે અછબડા નીકળ્યા હતા જેના કારણે ખૂબ તાવ ચડ્યો. સગાં-સંબંધીઓએ તથા આડોશી-પાડોશીઓએ રીત-રિવાજ પ્રમાણે બળિયાદેવને પગે લાગવાનું કહ્યું. પરંતુ આ એસ.એમ.વી.એસ.નો બાળમુક્ત માને ખરો..!? તેણે ઘસીને ના પાડી દીધી. બળજબરી અને દબાણ કરવામાં આવ્યું ત્યારે શૂરવીર થઈને જવાબ આપ્યો, “મારા સ્વામિનારાયણ ભગવાન જ મારું સર્વસ્વ છે. એમના સિવાય મારું માથું બીજે ક્યાંય નહિ નમે.”

‘સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં’ - ગુરુવર્ય પ.પૂ.બાપજીના આ જીવનસૂત્રને આ બાળક અને એના જેવા હજારો સભ્યો ને પરિવારો જીવનમાં ચરિતાર્થ કરી રાજીપાનાં પાત્ર બન્યાં છે. આવાં જીવન જ્યારે આપણાં સૌનાં થશે ત્યારે જ આવેલી સુવર્ણઘડી સાર્થક થશે.

એસ.એમ.વી.એસ.નાં આવાં આદર્શ પાત્રોના જીવનમાંથી પ્રેરણાના ઘૂંટ પીને આપણા જીવનને સિદ્ધાંતવાદી બનાવવા તરફ પગરવ માંડીએ. એનાથી વિશેષ રાજીપાની તક આપણા માટે બીજી અલબત્ત નહિ જ હોય. આવી જ અનેરી રીતનું દર્શન કરાવતો બીજો પ્રસંગ છે - અમેરિકાના કિશોરનો.

પૂ. સ્વામીશ્રીની આજ્ઞા લઈ આ કિશોરમુક્ત અમેરિકા આલ્બની ખાતે અભ્યાસ માટે ગયો. ત્યાં જઈ એક ગુજરાતી પરિવારના ઘરમાં પેઈંગ ગેસ્ટ તરીકે

નિવાસ કર્યો. એક દિવસ મહારાજે તેની કસોટી કરી. કિશોર આ ઘરનાં ૪૦-૪૫ વર્ષનાં મહિલાને પોતાની 'મા' તરીકે ગણતો હતો. પરંતુ તેમણે એક દિવસ રાત્રે અચાનક આ કિશોર સાથે અનિચ્છનીય વર્તન કરવાનો પ્રયત્ન કર્યો. તે કિશોર એ જ ક્ષણે તે ઘર મૂકીને ચાલ્યો ગયો. કારણ કે કિશોરમુક્તના અંતરે કિશોરગીતની પંક્તિઓ કંડારાઈ ગઈ હતી :

*"રાજી બહુ છો તમે જેનાથી, વરસી જાવ છો એનાથી;*
*એવું બ્રહ્મચર્ય વ્હાલું તમારું, વ્હાલું કરું તેને મારું,*
*ખરા ખટકાથી જતન કરે તેને, રાજીપાથી દો ભરી."*
*"ગમતું કોઈ કરે કે ન કરે, કરવું મારે આ ફેરે;*
*ભેળા રહીને બળ દેજો, વળી પ્રાર્થના સૂણી લેજો,*
*વાતો કરે વર્તન અમારું, ગમતું કરું તમારું."*

ફૂટપાથ ઉપર રાત પૂરી કરી. બીજા દિવસે તેની કૉલેજના મિત્રના ઘરે પેઇંગ ગેસ્ટ તરીકે રહેવા ગયો. મહારાજે ફરીથી તેને કસોટીની એરણે ચડાવ્યો. તેના મિત્રની બહેને આ કિશોર સાથે અનિચ્છનીય વર્તન કરવાનો પ્રયાસ કર્યો. ત્યારે ફરીથી રાજીપાના વિચાર સાથે આ કિશોર તેનો તિરસ્કાર કરી ઘરમાંથી ચાલી નીકળ્યો. બહાર જઈ તેણે રડતાં રડતાં પૂ. સ્વામીશ્રીને ફોન કર્યો અને બધી વાત કરી. પૂ. સ્વામીશ્રી કિશોરની દૃઢતા જોઈ ખૂબ રાજી થયા.

'ટોળાં બકરાંનાં હોય, સિંહનાં ન હોય.' આ ઉક્તિ અનુસાર સિંહનાં ટોળાં ભેગાં કરવાં એ કઠિન છે. પરંતુ વર્તમાનકાળે પ.પૂ.બાપજીએ અને પૂ. સ્વામીશ્રીએ એસ.એમ.વી.એસ. સંસ્થામાં ઉચ્ચ આદર્શોયુક્ત જીવન જીવતા શ્રીજીમહારાજના સંકલ્પો સમા સહજાનંદી સિંહોનાં ટોળાં ખડકી દીધાં છે. ત્યારે એમ કહેવું ઘટે કે, ખરેખર આજે એસ.એમ.વી.એસ.ના પાયા પાતાળમાં પહોંચ્યા છે.

પોતાના અણીશુદ્ધ વર્તનથી એસ.એમ.વી.એસ.ના સંતો-હરિભક્તો સંપ્રદાયમાં અનંતના પ્રેરણામૂર્તિ બની ઝળહળી રહ્યા છે. આજ્ઞા-ઉપાસના ને સમજણમાં સૌ કોઈને લજ્જા પમાડે એવી ફોજ એસ.એમ.વી.એસ. સંસ્થામાં આજે તૈયાર છે. વિષયમય વાતાવરણમાં સાદગી અને ચારિત્ર્યવાન જીવન જીવતા અનેક વ્રતધારીઓની શૃંખલા એસ.એમ.વી.એસ.માં હારમાળાની જેમ વર્તનના ઊંચા ગગનને આંબી ચૂકી છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાં મોખરાનું સ્થાન ધરાવતો એસ.એમ.વી.એસ.નો દિવ્ય સમાજ સમર્પણ અને અસ્મિતાની જ્વલંત જ્યોત પ્રગટાવી ગુરુવચને કુરબાની આપવા થનગની રહ્યો છે.


પરંતુ, એમાં આપણા માટે શું ? સ્વજીવનને તપાસીએ કે મારું સ્થાન આ વ્હાલા સમાજમાં આવે છે ? ના. તો આપણે આપણી સુવર્ણઘડી ગુમાવી રહ્યા છીએ. દૃઢ સંકલ્પ કરી કટિબદ્ધ બનીએ કે મારે મારા ઉચ્ચ વર્તન દ્વારા આ સુવર્ણઘડીએ આ સુવર્ણ સમાજમાં સ્થાન મેળવવું છે.

*"શ્રીજી તણો વ્હાલો સમાજ આ કહેવાય, તે માટે આવી રીતે સદા રહેવાય."*

આ દિવ્ય સમાજમાં સ્થાન મેળવવા માટે સ્વયં શ્રીજીમહારાજ આપણને ભલામણ ગીત દ્વારા ભલામણ કરી રહ્યા છે...

ભલા થઈને... નિષ્ઠા, પતિવ્રતાપણું ને કર્તાપણું એક શ્રીજીનું રાખજો...
ભલા થઈને... પૈસા, પદ, પ્રતિષ્ઠા ને વાહવાહમાં ન લેવાતા...
ભલા થઈને... અભાવ, અવગુણથી બચી આંતરમુખી બનજો...
ભલા થઈને... રાજીપાનો વિચાર રાખજો ને સિદ્ધાંતવાદી થજો...
ભલા થઈને... આજ્ઞા ને ઉપાસનામાં ભંગ ન થવા દેશો...
ભલા થઈને... વાતો કરતાં વર્તન બળવાન છે એ રીત રાખજો...
ભલા થઈને... અલ્પ વચનમાં ફેર પડે તો મહદ્ વચનમાં ફેર પડ્યો જાણજો...
ભલા થઈને... પ્રાપ્તિ પૂરી માનજો, છતાં પૂરું માની છકી ન જશો...
ભલા થઈને... દિવ્ય દૃષ્ટિ કેળવી આત્મીયતા ને આત્મબુદ્ધિ કરજો...
ભલા થઈને... કાર્ય કરવામાં કારણને મુખ્ય રાખજો...
ભલા થઈને... મૂર્તિરૂપ માની પાત્ર બનજો અને ધ્યાન કરી સુખ લેજો...
ભલા થઈને... તન, મન, ધન સર્વસ્વ અર્પી હોમાઈ જાજો...

આ સંસ્થા મહારાજની છે અને વળી સત્પુરુષનું સાંનિધ્ય છે એટલે સંકલ્પો ને સિદ્ધાંતો તો ઝડપભેર પૂર્ણ થઈ રહ્યા છે. પરંતુ એમાં આપણે ક્યાં છીએ ? સંસ્થાનો સુવર્ણયુગમાં પ્રારંભ થયો. પરંતુ શું આપણા જીવનનો પ્રારંભ સુવર્ણયુગમાં થયો ? બસ, એ મહત્ત્વનું છે. અને એ માટે જ આ ભલામણ પુસ્તક દ્વારા થતી ભલામણોથી આપણે હવે વ્યક્તિગત જીવન ઉપર આગળ વધવું છે. આપણાં વ્યક્તિગત જીવન જંગમ તીર્થ સમાં બને એ માટેનો પરિપક્વ નિશ્ચય કરવો છે, પ્રયત્ન કરવો છે. માટે હવે સંસ્થાની પ્રગતિ, વિકાસ તથા સંસ્થા દ્વારા થતાં આધ્યાત્મિક અને વ્યવહારિક કાર્યોનો આનંદ તો આપણને છે. પરંતુ આ અસ્મિતાને એક કદમ આગળ વધારી આપણા વ્યક્તિગત જીવનની દિવ્યતાને ચરમસીમા સુધી પહોંચાડવામાં રૂપાંતરિત કરી, આપણા વ્યક્તિગત જીવનની પ્રગતિ અને વિકાસમાં સાચો આનંદ માનીએ. અને એ માટે આ પુસ્તકમાં રજૂ કરેલા જીવનપરિવર્તનલક્ષી વિષયોને માત્ર વાચનમાં ન રાખતાં તેને વર્તનમાં મૂકવા તરફ લક્ષ્ય રાખીએ.



ભલામણ-૧ ભલા થઈને...

**નિષ્ઠા, પતિવ્રતાપણું ને કર્તાપણું**

**એક શ્રીજીનું જ રાખજો...**

સ્વામિનારાયણ ભગવાનના શરણાગત એવા આશ્રિતમાત્રમાં સ્વામિનારાયણ ભગવાનની શુદ્ધ સર્વોપરી ઉપાસના હોવી ફરજિયાત છે. વળી, અનંતકોટિ બ્રહ્માંડમાં સનાતન ભગવાન એકમાત્ર સ્વામિનારાયણ ભગવાન જ છે, સ્વામિનારાયણ ભગવાનને વિષે જ એકમાત્ર પતિવ્રતાની ભક્તિ, એમનું જ સંપૂર્ણ કર્તાપણું - આ તમામ સિદ્ધાંતરૂપ વાતો પણ આશ્રિતમાત્રમાં દઢીભૂત થયેલી હોવી જોઈએ. એટલે કે શ્રીજીમહારાજનો જ દઢ નિશ્ચય, દઢ આશરો, દઢ સ્વરૂપનિષ્ઠા ને દઢ ઉપાસના આશ્રિતમાત્રમાં ફરજિયાત જોઈએ. તો પછી કારણ સત્સંગના સમાજમાં - એસ.એમ.વી.એસ.ના સમાજમાં તો આવી જરીયે પોલ ક્યાંથી ચાલે ??

આ બધી બાબતોનું આટલું બધું મહત્ત્વ શા માટે ? શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય અને શુદ્ધ નિષ્ઠા એ જ સ્વામિનારાયણ સંપ્રદાયનું હૃદય છે. અને એના માટે જ સ્વામિનારાયણ સંપ્રદાયનું ચિરંતન સર્જન થયું છે.

માનવશરીર વિવિધ અંગોથી રચાયેલું જાળું છે જેમાં હાથ, પગ, આંખ, કાન, મગજ, ફેફસાં, હૃદય જેવાં ઘણાં અંગોનો સમાવેશ થાય છે. પરંતુ માનવશરીરમાં હૃદય એ મહત્ત્વનું અને મુખ્ય અંગ છે. બીજાં અંગો કદાચ ઓછાંવત્તાં હોય તો ચાલી શકે પણ હૃદય ન હોય તો ચાલે ? ન જ ચાલે. હૃદય વગરની વ્યક્તિ એ મનુષ્ય નહિ, મડદું છે. સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી શુદ્ધ નિષ્ઠા એ સંપ્રદાયનું હૃદય છે. જ્યારે બીજાં બધાં સાધનો છે તે તો અન્ય અંગોને ઠેકાણે છે. તે વત્તાંઓછાં હોય તો ચાલી શકે. પરંતુ સર્વોપરી નિષ્ઠા ન હોય તો ન જ ચાલે. ગમે તેટલાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ-ત્યાગ હોય; ગમે તેવા મોટા સમૈયા, ઉત્સવ, મહા ઉત્સવો થતા હોય; હજારોની જનમેદનીથી મંદિરો ઊભરાતાં હોય પરંતુ જો સંપ્રદાયમાં શ્રીજીમહારાજની નિષ્ઠા ન હોય તો તેની કંઈ જ ગણતરી નથી. ગમે તેવું શણગારેલું શરીર હોય પણ માંહી પ્રાણ જ ન હોય તો તે શણગાર નકામો છે. તેમ નિષ્ઠા વગરનો સંપ્રદાય પ્રાણ વિનાના શરીરને શણગાર્યા સમાન જ છે. ગમે તેટલાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ-ત્યાગ હોય પણ નિષ્ઠા ન હોય તો સર્વે નકામાં છે.

એટલે જ ગુરુવર્ય પ.પૂ. બાપજી આપણને સૌને ભલામણ કરી રહ્યા છે,

**"સર્વોપરી સનાતન નિષ્ઠા સદા રાખજો,**
**ભક્તિ પતિવ્રતાની સદા સહુ રાખજો;**
**કર્તાપણું શ્રીજીનું જ એક સમજજો..."**

શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા એ એકડાના સ્થાને છે જ્યારે બીજાં બધાં સાધનો છે તે મીંડાંને ઠેકાણે છે. હવે, એકડા વગરનાં હજાર મીંડાં હોય તોય તેની શું કિંમત ? એવી રીતે ગમે તેટલાં સાધન કરીએ પરંતુ મહારાજની સર્વોપરી નિષ્ઠા જ ન હોય તો તે સાધનની કોઈ જ કિંમત રહેતી નથી.

મીંડાંની આગળ એક એકડો થઈ જાય તો તેની કિંમત થાય છે. એમ સર્વોપરી નિષ્ઠા દૃઢ થાય ત્યારે જ સાધનનું મૂલ્ય થાય છે. સાધનની મહત્તા સર્વોપરી નિષ્ઠા દૃઢ થયા પછી જ વધે છે, એટલે કે, નિષ્ઠાના બળે સાધનની ગૌણતા કરવી એવું નથી. પરંતુ સાધન કરતાં નિષ્ઠાનું મૂલ્ય કેટલું અધિકાધિક છે તે સમજાવવાની આ વાત છે. આ જ વાતને સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ સમજાવી છે કે,

*“સો શૂન્ય સારાં કરે, પણ અંક નથી જો આગળે,*
*સરવાળો શાનો કરશે, તે કાળપ કરે છે કાગળે.”*

એટલે કે, સો શૂન્યની કિંમત એક એકડાને લઈને છે. જો સો શૂન્યની આગળ એક એકડો નહિ હોય તો તે કાગળમાં કાળાં મીંડાં કર્યા બરાબર છે. એવી રીતે શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા-ઉપાસના એ સંપ્રદાયનો એકડો છે. જો એક એકડો હશે તો જ પાછળ બધાંની કિંમત છે.

શ્રીજીમહારાજે પણ સ્વમુખવાણી વચનામૃતમાં ઉપાસના અંગે પોતાનો અભિપ્રાય દર્શાવતાં કહ્યું છે કે, “અમે મંદિર કરાવ્યાં છે તે અખંડ ભગવાનની (અમારી) ઉપાસના રાખ્યા સારુ કરાવ્યાં છે.”

- ગઢડા મધ્ય પ્રકરણનું ૨૭મું વચનામૃત

“ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થાતી નથી.”

- ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૬મું વચનામૃત

“એ ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો ને ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહીં.”

- ગઢડા મધ્યનું ૧૩મું વચનામૃત

સદ્. ગોપાળાનંદ સ્વામી પણ સંતો-હરિભક્તોને ભલામણ કરતા કે, “ઉપાસના ચોખ્ખી સમજજો. જોજો એમાં કાંઈ લોચો ન રહી જાય !” કારણ કે જો ઉપાસનામાં લોચો રહી ગયો તો મોક્ષનો માર્ગ ફંટાઈ જાય અને સત્સંગ કર્યાનું ફળ જ ન નીપજે.

શ્રીજીમહારાજે પણ ગઢડા પ્રથમના ૩૩મા વચનામૃતમાં પોતાના આશ્રિતમાત્રને પોતાનો આશરો દૃઢ કરાવતાં આદેશ આપ્યો છે કે, “ભગવાનનો

(અમારો) જે દઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન (અમે) રાજી થાય છે, ને તે આશરો અતિ દઢ જોઈએ, જેને વિષે કાંઈ પોલ રહે નહીં.''

અહીં શ્રીજીમહારાજે આશરો અતિ દઢ કરીને રાખવો તેમાં પોલ ન રાખવી એમ વાત કરી છે. એટલે કે, શ્રીજીમહારાજ સિવાય બીજાનું કર્તાપણું, શ્રીજીમહારાજ સિવાય બીજો કોઈ સનાતન ભગવાન છે એવો સંકલ્પ કે શ્રીજીમહારાજને અન્ય અવતાર જેવા સમજાય તો તે આશરામાં મોટી પોલ કહેવાય. તે ન રાખવી.

સંપ્રદાયના સ્થાપનથી જ શ્રીજીમહારાજે અને સદ્‌ગુરુવર્ય સંતોએ શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી નિષ્ઠાની, ઉપાસનાની, સર્વોપરીતાની અને પતિવ્રતાની ભક્તિની વાતો કરી સંપ્રદાયનાં મૂળ સબળ કર્યાં છે. પરંતુ એ વખતે હજુ સમાજ આખો નવા આદરવાળો હતો. જેમને શ્રીજીમહારાજના ભગવાનપણાની પણ સ્વીકૃતિ નહોતી તો સર્વોપરીપણાની હા તો પડે જ ક્યાંથી ? તેથી નંદ સંતો ખૂણામાં બેસી છાની છાની શ્રીજીમહારાજના સર્વોપરીપણાની વાતો કરતા. શ્રીજીમહારાજ સ્વયં સમ્રાટ સ્વરૂપ હોવા છતાં પોતાના સર્વોપરીપણાની જેમ છે તેમ વાતો ક્યારેક સંતો-હરિભક્તોને ન કરી શકતા ત્યારે ઉદાસ થઈ જતા.

એક વખત શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં બિરાજ્યા હતા. સદ્. બ્રહ્માનંદ સ્વામી બહારથી અક્ષરઓરડીમાં પધાર્યા અને શ્રીજીમહારાજનાં ચરણારવિંદમાં મસ્તક મૂકી અતિશે રુદન કરવા લાગ્યા. શ્રીજીમહારાજે સ્વામીને પૂછ્યું, ''સ્વામી, શું થયું ? કેમ રડો છો ?'' ત્યારે સદ્. બ્રહ્માનંદ સ્વામીએ અંતરનો વસવસો વ્યક્ત કરતાં કહ્યું, ''હે મહારાજ, તમે સાક્ષાત્ અક્ષરધામના પતિ છો છતાં તમને સંતાડીને ગાવા પડે છે. તેનું અમને અંતરમાં બહુ દુઃખ થાય છે.'' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, ''સ્વામી, આપણે તો અનેક જીવનાં કલ્યાણ થાય તેમ ગાવું અને જેમ છે તેમ સમજવું.'' આ વાતનો ઉલ્લેખ સદ્. નિર્ગુણદાસજી સ્વામીની ૩૭૩મી વાતમાં છે.

મહારાજના ઉપરોક્ત અભિપ્રાય દ્વારા એ સ્પષ્ટ થાય છે કે શ્રીજીમહારાજનો અંતરનો આગ્રહ પોતાના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ કરાવવાનો, પોતાના સ્વરૂપની દઢ નિષ્ઠા કરાવવાનો હતો. આ આગ્રહ વર્તમાનકાળે તેમની પરંપરાના સત્પુરુષોમાં દેખાતો આવ્યો છે અને વર્તમાનકાળે પણ દેખાય છે. કારણ જીવને

પોતાના બુદ્ધિબળે સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપની ઓળખાણ થાય એમ નથી. એ ઓળખાણ તો એમના સત્પુરુષ થકી જ થાય છે. એટલે જ શ્રીજીમહારાજે શ્રીમુખવાણી વચનામૃતમાં કહ્યું છે, "અને આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ, અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે; પણ પોતાની બુદ્ધિ બળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી."

- ગઢડા મધ્યનું ૧૩મું વચનામૃત

વર્તમાનકાળે એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા ગુરુવર્ય પ.પૂ. બાપજી શ્રીજીમહારાજે પ્રવર્તાવેલી ઉપાસના અને નિષ્ઠાની વાતોનાં બ્યૂગલો વિશ્વના ફલક પર વગાડે છે. ખૂણેખાંચરે પણ માંડ માંડ થતી વાતો આજે છડેચોક જાહેરમાં કરે છે. અનંતને શ્રીજીમહારાજની અનન્ય નિષ્ઠા, ઉપાસના તેમજ પતિવ્રતાની ભક્તિના રંગથી પાક્કા કર્યા છે. જે કોઈ સત્સંગના યોગમાં આવે તેને ગળથૂથીમાં જ આ વાતો આપી સત્સંગમાં સબળ કરી રહ્યા છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી આટલું બધું શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા-ઉપાસનાનું મહત્ત્વ કેમ દર્શાવે છે ? પ્રશ્ન જરૂર થાય જ. તો શું વિશ્રંભ સમાયેલું છે એમના આગ્રહમાં તે સમજીએ...

❑ **શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના-નિષ્ઠા થાય તો જ આટલું થાય :**

- શ્રીજીમહારાજના સર્વોપરી નિશ્ચયે કરીને જ તેમનો વ્યતિરેક સંબંધ થાય.
- છતે દેહે અવરભાવમાં પણ શ્રીજીમહારાજની સાક્ષાત્ પ્રાપ્તિ થાય છે. મહારાજને પામવાના બાકી છે એવું ન વર્તે.
- છતે દેહે મોક્ષની હા પડે છે.
- પોતાને વિષે પૂર્ણકામપણું ને કૃતાર્થપણું મનાય.
- કાળ, કર્મ, માયા, દેવ-અવતારનો ભાર ન રહે.
- મહારાજને રાજી કરવાનાં સાધનમાં વેગ મળે.
- નિર્ભય થઈ સાવ હળવાફૂલ થઈ જીવન જિવાય.
- દરેક ક્રિયા મહારાજના બળથી જ થાય, પરિણામે દરેક બાબતમાં સફળતા... સફળતા... જ મળે.

સત્સંગના સારરૂપ સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના સુખ સુધી પહોંચવાનું દ્વાર જ સ્વરૂપનિષ્ઠા છે. આ સ્વરૂપનિષ્ઠા જેને દઢ થઈ હોય તેની ઉપર જ રાજીપો અને તેનું મહત્ત્વ દર્શાવતાં શ્રીજીમહારાજ જણાવે છે કે, "એવી નિષ્ઠાવાળો જે

સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ અને તેને દુઃખાવતા થકા મનમાં બીએ છીએ. અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ... અને જે એવા યથાર્થ ભગાવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે.''

- ગઢડા પ્રથમનું ૩૭મું વચનામૃત

શ્રીજીમહારાજને પોતાના સંત-હરિભક્તોને નિષ્ઠા-ઉપાસનામાં પૂરા કરવા હતા. તેથી સમયોચિત સભા પ્રસંગે પોતાની અતિ પ્રિય એવી સ્વરૂપનિષ્ઠા સંબંધી વાત કરતા અને તેને પ્રવર્તાવવાની ભલામણ પણ કરતા. ''ભગવાનનું સ્વરૂપ છે તેને દૃઢ કરીને સમજશો ત્યારે તમને કોઈ પ્રકારનું વિઘ્ન કલ્યાણના માર્ગને વિષે નહિ થાય. (૨) ને એ ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો ને ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ...આ વાતને નિત્યે નવી ને નવી રાખજ્યો પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા, આજ છે તેવી જ કાલ નવી ને નવી રાખજ્યો અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો, અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો, એમ અમારી આજ્ઞા છે, અને આ વાર્તા એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી, અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી.''

- ગઢડા મધ્યનું ૧૩મું વચનામૃત

સદ્. ગોપાળાનંદ સ્વામીને પણ શ્રીજીમહારાજે આ જ આજ્ઞા કરી હતી કે ''સ્વામી ! તમે અમારું સર્વોપરીપણું જેમ છે તેમ પ્રવર્તાવો. જો તમે અમારું સર્વોપરીપણું નહિ પ્રવર્તાવો તો અમે તમને હજાર વરસ સત્સંગમાં રાખીશું.''

આમ, શ્રીજીમહારાજે પોતાની સર્વોપરી ઉપાસના-નિષ્ઠાની જેમ છે તેમ વાત સૌને દૃઢ કરાવી છે અને સદ્ગુરુ સંતોને પણ એ જ ભલામણ કરી છે. કારણ કે સ્વરૂપનિષ્ઠા જ જ્યાં સુધી દૃઢ ન થાય ત્યાં સુધી શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિનો સંબંધ જ નથી થતો. તો પછી મોક્ષની હા તો પડે જ ક્યાંથી ? સ્વરૂપનિષ્ઠા દૃઢ ન થાય તો તેનું માત્ર બીજબળ થાય. જો એના વિના આત્યંતિક કલ્યાણ પણ ન થાય તો અનાદિની સ્થિતિ તો થાય જ ક્યાંથી ?

શ્રીજીમહારાજે પણ કહ્યું છે કે, ''એવો જેને મહિમાએ સહિત ભગવાનનો નિશ્ચય હોય તે ભક્ત નિર્ભય થઈ ચૂક્યો... અને જેના હૃદયમાં એવો ભગવાનનો મહિમા સોતો દૃઢ નિશ્ચય ન હોય તેને તો નપુંસક જેવો જાણવો... તેણે કરીને

કોઈનું કલ્યાણ થાતું નથી : એનાથી તો મૂળગું ભૂંડું થાય છે.''

– વરતાલનું ૧૨મું વચનામૃત

''જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થાતો હોય ને તેને કદાચિત્ કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તોપણ તેનું કલ્યાણ થાય; અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તોપણ તેનું કલ્યાણ થાવું અતિ કઠણ છે.'' – પંચાળાનું ૭મું વચનામૃત

''ને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જાશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જાશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય.''

– ગઢડા મધ્ય પ્રકરણનું ૯મું વચનામૃત

શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા સમજાય પછી શ્રીજીમહારાજ સિવાય અન્ય દેવ-અવતારાદિકનો કોઈનો ભાર રહેતો નથી. એકમાત્ર શ્રીજીમહારાજને વિષે જ અનન્ય પતિવ્રતાની ભક્તિ હોય. કદાચ એમના આશ્રિત હોવા છતાં જો એકમાત્ર શ્રીજીમહારાજને વિષે પતિવ્રતાની ભક્તિ ન હોય તો તે વ્યભિચારિણી ભક્તિ થઈ કહેવાય. એટલે જ શ્રીજીમહારાજે પોતાના આશ્રિતમાત્રને ભલામણ કરી છે કે, ''ભગવાનના (અમારા) ભક્ત હોય તેને એક પતિવ્રતાનો ધર્મ રાખવો અને બીજું શૂરવીરપણું રાખવું. જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ વૃદ્ધ હોય તથા રોગી હોય તથા નિર્ધન હોય તથા કુરૂપ હોય, પણ પતિવ્રતા સ્ત્રીનું મન કોઈ બીજા પુરુષના રૂડા ગુણ દેખીને ડોલે જ નહિ અને જો રાંકની સ્ત્રી હોય ને તે જો પતિવ્રતા હોય તો મોટો રાજા હોય તોપણ તેને દેખીને તે પતિવ્રતાનું મન ચળે જ નહીં. એવી રીતે ભગવાનના ભક્તને પતિવ્રતાનો ધર્મ ભગવાનને વિષે રાખવો.'' – ગઢડા મધ્ય પ્રકરણનું ૫મું વચનામૃત

''જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ કંગાલ હોય ને કુરૂપ હોય અથવા રોગી હોય કે વૃદ્ધ હોય તોપણ બીજા જે તાલેવર ને રૂપવાન ને યૌવનવાન પુરુષ તેને જોઈને લેશમાત્ર મનમાં ગુણ આવે નહીં. અને જે પતિવ્રતા હોય તે તો બીજા પુરુષ સામું ભાવે કરીને જુએ અથવા હસીને બોલે ત્યારે એનું પતિવ્રતાપણું નાશ પામે... અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહીં. કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને

સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે વર્તે... એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય... માટે જાણીજોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી ને ભગવાનના ભક્તને તો સમજી-વિચારીને પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ કરવી.''

- ગઢડા છેલ્લા પ્રકરણનું ૧૬મું વચનામૃત

શ્રીજીમહારાજને વિષે સર્વોપરી નિષ્ઠા અને પતિવ્રતાની ભક્તિ પોતાની મેળે થવી શક્ય જ નથી. એ તો સ્વયં શ્રીજીમહારાજ અથવા એમના સંકલ્પથી પધારેલા સત્પુરુષ જ કરાવી શકે; અને જે જીવ એમની સાથે જોડાય એને જ શ્રીજીમહારાજની મૂર્તિનું ઉત્તમ સુખ પમાડે છે. એટલે જ અનુભવી સંતોએ કહ્યું છે કે,

*''સર્વોપરી ઉપાસના ને પતિવ્રતાની ભક્તિ,*
*પોતાના ઘરની જે વાતો, તેની કોણ બતાવે જુક્તિ;*
*પોતે કાં પોતાના સંકલ્પ ખરું રહસ્ય તો જાણે,*
*તેને જે જે જીવ મળે તે મહા સુખડાં તો માણે.''*

અનુભવી સત્પુરુષ મળે અને તેમના જોગ-સમાગમે કરીને જ શ્રીજીમહારાજને વિષે કર્તાપણું દૃઢ થતું જાય છે. જેના જીવનમાં એકમાત્ર શ્રીજીમહારાજનું જ કર્તાપણું લક્ષ્યાર્થ થયું હોય તે ભક્તના જીવનમાં એક જ સૂર હોય કે, ''મેરે તો તુમ એક હી આધારા...'' ગમે તેવા ભૂંડા દેશકાળ આવે, વિકટ પરિસ્થિતિઓનાં સર્જન થાય તોપણ તે ભક્ત ક્યારેય પાછો ન પડે; અનાશ્રય ન કરે. બસ, તેના જીવનમાં એક વાત જ હોય, 'જે કાંઈ થાય છે તે મારા ધણી શ્રીજીમહારાજનું જ કર્યું થાય છે.' અનંતકોટિ બ્રહ્માંડમાં એમના સિવાય બીજો કોઈ કર્તા નથી એવી ખુમારી વર્તે.

ભક્ત સમાજમાં પોતાનું કર્તાપણું જ છે એ વાત દૃઢ કરાવવા શ્રીજીમહારાજે સ્વમુખે ઓરડાના પદમાં કહ્યું છે કે,

*''અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ, પાલન, પ્રલય થાય;*
*મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય,*
*એમ મુને જાણજો રે, મારા આશ્રિત સહુ નરનારી.''*

વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે પોતાનું કર્તાપણું દૃઢ કરાવવા પોતાનો સ્પષ્ટ અભિપ્રાય સૌને દર્શાવ્યો છે.

''અને જે જીવ ભગવાનને સર્વ કર્તા-હર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો

દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે ભગવાન વિના બીજા જે કાળ-કર્માદિક તેને એ કર્તા જાણે છે, માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ ને ભૂલમાં પણ તેના મુખનું વચન સાંભળવું નહીં.'' – કારિયાણીનું ૧૦મું વચનામૃત

''જે આ સર્વે જગતના કર્તા-હર્તા ભગવાન છે તેને કર્તા-હર્તા ન સમજીએ ને વિશ્વના કર્તા-હર્તા કાળને જાણીએ, અથવા માયાને જાણીએ, અથવા કર્મને જાણીએ, અથવા સ્વભાવને જાણીએ, એ તે ભગવાનનો દ્રોહ છે, કેમ જે ભગવાન સર્વના કર્તા-હર્તા છે, તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ ને માયા તેને જગતના કર્તા-હર્તા કહે છે, માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે.''

– વરતાલનું ૨જું વચનામૃત

''ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહિ અને જે હરિભક્ત હોય ને જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી હોય તોપણ અર્ધો વિમુખ જાણવો.'' – ગઢડા મધ્યનું ૩૮મું વચનામૃત

શ્રીજીમહારાજ જ સર્વ કર્તા-હર્તા છે એવું જાણવા અને બોલવા છતાં વ્યવહારિક જીવનમાં આવતા સારા-નરસા પ્રસંગોને આધીન થઈ, કોઈની મહોબતમાં લેવાઈને પણ મહારાજનું કર્તાપણું ચુકાઈ જતું હોય છે. ચોઘડિયાં, વાર, શુકન, અપશુકન, પનોતીનો ભાર જેને શ્રીજીમહારાજનું કર્તાપણું દૃઢ થયું હોય તેને ન રહે. એને કોઈ સત્તાનો, આવડતનો, બુદ્ધિનો, ભણતરનો કે કોઈ વ્યક્તિનો ભાર કે આધાર રહેતો નથી. જીવનના હર એક પ્રસંગે, હર એક ક્ષણે એકમાત્ર શ્રીજીમહારાજનું જ કર્તાપણું દૃઢ થયેલું જોવા મળે.

એક સત્સંગી પરિવારમાં એક યુવાન દંપતી અને તેમનાં બાળકો હતાં. એક પાંચ વર્ષનો અને બીજો ત્રણ વર્ષનો એમ બે બાળકો હતાં. મહારાજની ઈચ્છાથી આકસ્મિક સંજોગોમાં આ સત્સંગી ભાઈને મહારાજે ધામમાં લઈ લીધા. મૂર્તિના સુખમાં મૂકી દીધા. પૂ. સંતોને મંદિરમાં સમાચાર મળ્યા. તેથી પૂ. સંતોએ મોટેરા હરિભક્તોને તેમના ઘરે જઈ સત્સંગી યુવાન બહેનને આશ્વાસન-હિંમત આપી જરૂરી મદદ કરવા માટે મોકલ્યા. હરિભક્તોએ જઈ તેમને આશ્વાસનના બે શબ્દો કહ્યા. સત્સંગી બહેને બે હાથ જોડી વિનય-વચને ખુમારીપૂર્વક જવાબ આપ્યો કે, ''દયાળુ ! તમે મારા દુઃખમાં સહભાગી બની તમારી ફરજ બજાવી છે એ બરાબર છે, પરંતુ હું આજ સુધી કદી પતિના આધારે જીવી નથી. મારા સાચા ધણી તો મારા મહારાજ છે. હું એમના આધારે જ જીવી છું. બાળકોને પણ મેં

મારાં નહિ, મહારાજનાં માન્યાં છે એટલે મને એમની પણ કોઈ ચિંતા નથી. માટે મને મહારાજ રાખે તેમ રહેવામાં અને દેખાડે તે જોવામાં કોઈ દુઃખ નથી, કોઈ તકલીફ નથી. મારે સૌથી મોટો આધાર એક મહારાજનો જ છે. મારે તો બસ એક મહારાજની મરજીમાં જ રહેવું છે.'' આશ્વાસન આપવા આવેલા હરિભક્તો તો આ બહેનની મહારાજના કર્તાપણાની ખુમારી જોઈ અવાચક થઈ ગયા. આવા પ્રસંગે આંખમાં આંસુ તો નહિ, પરંતુ મહારાજના જ એકમાત્ર બળે જીવતાં પાત્રોને ધન્ય હો...

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આ જ કર્તાપણાની દૃઢતા આપણને સૌને કરાવી છે. ત્યારે જીવનમાં સત્તા, સંપત્તિ, ઓળખાણ કે વ્યક્તિનો કે દવાનો પણ આધાર મૂકી એકમાત્ર મહારાજના જ બળે જીવન જીવીએ. એ જ આપણું સાચું ભક્તપણું છે.

**“અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં સહુ એકમાત્ર ભગવાન સ્વામિનારાયણને વિષે જ પતિવ્રતાની ભક્તિ દૃઢ રાખજો.”**



## ભલામણ-૨ ભલા થઈને...

**પૈસા, પદ, પ્રતિષ્ઠા ને વાહવાહમાં ન લેવાતા...**

પૈસો, પદ અને પ્રતિષ્ઠા વર્તમાન સમયે સમગ્ર વિશ્વમાં છવાઈ ગયાં છે. જેમ ચોમાસામાં વાદળાં, સમુદ્રમાં જળબિંદુઓ છવાઈ જાય છે તેમ પૃથ્વીના ખૂણે ખૂણે પૈસાનું જબરજસ્ત સામ્રાજ્ય છવાયેલ છે તેમ કહેવું અતિશયોક્તિભર્યું નથી. પૈસાથી જ પ્રાતઃકાળનો પ્રારંભ થાય છે. સૂર્યોદય તથા સૂર્યાસ્ત જોવા મળે છે પરંતુ પૈસાનો અસ્ત કોઈને જણાતો નથી; જાણે કે તે અજર-અમર બની ગયો છે ! સવારે પથારી છોડીને ઉપાડેલ પ્રથમ ફોન તથા રાત્રે સૂતી વેળાનો છેલ્લો ફોન પૈસા બાબતનો જ જોવા મળે છે. ધંધાર્થીઓ તો રાત્રે સ્વપ્નમાં પણ તેનું જ અનુસંધાન ચાલુ રાખે છે. નીચેની પંક્તિ તેની શાખ પૂરે છે :

*"પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ."*

મૂડીપતિ થવાની અદમ્ય ઝંખના, અતૃપ્ત ખ્વાહિશ તથા તીવ્ર લાલસા એ ઘોરતમ (ભયંકર) પરિણામોની જનની છે. માનવી જે પૈસાનો ગુલામ બની ગયો છે તેના પાયામાં આ ત્રણ બાબતો છે : (૧) વિત્તૈષણા (ધન), (૨) પુત્રૈષણા, (૩) લોકૈષણા (પ્રતિષ્ઠા). ઉપરોક્ત લાલસાઓને તે રોકી શકતો નથી અને તે મેળવવા રાત-દિવસ ઝંખે છે. જીવનને હોડમાં મૂકી દે છે. ક્યારેક પોતે ખુવાર થઈ જાય છે અને આંધળું અનુકરણ કરતાં સર્વનાશ નોતરે છે.

'જર (દ્રવ્ય), જમીન અને જોરુ (સ્ત્રી), ત્રણેય કજિયાનાં છોરુ' - આ પ્રાચીન ગુજરાતી કહેવત છે. સંપત્તિ વધવાની સાથે અશાંતિ અને ઉદ્વેગ પણ તેટલાં જ વધતાં જાય છે. પરિવારના સભ્યો ધર્મશાળામાં રહેતા હોય તેવું લાગે છે. માતાપિતાને બાળકો માટે સમય નથી. કુટુંબ પ્રત્યે સંપ, સુહૃદતા, એકતા ને સહાનુભૂતિની ઊણપ જણાય છે. સમૂહમાં બેસીને જમવાનો કે વાત કરવાનો પણ સમય નથી. આ બધા પ્રશ્નોનું કારણ એક જ શબ્દમાં કહી શકાય : પૈસો.

જેને ભગવાન સ્વામિનારાયણે ગઢડા છેલ્લા પ્રકરણના ૩૮મા વચનામૃતમાં જણાવ્યું છે કે, "છ વાનાં જેનામાં હોય તેને જીવતે કે મરીને ક્યારેય સુખ થતું નથી." તે પૈકી પ્રથમ બાબત છે દ્રવ્યાદિકનો લોભ. પૈસાના લોભે કુટુંબજીવન છિન્નભિન્ન થવાના ઘણા પ્રસંગો છે, જે આપણે ક્યાંક પ્રત્યક્ષ જોયા છે કાં તો દૈનિક પત્રોમાં વાંચ્યા છે. એનું ઉદાહરણ આપણે પોતે ન બનીએ. તેથી જ ગુરુવર્ય પ.પૂ.બાપજીએ આપણને ભલામણ કરતાં કહ્યું છે કે, ભલા થઈને...

**"પૈસા, પદ, પ્રતિષ્ઠા ને ઝાઝા માણસો,**
**જગત તણી વાહ વાહને કદી નવ જોશો;**
**સંતો-ભક્તો મહોબતમાં માર ન ખાશો..."**

ઉપરોક્ત ભલામણ ગીતની પંક્તિઓ જીવનની અતિ મહત્ત્વની બાબતો ઉપર પ્રકાશ પાડે છે. પૈસો, પદ, પ્રતિષ્ઠાની લાલસા જગતના મનુષ્યોને તથા બાહ્યિક પ્રતિભા વધારવા ઇચ્છતા પદવીધારીઓને નચાવે છે. મોટા સંતો કહેતા કે, “જે કનક (દ્રવ્ય) અને કાન્તા (સ્ત્રી) આ બંને માયામાં ન લેવાય તે તો આ જગતનો બે ભુજાવાળો ભગવાન છે. બાકી બધા તો બાવા કહેવાય. તેમનાથી જીવનનું પરિવર્તન ન થાય.” પૈસાએ સમગ્ર બ્રહ્માંડને પોતાના પ્રભાવમાં ખેંચી લીધું છે. તેની ઝંખનાએ જીવનને સ્વાર્થી, સંકુચિત, સ્વકેન્દ્રી, અસંતોષી અને સત્ત્વહીન, અસ્મિતાહીન કરી નાખ્યું છે.

જેમ નીતિમય દ્રવ્ય તારે છે તે જ રીતે અનીતિમય કે આસુરી દ્રવ્ય ડુબાડે છે. માટે તરવું કે ડૂબવું તે ભલા આપણા હાથમાં નથી ? છે જ. અને જો આપણા જ હાથમાં હોય તો તમે પૂછશો કે લક્ષાવધિ મનુષ્યો પૈસા મેળવીને દુઃખી દુઃખી કેમ થઈ જાય છે ? હા, નીતિમય પૈસો તારે છે, જ્યારે આસુરી પૈસો ડુબાડે છે. આ ભેદ જાણ્યા પછી આપણને એ વિવેક જરૂર આવશે કે મારે પણ વિવેકથી દ્રવ્યસંપાદન કરવું છે. અહીં દ્રવ્ય કેમ કમાવવું ? કેમ વાપરવું ? ને કેમ મહાપ્રભુને રાજી કરવા ? તેની વિસ્તૃત ચર્ચા કરેલ છે. તેનું અમલીકરણ કરવાથી અવશ્ય સુખના રાજમાર્ગ ભણી નિર્ભયતાથી ડગ માંડી શકાશે. જેમ તાળાને ખોલવા એક બાજુ ચાવી ફેરવો તો તાળું ખૂલી જાય છે અને વિરુદ્ધ બાજુ ફેરવો તો વસાઈ જાય છે તેમ દૈવી દ્રવ્ય મેળવો તો સુખરૂપ બને છે અને આસુરી દ્રવ્ય પ્રાપ્ત કરો તો તે દુઃખરૂપ બની જાય છે. પછી તો દુઃખોની પરંપરા શરૂ થાય છે અને તેમાંથી બહાર નીકળવું એ કઠિન માર્ગ છે. જોકે આવી પરિસ્થિતિ ઊભી જ ન થાય તે સલાહભર્યું છે.

આપણને જ્યારે કારણ સત્સંગમાં મહાપ્રભુએ જન્મ આપ્યો છે ત્યારે દ્રવ્ય મેળવવામાં સાવધાની રાખીને દૈવી દ્રવ્ય જ મેળવવાનો ધ્યેય રાખવો... તો જ આધ્યાત્મિક પ્રગતિમાં તે ઉપયોગી બનશે; નહિ તો અંતરાયરૂપ - અવરોધરૂપ બની જશે અને જીવનને છિન્નભિન્ન કરી દેશે.

આમ, પૈસો-પદ-પ્રતિષ્ઠા એ અવરભાવમાં જીવનનાં અભિન્ન અને મહત્ત્વનું અંગ બની ગયાં છે ત્યારે આપણે વિવેક રાખીને તથા મહારાજ અને મોટાપુરુષોના અંતર્ગત અભિપ્રાયોને ઉરમાં ધરી આપણી પ્રાપ્તિથી સ્થિતિ સુધીની મંગલયાત્રા સુખમય પસાર થાય તેવી રીતે વર્તન કરવું ઉચિત છે.

પૈસો ભેગો કરવો, પદ અને પ્રતિષ્ઠા માટેના જ પ્રયત્ન કરવા અને ઝાઝા

માણસો માનતા થાય ને જગત આખું વાહ વાહ કરતું થાય - આ બધાંથી શ્રીહરિને સખત વિરોધ હતો અને આજે પણ છે. એટલે જ તો મોટાપુરુષો આપણને શ્રીહરિનો આ અંતર્ગત અભિપ્રાય જુદા જુદા પ્રકારે જણાવીને પણ શ્રીહરિના ગમતામાં વર્તાવી રહ્યા છે. ત્યારે આ અંગે શ્રીહરિનો અને મોટાપુરુષનો કેવો સ્પષ્ટ અને ઉચ્ચ આગ્રહ છે તેને શબ્દશઃ માણીએ :

ગઢપુરમાં શ્રીજીમહારાજે સંતોને અડધી રાત્રે ઉઠાડી સભા કરીને કહ્યું, "અમારા મનમાં એમ સમજાય છે જે આ સંસારને વિષે જેને ગામ-ગરાસ હોય વા ધન-દોલત હોય એ જ અતિશે દુઃખિયો છે અને જેને ધન-દોલત-રાજ ન હોય તે જ સુખિયો છે."

- ગઢડા મધ્યનું ૨૧મું વચનામૃત

સંતોને આ કલમ લાગુ પડતી ન હોવા છતાં શ્રીજીમહારાજે આ વાત કરી હતી કારણ કે તેમણે હરિભક્તોને ઉપદેશ આપવાનો છે, હરિભક્તોને સાવધ કરવાના છે; નહિ તો તેઓ સહેજે ધન-દોલતમાં લેવાઈ જાય. માટે તેમને ઉપદેશ આપીને, રોકીને પાછા વાળવા માટે સંતોને આ વાત કરી હતી.

તો વળી, શ્રીજીમહારાજ અમારી મોટપ શાને કરીને છે તે વર્ણવતાં કહે છે, "મારી મોટપ છે તે તો સ્વ-સ્વરૂપનો પ્રકાશ તથા ભગવાનની ઉપાસના તે વડે છે, પણ ભારે ભારે વસ્ત્ર તથા અમૂલ્ય આભૂષણ તથા રથ, પાલખી, હાથી, ઘોડા તેની જે અસવારી તે વડે કરીને મોટપ નથી અને જગત બધીના માણસ ને જગત બધીના રાજા સત્સંગી થઈને હાથ જોડીને ઊભા રહે તે વડે કરીને પણ અમારી મોટાઈ નથી."

- ગઢડા પ્રથમનું ૮મું વચનામૃત

શ્રીજીમહારાજે વરતાલ મધ્યે સંતો-ભક્તોની સભામાં અંતરનો રહસ્ય અભિપ્રાય જણાવ્યો : "મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહીં. શા માટે જે એને રાજનો ને ધનનો મદ હોય, અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય માટે કોઈ કેને નમી દે એવું કામ નથી."

- વરતાલ પ્રકરણનું ૧૬મું વચનામૃત

ધનવાનને ધનની મોટપ મનાણી હોય, તેનું માન હોય તેથી તેમની સાથે મહારાજને ઝાઝું બને નહીં. આપણા ઈષ્ટદેવને જો તેની સાથે ન બને તો તેવા સુખિયાને શું કરવાના ? એવી મોટપનો શો અર્થ ? આપણે તો ધણીને રાજી કરવાના છે તો મહારાજની કોરે મોટા થાય એ મોટપ તો કૃપા કરીને ક્યારનીયે

ફદલમાં આપી દીધી છે કે 'જા, તારા ચૈતન્યને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખી લીધો.' તો હવે બીજી કઈ મોટપને પામવા માટે લાવાં-ઝાવાં કરવાનાં હોય ?

"જે ત્યાગી હોય તેને તો કચરો ને કંચન એ બેય બરોબર હોય ને આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું એવી તો સમજણ હોય જ નહિ અને એક ભગવાનને વિષે જ પ્રીતિ હોય તે જ સાચો ત્યાગી છે."

- ગઢડા પ્રથમનું ૩૬મું વચનામૃત

"ગૃહસ્થ હોય તેમણે તો શ્રીજીમહારાજ સુખેથી સાંભરે ને કથા, વાર્તા, ધ્યાન, ભજન, માળા, માનસીપૂજા વગેરે નિયમ બરાબર સચવાય અને પોતાના જીવાત્માનું પરલોક સંબંધી સુખ થવાનું સાધન સુખે થાય; એવી રીતે દેહનિર્વાહ જેટલો જ વ્યવહાર કરવો, પણ વ્યવહારરૂપ થઈ જવાય એવો વેગે સહિત વ્યવહાર ન કરવો."

- બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૧૦૮

"અને આપણે તપાસ કરવો જે, હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે ? ને લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કે કરોડ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કેમ જે રોટલાથી તો વધારે ખવાતું નથી માટે તેનો તપાસ કરવો ને પાછાં વળતાં શીખવું."

- સદ્.ગુણાતીતાનંદ સ્વામીની વાતો : પ્રકરણ-૧, વાર્તા-૩૪

"દુઃખ કોઈ માનશો નહિ ને જે જોઈએ તે આપણને મળ્યું છે ને ઝાઝા રૂપિયા આપે તો પ્રભુ ભજાય નહિ, તે સારુ આપતા નથી."

- સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતો : પ્રકરણ-૧, વાર્તા-૧૨૯

"આપણે મોટા ઉત્સવો-મહોત્સવો ઊજવીએ તો તેમાં મહારાજને કર્તા કરવા. અને કોઈ પ્રકારનો દેખાડો કરવાની, વાહવાહ કરાવવાની, સરસાઈ દેખાડવાની કે પ્રસિદ્ધિની ઇચ્છા ન રાખવી. એક ધણીને રાજી કરવાની જ ઇચ્છા રાખવી."

- ગુરુવર્ય પ.પૂ.બાપજી

❑ **પૈસા, પદ, પ્રતિષ્ઠાથી બચવા રોજબરોજના જીવનમાં શું કરવું ?**

### ૧. સંતોષવૃત્તિથી કમાવવું :

શ્રીજીમહારાજ 'રાખે તેમ રહેવું અને દેખાડે તે જોવું'. તેમની ઇચ્છાથી જે મળે તેમાં રાજી રહેવું. સંતોષ એ માનવીનો શ્રેષ્ઠ ખજાનો છે. પૈસામાં કોઈને પૂરું મનાતું નથી અને અક્કલમાં કોઈને અધૂરું મનાતું નથી. જેમ વધુ કમાવાય તેમ વધુ મેળવવાની લાલસા જાગે છે. ૧૦,૦૦૦વાળાને ૫૦,૦૦૦ રૂપિયા જોઈએ

છે અને ૫૦,૦૦૦વાળાને ૧,૦૦,૦૦૦ રૂપિયા જોઈએ છે. માટે ભગવાનના ભક્તે સંતોષે યુક્ત જીવન જીવી વાસ્તવિક સુખનો અનુભવ કરવો જોઈએ.

**૨. જરૂરિયાતો ન વધારવી :**

એક ભાઈને એવી ટેવ કે, "મારા પાડોશી જે કાંઈ નવી વસ્તુ લાવે તે મારે લાવવી. ભલે તે લક્ઝુરિયસ આઈટમ કેમ ન હોય ?" અરે ભાઈ, તેમને સગવડ અને અનુકૂળતા હશે તો લાવ્યા હશે. આપણે અનુકૂળતા છે ? આપણે તો તે જોઈને રાજી થવું. દેખાદેખીમાં ઘણીબધી વસ્તુઓ લાવવી પડે અને દેવાદાર થઈ જવાય છે. માટે જ દેખાદેખીથી તેમજ અન્યનું અનુકરણ કરવાની કુટેવને પરિણામે જરૂરિયાતો વધે છે. તેથી વધુ ધન મેળવવાની લાલચ જાગે છે. આ વિષચક્ર સતત ચાલુ રહે છે. એક ફ્લૅટથી ચાલે તેમ હોય તો બંગલાની શી જરૂર ? સ્કૂટરથી ચાલે તેમ હોય તો ગાડીની શી જરૂર ? માટે પેટ ચોળીને દુઃખ ઊભું ન કરવું. આપણે, આપણાં કુટુંબીજનો અને સંતોને પણ દુઃખી કરવાં પડે. માટે ભલા થઈને આવકના પ્રમાણમાં જ ખર્ચ કરવો. રોજ રૂડા અક્ષરે નામું લખવું. વળી, તેના માટે હાઈફાઈ જીવનપદ્ધતિ ન રાખવી. મોંઘાં કપડાં, મોંઘા બૂટ, મોંઘા મોબાઈલ, મોંઘી કાર વગેરે જરૂરી નથી. ઘણી વાર વિપરીત સંજોગો આવે ત્યારે જીવન જીવવું કઠણ પડી જાય છે. એક નોકરથી ચાલી શકે તેમ હોય તો બે કે ત્રણ નોકરની શી જરૂર ? પંખાથી ચાલી શકે તેમ હોય તો એ.સી.ની શી જરૂર ? જીવનશૈલીમાં આડંબર ન શોભે. સામાન્ય જીવનશૈલી સુખરૂપ છે.

**૩. સાત્ત્વિક જીવન જીવવું :**

સાદું જીવન જીવવું અને ઉચ્ચ વિચાર રાખવા. ભક્તનું જીવન સાદું હોય. ભગવાનના ભક્તને મોજશોખ, ફેલફતૂર, આડંબર, રજોગુણી પોશાક, તામસી ખોરાક, વ્યસનવાળું જીવન વગેરે ન શોભે. વ્યસન તો દેવામાં ડુબાડી દે અને કુટુંબને પાયમાલ કરે. સાદા ને ટૂંકા વાળ રાખવા, દાગીના કે કીમતી ઘડિયાળો પહેરવાં તથા અત્તર છાંટવું વગેરે ભક્તને શોભારૂપ ન હોઈ તેને તિલાંજલિ આપવી.

**૪. ધ્યેય સામું દૃષ્ટિ રાખીને કમાવવું :**

મહારાજની મૂર્તિ એ આપણા સૌનો ધ્યેય છે. તેથી મહારાજ અને મોટાને રાજી કરવાના ધ્યેયને ભૂલી ન જવું. ગઢડા છેલ્લાના ૩૦મા વચનામૃતમાં લખેલ મહાપ્રભુના વાક્યને સદૈવ નજર સમક્ષ રાખીને વર્તવું : "આ દેહને મૂકીને જરૂર

મરી જાવું છે."

**૫. નાશવંતપણાનો વિચાર કરવો :**

પૈસો, પદ, પ્રતિષ્ઠા આમાંનું કશું કાયમી નથી. તે નાશવંત છે. મોટા મોટા રાજાઓ, ધનકુબેરો સત્તા-સંપત્તિ બધું છોડીને ચાલ્યા ગયા. નંદરાજાનું અઢળક નાણું પળવારમાં નાશ પામ્યું. કરોડપતિ ક્યારે રોડપતિ થઈ જાય તે કહેવાય નહીં. માટે એવા નાશવંત સુખ માટે શા સારુ દોડાદોડ કરવી ?

**૬. દૈવી દ્રવ્ય કમાવો, આસુરી નહીં :**

નીતિથી, પ્રામાણિકતાથી કમાયેલું દ્રવ્ય દૈવી દ્રવ્ય છે. તે સુખરૂપ છે. તેનાથી મહારાજ અને મોટા રાજી થાય છે.

જ્યારે પ્રભુની આજ્ઞા વિરુદ્ધ કમાયેલું હોય, દશાંશ-વીશાંશ ન કાઢતા હોય, સરકારી લાંચ લેતા હોય, છળકપટથી પડાવી લીધું હોય, છેતરીને મેળવેલું હોય, ચોરીથી તથા યુક્તિ-પ્રયુક્તિથી મેળવેલું હોય, સગાંનું શોષણ કરીને મેળવેલું હોય, સરકારી કાગળ તથા સ્ટેશનરી પોતાના ઉપયોગ માટે વાપરતા હોય, સરકારી ગાડી પોતાના ઉપયોગમાં લેતા હોય, અનાજ તથા મસાલા, દૂધ, દવાઓ વગેરેમાં ભેળસેળ કરવામાં આવે તે બધું જ આસુરી દ્રવ્ય છે. આવું દ્રવ્ય ક્યારે જતું રહે તેની ખબર પણ નથી પડતી. લૂંટાઈ જાય, ચોરાઈ જાય, પડી જાય, ડૉક્ટર-વકીલો લઈ જાય, સંતાનો અપંગ અને રોગી રહે, વ્યસની બને વગેરે ભયંકર પરિણામો લાવે છે... માટે આસુરી દ્રવ્ય તો ન જ વાપરવું. સાદાઈથી જીવવાનો સિદ્ધાંત અપનાવો તો તેમાંથી બચી શકાય અને મૂર્તિસુખનો માર્ગ સરળ બને.

**૭. અન્ય પર ઈર્ષાએ કરીને ન કમાવવું :**

પાડોશી આજકાલનો છે અને મારા કરતાં વધુ પૈસાવાળો થઈ ગયો એવી વૃત્તિ ન રાખવી ને એવી વૃત્તિથી પૈસો કમાવવો નહીં. મારાં સગાંએ એક સ્કીમ મૂકી તો હું બે સ્કીમ મૂકું; મારા મિત્રએ ૧૦ કરોડની જગ્યા રાખી તો હું ૨૦ કરોડની રાખું; તેને બતાવી દઉં... વગેરે ઈર્ષ્યાભાવ છે. તેનાથી મહારાજ નારાજ થાય છે.

**૮. ભવિષ્યની ચિંતા છોડવી :**

ભાવિ ચિંતા છોડી વર્તમાનમાં જીવવું. ત્રણ પેઢી ચાલે તેટલું દ્રવ્ય હોય તો ચોથી પેઢીનું શું થશે ? - એવા વ્યર્થ વિચારમાં રાચવું નહીં. મહારાજની મરજી

પ્રમાણે જીવવું. "દરેક દીકરાને ૧-૧ ફ્લૅટ વસાવી આપવા છે તો મને શાંતિ થાય" - આવા વિચારો ભગવાનના ભક્તએ ન કરાય. મહારાજની મરજી હશે એ પ્રમાણે સૌ સૌનું કરી લેશે; આપણે આપણા જીવનનું સુધારી લેવામાં લક્ષ્ય આપવું.

### ❑ પદ-પ્રતિષ્ઠાની લાલસા કેવી રીતે ટાળવી ?

**૧. લગ્ન સાદાઈથી ઊજવવાં :**

ઘણાં લગ્નોમાં ધામધૂમથી ભારે ખર્ચા કરે છે અને પછી પસ્તાય છે. લગ્નને પ્રતિષ્ઠા કે નામનાનો પ્રસંગ ન બનાવવો. દેવું કરવું તે પ્રતિષ્ઠા નથી. ભગવાનના ભક્તે ખોટા ખર્ચા કરવા ઘટે નહીં. વળી, લગ્ન પછી ઘણાં રિસેપ્શનો ગોઠવવાં, સિંગાપુરના પ્રવાસે જવું વગેરે યોગ્ય નથી. નવી પેઢીને પણ આ બધું પ્રસંગે શીખવવાની જવાબદારી વડીલોની છે.

**૨. સામાજિક કે રાજકીય સભ્યપદ ન ઇચ્છવું :**

આપણને જગતની કોરે મોટા થવાના અભરખા રહેતા હોય છે. દુન્યવી મોટપ વધારવા માટેના પ્રયત્નો કરતા હોઈએ છીએ. આજે આપણે એવી માનીનતાથી પીડાતા હોઈએ કે, સમાજમાં ઊંચા પદ ઉપર હોય તે સુખી હોય અને ધારે તે કરી શકે. પરંતુ આ માનીનતા ખોટી છે. આજના સામાજિક અને રાજકીય પદ ધરાવતા કેટલાય પદધારીઓ કંટાળીને કહે છે કે, "અમે જીવનમાં ચાર દિવસ પણ સુખના જોયા નથી." આવા અનુભવના શબ્દો સાંભળી સજ્જન ને સમજુ વ્યક્તિ પણ લૌકિક મોટપને ઇચ્છતી નથી ત્યારે ભગવાનના ભક્તને તો આવા પદનો અભરખો સેવાય જ કેમ ?

### ❑ દ્રવ્ય કેવી રીતે કમાવવું ?

**૧. ગ્રાહકોનું હિત સાચવો :**

ગ્રાહકોને છેતરવા નહીં. તેમનું હિત જાળવવું. ભાગીદારો સાથે પારદર્શક વ્યવહાર કરવો. ડિપોઝિટરોને સમયસર વ્યાજ પહોંચાડવું. તેમને ધક્કા ન ખવડાવવા.

**૨. અકર્તાભાવથી કમાવ :**

વ્યવહારિક કાર્યોમાં મહારાજને કર્તા કરો. મહારાજની ઇચ્છાથી જ આપણા વ્યવહારો ચાલે છે. ત્યારે "આપણે ધંધો સારો કરીએ", "મારી આવડતને લીધે ધંધો ફૂલીફાલી રહ્યો છે" તેમજ "હું ન હોઉં તો ધંધો ચાલે જ નહીં." આવા દેહાભિમાનપણામાં રાચવાથી મહારાજના કર્તાપણાના બદલે આપણું કર્તાપણું

આવે છે. અને જ્યાં આપણું કર્તાપણું આવ્યું ત્યાં મહાપ્રભુના કર્તાપણાનો અસ્વીકાર થયો. મહાપ્રભુના કર્તાપણાનો અસ્વીકાર એટલે આપણી અધોગતિ. આ અધોગતિ આપણને આસુરીમતિવાળા અને અંતે આપણા જીવને શૂનકાર કરી દે છે. માટે આપણે મહારાજના કર્તૃત્વ હેઠળ દાસભાવે વ્યવહાર કરવો. વ્યવહારિક માર્ગમાં પણ મહાપ્રભુએ ચોરી વર્તમાન અન્વયે કરેલી આજ્ઞા જીવનમાં સરાધાર પાળવી : "કાયદેસર એવા ધંધા, વ્યવસાય, નોકરી કે ખેતીની ઊપજમાંથી દ્રવ્યની શુદ્ધિને અર્થે ઓછામાં ઓછો ૧૦% કે વ્યવહારે અતિ દુર્બળ હોય તો ૫% ધર્માદો અચૂક કાઢવો." આમ, દૈવી દ્રવ્ય કમાઈ મહારાજને રાજી કરવા ચોખ્ખો ધર્માદો કાઢવો જોઈએ.

ચોખ્ખો ધર્માદો કાઢ્યા બાદ ઠાકોરજીના રૂપિયા માનતા હોય તો ખોટા ફેલફતૂરમાં ન જ વપરાય. પૂ. સ્વામીશ્રી કહે છે કે, "ઠાકોરજીના રૂપિયાનો બગાડ ન કરાય. નહિ તો તેઓ તે પછી બીજી વાર આપતાં વિચાર કરે." જો એક ગાડીની જરૂર હોય તો બીજી ગાડી ન લાવવી. 'દ્રવ્યોપાર્જન' માટે પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણીની 'જ્ઞાનસત્ર-૪ : દ્રવ્ય ઉપાર્જન કેવી રીતે કરવું ?' અને 'પ્રામાણિકતા' જેવી ડીવીડી વસાવવી, તેનું શ્રવણ કરવું અને તે પ્રમાણે જીવન જીવી વ્યવહારમાં સુખી થવું.

આમ, ખૂબ જ ગંભીરતાથી આ વિષયે સાવધાની રાખી, ધનશુદ્ધિના યજ્ઞમાં ખટકાપૂર્વક યત્ન કરવો ને મોંઘવારીના આ યુગમાં ખૂબ ઉપયોગી આ મફત દવા વાપરવી ને અન્યને વાપરવા સલાહ પણ આપવી.

જે પદ-પ્રતિષ્ઠાના આનંદમાં મગ્ન બની દુન્યવી મોટપને પામે છે તેને અન્યને સાચવવામાં અન્યની મહોબતમાં લેવાઈ જવામાં વાર નથી લાગતી. આપણે બીજાને સાચવવામાં ક્યાંક પોતાના આદર્શો, સિદ્ધાંતોને ગૌણ કરી દેતા હોઈએ છીએ. સામેની વ્યક્તિને રાજી રાખવામાં આપણે મહારાજના રાજીપાને નેવે મૂકી દઈએ છીએ. બીજાને સાચવવા જતાં જેને લઈને આપણે મોટપને પામ્યા છીએ તેમને આપણે ભૂલી જઈએ છીએ. સ્વયં શ્રીજીમહારાજે પણ કોઈની મહોબત રાખી નથી. વરતાલનું ૧૯મું વચનામૃત તેની શાખ પૂરે છે.

શ્રીજીમહારાજ વરતાલ મધ્યે સભા ભરીને બિરાજમાન હતા. એ વખતે વડોદરાના શાસ્ત્રી શ્રીજીમહારાજને કહે છે, "મહારાજ ! તમે કોઈ મોટા માણસને ચમત્કાર બતાવો તો સમાસ થાય." ત્યારે શ્રીજીમહારાજ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, "અમારે મોટા માણસ સાથે ઝાઝું બને નહીં." સ્વયં શ્રીજીમહારાજે પણ


કોઈની શરમ કે મહોબત રાખી નથી.

વર્તમાનકાળે ગુરુવર્ય પ.પૂ.બાપજી પણ કોઈની શેહ-શરમ કે મહોબતમાં ક્યારેય લેવાયા નથી. ગમે તેવો મોટો માંધાતા કે ચમરબંધી કેમ ના હોય પરંતુ આ દિવ્યપુરુષે ક્યારેય સિદ્ધાંતમાં અને નિયમ-ધર્મમાં કોઈની મહોબત રાખી નથી. આપણે એમના શિષ્ય છીએ ત્યારે આપણું જીવન પણ એવું જ હોવું જોઈએ. માન-મોટપ કે આબરૂ સાચવવા માટે આપણા ઈષ્ટદેવના અને ગુરુના આદર્શોને નેવે મૂકી દેવાના ! એ શું શિષ્ય તરીકેનું કર્તવ્ય બજાવ્યું કહેવાય ? પૂ. સ્વામીશ્રી કાયમ કહે છે, “મહારાજ ને મોટાના રાજીપામાં રહી જેટલા રાજી થતા હોય તેટલાને રાજી કરવાના, પણ એમના રાજીપાને ગૌણ કરી બીજાને રાજી કરવાના નહીં.” એક પાજી-પલાવની છાયામાં આવી આપણે મહોબતમાં માર ખાવાનો ? ના. જો ગુરુવર્ય પ.પૂ.બાપજી જેવા ગુરુને સેવ્યા હોય તો જીવનમાં ક્યારેય કોઈની મહોબતમાં ન લેવાશો.

અને એ માટે બાહ્યિક મોટપના અભરખા ઘટાડવા પડશે. આ લોકની મોટી પદવી મળે એટલે દુનિયાને રાજી કરવાના પ્રયત્નો શરૂ થઈ જાય. માટે ભલા થઈને બાહ્યિક પ્રતિભાને ગૌણ કરી ક્યારેય કોઈની મહોબતમાં ન લેવાશો.

**“અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં સંસ્થાની વાહવાહ કે પ્રતિષ્ઠા વધારી સરસાઈ દેખાડવાના પ્રયત્નો ન કરશો... ઝાઝા પૈસા અને ઝાઝા માણસો-સંખ્યા એ પ્રગતિનું માપદંડ નથી.”**



ભલામણ-૩ ભલા થઈને...

## અભાવ, અવગુણથી બચી આંતરમુખી બનજો...

સત્સંગમાં આવનાર દરેક મુમુક્ષુની એક જ ઝંખના હોય છે અને રહેવી જોઈએ કે, “મળેલા મહારાજ અને મોટાપુરુષને રાજી કરી લેવા છે અને એમના રાજીપાના બદલામાં મૂર્તિના સુખને પામવું છે.” મૂર્તિના સુખને પામવું એ આપણા સૌનું અંતિમ ચરણ છે. પરંતુ, ઘણાબધા સમય, સંજોગ અને પરિસ્થિતિઓના આધારે એવું જોવા મળે છે કે, સત્સંગની શરૂઆતમાં મુમુક્ષુને જેવી રાજી કરવાની ભૂખ હોય છે તેમાં દિનપ્રતિદિન વધારો થવાને બદલે ઘટાડો થતો જાય છે અને ધીરે ધીરે મૂળ ધ્યેયની ગૌણતા થઈ જાય છે. પરિણામ સ્વરૂપે વિવાહનું બારમું થઈ જાય છે અર્થાત્ રાજીપો મેળવવાને બદલે કુરાજીપાને પાત્ર થઈએ છીએ. આ બધું થવા પાછળ ઘણાંબધાં પાસાંઓ કારણભૂત હોય છે. પરંતુ એમાંય બહારવૃત્તિ, અભાવ, અવગુણ અને અમહિમા જેવાં કારણો અતિ મહત્ત્વનો ભાગ ભજવી જાય છે. આવું ન થાય તથા સત્સંગમાં સદાય ચડતો ને ચડતો રંગ રહે તે માટે વ્હાલા ગુરુવર્ય પ.પૂ.બાપજી આપણને ભલામણ કરી રહ્યા છે કે, ભલા થઈને...

**“બહારવૃત્તિના ફેર ન ચડે એથી બચજો,**
**આંતરમુખી રહેવાય તે નિરંતર જોજો;**
**અભાવ, અવગુણ, દ્રોહથી સદા છેટા રહેજો...”**

મહારાજે કેવળ કૃપા કરીને આપણને આ દિવ્ય કારણ સત્સંગમાં ખેંચ્યા છે. સત્સંગમાં આવ્યા પછી દરેક આશ્રિતમાત્રનો ધ્યેય છે - “મહારાજ અને મોટાપુરુષને રાજી કરી જ લેવા છે.” આપણા ધ્યેયને સરળતાથી પાર પાડવા આંતરમુખી જીવન જીવવું એ ફરજિયાત છે. આંતરમુખી જીવન વિના રાજીપાના માર્ગ તરફ એક ડગલું પણ આગળ ન વધી શકાય. પછી ભલે તે સંત હોય કે હરિભક્ત હોય. પરંતુ આંતરમુખી જીવન એ મહારાજ અને મોટાપુરુષનો રાજીપો કમાવવા માટેની પૂર્વપીઠિકા છે.

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે કે, “અંતર્વૃત્તિ ભક્તની છે અને બહારવૃત્તિ અભક્તની છે.”

બહારવૃત્તિ એટલે ફાટેલું ખિસ્સું. જેમ ફાટેલું ખિસ્સું હોય તેમાં કંઈ જ ટકે નહીં. ફાટેલા ખિસ્સામાં ગમે તેટલી વસ્તુ ભરીએ છતાં ખિસ્સું ખાલી જ રહે.

બહારવૃત્તિનો સત્સંગ એટલે નર્યો ખાલીપો. સત્સંગ કેટલો કર્યો તે મહત્ત્વનું નથી પરંતુ સત્સંગ કેવી રીતે કર્યો તે મહત્ત્વનું છે. સાધન કેટલાં કર્યાં તે મહત્ત્વનું નથી પરંતુ સાધન કેવી રીતે થયાં તે મહત્ત્વનું છે. બહારવૃત્તિ સોતા સાધનનું ફળ ઝીરો મળે છે.

બહિર્મુખી જીવનથી ખાલી થવાય છે, જ્યારે આંતરમુખી જીવનથી ભર્યા થવાય છે. આંતરમુખી થઈને એટલે કે ભર્યા થઈને થતાં સાધનો જ ઠેઠ મૂર્તિ સુધી પહોંચી જાય છે. આંતરમુખી થઈને થતાં સાધનથી જ સુખિયા થવાય છે. આવા આંતરમુખી જીવન અંગે સારંગપુરના બીજા વચનામૃતમાં મહારાજ અભિપ્રાય આપતાં જણાવે છે કે, “પરમેશ્વરનાં જ્યારે દર્શન કરવાં ત્યારે મને સહિત દૃષ્ટિને એકાગ્ર રાખીને (અર્થાત્ આંતરમુખી થઈ) કરવાં અને પરમેશ્વરનાં દર્શન કરતો હોય ને ત્યાં કોઈ મનુષ્ય આવ્યું અથવા શ્વાન આવ્યું કે બીજું કોઈ પશુ-પક્ષી આવ્યું ત્યારે પરમેશ્વરનાં દર્શનમાંથી વૃત્તિ તોડીને આડી-અવળી, ઊંચી-નીચી દૃષ્ટિ કરીને તેનાં પણ ભેળાં દર્શન કરતો જાય, પછી એવી ફાટેલ દૃષ્ટિવાળાને પરમેશ્વર કે મોટા સંત દેખીને રાજી થાતા નથી.”

વળી, ગઢડા પ્રથમ પ્રકરણના ૨૨મા વચનામૃતમાં મહારાજ પોતાના રાજીપાની વાત શિખવાડતાં કહે છે કે, “હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય. અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે, અને જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે. તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.”

જેમ કોઈ વ્યક્તિને કરોડો રૂપિયાની લૉટરી લાગે પછી તે જેવાં-તેવાં, મેલાં-ઘેલાં કપડાં પહેરે તે એને શોભે નહીં. લૉટરી લાગ્યા પછી તે વ્યક્તિની રહેણીકરણી, પહેરવેશ, મિત્રવર્તુળ - આ બધું બદલાવું જ જોઈએ. તેમ મહારાજે કેવળ કૃપા કરીને કારણ સત્સંગરૂપી લૉટરી લગાડી છે. ત્યારે કારણ સત્સંગ એ વર્તનની ઉચ્ચ ભૂમિકા છે. માટે કારણ સત્સંગને શોભે એવું આંતરમુખી જીવન કરવા અને બહારવૃત્તિથી બચવા રોજબરોજના જીવનમાં આટલું કરીએ...

### ❑ આંતરમુખી જીવન કરવા આટલું તો કરીએ જ :

### ૧. નછૂટકે જોવું પડે એટલું જ જોવું :

બીભત્સ ચિત્રો, ટી.વી., ઈન્ટરનેટ પર આવતી ખરાબ વેબસાઈટો વગેરેનો ત્યાગ કરીએ. કારણ કે આંખે કરીને આપણે જેવું જોયું હશે તેવા જ વિચારો આવશે. વળી, જેની ક્રિયા, સ્વભાવ-પ્રકૃતિ જોઈશું તેના જ વિચારો અને અભાવ-અવગુણ આવશે. માટે નછૂટકે જોવું પડે એટલું જ અને એવું જ જોવું. વળી, અશ્લીલ સાહિત્ય પણ આપણા આંતરતંત્રમાં ખરાબ મનોવિકારો ઉત્પન્ન કરીને

આપણને રાજીપાના માર્ગે આગળ વધવામાં પરમ વિઘ્નરૂપ બને છે. માટે તેનો ત્યાગ કરી સંસ્થામાંથી પ્રકાશિત થતાં પુસ્તકોનું સાત્ત્વિક વાંચન કરવાની ટેવ પાડીએ.

**૨. નછૂટકે સાંભળવું પડે તો જ સાંભળવું :**

વર્તમાનકાળે પ્રકાશન થતાં ફિલ્મોનાં ગીત-સંગીતથી ઈન્દ્રિયો-અંતઃકરણને કેફ ચડે છે. ઈન્દ્રિયો-અંતઃકરણ વિષયમય બની જાય છે. ત્યારે એવાં ગીત-સંગીતનું શ્રવણ ન કરતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પૂ. સ્વામીશ્રીની કથાવાર્તા તેમજ સંસ્થાનાં કીર્તનોની કૅસેટોનું શ્રવણ કરીએ.

**૩. નછૂટકે બોલવું પડે તો જ બોલવું :**

વાણી એ વ્યક્તિની ઓળખ છે. વાણીએ કરીને જ વ્યક્તિની પ્રતિભા અંકાય છે. ત્યારે ગાળો બોલવી, કોઈના અભાવ-અવગુણની વાતો કરવી, કટાક્ષ કરવો, પાનના ગલ્લે કે જ્યાં-ત્યાં બેસીને ગપ્પાં મારવાં વગેરેનો ત્યાગ કરી મળેલા મહારાજ અને મોટાપુરુષના મહિમાની વાતો નિરંતર કર્યા કરીએ. વળી, અધ્યાત્મમાર્ગનો નિયમ એવું કહે છે કે, “જેટલું ઓછું બોલાય એટલું જ વધુ મહારાજની મૂર્તિમાં જોડાવાય. માટે બોલવામાં ખૂબ સંયમ રાખવો.”

**૪. નછૂટકે જવું પડે ત્યાં જ જવું :**

વધુ પડતી જિજ્ઞાસાવૃત્તિનો ત્યાગ કરીએ. બાપાશ્રીએ વાતોમાં કહ્યું કે, “ભગવાનના ભક્તને તો ભગવાનના મંદિર સિવાય બીજાં સગાં-સંબંધીના ઘરે જાવું ઘટે ત્યાં પણ ન જાવું.” બિનજરૂરી લગ્નપ્રસંગોમાં કે વ્યવહારિક પ્રસંગોમાં જવું, તીર્થાટન માટે જવું, હિલસ્ટેશનોએ જવું વગેરેનો ત્યાગ કરી મંદિરના સમૈયા-પ્રસંગો, ગુરુવર્ય પ.પૂ.બાપજી તથા પૂ. સ્વામીશ્રીની તથા સેન્ટરોમાં થતી સભાઓનો અચૂક લાભ લઈએ.

**૫. નછૂટકે જમવું પડે એટલું અને એવું જ જમવું :**

‘હરિને ગમે એવા થવું જ છે’ પુસ્તિકામાં પૂ. સ્વામીશ્રી જણાવે છે કે, “જેનું ભોજન સમૃદ્ધ તેનું ભજન સાદું અને જેનું ભોજન સાદું તેનું ભજન સમૃદ્ધ.” અશુદ્ધ આહાર એ આંતરિક મનઃસ્થિતિ પર બહુ જ ઊંડી ખરાબ અસર ઊભી કરે છે. તે માટે બહારની ખાણી-પીણીનો તથા ક્રિયાશુદ્ધિ ન સચવાતી હોય તેવાં સ્થાનોમાં જમવાનો ત્યાગ કરીએ અને ઘરે શુદ્ધતાથી રસોઈ બનાવીએ અથવા સંસ્થાના ફૂડ સ્ટૉલ દ્વારા તૈયાર થતો સાત્ત્વિક આહાર જમીએ.

## ૬. જેવું પહેરવું ઘટે તેવું જ પહેરવું :

રજોગુણી જીવન એ અંતઃકરણની મલિન વાસનાનું પ્રતિબિંબ છે. સાત્ત્વિક જીવન એ અંતઃકરણની શુદ્ધતાનું પ્રતિબિંબ છે. આપણું બાહ્યિક જીવન એ આંતરિક જીવનને પ્રતિબિંબિત કરે છે. અંતઃકરણની શુદ્ધતાનો આધાર આપણા બાહ્યિક જીવન પર રહેલો છે. વચનામૃતમાં આવતા મૂર્તિના વર્ણન પ્રમાણે મહારાજ સૌથી વધુ શ્વેત વસ્ત્રો કહેતાં સાત્ત્વિક પોશાકને જ પ્રાધાન્ય આપતા જણાય છે, જે મહારાજની અંતર્ગત રુચિનો ખ્યાલ આપે છે. માટે આધુનિક યુગના ફૅશનેબલ પહેરવેશ જોતાં જ વિકાર ઉત્પન્ન કરે તથા રંગબેરંગી ચટ્ટાપટ્ટાવાળાં વસ્ત્રોનો ત્યાગ કરીને સત્સંગીને શોભે તેવો શ્વેત અથવા સાત્ત્વિક પોશાક પહેરતા થઈએ.

ઉપરોક્ત જણાવેલ ઉપાયોને અનુસરીશું તો જ આપણું જીવન આંતરમુખી બનશે અને સાંસારિક વ્યવહાર, પ્રવૃત્તિ તેમજ ધંધા-નોકરી કરવા છતાં બહારવૃત્તિના જે ફેર છે તે આપણને ચડશે નહીં. સંસારમાં રહેવા છતાં નિર્લેપ જીવન જીવી મહારાજ અને મોટાપુરુષના રાજીપાના પાત્ર બની શકીશું.

વળી, ગુરુવર્ય પ.પૂ.બાપજી આપણને બીજી એ પણ ભલામણ કરી રહ્યા છે કે, “સત્સંગમાં આવ્યા પછી સૌથી મોટું વિઘ્ન હોય તો એ છે અભાવ, અવગુણ અને અમહિમા. સમૂહજીવન છે, વળી, સાધનકાળ છે એટલે દરેકમાં કંઈ ને કંઈ સ્વભાવ તથા દોષ તો રહેવાના જ. માટે સમૂહજીવનમાં રહ્યા છતાં અભાવ-અવગુણરૂપી મહાભયંકર દોષથી બચીને સૌના પરભાવનો વિચાર કરવો અને ગુણ જ ગ્રહણ કરવા એ અતિ આવશ્યક છે.”

એક વાર એક ભિક્ષુક ભીખ માંગતાં માંગતાં નગરશેઠના બંગલા પાસે આવી પહોંચ્યો. આવીને તેણે નગરશેઠને પ્રાર્થના કરી કે, “શેઠ ! બે દિવસથી ભૂખ્યો છું. કંઈ જમવાનું મળ્યું નથી, જમવાનું આપો તો સારું.” શેઠ બહુ જ દયાળુ હતા. શેઠના બંગલાની બાજુમાં ફળોની વાડી હતી. તેમણે તરત ભિક્ષુકને કહ્યું, “તને અડધો કલાકની છૂટ આપું છું. આ વાડીમાંથી તારે જેટલાં ફળ જમવા હોય તે જમી શકે છે અને જેટલાં ફળો લઈ જવાં હોય તેટલાં લઈ જઈ શકે છે.” ભિક્ષુકે વાડીમાં જઈ અડધો કલાક ખૂબ ફળો જમાડ્યાં અને ઘણાંબધાં સાથે પણ લીધાં. પાછા વળતાં શેઠે ભિક્ષુકના હાથમાં ખાલી ફળો જ જોયાં. એટલે શેઠે ભિક્ષુકને પૂછ્યું, “તેં ખાલી ફળો જ લીધાં પરંતુ વાડીમાં તો પાંદડાં, કચરો વગેરે ઘણુંબધું હતું તે ન લીધું ?” ભિક્ષુકે તરત જ વળતો ઉત્તર કર્યો, “સાહેબ ! ફળો એ જમવાની વસ્તુ છે, જ્યારે પાંદડાં અને કચરો એ ફેંકી દેવાની વસ્તુ છે.”

ઉપરોક્ત પ્રસંગનો સિદ્ધાંત એ છે કે આ સત્સંગ એ પણ ફળોની વાડી છે. ફળો એ ગુણને ઠેકાણે છે અને અન્યના દોષ-સ્વભાવ જોવાથી આવતા અભાવ-અવગુણ એ પાંદડાં અને કચરાને ઠેકાણે છે. સત્સંગરૂપી વાડીમાંથી ફળરૂપી ગુણો લઈને અભાવ-અવગુણરૂપી કચરાનો ત્યાગ કરવાનો છે. કારણ કે આપણે જે કાંઈ સત્સંગ કરીએ છીએ તે ફળની પ્રાપ્તિ માટે કરીએ છીએ, નહિ કે કચરાની પ્રાપ્તિ માટે.

અભાવ-અવગુણ એટલે સ્વાદિષ્ટ ઝેર. અભાવ-અવગુણની વાત કરવી અને સાંભળવી ગળી લાગે છે, આનંદ આવે છે. પરંતુ અભાવ-અવગુણથી જીવાત્મા અંદરથી ખોખલો થઈ જાય છે, સત્ત્વહીન થઈ જાય છે. પરિણામ સ્વરૂપે જીવનો પણ નાશ થઈ જાય છે.

જેમ કુંભારે ઘડી-ઘડીને સુંદર માટલું તૈયાર કર્યું હોય પરંતુ જો અંદર માત્ર એક કાંકરી આવી જાય તો એ કાંકરી માટલાને ફોડી નાખે છે. એમ મહારાજ અને મોટાપુરુષ કથાવાર્તા કરીને આપણને સુંદર માટલા જેવો આકાર આપે છે. પરંતુ અભાવ-અવગુણરૂપી કાંકરીએ કરીને આપણું માટલું ફૂટી જાય છે.

અભાવ-અવગુણને લીધે આપણે રાજીપાના માર્ગે આગળ વધી શકતા નથી. અભાવ-અવગુણવાળી દૃષ્ટિ આપણને કોઈનાય સારા ગુણોનો સ્વીકાર થવા દેતી નથી. અને આવી અભાવ-અવગુણ જોવાની દૃષ્ટિને પરિણામે જ આપણામાં જે કાંઈ ગુણ હોય તે પણ સાફ થઈ જાય છે અને પરિણામ સ્વરૂપે સત્સંગમાંથી મન પાછું પડી જાય છે અને ધીરે ધીરે સત્સંગમાંથી ફેંકાઈ જવાય છે. વળી, આ અભાવ-અવગુણની શરૂઆત પણ નાની બાબતથી જ થાય છે.''

નાંદોલના પુરુષોત્તમ ભટ્ટ હતા. તેઓ બહુ જ શાસ્ત્રો ભણીને વિદ્વાન પંડિત થયેલા. આથી મહારાજે તેમને કથા વાંચવાની આજ્ઞા કરેલી. પરંતુ કથા વાંચતાં વાંચતાં તેઓને હરિભક્તોને વિષે સંકલ્પ થતા કે, ''આ હરિભક્તો મોટી મોટી પાઘડીઓ પહેરીને બેઠા છે પરંતુ મારી કથાની વાતોમાં ખબર પડતી હશે કે નહિ હોય ?'' તેમણે મહારાજને આ વાત કરી. મહારાજે તેમને સમજાવીને કહ્યું કે, ''પુરુષોત્તમ ભટ્ટ આ બધાય અવરભાવમાં દેખાય છે અભણ, પરંતુ બધાય અમારા મુક્તો છે. એમને વિષે કોઈ જ સંકલ્પ ન કરશો.'' આ રીતે મહારાજે તેમને શરૂઆતમાં જ પાછા વાળ્યા પરંતુ તેઓ ન વળ્યા. ધીરે ધીરે તેમને સંતોને વિષે સંકલ્પો થયા. મહારાજે ત્યાંથી પણ તેમને સમજાવીને પાછા વાળ્યા પરંતુ ન વળ્યા. ધીરે ધીરે સદ્.ગોપાળાનંદ સ્વામી, સદ્.મુક્તાનંદ સ્વામી આદિ મોટા

મોટા નંદસંતોને વિષે એવા સંકલ્પો થયા. તેમણે મહારાજને ફરીથી વાત કરી. મહારાજે તેમને ખૂબ સમજાવીને પાછા વાળ્યા. પરંતુ ત્યાંથી પણ તેઓ પાછા ન વળી શક્યા. અને અંતે મહારાજને વિષે પણ એવા સંકલ્પો થયા અને સત્સંગમાંથી ફેંકાઈ ગયા. એવું મોટું વિઘ્ન આવ્યું.

સમૂહજીવનમાં આપણને કોઈનો સીધો અવગુણ નથી આવતો કે દ્રોહ નથી થતો પરંતુ સૌપ્રથમ દૈહિક સ્વભાવો, દોષો જોઈને અમહિમા થાય છે. બરોબરિયાપણું થઈ જાય છે. પછી અવગુણ દેખાય છે. ધીરે ધીરે એ અવગુણના સતત મંથનથી અવગુણ અભાવમાં પરિણમે છે જેણે કરીને અપરાધ અને અંતે દ્રોહ થાય છે.

એટલે જ મહારાજે વરતાલના ૧૨મા વચનામૃતમાં કહ્યું છે કે, “ભગવાનના ચરિત્રને વિષે સંદેહ થાય ને ભગવાનનો અભાવ આવે તો જીવ પૂર્ણમાસીના ચંદ્ર જેવો હતો, પણ પાછો અમાવસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે.”

વળી, વરતાલના ૧૪મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે, “જે પુરુષ ધર્મશાસ્ત્રે કહ્યા એવા જે વર્ણાશ્રમના ધર્મ તેને પાળતો હોય... પણ ભગવાન ને ભગવાનના સાધુ તેનો જો દ્રોહ કરતો હોય તો તે સત્પુરુષના દ્રોહનું એવું પાપ લાગે છે જે વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું જે પુણ્ય તેને બાળીને ભસ્મ કરી નાખે છે. માટે સત્પુરુષના દ્રોહનો કરનારો તે તો પંચમહાપાપનો કરનારો તેથી વધુ પાપી છે.”

તો વળી, વરતાલના ૧૫મા વચનામૃતમાં શ્રીજીમહારાજ જણાવે છે કે, “જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને ભગવાન ને ભગવાનના ભક્ત તેનો કોઈ રીતે દ્રોહ કરવો નહિ, અને જે રીતે ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ કરવું.”

સદ્. ગુણાતીતાનંદ સ્વામી પણ વાતોમાં જણાવે છે કે, “ગમે તેટલી લાખો રૂપિયાની સેવા કરતો હોય પરંતુ અભાવ-અવગુણ લેતો હોય તો તે અમને દીઠોય ગમે નહિ અને મંદિરમાં રહેતો હોય ને મંદિરના રોટલા ખાતો હોય પરંતુ જો અવગુણ ન લેતો હોય તો તે અમારા હૈયાના હાર જેવો લાગે છે.”

મહારાજ અને મોટાપુરુષોના અભાવ-અવગુણ માટે આવા ગહન અભિપ્રાયો છે ત્યારે તેનાથી આપણા જીવનમાં શું નુકસાન છે તેને સમજી તેનાથી પાછા વળીએ.

## ❑ અભાવ-અવગુણ લેવાથી થતા નુકસાન :

### ૧. જીવનો નાશ થઈ જાય :

અભાવ-અવગુણ એટલે પતનનું પગથિયું. અભાવ-અવગુણ એ છેક જીવના નાશ સુધી પહોંચાડી દે છે. દાદાખાચરે હાથગરણું માંગ્યું ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "કરોડો ગુના માફ કરીને અમારા ધામમાં લઈ જાશું. પરંતુ જે અમારા ભક્તનો દ્રોહ કરશે તેને માફ નહિ કરીએ." માટે આવા ભયંકર દોષથી સદાય છેટા રહીએ.

### ૨. પ્રભુમાં પ્રીતિ ન થાય :

જ્યારે કોઈને વિષે અભાવ-અવગુણ આવે ત્યારે એના દોષોનું વારંવાર મનન થાય છે. જેથી એની આંટી બંધાય છે અને આંતરતંત્ર ડહોળાઈ જાય છે. ઉદ્વેગ અને અશાંતિનો મહાસાગર ગર્જવા માંડે છે. પરિણામે ધ્યાન-ભજનમાં ક્યાંય સુખ આવતું નથી અને પ્રભુમાં પ્રીતિ થતી નથી. એટલે જ કીર્તનમાં કહ્યું છે કે,

*"પ્રભુમાં પ્રીતિ થતી નથી તેનું કારણ આ જ છે;*
*જીવ નાદાર થઈ ગયો છે તેનું કારણ આ જ છે."*

### ૩. પાપથી ક્યારેય મુક્તિ ન મળે :

ગઢડા છેલ્લા પ્રકરણના ૨૨મા વચનામૃતમાં શ્રીજીમહારાજ જણાવે છે કે , "કોટિ ગૌહત્યા કરી હોય તથા મદ્ય-માંસનું ભક્ષણ કર્યું હોય તથા અસંખ્ય ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તે એ પાપ થકી તો કોઈ કાળે છૂટકો થાય, પણ ભગવાન ને ભગવાનના ભક્તનો જે દ્રોહી તેનો તો કોઈ કાળે એ પાપ થકી છૂટકો ન થાય."

### ૪. આત્યંતિક કલ્યાણનો માર્ગ બંધ થઈ જાય :

શ્રીજીમહારાજે વચનામૃતમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે, "જેણે ભગવાનનો ને ભગવાનના સંતનો અભાવ લીધો તે ભગવાનના ધામને તો ન જ પામે." દેહ મૂકીને જેમની ભેળું મૂર્તિમાં રહેવાનું છે તેમનો અહીં જ અભાવ આવે તો મૂર્તિમાં રહેવાની વાત જ ક્યાં આવે ? અભાવ-અવગુણ અને મૂર્તિનું સુખ શક્ય જ નથી.

હવે અભાવ-અવગુણની આટલી ભયંકરતા જાણ્યા પછી અભાવ-અવગુણ ન આવે તેના ઉપાયો તરફ આગળ વધી અભાવ-અવગુણથી રહિત થઈએ.

## ❑ અભાવ-અવગુણથી રહિત થવાના ઉપાયો :

### ૧. ગુણગ્રાહક દૃષ્ટિ :

કહેવાય છે કે, 'જેવું વાવીએ તેવું જ લણીએ', જેમ ઘઉં વાવીએ તો ઘઉં જ

ઊગે, બાજરી વાવીએ તો બાજરી ઊગે. એમ ગુણ વાવીએ એટલે કે સૌના ગુણ જોઈએ અને ગાઈએ તો ગુણ જ ઊગે. અર્થાત્ આપણામાં ગુણોનો આવિર્ભાવ થાય. બાપાશ્રી કાયમ કહેતા કે, ‘‘ગમે તેવો અવગુણવાળો જીવ હોય પરંતુ એમાં એકાદ ગુણ તો હોય જ, માટે આપણે સૌમાંથી ગુણો જ લીધા કરવા.’’ વળી, ‘‘સૌમાંથી એક એક અવગુણ લે તો અવગુણોનો ઢગલો થઈ જાય ને જો એક એક ગુણ લે તો ગુણોનો ઢગલો થઈ જાય.’’

## ૨. સવળો વિચાર :

જેમ ઠંડીનું મારણ ગરમી છે, અંધારાનું મારણ અજવાળું છે તેમ અવગુણવાળા વિચારનું મારણ ગુણનો વિચાર છે. ગઢડા પ્રથમ પ્રકરણના ૨૪મા વચનામૃતમાં વાત કરતાં શ્રીજીમહારાજ કહે છે કે, ‘‘જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે ને એ જો જેવો-તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે, એમ સમજીને તેનો પણ અતિશે ગુણ લેવો.’’

બાપાશ્રીએ આપણને વાતોમાં સવળો વિચાર આપ્યો કે, ‘‘આપણે ધ્યાન-ભજન ઝાઝું કરતા હોઈએ અને બીજા સંત કે હરિભક્ત ન કરતા હોય ત્યારે એવો વિચાર કરવો કે એ પૂર્વે કરીને આવ્યા છે અને આપણે હજી કરવાનું બાકી છે.’’ એમ વિચારીને ગુણ લેવો, પણ અવગુણ લેવો જ નહીં.

## ૩. અભાવ-અવગુણની વાતથી દૂર રહેવું :

ઝેરના ઝાડનાં પાંદડાંય ઝેરી હોય, તેનો રસેય ઝેરી હોય, મૂળિયાં પણ ઝેરી હોય, તેની નીચેની હવા પણ ઝેરી હોય, તેમ અભાવ-અવગુણ એટલે હળહળતા ઝેરનું ઝાડ. કદાચ કોઈ અભાવ-અવગુણની વાત કરતા હોય તો ત્યાંથી ખસી જવું પરંતુ એ પાપમાં ભેગા ન ભળવું.

## ૪. ભજન-પ્રાર્થના :

અનાદિકાળથી આ જીવાત્મા અભાવ-અવગુણની દુનિયામાં એટલો બધો ઊંડો ઊતરી ગયો છે કે બહાર નીકળી જ શકતો નથી. અભાવ-અવગુણથી બચવા ભજન અને પ્રાર્થના એક ટૉનિકનું કામ કરે છે. ભજન અને પ્રાર્થનાથી હૈયું કોમળ બનતું જાય અને અભાવ-અવગુણની પ્રપંચી દુનિયાથી છુટકારો મળતો જાય.

## ૫. પરભાવનો વિચાર :

પૂ. સ્વામીશ્રી કાયમ એક દૃષ્ટાંત કહે છે કે, “રાજાના કુંવરને પણ છીંક આવે જ છે. પરંતુ તેણે કરીને તે રાજાનો વારસદાર મટી જતો નથી.” એમ અવરભાવ છે, સાધનકાળ છે એટલે દરેક મુક્તોમાં અવરભાવના દૈહિક સ્વભાવ તો દેખાવાના જ છે.પરંતુ તેનાથી તેની પરભાવની પ્રાપ્તિ મટી જતી નથી.

અવરભાવ છે એટલે ભલે કોઈનામાં ગમે તેટલા દોષ દેખાય પરંતુ એને વિષે દોષ-સ્વભાવ છે જ નહીં. દેખાતા દોષ-સ્વભાવ એ તો દેહના છે પરંતુ એનો આત્મા શુદ્ધ જ છે અને એના આત્માને શ્રીજીમહારાજે કેવળ કૃપાથી અનાદિમુક્ત કરીને મૂર્તિમાં જ રાખ્યો છે. આવો પરભાવનો વિચાર કરવો.

અભાવ-અવગુણ અને દ્રોહનું મૂળ અમહિમા છે. માટે કોઈનોય અમહિમા ન થવા દેવો. અમહિમા ન થવા દેવાનો એક જ ઉપાય છે - સૌના મહિમા આકારે જીવન કરવું. આવો ત્યારે, મળેલા મહારાજ અને મોટાપુરુષને રાજી કરવા અભાવ-અવગુણ અને અમહિમારૂપી મહાભયંકર દોષથી રહિત થઈ મહિમાસભર જીવન કરીએ અને રાજીપાની દુનિયા તરફ ઊર્ધ્વગતિ કરીએ.

**“અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં ‘મારે ક્યાં ક્યાં બહારવૃત્તિ રહે છે ?’ તે વિચારી, બહારવૃત્તિના ફેર ટાળી આંતરમુખી થજો અને સદાય અભાવ-અવગુણરૂપી મહાઝેરથી બચજો...”**



## ભલામણ-૪ ભલા થઈને...

# રાજીપાનો વિચાર રાખજો ને સિદ્ધાંતવાદી થજો...

વાયુ સતત લહેરાતો રહે છે, સમુદ્રમાં મોજાં સતત ઊછળતાં રહે છે એવી રીતે માનવમનમાં વિચારો સતત ઉત્પન્ન થતા હોય છે. આ વિચારોને જો યોગ્ય દિશા ન મળે તો સમયના વહેણની સાથે તે ચાલ્યા જાય છે જેની જીવન ઉપર કોઈ અસર થતી નથી. એનું કોઈ ફળ તો મળતું નથી પરંતુ ક્યારેક ઉદ્‌ભવેલા નકારાત્મક વિચારો જીવનને નષ્ટ પણ કરી નાંખે છે. જ્યારે સવળા વિચારો સ્વજીવનમાં કેન્દ્રિત થતા અને તેને યોગ્ય દિશા આપી તેને અધ્યાત્મમાર્ગે વાળવામાં આવે તો દિવ્યજીવનનું સર્જન થાય છે. એટલે કે, વિચાર જ જીવનને વેડફી નાંખે છે, અને વિચાર જ જીવનને ઉચ્છૃંખલ બનાવે છે જ્યારે બીજી તરફ આ જ વિચાર અધ્યાત્મના વળાંકે દિવ્યજીવનનો નિખાર આપે છે.

એટલે કે, સાંસારિક જીવન હોય કે આધ્યાત્મિક જીવન, પરંતુ તેમાં વિચારનું બળ અતિ મહત્ત્વનું છે. સંસારમાં ધનલોભીને પૈસા કમાવાના, સ્વાદિયાને સારું સારું જમવાના અને વિષયાસક્તને વિષયભોગના વિચારો સતત આવતા હોય છે જે નાશવંત અને લૌકિક વિચારો છે, જેમાં સરવાળે દુઃખ જ પ્રાપ્ત થતું હોય છે. છતાં આ વિચારોનો છેડો કોઈ શોધી શકતું નથી. જ્યારે ધાર્મિક વ્યક્તિને સૌનું ભલું કરવાના, સમાજસેવાના, આત્મકલ્યાણના, દાન કરવાના, સંત-સમાગમ કરવાના વગેરે જેવા સદ્ વિચારો આવતા હોય છે. અરે ! એટલું જ નહિ, કેટલાકને સંસારને પરહરી ગૃહસ્થ મટી ત્યાગી થવાના, એટલે કે સંત થવાના વિચારો પણ આવતા હોય છે.

લૌકિક વિચારો મટી જાય અને સદ્ વિચારોને પણ ઉત્કૃષ્ટ બનાવે તેવો એક શ્રેષ્ઠ વિચાર જ શાશ્વત સુખ અને શાંતિનું મૂળ છે.

કયો છે એ વિચાર ? એ સર્વોત્કૃષ્ટ વિચાર છે – 'રાજીપાનો વિચાર'. રાજીપાના વિચારને સર્વોત્કૃષ્ટતાની ચરમસીમાએ બિરદાવવાનું કારણ એક જ છે કે રાજીપાનો વિચાર છે એ જ સર્વ શાસ્ત્રોમાં અધ્યાત્મનો સાર છે. જેને શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૨૮મા વચનામૃતમાં પ્રમાણ કરી આપ્યું છે કે, "અમારો તો એ જ સિદ્ધાંત છે જે ભગવાનનો રાજીપો હોય ને ભગવાનના ભક્તનો સંગ હોય, તો ભગવાનથી અનંત વર્ષ સુધી છેટે રહીએ તોપણ કંઈ મનમાં શોક ન થાય અને ભગવાનની પાસે રહેતા હોઈએ ને જો ભગવાનનો રાજીપો ન હોય તો તેને હું સારું નથી જાણતો અને સર્વ શાસ્ત્રનો પણ એ જ સાર છે જે, ભગવાનનો જેમ રાજીપો હોય તેમ જ કરવું." શ્રીહરિના અંતર્ગત અભિપ્રાય મુજબ રાજીપાના વિચારની અગત્યના જાણ્યા બાદ પ્રશ્ન એ છે કે, કોના રાજીપાનો વિચાર રાખવો ?

શું પુત્ર-પરિવાર, સગાં-સંબંધી, મિત્રવર્તુળના ?

ના... ના... ના...

એકમાત્ર મહારાજ અને મોટાપુરુષના રાજીપાનો વિચાર... કારણ કે બીજાને રાજી કરીને કદાચ લૌકિક સુખ મળે પણ અલૌકિક સુખ (મૂર્તિનું સુખ) તો ન જ મળે. એના માટે તો મહારાજ અને મોટાપુરુષને રાજી કરવાનો વિચાર ફરજિયાત છે. સદ્.નિષ્કુળાનંદ સ્વામીએ આ જ વાત સમજાવતાં કહ્યું છે કે,

*"બીજા રાજી કુરાજીએ કરી, નવ વણસે સુધરે વાત;*
*એથી નથી સુખ મળવા ટળવા, જોઈએ હરિ રાજી રળિયાત."*

એટલે કે એકમાત્ર મહારાજનો રાજીપો ફરજિયાતપણે જોઈએ જ. તો જ આપણા આ લોકનાં અને પરલોકનાં સર્વે કામ સરે છે.

*"કરીએ રાજી ઘનશ્યામ રે સંતો, કરીએ રાજી ઘનશ્યામ;*
*તો જ સરે સરવે કામ રે સંતો..."*

આપણા જીવનમાં આવતાં સુખ અને દુઃખનું મૂળ જ મહારાજ અને મોટાપુરુષનો રાજીપો-કુરાજીપો છે. સર્વે દોષમાત્ર ટાળ્યાનું અને ગુણમાત્રના આવિર્ભાવનું કારણ મોટાપુરુષનો રાજીપો જ છે. જેની ઉપર મોટાપુરુષનો રાજીપો થાય તેનું કેવું પરિવર્તન થાય તેની વાત શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૫૮મા વચનામૃત દ્વારા સમજાવી છે કે, "અતિશે જે મોટાપુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે ને મોટાપુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય ને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય ને ગમે તેવું માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય."

મહારાજ અને મોટાપુરુષનો રાજીપો એ જ માસ્ટર કી છે. મહારાજ અને મોટાપુરુષના રાજીપાએ કરી અવરભાવના અંત અને પરભાવ સુધી પહોંચવાની યાત્રામાં આવતાં તમામ વિઘ્નો સહસા જ ટળી જાય છે. મહારાજ અને મોટાપુરુષનો રાજીપો જ સાધનિક માટે મૂર્તિનું સુખ છે અને દુઃખમાત્રની નિવૃત્તિનું કારણ છે.

મહારાજ અને મોટાપુરુષના રાજીપાના અધિકારી થવા માટે રાજીપાનો વિચાર સતત અખંડિતપણે રહેવો ફરજિયાત છે. સતતપણે દોહરાતો રાજીપાનો વિચાર જ મુમુક્ષુતાનું પ્રગટીકરણ કરાવે છે. કારણ સત્સંગના યોગમાં આવ્યા પછી મૂર્તિના સુખ સુધી પહોંચવું એ પુરુષ-પ્રયત્નનું કામ નથી. ત્યાં મહારાજ અને મોટાપુરુષની કૃપા જ પહોંચાડે છે. અને એ કૃપા વરસે છે રાજીપાના વિચારથી.

કારણ સત્સંગમાં રાજીપાના વિચારનું અધિકતમ મૂલ્ય છે, કારણ કે...

- રાજીપાના વિચારથી જ આધ્યાત્મિક માર્ગનો પ્રારંભ થાય છે.
- રાજીપાનો વિચાર એ જ જગતથી અનાસક્ત અને લુખ્ખા થવાનો રાજમાર્ગ છે.
- રાજીપાના વિચારથી જ આત્મબુદ્ધિનો પ્રારંભ થાય.
- રાજીપાનો વિચાર એટલે જ પરભાવનો વિચાર.
- રાજીપાનો વિચાર એ જ કલ્યાણકારી ગુણોનું નિતાંત વહેતું ઝરણું.
- રાજીપાનો વિચાર એટલે જ દોષમાત્રની નિવૃત્તિ કર્યાનો હાથવગો ઉપાય.
- રાજીપાનો વિચાર એ જ કરોડોની મૂડીને સાચવવાનો ખજાનો.
- રાજીપાનો વિચાર એટલે જ કારણ સત્સંગનો પાયો.
- રાજીપાનો વિચાર એટલે જ આધ્યાત્મિક શક્તિનું જનરેટર.
- રાજીપાનો વિચાર એટલે જ સુખનો તલસાટ અને તરવરાટ.
- રાજીપાનો વિચાર એ જ અનુતાપ ને પરિતાપની ભૂમિકા.
- રાજીપાનો વિચાર એ જ સુખપ્રાપ્તિનો અણમોલ અવસર.
- રાજીપાનો વિચાર એટલે અહોભાવની દિવ્ય દુનિયા.
- રાજીપાનો વિચાર એટલે જ આત્મીયતાનું ઊંજણ.

સાધક અવસ્થામાં સંત હોય કે હરિભક્ત, પરંતુ રાજીપાનો વિચાર એ જ એકમાત્ર સત્સંગને ચેતનવંતો રાખે છે.

પરંતુ, આ રાજીપાના વિચારનો ઉદ્ભવ થાય છે - મહાત્મ્યના વિચારમાંથી. સત્સંગમાં મહાત્મ્યનો વિચાર એ શ્વાસોશ્વાસને ઠેકાણે છે અને રાજીપાનો વિચાર એ લોહીના પરિભ્રમણને ઠેકાણે છે. બેમાંથી એકેય અટકે તો ન ચાલે, મનુષ્યનું મૃત્યુ થઈ જાય એમ સત્સંગમાં મહાત્મ્યનો વિચાર અને રાજીપાનો વિચાર સતત ચાલુ રહે તો જ સત્સંગ જીવંત રહે છે. જે મિનિટે તેમાં ભંગાણ થાય તે મિનિટે સત્સંગ મૃતપ્રાય બની જાય છે. મહાત્મ્યના વિચારમાંથી જ રાજીપાનો વિચાર સતત ઝર્યા કરે છે.

જે વાતની પુષ્ટિ સદ્.મુક્તાનંદ સ્વામીએ ગઢડા મધ્યના ૨૭મા વચનામૃતમાં આપી છે. આ વચનામૃતમાં સદ્.મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે ક્રોધ તત્કાળ કેવી રીતે સમે છે ? તેના પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં વાત કરી છે કે, “ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, એક તો ભગવાનનું મહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે, જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તે સ્વભાવ રાખવો નથી.” એટલે કે

રાજીપાનો વિચાર એ મહાત્મ્યના વિચારની ફલશ્રુતિ છે. જેનું જેટલું મહાત્મ્ય સમજાય એટલી જ એને રાજી કરવાની ભૂખ અને ગરજ જાગે છે. મહાત્મ્ય સમજાય પછી રાજીપાનો વિચાર કરવો નથી પડતો, આપમેળે થઈ જાય છે.

જેમ કોઈ દીકરી હોય તે પરણીને પતિગૃહે પ્રવેશ કરે છે ત્યારથી જ તેને પોતાના પતિનું મહાત્મ્ય સુદૃઢ થઈ જાય છે કે, આ જ મને આખી જિંદગી પાલવશે, આ જ ખરા સમયે મારાં સુખ-દુઃખમાં ભાગીદાર થશે, એ જ મને સુખી કરશે. એવો મહિમા પોતાના પતિનો સમજાય છે ત્યારે તેને રાજી કરવાનો વિચાર કરવો નથી પડતો; આપમેળે જ રહે છે. પોતાનો સ્વભાવ, ગમતું, ટેવ, શોખ બધું બદલાઈ જાય છે અથવા પોતાના પતિ જેમ રાજી થાય તેમ જ કરે છે. એવા જ વિચારો સતત આવતા હોય છે.

આ લૌકિક સંબંધમાં તો માત્ર લૌકિક સ્વાર્થ જ રહેલો છે. દેહના અંત સુધીનો જ સ્વાર્થ છે તોપણ ત્યાં રાજી કરવાનો વિચાર સતત રહે છે તો આપણને તો અવિનાશી વર પુરુષોત્તમનારાયણ ભગવાન સ્વામિનારાયણ મળ્યા અને એ દિવ્ય સ્વરૂપને ઓળખાવનાર મોટાપુરુષ પણ મળ્યા અને એમના થકી જ અલૌકિક સુખ પ્રાપ્ત થવાનું છે. કલ્યાણના કોલ પ્રાપ્ત થયા છે ત્યારે એમના રાજીપાનો સતત વિચાર એ કેટલો અનિવાર્ય બની રહે !

એટલે જ શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૨૭મા વચનામૃતમાં આગળ કહ્યું છે કે, "જેને કલ્યાણને ઈચ્છવું હોય તેને તો જેમ મોટાપુરુષ રાજી થાય તેમ કરવું."

સુવર્ણયુગના પ્રારંભે ગુરુવર્ય પ.પૂ.બાપજી આપણને સૌને ભલામણ કરી રહ્યા છે કે,

**"સિદ્ધાંતવાદી જીવન સદા કરી રાખો,**
**રાજી શ્રીજી ન હોય તેને દૂર નાખો;**
**રાજીપાના વિચારે અહોનિશ રાચો..."**

જ્યારે આપણને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા છે ત્યારે અનાદિમુક્તની રીત પ્રમાણે રહેવા તમે ભલા થઈને રાજીપાનો વિચાર સતત રાખજો. ભલા થઈને... એટલે કે મોટાપુરુષ આપણા હિતેચ્છુ થઈ કગરીને પોતાના જાણી કહે છે કે આ પ્રમાણે તમે ભલા થઈને વર્તો. કારણ કે રાજીપાનો વિચાર જ આપણા સૌના માટે સુખનું મૂળ છે. જ્યારે આપણા જીવનમાંથી રાજીપાનો વિચાર જતો રહેશે ત્યારે આજ્ઞાનો લોપ થશે, અભાવ-અવગુણની ઊંડી ગર્તમાં ચાલ્યું જવાશે

અને સત્સંગમાં રંડાપો આવી જશે.

શ્રીજીમહારાજે પણ ગઢડા મધ્યના ૨૮મા વચનામૃતમાં રાજીપામાં ન વર્તે તેને ફારગતી આપતાં કહ્યું છે કે, "જેમ ભગવાનનો રાજીપો હોય તેમ જે ન કરે તેને ભગવાનના માર્ગ થકી પડ્યો જાણવો અને જેને ભગવાનના ભક્તનો સંગ છે ને ભગવાનનો રાજીપો છે, ને તે જો મર્ત્યલોકમાં છે તોપણ ભગવાનના ધામમાં જ છે... અને જો ભગવાનના ધામમાં છે ને ભગવાનનો રાજીપો નથી ને ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે તો તે ભક્ત ભગવાનના ધામમાંથી પણ જરૂર હેઠો પડશે."

માટે મહારાજ અને મોટાપુરુષના રાજીપાનું અમૂલ્ય મૂલ્ય આપણા જીવનમાં ભલા થઈને સમજીએ અને સતત મહારાજ અને મોટાપુરુષના રાજીપામાં જ જીવન જીવવાના વિચારમાં ડૂબેલા રહીએ.

ભૂતકાળમાં કે વર્તમાનકાળે જે જે પાત્રોના જીવનમાં રાજીપાનો વિચાર સતત દોહરાતો રહેતો હોય તે જ રાજીપાસભર જીવન જીવી શકે છે અને એવા પાત્રો જ જેમાં મહારાજનો રાજીપો ન હોય તેને જીવનમાંથી દૂર ફેંકી દે છે. શ્રીજીમહારાજે સુરાખાચરનો સ્વાદનો સ્વભાવ ટળાવવા માટે થઈ તેમનાં ધર્મપત્ની શાંતાબાને રસોઈમાં રોજ છાશ અને રોટલો પીરસવાની આજ્ઞા કરી. બીજી બાજુ શ્રીજીમહારાજે સુરાખાચરને આજ્ઞા કરી કે, "તમારે જમતી વખતે ભાણામાં જે આવે તે કશું પણ બોલ્યા વિના જમાડી લેવાનું."

બીજા દિવસે જ્યારે સુરાખાચર જમાડવા બેઠા ત્યારે રોજ જે થાળી મિષ્ટાન્ન અને ફરસાણથી ભરપૂર હોય તે થાળીમાં છાશ અને રોટલો જોયો ! પરંતુ સુરાખાચરને "કેમ કરીને મહારાજને રાજી કરી લેવા" એવો રાજીપાનો વિચાર અખંડ રમ્યા કરતો હતો. તેથી સમય આવ્યે તેમને પોતાના સ્વાદુ સ્વભાવને પરિપુષ્ટ કરતાં તથા પકવાન અને ફરસાણ કરતાં શ્રીહરિનો રાજીપો અધિકતમ મનાયો. પોતાનો અનાદિકાળનો રસાસ્વાદનો સ્વભાવ પણ રાજીપા આગળ નિર્માની બની ગયો, કારણ સતત ચાલતો રાજીપાનો વિચાર. પરિણામે તેઓ જમતી વખતે પણ ન બોલ્યા કે જમાડ્યા પછી પણ કશો જ હરફ ઉચ્ચાર્યો નથી. બસ, મહારાજને રાજી કરવા, એમની રુચિમાં સરાધાર વર્ત્યા અને પોતાના સ્વભાવને દૂર ફેંકી દીધો. સ્વભાવનું જડમૂળથી નિકંદન કાઢી નાંખ્યું. પરિણામે તેઓ શ્રીહરિના અતિ રાજીપાના પાત્ર બન્યા અને તેમને શ્રીજીમહારાજે

બ્રહ્મચર્યમાં પ્રમાણ કરી 'યતિ' તરીકે નવાજ્યા.

આ જ રાજીપાના સતત વિચારે જસદણ ગામે એકાંતમાં થયેલા રૂપવાન સ્ત્રીના યોગને પણ ભરજુવાની હોવા છતાં ઠુકરાવી દીધો. શ્રીહરિની પ્રસન્નતાના કળશે અને અમી દૃષ્ટિએ તેમને ભર્યા કરી દીધા !

એટલે જ સદ્.ગુણાતીતાનંદ સ્વામીએ બીજા પ્રકરણની ૧૭૮મી વાતમાં કહ્યું છે કે, ''જેણે સ્વભાવ મૂક્યો હોય ને મૂકતો હોય ને મૂકવાનો આદર હોય, તે સર્વે ઉપર મોટાની દૃષ્ટિ રહ્યા કરે.'' એટલે કે મહારાજને જે ન ગમતું હોય તેનો ત્યાગ કર્યો હોય અથવા ત્યાગ કરવા મંડ્યો રહે તેના ઉપર જ રાજીપો વરસે છે.

આપણા જીવનમાં પણ જેમાં મહારાજનો રાજીપો ન હોય તેવા સ્વભાવ, આપણું ગમતું, શોખ, રહેણીકરણી, આશા, અભરખાઓને દૂર ત્યજી દઈએ.

વળી, મહારાજ અને મોટાપુરુષના અધિકાધિક રાજીપાના પાત્ર બનવા ભલા થઈને સિદ્ધાંતવાદી જીવન કરીએ.

સિદ્ધાંતવાદી જીવન એટલે શું ?

મહારાજ અને મોટાપુરુષના સિદ્ધાંતો આપણા થઈ જાય, એમનાથી આપણા જીવનમાં ક્યાંય જુદારો ન રહે એનું નામ જ સિદ્ધાંતવાદી જીવન કહેવાય.

- **સિદ્ધાંતવાદી જીવન કરવા આ ત્રણ બાબતો જીવનમાં દૃઢ કરીએ.**

**૧. મહારાજ અને મોટાપુરુષના સિદ્ધાંતો, સંકલ્પો, ગમતું, રુચિ-અરુચિ, આજ્ઞા - આ બધું આપણું કરી દેવું.**

સિદ્ધાંતવાદી જીવનનો અદ્વિતીય આદર્શ એટલે આપણા વ્હાલા ગુરુવર્ય પ.પૂ.બાપજી. શ્રીજીમહારાજનો આ બ્રહ્માંડમાં પ્રગટ થવાનો મૂળ સંકલ્પ પોતાની સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન કરી અનાદિમુક્તની સ્થિતિ કરાવવાનો હતો અને આજે પણ એ જ છે. આ જ શ્રીજીમહારાજનું ગમતું અને રુચિ છે. વર્તમાનકાળે જેનું સાદૃશ્ય દર્શન કરાવતું મૂર્તિમંત સ્વરૂપ એટલે ગુરુવર્ય પ.પૂ.બાપજી. શ્રીજીમહારાજના આ સંકલ્પને ગુરુવર્ય પ.પૂ.બાપજીએ પોતાનો કર્યો અને તેના પ્રવર્તન માટે થઈ એસ.એમ.વી.એસ. સંસ્થાની સ્થાપના કરી. સ્વસુખનો ત્યાગ કરી, પોતે ઊંઘ, ભૂખ, દુઃખ, ભાર, ભીડો, તકલીફ સહન કરી જીવનપ્રાણ બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોનો વિશ્વવ્યાપી પ્રચાર કરવા મંડ્યા રહ્યા. એકમાત્ર ગુરુના સંકલ્પે અને એમને રાજી કરવા.

એક વખત ગુરુવર્ય પ.પૂ.બાપજી તેમના અવરભાવના જ્ઞાનગુરુ સદ્.મુનિ

સ્વામી સાથે એકાંતમાં ગોષ્ઠી કરી રહ્યા હતા. ગુરુ-શિષ્યનો અજોડ નાતો હતો. ક્યારેય ગુરુવર્ય પ.પૂ.બાપજીએ સદ્.મુનિ સ્વામીથી પોતાનો સંકલ્પ, રુચિ કે ગમતું નોખાં રહેવા દીધાં નહોતાં. સદ્.મુનિ સ્વામીએ આજે પોતાના વ્હાલા શિષ્ય પર પોતાના સંકલ્પનો ધોધ વહાવ્યો અને કહ્યું, "સ્વામી ! અમે ન હોઈએ ત્યારે બાપાના સિદ્ધાંતોનો જેમ છે તેમ પ્રચાર કરજો. શ્રીજીમહારાજના સર્વોપરીપણાના અજોડ સિદ્ધાંતોનું પ્રવર્તન કરજો." બસ, ગુરુનાં આટલાં વચન જીવનની એક નેમ બની ગયાં.

ગમે તેવા વિરોધોના વંટોળો ફૂંકાયા, દેહનાં કષ્ટોની ઝડી વરસી, માન-અપમાનોનો વરસાદ વરસ્યો, કાંટાળી કેડી પર હસતા મુખે ચાલ્યા છતાંય ગુરુવર્ય પ.પૂ.બાપજીના સિદ્ધાંતવાદી જીવનમાં અલ્પમાત્ર પણ ફેર નથી પડ્યો. મહારાજ અને મોટાપુરુષના સંકલ્પો, રુચિ અને ગમતા મુજબનું જ જીવન જીવી આપણા સૌના પ્રેરણામૂર્તિ બની રહ્યા.

ગુરુવર્ય પ.પૂ.બાપજી તો શ્રીજીમહારાજના સંકલ્પથી આ બ્રહ્માંડમાં પધારેલું પરભાવનું સ્વરૂપ છે. એમના પરભાવના મહિમાનો આપણે શું પાર પામી શકીએ ? પૈડોતરા મણિધરનું માપ શું કાઢી શકે ? પરંતુ એમના શિષ્ય તરીકે આપણું જીવન પણ એવું સિદ્ધાંતવાદી કરીએ એ જ સાચું શિષ્યત્વ છે. એ જ એમના સ્વરૂપને ઓળખ્યું કહેવાય, મહિમા સમજ્યા કહેવાય.

અજોડ ઉપાસના અને બાપાના સિદ્ધાંતો માટે ગુરુવર્ય પ.પૂ.બાપજી આજે ૮૧ વર્ષની જૈફ વયે પણ વણથંભ્યા મંડ્યા રહ્યા છે ત્યારે એ સિદ્ધાંતોને આપણા જીવનમાં સાંગોપાંગ કરી તેના પ્રચાર માટેના નિમિત્ત બનીએ. એના માટે આપણા જીવનનું બલિદાન આપીએ અને એ સિદ્ધાંતોને શિર સાટે રાખીએ.

*"સિદ્ધાંત બાપાશ્રી તણો, શૂરવીર થઈને રાખીશું;*
*રાખતાં જો દેહ જશે તો, દેહની પરવા નથી."*

માત્ર ઉપાસનાલક્ષી સિદ્ધાંતો જ નહિ, સાથે સાથે વર્તનલક્ષી સિદ્ધાંતોમાં પણ શૂરા બનીએ. કૃપા કરી આપણને અનાદિમુક્તની શ્રેષ્ઠ પદવીની પ્રાપ્તિ કરાવી છે ત્યારે અનાદિમુક્તની પદવીને પાત્ર બનીએ. આપણું વર્તન-જીવન પણ એવું સિદ્ધાંતવાદી અને દિવ્ય બનાવીએ.

**૨. ગમે તેવા દેશ, કાળ, ક્રિયા, સંગમાં પણ ન લેવાઈએ.**

જેનું સિદ્ધાંતવાદી જીવન હોય તેના જીવનમાં ગમે તેવા દેશ, કાળ, ક્રિયા, સંગમાં પણ કેવી ખુમારી હોય અને કેવું જીવન હોય તેનું દર્શન કરાવતાં

સદ્.નિષ્કુળાનંદ સ્વામીએ વચનવિધિના ૪૨મા કડવામાં કહ્યું છે કે,

*“ઠેલી નિયમને કામ ન કરવું, મર હોય લાભ જો લાખનો;*
*તોય લલચાવીએ નહિ લેશ મનને, જાણિયે મવાળો કાખનો.”*

સત્સંગમાં રાજીપાના માર્ગે ચાલતા સાધનિકના જીવનમાં તનનાં, મનનાં, ધનનાં, જનનાં અનેકાનેક વિઘ્નો આવતાં હોય છે. આ વિઘ્નો અને કપરા સંજોગો આવે ત્યારે ખાંડાની ધાર ઉપર ચાલીને પણ નિયમ-ધર્મમાં અડગ રહેવું, સિદ્ધાંતમાં શૂરવીર રહેવું. જીવન સિદ્ધાંતવાદી રાખવું પરંતુ કોઈની લાલચમાં લલચાઈ ન જવું કે મહોબતમાં લેવાઈ ન જવું.

એટલે જ સદ્.ગુણાતીતાનંદ સ્વામીએ ૮મા પ્રકરણની ૧૪૯મી વાતમાં કહ્યું છે કે, “જેને ભગવાનને રાજી કરવા હોય તેને બધાની મહોબત ન રખાય, એક ભગવાન અને સંતની જ રખાય.”

રાજી કરવાના સંકલ્પને સુદૃઢ કરાવતાં પૂ.સ્વામીશ્રીએ ‘હરિને ગમે એવાં થવું જ છે’ પુસ્તિકામાં કહ્યું છે કે, “મહારાજ અને મોટાને રાજી કરી જ લેવા છે. ગમે તેવી પરિસ્થિતિ આવે, ગમે તેવા સંજોગ આવે, ગમે તેવી વાત સાંભળીએ... પણ આ સંકલ્પને નિર્બળ નહિ જ થવા દેવાનો... બસ, આંતર-બાહ્યતંત્રમાં આપણાં તમામ કાર્યમાં, તમામ કથામાં, તમામ સેવામાં આ વાતની દૃઢતા કરી દેવી કે, રાજી કરી જ લેવા છે. કારણ કે, એમના રાજીપા વગર કશું જ શક્ય નથી.”

રાજીપાના માર્ગમાં સદાય અચળ રહીએ અને સદ્.નિષ્કુળાનંદ સ્વામીના વચનવિધિના ૪૨મા કડવાની ૪થી પંક્તિને આપણા જીવનમાં ચરિતાર્થ કરીએ :

*“શરીર કપાય મર સઘળું, થાય ટુક ટુક મર તન;*
*પણ ન દેવું કપાવવા નાકને, તેની રાખવી ઝાઝી જતન.”*

### ૩. સમજણ અને વર્તનમાં કોઈના ડગાવ્યા ન ડગવું.

કારણ સત્સંગના શુદ્ધ-સનાતન સિદ્ધાંતોના જ્ઞાનની, શ્રીજીમહારાજના સર્વોપરીપણાની, મોટાપુરુષને વિષે દિવ્યભાવની દૃઢતાની એક એવી ઠાવકી સમજણ કરી દેવી કે પછી તેમાં ગમે તેવા સંગમાં પણ રંચમાત્ર ડગમગાટ ન થાય. કોઈની વાત સાંભળીને આપણું મન ડગમગે નહિ એવી સમજણ પાકી કરવી. જેમ ઝાડનાં મૂળ ઊંડાં હોય તેમ ઝાડ વધુ સલામત રહે છે તેમ સત્સંગમાં આપણાં સમજણનાં મૂળ ઊંડાં નાંખવાં. જેથી ક્યારેય આપણી સમજણની


સ્થિતિમાંથી ચલાયમાન ન થવાય. એટલું જ નહિ, ક્યારેય આપણા વર્તનમાં પણ કોઈ ફેર ન પાડી શકે.

સમઢિયાળાના વીરા શેલડિયાને કોઈએ કહ્યું કે, “તારા ભગવાન સ્વામિનારાયણ ૭-૮ બાઈઓને લઈને ભાગી ગયા છે.” તોપણ તેમને રંચમાત્ર શ્રીજીમહારાજને વિષે દિવ્યભાવની સમજણમાં ડગમગાટ ન થયો અને ઉપરથી રજમાપૂર્વક જવાબ આપ્યો કે, “પૂર્વના અવતારો તો હજારો રાણીઓ રાખતા. એથી વધુ મારા ભગવાન સ્વામિનારાયણ રાખે તોપણ મને કોઈ સંકલ્પ નથી.” આવી સમજણની દૃઢતા આપણા જીવનમાં સુદૃઢ કરીએ.

**“અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં કંઈ પણ કરતા પહેલાં મહારાજ અને મોટાપુરુષની મરજીનો વિચાર કરજો.”**

**“મરજી જોઈ મહારાજના મનની, તેમાં રહીએ આઠું જામ;**
**જે ન ગમે ઘનશ્યામને જાણો, તેનું ન પૂછીએ નામ;**
**કરીએ રાજી ઘનશ્યામ રે, સંતો કરીએ રાજી ઘનશ્યામ...”**




## આજ્ઞા ને ઉપાસનામાં ભંગ ન થવા દેશો...

સુવર્ણઘડી એટલે સુવર્ણ સરીખા સો ટચના થવાની સોનેરી ઘડી. સુવર્ણઘડી એટલે પુરુષોત્તમરૂપ પાત્ર થઈને શ્રીજીસુખમાં લુબ્ધ થવાની અનોખી ઘડી. આ અનોખી ઘડીએ શ્રીહરિના અનાદિમુક્ત એવા આપણા વ્હાલા ગુરુવર્ય પ.પૂ.બાપજી આપણને સુવર્ણકાળના પ્રારંભે પોતાના જાણી સર્વલક્ષી, સંકલ્પલક્ષી તેમજ સ્થિતિલક્ષી ઘણેરી ભલામણો કરી રહ્યા છે.

ગુરુવર્ય પ.પૂ.બાપજીની આ ભલામણો એટલે શ્રીહરિના સંકલ્પોને મૂર્તિમંત કરવાનો આગ્રહ; શ્રીહરિની આશા-અરમાનોનું સાકારપણું; શ્રીહરિના હૃદયગત અભિપ્રાયોનો અર્ક; શ્રીહરિના આ લોકમાં આવ્યાનો સર્વોપરી ઉદ્દેશ અને અંતે શ્રીહરિના સર્વોપરી સ્વરૂપને માણવાપાત્ર થવાનો મહા રાજમાર્ગ. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કરેલ આ ભલામણો જ્યારે આપણા સ્વજીવનમાં ચરિતાર્થ થશે ત્યારે વ્હાલો સમાજ ખરા અર્થમાં એમનો વ્હાલો બનશે.

આ ભલામણ ગુરુવર્ય પ.પૂ.બાપજી કેમ કરી રહ્યા છે ? આ પાછળ એમનો એવો તે કયો હેતુ રહેલો છે ? આવા પ્રશ્નોનો વિચાર આપણને ગુરુવર્ય પ.પૂ. બાપજીના અભિપ્રાય સુધી લઈ જશે. ગુરુવર્ય પ.પૂ.બાપજીનો આ ભલામણો પાછળનો એક જ આશય છે : “અમારે તમને તલમાત્ર કસર રહિત કરવા છે, કેમ કે, તમને દૃઢ થયેલ દેહભાવને લીધે અમને તમારી ક્ષણે ક્ષણે ચિંતા વર્તાય છે. મહારાજના અભિપ્રાય મુજબ તમારામાં રહી જતી અલ્પ કસર હવે અમને હરગિજ સ્વીકાર્ય નથી. તો પછી તેના અલ્પભંગને અમે કેમ ચલાવી લઈએ ?” ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં આવાં ભલામણોનાં વચનો ઉર પર ધરીને એમને રાજી કરી લઈએ...

સુવર્ણયુગના પ્રારંભે ગુરુવર્ય પ.પૂ. બાપજી સત્સંગની પ્રારંભિક પૂર્વશરત સમાં ત્રણ સોપાન કહેતાં ઉપાસના, આજ્ઞા અને વર્તનમાં અલ્પ કસર રહિત કરવા કહે છે, ભલા થઈને...

**“આજ્ઞા ઉપાસના છે મુખ્ય બે સ્તંભ,**
**એમાં કદી અલ્પ ન થવા દેવો ભંગ;**
**વર્તનશીલ જીવન જોઈએ નિર્દંભ...”**

ભલા થઈને સર્વોપરી ઉપાસનાનો અલ્પ ભંગ ન કરશો...

દરેક મુમુક્ષુ મોક્ષ પામવા યત્નશીલ હોય છે. આ યત્નમાં વ્રત, તપ, યોગ, યજ્ઞ, દાન, સત્સંગ વગેરે અનેકાનેક સાધનો કરી પોતાનું આત્યંતિક કલ્યાણ મેળવવા ઇચ્છે છે, જેથી એની જન્મ-મરણના ભવાબ્ધીના ફેરા ટળી જાય અને

પ્રભુના સુખને પામે છે. પણ આ બધાં સાધનો કરતાંય સર્વોપરી ઉપાસના શ્રેષ્ઠ અને આવશ્યક સાધન છે. આ સાધનથી જ આપણી સઘળી વાત સિદ્ધ થાય છે.

પ્રથમના ૪૦મા વચનામૃતમાં સર્વોપરી ઉપાસના એટલે શ્રીજીમહારાજને સદા સાકાર જાણવા તે ગણી છે. ગઢડા મધ્યના ૨૭મા વચનામૃતમાં શ્રીજીમહારાજને પ્રગટ જાણીને, તેમાંથી પ્રતિમાભાવ ટાળીને થાળ જમાડવા, વસ્ત્રાલંકાર ધરાવવાં અને આરતી ઉતારવી તે સેવાભક્તિરૂપી ઉપાસના ઉત્તમ કહી છે. એથી ઉત્તમ ગઢડા મધ્યના ૧૯મા વચનામૃતમાં પતિવ્રતાપણું રાખી અતિસ્નેહે સેવાભક્તિ કરવારૂપી ઉપાસના કહી છે. એથી સર્વોત્તમ ગઢડા પ્રથમના ૫૧મા વચનામૃતમાં પુરુષોત્તમરૂપ થઈ પુરુષોત્તમને પામવા તે રૂપ વર્તવાનું એટલે અનાદિમુક્તની લટકે ચાલવું તે રૂપી ઉપાસના કહી છે.

આ સર્વેમાં ઉપાસનાનું અંતિમ ચરણ ગઢડા પ્રથમના ૫૧મા વચનામૃતમાં કહ્યું તે છે. કેમ જે ઉપાસના એટલે ઉપ અને આસન કહેતાં નજીકમાં આસન. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનથી નજીકમાં નજીક કોણ છે અર્થાત્ અતિશે સ્નેહ કોને છે ? તો અનાદિમુક્તોને... જે મૂર્તિમાં જ છે. માટે ઉપાસનાનું અંતિમ ચરણ અનાદિમુક્તની પદવીને પામવું તે જ છે.

શ્રીજીમહારાજ ગઢડા મધ્યના ૩૫મા વચનામૃતમાં ઉપાસનાનું મહાત્મ્ય વર્ણવતાં કહે છે, “અમારી મૂર્તિની ઉપાસના વિના કેવળ ધર્મે કરીને કલ્યાણ થાવું તે તો તુંબડાં બાંધીને સમુદ્ર તરવો તેવું કઠણ છે.” શ્રીજીમહારાજે અહીં જેમ ઉપાસનાનું મહત્ત્વ જણાવ્યું છે તેમ ઘણાં સ્થાને ઉપાસનાની સર્વોપરી મહત્તા વર્ણવી છે. વળી, એ જ રીતે મોટાપુરુષે પણ ઉપાસનાની હણહણતી જરૂરિયાત વર્ણવી ઉપાસનાને સૌપ્રથમ – મોખાનું સ્થાન પ્રદાન કર્યું છે.

સર્વોપરી, સર્વાવતારી, અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ એવા ભગવાન સ્વામિનારાયણને જેમ છે તેમ ઓળખવા તેમજ તેમના સ્વરૂપની નિરુત્થાનપણે, જીવસત્તાએ ઠાવકી ઘેડ્ય પાડીને ઉપરોક્ત વર્ણવ્યા મુજબ સમજીને ઉપાસના કરે તો કદીયે ઉપાસનાનો અલ્પ ભંગ ન થાય. એ કોરે કંઈ જ જોવાનું રહે જ નહીં. છતાંય સાધનકાળ અને સકામભાવને લીધે ઘણી વાર આપણે ઉપાસનાનો અલ્પ ભંગ કરી નાખીએ છીએ. પણ હવે સુવર્ણકાળમાં ગુરુવર્ય પ.પૂ.બાપજી તો ઉપાસના પરત્વે જરાય કસર સાંખી લેવા તૈયાર નથી ત્યારે ‘ઉપાસના અને નિષ્ઠાનું’ મહત્ત્વ સમજી તેમાં આપણા વર્તનમાં રહી જતી નિષ્ઠા બાબતની કસરને દૂર કરીએ.

ઉપાસનાનો અલ્પ ભંગ ન થાય તે માટે પૂર્વે સત્સંગમાં ઘણાંય પાત્રોએ વિકટ

પરિસ્થિતિ હોવા છતાંય મહારાજની ઉપાસનાને જ પ્રધાનતા આપી છે. હરજી કાપડિયાની માતા જ્યારે એમને સુવાણની વાત કરતાં કહે છે કે, “દીકરા ! ભૂવાનો દોરો જ્યારે મેં તારા ખાટલાના પાયે બાંધ્યો ત્યારે તું સાજો થયો છે.” ત્યારે આ સાંભળી નિષ્ઠા ભંગ થવાની વાત ન જીરવતાં હરજીએ દોરો તોડી નાંખ્યો અને ભૂવા પાસે જઈ કહ્યું, “ભૂવા ! લે, આ તારો દોરો. તારો ઉતારેલો તાવ મને પાછો આપી દે. મારા કર્તા-હર્તા માત્ર ભગવાન સ્વામિનારાયણ છે. એ મને જેમ રાખે તેમ મારે રહેવું છે. તારા આ દોરે મારી નિષ્ઠાનો ભંગ થાય છે, મારા મહારાજનું કર્તાપણું ગૌણ થાય છે જે મને એક ક્ષણ પણ મંજૂર નથી. મારો તાવ મને પાછો આપ અથવા કહી દે કે, આ તાવ મારાથી નથી ઊતર્યો, હું ખોટો છું.” ભૂવો હરજીનાં નિષ્ઠાસભર વચન સાંભળી લાચાર બની કહેવા લાગ્યો કે, “આ તાવ મારા દોરાથી નહિ પણ તમારા ભગવાનનો કાઢ્યો ગયો છે.” આ પ્રસંગે શ્રીહરિ હરજી પર અઢળક ઢળ્યા. કારણ કે એમણે શ્રીહરિની મોખાની સર્વોપરી ઉપાસના દૃઢ રાખી હતી. આમ, આપણામાં રહેતી ઉપાસના અંગેની અલ્પ કસરને ટાળવા માટે નિરંતર મહિમાના વિચારો કરો અને એમાં મગ્ન રહો :

“મુઝે કૌન મિલા હૈ ? ઔર મુઝે કૈસા કિયા હૈ !”

“આહાહા... કેવો સર્વોપરી યોગ અને કેવી પ્રાપ્તિ !”

શ્રીજીમહારાજે સર્વોપરી ઉપાસનાનું મહત્ત્વ સત્સંગમાં જેમ મોખાનું કહેતાં પ્રથમ કર્યું છે તેમ દ્વિતીય મહત્ત્વ ‘આજ્ઞા’ માટે કર્યું છે. આજ્ઞા એટલે મુમુક્ષુના જીવનના ઘડતરનું અમોઘ સાધન. આજ્ઞા એટલે શ્રીહરિ તેમજ સત્પુરુષનો રાજીપો પ્રાપ્ત કરવાની અમૂલ્ય ઘડી. આજ્ઞા એટલે શ્રીજીમહારાજ તથા મોટાપુરુષને અતિ વ્હાલા થવાની અનોખી તક. આજ્ઞા એટલે દાસત્વભક્તિની દુનિયામાં વિહરવાનું મહામૂલું વચન. આજ્ઞા એટલે મનમુખી મટી ગુરુમુખી થવાનું સુખાળુ વેણ. અને અંતે આજ્ઞા એટલે મુમુક્ષુની મસ્તી, મજા, આનંદ અને સુખનો અવિરત વહેતો સ્રોત.

આજ્ઞા એટલે મહારાજ અને મોટાપુરુષની આપણા પર થયેલી અનહદ કૃપા. આ કૃપા તેઓ આપણા પર શા માટે કરે છે ? તેમને કઈ વાતની ખોટ્ય છે ? ત્યારે આજ્ઞા કરવા પાછળ મહારાજ અને મોટાનો એક જ સ્પષ્ટ આશય છે : તે આપણને ચોખ્ખા કરી મૂર્તિના સુખમાં સંલગ્ન કરવા ઇચ્છે છે. આજ્ઞા પાળ્યાનું આટલું અતિ ઉત્તમ તથા સર્વોત્તમ ફળ હોય ત્યારે આપણાથી થતી અલ્પ આજ્ઞાનો ભંગ એ મહારાજ અને મોટાપુરુષ કેમ ચલાવી લે ? ત્યારે સુવર્ણઘડીના ઉષાકાળે

મહારાજ અને મોટાપુરુષ આજ્ઞાપાલન અંગે આગવી મહિમાગાથા કહી તેને ચરિતાર્થ કરવા કટિબદ્ધ કરી રહ્યા છે ત્યારે.... આવો તેને ઝીલીએ :

"અમારાં જે જે વચન છે તેમાં પ્રતીતિ લાવીને તે પ્રમાણે વર્તશે તેનો અમે મોક્ષ કરીશું. અમારાં ચરિત્ર જે સાંભળશે, તેને અમે અતિ સુખિયા કરીશું. અમારાં વચન એ અમે જ છીએ એમ માનજો. એમ માનીને જે અમારાં વચન પાળે છે, તેની પાસે અમે વચન રૂપે રહીએ છીએ. અમારાં વચન ન માને અને રાત-દિવસ અમારી પાસે રહી સેવા કરે, તેને અમે દૂર માનીએ છીએ. આ અમારો પાકો મત છે."

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૬, તરંગ-૭૩

"અમારાં વચનમાં જે વર્તે છે તે બુદ્ધિશાળી છે. અમારો થઈને અમારાં વચનથી જે જન બહાર ચાલે છે તેની ચાહે તેટલી મોટપ હોય પણ તે રહેતી નથી. અમારાં વચનમાં વર્તવું તે સમાન કોઈ મોટાઈ નથી. વચનમાં દુઃખ માને તે ક્યારેય સુખી થતો નથી."

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૮, તરંગ-૬૫

"આજ્ઞામાં ફેર પાડે તે તો સ્વામિનારાયણનો કહેવાય જ નહીં."

- બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૮૬

"આજ્ઞામાં રહે ને છેટે છે તોપણ અમારા ઢોલિયાની પાસે છે ને આજ્ઞા નથી પાળતો તે પાસે છે તોપણ છેટો છે. ને ગમે તેવો જ્ઞાની હશે, હેતવાળો હશે ને મોટેરો હશે પણ આજ્ઞા લોપે તો સત્સંગમાં ન રહેવાય. ત્યાં દૃષ્ટાંત દીધું જે, પતંગ ઉડાડવાથી છેટો ગયો છે પણ દોરી હાથમાં છે તો સમીપમાં જ છે. તેમ આજ્ઞારૂપી દોરી હાથમાં છે તો મહારાજની પાસે જ છે."

- સદ્. ગુણાતીતાનંદ સ્વામી

"ગમે તેવા કઠણ સંજોગોમાં, ગમે તેવી કઠણ આજ્ઞા થાય તોપણ બીજો વિચાર જ નહિ, થશે જ, કેમ ન થાય ? એમ માનીને આજ્ઞામાં કૂદી પડવું. કારણ કે, એમાં મહારાજનો રાજીપો છે."

- પૂ. સ્વામીશ્રી

શ્રીજીમહારાજની અનહદ કૃપાથી મળેલ દિવ્ય કારણ સત્સંગ, અને દિવ્ય બે-બે સત્પુરુષોની અણમોલ ભેટનો વિયોગ એટલે આજ્ઞાનો ભંગ. મહાપ્રભુના સર્વોપરી વચનની સ્વીકૃતિ અને અસ્વીકૃતિથી થતાં પરિણામોની આછેરી ઝલક આપણને ઉપરનાં કૃપાવાક્યોમાંથી મળે છે. ત્યારે આજ્ઞાના લોપની ભયંકરતા

જાણી તે તરફથી પાછા વળીએ.

આજ્ઞાના લોપથી આપણા સ્વજીવનમાં અનેક પ્રકારની હાનિ થાય છે. આ હાનિમાં મહારાજ અને મોટાનો કુરાજીપો; આંતર દોષોમાં વધારો; જીવની શૂનકાર અવસ્થામાં વધારો; મહારાજ અને મોટાનો વિયોગ તેમજ અંતે સત્સંગમાંથી પડી જવાય વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આજ્ઞાપાલક બનવા માટે આપણા જીવનકોશમાંથી થાક લાગ્યો, કંટાળો આવે છે; ભાર, ભીડો ને તકલીફ લાગે છે, શું થશે ?, કેમ થશે ?, થાય એટલું કરીએ, થોડા મરી જવાય ?, થશે એટલું કરીશું, હાય-હાય, ઓય-વોય, ચાલશે હવે, થાય છે, શું ઉતાવળ છે ?, મને આવડશે કે કેમ ?, આ મારા અંગ બહાર છે, આવું મને ન આવડે, બીજા ક્યાં આજ્ઞા પાળે છે...? - આવા શબ્દપ્રયોગોને તિલાંજલિ આપી, બસ, મહારાજ અને મોટાને રાજી કરવા એ સત્સંગની પ્રાથમિક ને ફરજિયાત ભૂમિકા છે. ત્યારે આજ્ઞાપાલક તરીકે આપણી ભૂમિકા કેળવવા આટલું અવશ્ય કરવું જોઈએ :

- આજ્ઞા પાળવામાં ભગવાન અને સંતને ઓશિયાળા ન કરવા જોઈએ. આપણને આજ્ઞા કરતાં એમને ભય રહે તો તે ઓશિયાળા કર્યા કહેવાય.
- એમની આજ્ઞા-અનુવૃત્તિ સમજવા, સ્વીકારવા કે પાળવામાં કોઈ પ્રકારની જડતા કે મૂઢતાનો ત્યાગ કરવો.
- આજ્ઞા-અનુવૃત્તિ અધ્ધરથી ઝીલવી - વચન હેઠું ન પડવા દેવું.
- આજ્ઞા પાળવામાં ટુક-ટુક થઈ જવું. દેહ, મન અને બુદ્ધિના ભુક્કા બોલાવી દેવા.
- શ્રદ્ધા, વિશ્વાસ, ધીરજ અને હિંમત રાખીને આજ્ઞા પાળવી.
- આજ્ઞા પાળવામાં આ રીતો અપનાવવી જોઈએ : આજ્ઞા તત્કાળ પાળવી, રાજી થકા આજ્ઞા પાળવી, પોતાનું મનધાર્યું મૂકીને પાળવી, શૂરવીર થઈને આજ્ઞા પાળવી, કોઈ પણ ઠરાવ રહિત થઈ આજ્ઞા પાળવી, નિઃસંશયપણે આજ્ઞા પાળવી, ચોકસાઈપૂર્વક આજ્ઞા પાળવી, લેશમાત્ર કંટાળો લાવ્યા વગર કે વેઠ રહિતની નિયમિત તેમજ વ્યવસ્થિત આજ્ઞા પાળવી, વાદ-વિવાદ કર્યા વિના આજ્ઞા પાળવી તથા આનંદ અને ઉત્સાહ સહિત આજ્ઞા પાળવી.
- પોતાના નિયમ-ધર્મમાં દૃઢ રહ્યા થકા, સરળતા રાખી સૌને અનુકૂળ થઈને સંપ-સુહૃદભાવ-એકતા જળવાઈ રહે, તેમાં સુધારો ને વધારો થતો રહે એ રીતે આજ્ઞા પાળવી.

- યુક્તિ-પ્રયુક્તિ, આઘું-પાછું આ બધું મૂકીને સાવ સરળ થઈને આજ્ઞા પાળવી.
- મારે જરૂર છે એવી ખરી ભૂખ-ગરજ સાથે આજ્ઞા પાળવી.
- માન-અપમાન, પ્રશંસા-ટીકા, સુખ-દુઃખ, સગવડ-અગવડ, સફળતા-નિષ્ફળતા જેવાં દ્વંદ્વોમાં સ્થિર રહીને, મનની સમતુલા જાળવી રાખીને સર્વ પ્રકારે આજ્ઞા પાળવી.

આમ, આજ્ઞા પાળવાથી મહારાજ અને મોટાપુરુષના રાજીપાના પાત્ર થવાય, એ આપણી સંગે સદાય ભેળા રહે, એમને આપણી કોરનું નિશ્ચિંતપણું વર્તે, નિર્વાસનિક થવાય, સ્વદોષો ટળે અને ગુણોનો આવિર્ભાવ થાય, મહારાજ અને મોટાથી મન ક્યારેય નોખું ન પડે અને એમને આપણને જે પરભાવનું સુખ આપવું છે તે સરળતાથી આપી શકે. અંતે આજ્ઞા પાળવાથી મૂર્તિરૂપી અજોડ અને અદ્વિતીય સુખ મળતું હોય તો એને પાળવાનો સૌથી સરળ ઉપાય શો ? તેને પાળવાનો એકમાત્ર અકસીર ઈલાજ છે – મહારાજ અને મોટાપુરુષનો મહાત્મ્યજ્ઞાને સહિત અને દિવ્યભાવે સહિત સ્વીકાર. આ સ્વીકાર થવાથી કોઈ કાળે આજ્ઞામાં ફેર ન પડે... ન પડે... અને ન જ પડે...

### ❑ ત્યારે જાણીએ શ્રીહરિની અનુજ્ઞાઓ :

શ્રીહરિની અનુજ્ઞા એટલે શું ? શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં સર્વે આશ્રિતમાત્રને આજ્ઞા કરી છે. ત્યાગી સમાજ માટે વિશેષ આજ્ઞા ‘ધર્મામૃત’ અને ‘નિષ્કામશુદ્ધિ’ વચનામૃતમાં છે. એ પ્રમાણે સત્સંગીમાત્રે રહેવું. આજ્ઞા મુજબ ન વર્તે તો શ્રીહરિએ શિક્ષાપત્રીમાં સ્પષ્ટ કહ્યું છે, “આ શિક્ષાપત્રી મુજબ નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બહાર છે.” ને આજ્ઞા પાળશે તેની ફલશ્રુતિ આપતાં શ્રીહરિએ ગઢડા પ્રથમના ૭૮મા વચનામૃતમાં કહ્યું છે, “પંચવર્તમાન સંપૂર્ણ રાખીએ ને તેમાં કોઈ રીતે ખોટ્ય આવવા દેઈએ નહિ, તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય છે, એમાં લેશમાત્ર સંશય નહીં.”

ગૃહસ્થ હરિભક્તોનાં પંચવર્તમાન : (૧) દારૂ, (૨) માટી, (૩) ચોરી, (૪) અવેરી તથા (૫) વટલવું નહિ અને વટલાવવું નહીં.

ત્યાગી સંતોનાં પંચવર્તમાન : (૧) નિષ્કામ, (૨) નિર્લોભ, (૩) નિર્માન, (૪) નિઃસ્નેહ તથા (૫) નિઃસ્વાદ.

શ્રીહરિએ ઉપરોક્ત જણાવેલ અનુજ્ઞાઓ સત્સંગીમાત્રમાં અને સંતોમાં દૃઢ થાય અને તેનો નિત્ય અભ્યાસ થાય તે માટે તેઓ આગ્રહ વર્ણવતાં કહે છે, “અમારી લખેલી જે શિક્ષાપત્રી (આજ્ઞાપત્રી) તેનો પાઠ અમારા આશ્રિત જે

ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ, સર્વે તેને નિત્ય કરવો.''

શ્રીજીમહારાજ તો પરભાવનું સ્વરૂપ હતા છતાંય અવરભાવવાળા સત્સંગ સમાજને દિશા દીપકો પાઠવવા પોતાના અવરભાવના જીવનની ભૂમિકા પારદર્શક વર્તનના માપદંડે ઊભી કરી. ત્યારે તેમણે પોતાના સત્સંગીમાત્રમાં વર્તનશીલ જીવનની કેટલીક ઊંચી અપેક્ષા રાખી છે. અને એ મુજબ સત્સંગ સમાજને એક નવો આયામ આપી, ઇતિહાસનાં પૃષ્ઠો પર સુવર્ણ અક્ષરે તેને કંડારાવી દીધો : ''સ્વામિનારાયણ સંપ્રદાય એટલે વર્તનનો સંપ્રદાય.''

આવા વર્તનશીલ જીવન જીવતા સમાજને સુવર્ણ ઘડીના બ્રાહ્મકાળે ગુરુવર્ય પ.પૂ.બાપજી આગવી ભલામણ કરી નિર્દંભ થવાનું કહી રહ્યા છે. એની પાછળ એમનો એક જ ઉદ્દેશ છે : અમારો સત્સંગી ઉપાસના તથા આજ્ઞામાં પૂરો હોય તો પછી વર્તનમાં નિર્દંભપણાની બાબતે કેમ અધૂરો રહે !

નિર્દંભ એટલે દંભ વગરનું, કપટ વગરનું, યુક્તિ-પ્રયુક્તિ વગરનું અર્થાત્ વાસ્તવિક, પારદર્શક, ડોળ વિનાનું જીવન. નિર્દંભ જીવન એટલે વાણી, વિચાર તેમજ વર્તનની એકતાવાળું જીવન. ગુજરાતીમાં કહેવત છે, 'હાથીના દાંત બતાવવાના અને ચાવવાના જુદા હોય.' એમ વર્તનની બાબતમાં આપણું બોલવાનું કંઈક ને વર્તવાનું કંઈક હોય. આમ, વર્તનમાં બોલવાની અને વર્તવાની બાબતમાં ભિન્નતા એટલે જ આપણું દંભી જીવન. આવા જીવનને વખોડતાં શ્રીહરિ કહે છે :

''દંભી ભક્ત મારા ધામને પામતો નથી. જે નિર્દંભ વર્તે છે તે જ મારા ધામને પામે છે. પૂજાવા માટે દંભ થતો હોય છે. દંભી પુરુષ બીજાને પ્રતીતિ આવે તેમ વર્તે. સત્યને ત્યજીને વર્તન થાય તેટલો દંભ જાણવો. દંભીમાં અપાર કલા રહેલી હોય છે. તે કોઈ જનના કળ્યામાં આવતી નથી, દંભીનું કલ્યાણ થતું નથી.''

– શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૫, તરંગ-૭૨

''દંભીને તો અમે યથાર્થ ઓળખીએ છીએ. દંભી તો સાચાથી પણ અધિક ભાવ દેખાડે છે... પોતાને લોકો માને તેમાં જ દંભીઓને વર્તવાનું ધ્યાન હોય છે. દંભીનું જ્ઞાન ગુપ્ત હોય છે. તેને જે માને તેની પ્રશંસા કરે છે અને તેને ખોદે તેને કુસંગી માને છે, પણ કપટીને જે સરસ માને છે તે કપટીની ગતિ જ પામે છે. માટે વિચારીને કપટીને પારખી લેવો.''

– શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૯, તરંગ-૬૦

તો વળી નિર્દંભ જીવનની ફલશ્રુતિ આપતાં શ્રીહરિ કહે છે,

"નિષ્કપટપણે સત્સંગ કરે છે તેની પ્રીતિ સત્સંગમાં દિન દિન વધતી રહે છે. સંતો-ભક્તોને પણ તેના પ્રત્યે પ્રીત અધિક ને અધિક થાય છે."

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૫, તરંગ-૧૬

"જે નિષ્કપટભાવે સત્સંગ કરે છે, તે અમારા ધામમાં છતે દેહે બેઠેલો છે."

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૫, તરંગ-૭૨

જેવા બહાર હોય તેવા અંદરથી વર્તે તો સાચો વેશ કહેવાય. એમ સમજી સત્સંગ કરે તેને તે ફળીભૂત થાય છે.

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૮, તરંગ-૧૪

આમ, શ્રીહરિ વર્તનની બાબતમાં નિર્દંભપણાનું અતિશે પ્રતિપાદન કરતા. પણ દંભીનો શ્રીહરિ નિત્ય પ્રત્યે મળની પેઠે ત્યાગ કરતા. મહાપ્રભુ નિર્દંભપણાની આગ્રહિતા વિશેષતઃ પંચવર્તમાન સંબંધી બાબતોમાં, સર્વોપરી સેવા સંબંધી બાબતોમાં તેમજ વ્યવહારિક કંઈક વસ્તુ લેવા-મૂકવા સંબંધી બાબતોમાં મુખ્ય રહેતી હતી. આમ, આ બાબતોમાં ક્યારેય મહારાજ અને મોટાપુરુષની આગળ દંભ ન રાખવો જોઈએ.

રાઘવજી શેઠ ખૂબ નિષ્ઠાવાન સત્સંગી હતા. વળી, સદ્. ગુણાતીતાનંદ સ્વામીના પરમ કૃપાપાત્ર. સ્વામી જ્યારે રાજકોટ પધારતા ત્યારે તેઓ તેમની સેવાઓનો અચૂક લાભ લેતા. પણ કુસંગના યોગે તેમને પરસ્ત્રીનો સંબંધ બંધાણો. એના લીધે સત્સંગમાંથી પાછા પડતા ગયા. આ અરસામાં સ્વામી ત્યાં પધાર્યા પણ રાઘવજી શેઠ તો દર્શને આવે નહીં. ત્યારે દયાળુમૂર્તિ સ્વામીએ તેમને યાદ કર્યા. તોપણ આવે નહીં. એમને સ્વામી સાથે હેત ખરું પણ પોતાના દંભને મુખ્ય રાખવાને લીધે તેઓ સ્વામીની સેવાનો લાભ ન લઈ શકતા. એક દિન તેઓનાં ઘરનાંના દબાણને લીધે રસોઈની સેવા આપવા વહેલી પરોઢે આવ્યા. તેમણે વિચાર્યું કે સ્વામી મને જુએ નહિ તે રીતે રસોઈનો સામાન મૂકીને જતો રહીશ. પણ એ દિવસે સ્વામી ઓટલા પર બિરાજ્યા હતા. રાઘવજી શેઠ જ્યાં સીધું અને દૂધ ઉતારવા જાય છે ત્યાં તો સ્વામી બોલ્યા, "શેઠ, નિર્દંભ થઈ જાવ. તમારા અંદર જે પાપ છે તે કહી દો. અમારી આગળ ખુલ્લા થઈ જાવ. અમે તમને માફ કરી દઈશું."

"ના, ના સ્વામી, એવું કંઈ નથી." શેઠ આડંબર કરતા બોલ્યા. "શેઠ,

અંદર જે રાંડ બેઠી છે એની વાત અમે કરીએ છીએ. હજુયે સમય છે. નહિ તો તમારી રસોઈ અમે નહિ સ્વીકારીએ.'' સ્વામીનાં આવાં વચનોની પણ શેઠ પર અસર ન થઈ. તેઓ સ્વામી સમક્ષ નિષ્કપટ ન થઈ શક્યા. ત્યારે સ્વામીએ દૂધનાં બોઘરણાં એમની સામે ખાડામાં ઊંધાં વાળી દીધાં. આ પ્રસંગ આપણને પંચવર્તમાન સંબંધી બાબત અંગે કપટ રહિત, દંભ વિહીન અને વર્તનશીલ થવાનો સિદ્ધાંત આપે છે.

શ્રીજીમહારાજ વરતાલમાં ગોમતી તળાવ ખોદાવતા હતા ત્યારે ઘણા હરિભક્તો ખરા અર્થમાં સેવા કરતા. જ્યારે કેટલાક કેવળ દંભ કરતા. સેવા કરવી ન પડે માટે આઘાપાછા થઈ જતા. પણ શ્રીહરિ દિવસના અંતે સાચી સેવા કરવાવાળાને રાજીપો આપતા ને કપટીઓનો વારો આવે ત્યારે કહે, ''અમે થાકી ગયા'' - એમ કહી ભેટવું બંધ કરતા. આ પ્રસંગ આપણને સેવા બાબતે ડોળ વિનાનું, વેશ વિનાનું જીવન જીવવાનો ઉપદેશ આપે છે.

સાધુ નારાયણદાસ પાસે જૂની ગોદડી હોવા છતાં તેઓએ ઉકરડે નાખી નવી ગોદડી લેવા માટે મહારાજ પાસે પ્રયુક્તિ કરી. આ પ્રસંગ વ્યવહારમાં કંઈક લેવા-મૂકવા બાબતે અસત્ય કરીને કપટ, દંભ, આડંબર વિનાના જીવન પરત્વેનો સંદેશ આપે છે. આમ, વર્તનશીલ જીવનમાં નિર્દંભપણાને પ્રતિપાદિત કરવાને માટે આપણે દેહાભિમાન તથા આબરૂનો સંપૂર્ણપણે ત્યાગ કરવો જોઈએ. મહારાજ અને મોટાપુરુષની મોટપનો જીવસત્તાએ સ્વીકાર કરવો જોઈએ તેમજ મળેલી સર્વોપરી પ્રાપ્તિનો અહોનિશ - આઠોજામ વિચાર કરવો જોઈએ. આમ કરવાથી જ નિર્દંભપણું સહજમાં પ્રાપ્ત થાય છે.

નિર્દંભપણાનો જીવનમાં જ્યારે આવિર્ભાવ થાય છે ત્યારે માન ટળે, પાપનું પ્રાયશ્ચિત્ત થાય અને દયાને પાત્ર થઈ જવાય, મહારાજ અને મોટાથી અંતરાય રહિત થઈ જવાય, અંતઃશત્રુઓ પર વિજય મેળવી શકાય અને સત્સંગની પૂર્ણાહુતિ સમા મૂર્તિસુખના અધિકારી થવાય છે.

**''અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં મહારાજ અને મોટાના મુખમાંથી નીકળેલ અલ્પ વચનને પણ હેઠું ન પડવા દેશો. તો વળી, ઉપાસનારૂપી પીલરમાં અલ્પ પોલ ન રહી જાય તે નિરંતર જોતા રહેજો.''**




**વાતો કરતાં વર્તન બળવાન છે એ રીત રાખજો...**

જ્યાં મનનું ગમતું જ થતું હોય તેનું નામ સંસાર. અને મનગમતું મૂકી પ્રભુનું ગમતું જ થાય એનું નામ સત્સંગ. પરંતુ અવરભાવમાં સંસારમાં અને સત્સંગમાં સૌની સાથે રહેવાનું છે ત્યારે મહારાજ અને મોટાપુરુષનું ગમતું, રુચિ અને આજ્ઞાને આપણાં મનગમતાં કરીએ તો આપણે સત્સંગની બાજી જીતી જઈએ.

મોટાપુરુષ સમગ્ર સત્સંગની મા સમાન છે. તે પોતે શ્રીહરિકૃત આજ્ઞામાં સરાધાર વર્તે છે અને સમગ્ર સમાજને જતન કરી વર્તાવે છે. સૌને રાજી રાખે છે અને રાજીપો વરસાવે છે. પરંતુ જ્યારે પોતાના શિષ્યવૃંદમાં બે ત્રુટિ જુએ ત્યારે તેમનું કોમળ હૈયું દુઃખી થઈ જાય છે ને ક્યારેક નેત્ર પણ અશ્રુભીનાં થઈ જાય છે જેમાં એક છે ઉપાસના અને બીજી છે આજ્ઞાની કસર. કારણ કે આજ્ઞા અને ઉપાસના આ બે સત્સંગની પાંખો છે અને એ જ સત્સંગનો પાયો છે. એમાં પણ વિશેષે કરીને જ્યારે શ્રીહરિની કરેલી આજ્ઞા પ્રત્યે દુર્લક્ષ્ય સેવાય ત્યારે તેઓ તેને ખમી શકતા નથી. પછી તે આજ્ઞા વ્યવહારલક્ષી હોય કે સત્સંગલક્ષી હોય પરંતુ એમાં જેટલા સાવધાન થઈને વર્તાય એટલો જ સત્સંગ ટકે છે. માટે ગુરુવર્ય પ.પૂ. બાપજી સૌને ભલામણ કરી રહ્યાં છે કે, ભલા થઈને...

**“જેનાં જેનાં કહ્યાં પાંચ વર્તમાન,**
**સંતો-ભક્તોએ રહેવું થઈ સાવધાન;**
**વાતો કરતાં વર્તન છે બળવાન...”**

જેમ ખેતરના રક્ષણ માટે વાડ હોય છે, પુલ ઉપર રક્ષાયેલા રહેવાય તે માટે પેરાફીટ હોય છે તેમ શ્રીજીમહારાજે ત્યાગી-ગૃહી બંને વર્ગને પંચવર્તમાનરૂપી વાડ બાંધી આપી છે જે સત્સંગમાં સદા રક્ષાયેલા રહેવા માટે છે.

સંવત ૧૮૭૬ના દ્વિતીય જ્યેષ્ઠ વદિ અમાવસ્યાને દિવસે સ્વયં શ્રીજીમહારાજે દાદાખાચરના દરબારમાં પોતાના આશ્રિતજનોને ફરમાન કર્યું છે કે, “આજથી જે કોઈ પંચવર્તમાનરૂપ જે ધર્મ તેને મૂકીને જ્ઞાનનું કે ભક્તિનું બળ લેશે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે.”

- ગઢડા પ્રથમનું ૭૭મું વચનામૃત

માટે ત્યાગીએ ત્યાગીનાં વર્તમાન નિષ્કામ શુદ્ધિ, ધર્મામૃતમાં અને શિક્ષાપત્રીમાં કહ્યા છે તે પ્રમાણે પાળવાં અને ગૃહસ્થોએ શિક્ષાપત્રીમાં કહ્યા પ્રમાણે પાંચે વર્તમાન પાળવાં.

શ્રીહરિકૃત ત્યાગીનાં પંચવર્તમાન :

(૧) નિષ્કામ, (૨) નિર્લોભ, (૩) નિર્માન, (૪) નિઃસ્વાદ, (૫) નિઃસ્નેહ

શ્રીહરિકૃત ગૃહસ્થનાં પંચવર્તમાન :

(૧) દારૂ, (૨) માટી, (૩) ચોરી, (૪) અવેરી, (૫) વટલવું નહિ અને વટલાવવું નહીં.

શ્રીજીમહારાજે કરેલી આ આજ્ઞામાં ત્યાગી-ગૃહી સર્વેએ વર્તવું અને જેટલું એ પ્રમાણે ન વર્તાય એટલો જ ક્લેશ થાય છે. જે વાત સમજાવતાં શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૩૪મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું ને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું ને તેમાં જેટલો ફેર પડે તેટલો ક્લેશ થાય છે.’’

નિયમ-ધર્મ એ જ સંતો-હરિભક્તોનું શ્રેષ્ઠ આભૂષણ છે. એ જ સંતો-હરિભક્તોની શોભા છે. જેની સ્પષ્ટ રુચિ દર્શાવતાં શ્રીહરિ કહે છે કે, ‘‘અંગ પર ભૂષણ અનેક પ્રકારના પહેરે, પણ નિયમરૂપી ભૂષણ બધાં ભૂષણોમાં શ્રેષ્ઠતર છે. જેમાં જેટલો નિયમ તેનામાં તેટલી શોભા. જેને અંતરમાં ક્ષેમકુશળ રહેવાની ઈચ્છા હોય તેને અહોનિશ નિયમ પાળવા. નિયમ વિના બધી વાતે પળે પળે દુઃખ આવશે. જે નિયમભંગ કરે છે ને એવા દુઃખમાં પણ સુખ માને છે તેને પશુ જાણવો.’’

– શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૨, તરંગ-૧૬

સૃષ્ટિનું ચક્ર હંમેશાં નિયમાનુસાર ગતિમાન રહે છે. સૂર્ય સમયસર ઊગે છે અને અસ્ત પામે છે. ચંદ્ર પણ સમયસર ઊગે છે અને અસ્ત પામે છે. તેની કળા વધે છે - ઘટે છે. ઋતુ પણ નિયમાનુસાર વર્તે છે. માત્ર સૃષ્ટિ-જગત જ નહિ પરંતુ અન્વયની લાઈનના અનંતાનંત દેવો-અવતારો પણ શ્રીહરિની આજ્ઞાનુસાર વર્તે છે. ત્યારે આપણને સૌને તો શ્રીજીમહારાજે એમનો વ્યતિરેક સંબંધ કરાવ્યો છે. શ્રીજીમહારાજથી બીજા નંબરના અનાદિમુક્ત કર્યા છે. કારણ સત્સંગનો દિવ્ય યોગ આપ્યો છે ત્યારે અનાદિમુક્તની પદવીને પામેલા એવા ત્યાગી-ગૃહી સૌનું જીવન પણ અનાદિમુક્તની પદવીને શોભાડે તેવું જ હોવું જોઈએ.

એક સામાન્ય સત્સંગીના જીવનમાં પણ પંચવર્તમાન દૃઢ હોય તો કારણ સત્સંગી તરીકે તો આપણા જીવનમાં પંચવર્તમાનની દૃઢતા હોવી ફરજિયાત છે. કારણ કે કારણ સત્સંગ એ માત્ર જાણવાનો નહિ, વર્તનનો સત્સંગ છે એટલે કે પંચવર્તમાનની માત્ર જાણકારી મેળવવાથી તથા તે અંગેની વાત કરવાથી કે સાંભળવાથી હરગિજ નહિ ચાલે. એ પ્રમાણેનું આપણું લક્ષ્યાર્થવાળું જીવન કરવું પડશે. પંચવર્તમાનમાં શૂરા અને પૂરા - સાવધાનપણે રહેવું જ પડે. કદાચ

પંચવર્તમાનની થિયરી કડકડાટ બોલતા નહિ આવડે તો ચાલશે પરંતુ પંચવર્તમાને યુક્ત જીવન હશે તો જ શ્રીજીમહારાજ રાજી થાય છે. કારણ કે "જ્ઞાનનાં ગાંસડાં કરતાં અધોળનું આચરણ વધુ મહત્ત્વનું છે." એટલે જ શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૭૮મા વચનામૃતમાં આધારાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પોતાનો વર્તનનો જ આગ્રહ દર્શાવ્યો છે, "પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પંચવર્તમાન સંપૂર્ણ રાખીએ ને તેમાં કોઈ રીતે ખોટ્ય આવવા દેઈએ નહિ, તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય છે, એમાં લેશમાત્ર સંશય નહીં."

શ્રીજીમહારાજ વર્તનના આગ્રહી હતા તેની સચોટતાનું દર્શન તેઓએ પ્રારંભથી જ કરાવ્યું છે. શ્રીજીમહારાજે સત્સંગની શરૂઆત જ વર્તનથી કરી છે. માત્ર બ્રહ્મચર્યની વાત નહોતી કરી; સત્સંગમાં આવતાની સાથે પ્રથમ દિવસે જ સ્ત્રી-પુરુષોની સભા નોખી કરાવી હતી. ત્યાં વાતને વાસ્તવિક સ્વરૂપ આપી સૌને રાહ ચીંધ્યો હતો.

શ્રીજીમહારાજે સંતોને આણંદમાં સત્સંગ કરાવવાની આજ્ઞા કરી ત્યારે વિદ્વાન સંતો, ગવૈયા સંતો, બધાએ પોતપોતાની આગવી આવડતથી, વિદ્વત્તાથી, વાતથી સત્સંગ કરાવવા પ્રયત્ન કર્યો પરંતુ એક પણ સત્સંગી ન થયા. ત્યારે શ્રીજીમહારાજે સદ્.અપારાનંદ સ્વામીને આણંદ સત્સંગ કરાવવાની આજ્ઞા કરી. સદ્.અપારાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કે, "દયાળુ ! હું તો સાવ અભણ છું. મારી પાસે કોઈ આવડત નથી. જે કામ મોટા મોટા વિદ્વાન સંતોથી નથી થયું, સંગીતજ્ઞ સંતોથી નથી થયું તે મારાથી કેવી રીતે થશે ?" ત્યારે શ્રીજીમહારાજે આશીર્વાદ આપતાં કહ્યું કે, "સ્વામી ! ભલે તમને વિદ્વાન સંતો જેવી વાત કરતાં ન આવડે, સંગીત વગાડતાં ન આવડે પરંતુ તમારું વર્તન વાતો કરશે." શ્રીહરિની અનુજ્ઞા લઈ સદ્.અપારાનંદ સ્વામી આણંદ પધાર્યા. તેમનું સાધુતાસભર વર્તનશીલ જીવન જોઈ હજારો મુમુક્ષુઓ સત્સંગમાં ખેંચાયા અને વર્તમાન ધારણ કરી કંઠી પહેરી સત્સંગી થયા.

સદ્. અપારાનંદ સ્વામીના નિમિત્તે શ્રીજીમહારાજે આપણને શિખવાડ્યું છે કે, વાતો કરતાં વર્તન બળવાન છે. કારણ કે કેવળ વાતથી સમાસ થાય પરંતુ કોઈનું પરિવર્તન ન થાય. પોતાના અને બીજાના જીવનનું પરિવર્તન તો વર્તનથી જ થાય. વાત જ્યારે વર્તન બને છે ત્યારે જ જીવન નક્કર અને વાસ્તવિક બને છે. બુદ્ધિબળે કરીને માત્ર જ્ઞાન જાણવાથી અહંકાર વધે છે, જે આપણામાં ગેરસમજ ઊભી કરી દે છે : "હું બધું જ જાણું છું, મને બધી ખબર છે." તો વળી, ક્યાંક

માત્ર બીજાને વર્તાવવા માટેનો જ ઉપદેશ અપાતો હોય છે. સત્સંગીમાત્રનું જીવન આવું જ હોવું જોઈએ. આવા નિયમ તો પાળવા જ પડે. આવું બધું જાણતા હોઈએ છીએ. ક્યાંક કોઈની આગળ વાત પણ કરતા હોઈએ છીએ. પરંતુ એ જ્ઞાનમાં જ પૂર્ણતા માની વર્તન સુધી પહોંચી શકતા નથી. કરોડપતિના દીકરા હોવા છતાં આપણું વાસ્તવિક જીવન રોડપતિના દીકરા જેવું હોય છે એટલે કે પ્રાપ્તિ ઊંચી મળી હોવા છતાં પ્રાપ્તિને શોભાડે એવું દિવ્યજીવન આપણે જીવી શકતા નથી કારણ સાંભળેલી કે જાણેલી વાત આપણા વર્તનમાં નથી આવી. માટે જ્યારે એ વાત વર્તનમાં આવશે ત્યારે જીવનની અને આપણી પ્રતિભાની મુલવણી સાવ બદલાઈ જશે.

કમળ જેમ કાદવની વચ્ચે ખીલે છે છતાં તેને કાદવ પણ સ્પર્શ કરી શકતો નથી. એમ વર્તનશીલ જીવનવાળાને સંસારની કોઈ વસ્તુ, પદાર્થ કે વ્યક્તિ તેના અચળ ધ્યેયમાંથી વિચલિત કરવા શક્તિમાન રહેતો નથી. માટે પોકળ વાત છોડી વર્તન તરફ પ્રયાણ કરીએ અને આધ્યાત્મિક માર્ગે બળવાન બની સૌના પ્રેરણારૂપ બનીએ.

એક વિધવા ડોશી અને તેમનો દીકરો નાનકડા ઝૂંપડામાં સાથે રહેતા હતાં. આ છોકરો ખૂબ ગૉળ જમતો. તેની મા વારંવાર ટોકે છતાં તેની આ ટેવમાં કોઈ સુધારો ન થયો. એક દિવસ ડોશીમા દીકરાને બાજુના ગામમાં એક સંત પાસે લઈ ગયા અને તેને ગૉળ છોડાવવા વિનંતી કરી. પરંતુ સંતે અઠવાડિયા પછી આવવાનું કહ્યું. કારણ કે એ સંત પોતે જ ખૂબ ગૉળ જમાડતા હતા. તેથી અઠવાડિયા દરમ્યાન તેમણે પોતે ગૉળ જમવાનો બંધ કરી દીધો. ત્યારબાદ છોકરાને ગૉળ ન જમવા ઉપદેશ આપ્યો. સંતની વર્તનવાળી વાતની ધારી અસર છોકરા પર થઈ અને તેણે તરત ગૉળ જમવાનો બંધ કરી દીધો.

એક આદર્શ સત્સંગી પરિવારમાં રોજ નિયમિત ઘરસભા થાય. વડીલોના આદર વિશે એક દિવસ ઘરસભામાં ચર્ચા થઈ. પિતાશ્રીએ બાળકોને ઘરના વડીલોને દરરોજ ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કહેવાની આજ્ઞા કરી. બીજા દિવસે બાળકોએ ચરણસ્પર્શ ન કર્યા કે જય સ્વામિનારાયણ પણ ન કર્યા. તેથી ફરીથી સભામાં વાત કરી. આ પછી પણ ઘણી વાર બાળકોને આગ્રહપૂર્વક વાત કરી. કોઈ વાર શિક્ષા પણ કરી છતાંય બાળકોના જીવનમાં કોઈ ફેરફાર ન થયો.

પિતાજીએ એક દિવસ વિચાર કર્યો અને પોતાનાં માતાપિતા, દાદા-દાદી તથા અન્ય ઘરના વડીલોને ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કહ્યા. આ દૃશ્ય જોઈ એ જ દિવસથી બાળકોએ માતાપિતા તથા ઘરના અન્ય વડીલોને ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કહેવાના શરૂ કરી દીધા.

અનેક વખત કરેલી વાતની અસર ન થઈ પરંતુ વર્તનની અસર તરત જ થઈ. બાળકોના જીવનપરિવર્તનનો પ્રેરણાસ્રોત વડીલનું વર્તન બન્યું.

એમ આપણા સ્વજીવનમાં રાજીપાના માર્ગે આગળ વધવા અને આપણા પરિવારના સભ્યોના ઉજ્જવળ ભવિષ્ય માટે પણ વાતને વાત ન રાખતા વર્તન કરીએ.

જેવું મકાન બનાવવું હોય એવો જ પ્લાન બનાવવો પડે છે, જેવું ભવિષ્ય બનાવવું હોય તેવું જ સ્વપ્નું જોવું પડે છે, જેવું રાચરચીલું કરાવવું હોય તેવાં લાકડાં લાવવાં પડે અને કાપવાં પડે, જેવાં વસ્ત્રો સીવવાં હોય તેવું જ કાપડ વેતરવું પડે. એમ, અનાદિમુક્તને શોભે એવું દિવ્યજીવન કરવું હોય તો વાત કરતાં વર્તન અધિક કરવું જ પડે. નહિ તો લપોડશંખની જેમ માત્ર વાણીની પોકળતા જ રહે જે શ્રીજીમહારાજને અને મોટાપુરુષને હરગિજ પસંદ નથી.

- ❑ **આપણા સ્વજીવનમાં વાતને વર્તન કરવા શું કરવું ?**

**૧. આંતરખોજ કરવી :**

કથાવાર્તા એ સત્સંગનું હાર્દ છે. આપણે આપણા જીવનમાં નિત્ય પ્રત્યે સંત-સમાગમ દ્વારા કે સત્સંગ સભાઓ દ્વારા કથાવાર્તાનો લાભ લઈએ છીએ. પરંતુ જ્યારે તેનાં પરિણામ અને પરિમાણનો વિચાર કરીએ તો સરવાળે શૂન્ય હોય છે એટલે કે ગમે તેટલી કથાવાર્તા સાંભળવા છતાં જીવનપરિવર્તનના માર્ગ પર ડગ ભરી શકતા નથી. કારણ કે સભા સાંભળ્યા પછી તેનું મનન થતું નથી અને તેનું સ્વજીવન તરફ કોઈ લક્ષ્ય કેળવાતું નથી. હવે જ્યારે સુવર્ણ યુગના પ્રારંભે કથાવાર્તાને વાત ન રાખતાં એ પ્રમાણેનું વર્તનવાળું જીવન કરવું છે ત્યારે કથાવાર્તા સાંભળ્યા પછી આંતરખોજ કરવી. જે જે વાત થાય તેનો અંતરમાં વિચાર કરીએ. જેમ કે, કથામાં વાત આવી કે ક્રોધી ભક્ત શ્રીજીમહારાજને દીઠોય ગમતો નથી. આટલી વાત સાંભળ્યા પછી આપણા આંતરજગતમાં ખોજ કરવી કે, "મને કયા કયા સંજોગોમાં કેવો ક્રોધ આવે છે ? શું હું જે ક્રોધ કરું છું તે ખરેખર યોગ્ય છે ? ક્રોધનું મુખ્ય કારણ શું છે ? માત્ર મારા મનનું ધાર્યું નથી થયું એટલું જ કે બીજું ?

ક્રોધ કર્યા પછી મારા આંતર જગતની શું સ્થિતિ થઈ ? શું ફાયદો થયો ?''

આવા અનેક પ્રશ્નો દ્વારા આંતરખોજ કર્યા કરવી. જેમાં આપણી કસરો અને ત્રુટિઓ દેખાય તેને ઓળખવી અને સ્વીકારવી : ''આ દોષ ખરેખર મારામાં છે જ.'' એવો સ્વીકાર થાય અને ''હું કેવો છું'' એવો વિચાર આવે તો જ એને ટાળવાના માર્ગે આગળ વધાય.

તત્ત્વચિંતક સોક્રેટિસ અનેક વખત દર્પણમાં પોતાનો ચહેરો જોતા હતા એ વખતે તેમના એક મિત્રએ તેમને આશ્ચર્ય સાથે પૂછ્યું કે, ''મહેરબાન, આપ જાણો છો કે આપ બહુ રૂપાળા નથી છતાં કેમ વારંવાર દર્પણમાં જુઓ છો ?''

સોક્રેટિસે વિચારપૂર્વક જવાબ આપતાં જણાવ્યું કે, ''હું બહુ રૂપાળો તો નથી જ, કદરૂપો જ છું. છતાંય હું વારંવાર દર્પણમાં એટલા માટે જોઉં છું કે મારા આ કુરૂપને ઢાંકવા માટે મારે મારી અંદર રહેલા દોષોને શોધીને કાઢવા પડે અને એવાં સારાં કાર્યો કરવાં પડે કે જેથી મારા ચહેરાની કુરૂપતા મારા વર્તનથી બદલાઈ જાય. સાચી સુંદરતાને પામી શકાય.'' આપણે પણ આપણા જીવનમાં આંતરખોજ કરીએ અને દોષો ને ત્રુટિઓને ઓળખીએ.

**૨. ત્રુટિ કે કસર દૂર કરવાના ઉપાયમાં મંડ્યા રહેવું :**

આંતરખોજ કરતાં આપણા જીવનની ત્રુટિ કે કસરને ઓળખવી અને તેનો સ્વીકાર કરવો. કારણ કે ઘણી વખત આપણને કસર દેખાવા છતાં તેનો સ્વીકાર નથી થતો. કદાચ મોટાપુરુષ આપણું જીવન બદલવા ટકોર કરે તોપણ આપણા દેહાભિમાનને કારણે તેને સ્વીકારી શકતા નથી... તો પછી તેને ટાળવાનો ઉપાય તો થાય જ ક્યાંથી ?

માટે સૌપ્રથમ કસરનો સ્વીકાર કરી તેને કેવી રીતે ટાળવી તેનો ઉપાય શોધીએ. એ કસરને ટાળવાનો ઉપાય મહારાજ અને મોટાપુરુષે કથાવાર્તામાં દર્શાવ્યો હોય, વચનામૃતમાં કે બાપાશ્રીની વાતો કે અન્ય ગ્રંથોમાં પણ બતાવ્યો હોય તો તે ઉપાયને આપણા સ્વજીવનમાં અપનાવીએ. એક દિવસ – બે દિવસ એમ લગાતાર જ્યાં સુધી કસર ન ટળે ત્યાં સુધી એને દૂર કરવાના ઉપાયમાં મંડ્યા રહેવું.

**૩. મહારાજ અને મોટાને નિરંતર પ્રાર્થના કરવી :**

અનાદિકાળથી દૃઢ થયેલાં આપણાં સ્વભાવ-પ્રકૃતિ કે આપણી કસરો માત્ર પુરુષપ્રયત્નથી ટળે એમ નથી. પરંતુ એ કસરને ટાળવાના સઘન પ્રયત્નની સાથે સાથે મહારાજ અને મોટાપુરુષને પ્રાર્થના કરવી. કારણ કે એમના રાજીપા વિના,

એમના સહારા વિના અવરભાવ ટાળવો શક્ય જ નથી. માટે ખરા ભૂખ્યા અને ગરજુ થઈને આપણા એક એક સ્વભાવ, દોષો માટે નિરંતર પ્રાર્થના કરવી. જેટલી પ્રાર્થના વિશેષ કરીશું એટલા જ મહારાજ અને મોટાપુરુષ આપણી ભેળા ભળે અને ટાળવાનું બળ આપે.

## ૪. પોતાનું સરવૈયું કાઢતા રહેવું :

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૩૮મા વચનામૃતમાં સત્સંગમાં આવ્યા પછી કેટલી વાત વર્તનમાં ઊતરી છે અને કેટલું જીવન બદલાયું છે તેનું નામું લખવાની રીત શિખવાડી છે કે, ‘‘જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની વાસના હતી, એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો.’’

એટલે કે સત્સંગમાં આવ્યા ત્યારે મારું જીવન કેવું હતું ? દિન-પ્રતિદિન સત્સંગનો લાભ લઈ મારું પંચવર્તમાને યુક્ત જીવન થયું છે ? આંતરખોજ કરીને ઓળખેલા સ્વભાવ-પ્રકૃતિને, દોષને ટાળવાનો કેટલો પ્રયત્ન થયો છે ? કેટલા દોષ ટળ્યા છે ને કેટલા રહ્યા છે તેનું સરવૈયું કાઢવું અને તેને ટાળવા પ્રયત્ન કરવા.

આપણને મળેલા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાને પણ વર્તનશીલ જીવન જીવવાનો પથ પોતાના જીવન દ્વારા આપ્યો. આપણને મળેલા જીવનપ્રાણ બાપાશ્રી અને સમર્થ સદ્‌ગુરુશ્રીઓ પણ વર્તનના આગ્રહી બની રહ્યા અને વર્તનશીલ જીવનના ઉચ્ચ આદર્શો સેવ્યા. વર્તમાનકાળે આપણને મળેલી અણમોલ ભેટ સમાન ગુરુવર્ય પ.પૂ.બાપજી પણ સદાકાળ વાતો કરતાં વર્તનના વધુ આગ્રહી રહ્યા છે અને આજે સમગ્ર એસ.એમ.વી.એસ. પરિવારનું વર્તનશીલ જીવન કરાવવા અથાગ પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે એમના સાચા શિષ્ય તરીકે આપણું પણ એવું પંચવર્તમાને યુક્ત અને વર્તનશીલ જીવન કરીએ.

**‘‘અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં જે કંઈ વાંચીએ, સાંભળીએ એ બધાને આચરણમાં મૂકવાના પ્રયત્નમાં રહેજો. બસ...**

**‘‘વાતો કરે વર્તન અમારું, ગમતું કરું તમારું.’’**



ભલામણ-૭ ભલા થઈને...

**અલ્પ વચનમાં ફેર પડે તો**
**મહદ્ વચનમાં ફેર પડ્યો જાણજો...**

*"હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને;*
*પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જો ને."*

વર્ષો પહેલાંના પદના ઉપરોક્ત શબ્દો આજે પણ આધ્યાત્મિક માર્ગના કોઈ પણ યાત્રિકને પ્રેરણાદાયી છે. રાજીપા યુનિવર્સિટીના મુમુક્ષુઓને પ્રાપ્તિથી સ્થિતિ તરફ પ્રગતિ કરવાનો માર્ગ તેમજ ઉત્તમ સુખ લેવાનો માર્ગ એ કંઈ છોકરાની રમત નથી. રણમેદાનમાં વિજયઇચ્છુક શૂરવીર સૈનિકોમાં દેશદાઝ ફરજિયાત છે તેમ આધ્યાત્મિક માર્ગના આ સૈનિકોને અપ્રતિમ નિષ્ઠા તથા નિયમ-ધર્મરૂપી બે સબળ શસ્ત્રોથી મંઝિલે પહોંચવું ફરજિયાત છે. આ માર્ગ પણ કાંટાળો છે, ઘર્ષણનો છે, કંટકોથી આચ્છાદિત છે તથા ભરપૂર હિંમતનો છે. તેથી જ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે,

*"તન કરી નાખે રે ગુરુવચને ચૂરેચૂરા..."*

શ્રીજીમહારાજ પોતાના સંતો-ભક્તો આગળ પોતાનો સંકલ્પ જણાવતા, "તમને સર્વેને દાદાખાચર અને પર્વતભાઈ જેવા કરવા છે." ત્યારે માત્ર કથા સાંભળી અને ચીલાચાલુ સાધનો કરવાં તે તેમના સંકલ્પનો પર્યાય છે ? ના. શ્રીજીમહારાજે બહુ આયોજનબદ્ધ સંકલ્પ કરેલો એટલે કે સંકલ્પ કરતા પહેલાં ખૂબ કૃપા પણ વરસાવેલી. આપણે કહીશું - કઈ કૃપા ? કીર્તનમાં કહ્યું છે ને,

*"સુખસાગર હરિવર સંગે સુખ માણજો, અતિ ઘણી મહેર કરી છે શ્રીજીમહારાજ જો;*
*પુરુષોત્તમ સાથે પૂરણ સગપણ થયું, આપણ તુલ્ય નહિ કોઈ બીજું આજ જો."*

અર્થાત્ આપણા ચૈતન્યને અનાદિમુક્ત કરી મૂર્તિના સુખમાં રાખી લીધો. સર્વશ્રેષ્ઠ એવી અનાદિમુક્તની મહાપ્રભુથી બીજા નંબરની પદવી આપી દીધી. આ અનરાધાર કૃપા નહિ તો બીજું શું ?

આવા સર્વોપરી, સનાતન અને અજોડ ભગવાન સ્વામિનારાયણ મળ્યા ને અદ્‌ભુત પ્રાપ્તિ કરાવી... તો આપણે હવે શું કરવાનું ? બસ, તેમની નાની-મોટી આજ્ઞામાં રહેવાનું અને તેમને રાજી કરી લેવાના.

સદ્. ગુણાતીતાનંદ સ્વામી બીજા પ્રકરણની ૧૯૦મી વાતમાં કહે છે, "ભગવાનની મૂર્તિ, ભગવાનના સાધુ અને ભગવાનની આજ્ઞા એ ત્રણ વાતમાં જ માલ છે. એવો બીજી કોઈ વાતમાં માલ નથી."

સદ્. મુનિસ્વામી પ્રથમ જ દર્શને હંમેશાં સૌને સત્સંગના સારરૂપ જે અલ્પ શબ્દો કૃપા કરીને કહેતા કે, "મહારાજની આજ્ઞા પાળજો, તેમાં સુખ છે." બસ,

આટલો જ સત્સંગ, એથી વિશેષ કાંઈ જ ન બોલતા. પણ તે શાસ્ત્રોના સારરૂપ સત્સંગ હતો. બ્રહ્માદિકથી લઈને અક્ષરકોટિપર્યંત અનંતાનંત અન્વય સ્વરૂપના અવતારો શ્રીજીની આજ્ઞામાં યથાર્થ વર્તતા હોય અને આપણે તેમના બીજા નંબરના દીકરા થઈને આજ્ઞા લોપ કરતા હોઈએ તે કેવું અજુગતું છે ! માટે ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘણેરી ભલામણમાં ભલા થઈને આજ્ઞા પાળવી તે વાત વારંવાર કરી, આપણને 'આજ્ઞા'નું અદકેરું મહાત્મ્ય સમજાવે છે. ત્યારે ભલામણ ગીતનો આ હૃદયસ્પર્શી સૂર છે, ભલા થઈને...

**"અલ્પ આજ્ઞામાં ન પડવા દેવો ફેર,**
**મહદ્ વચન લોપાઈ જાય જરૂર;**
**ખોવાઈ જાય જે થઈ છે ઘણી મહેર."**

આજ્ઞા એટલે આજ્ઞા. સત્સંગનો પાયો આજ્ઞાપાલનમાં રહેલો છે.

બાળક માતાપિતાની, સૈનિક સેનાપતિની, રૈયત રાજાની, ભક્ત ભગવાનની ને શિષ્ય ગુરુની આજ્ઞામાં રહે એ તો સનાતન નિયમ છે. તે દરેકનાં સુખ અને પ્રગતિનું આ રાઝ (રહસ્ય) છે.

જો મુંબઈ જેવા શહેરમાં પણ ભોમિયાની (ગાઈડ-માર્ગદર્શકની) જરૂર પડતી હોય તો આધ્યાત્મિક માર્ગમાં તો તેના વિના ચાલે જ કેમ ? તેમાંય આપણને તો સત્સંગમાંય સત્સંગ એવા કારણ સત્સંગનો યોગ મળ્યો અને એસ.એમ.વી.એસ. સંસ્થામાં પ્રવેશ મળ્યો તે કેટલી અદ્ભુત બાબત બની ગઈ !! આ માર્ગદર્શક સમાન શિક્ષાપત્રી સ્વયં શ્રીજીએ સ્વહસ્તે લખીને આપણને ગાગરમાં સાગર સમાવીને, કૃપા કરીને જીવનલક્ષી ભાથું આગોતરું આપી દીધું. કેટલી કૃપા વરસાવી દીધી !! શ્રીજીના વચનમાં વર્તવાનો લાભ તો જુઓ...

*"શ્રીજી ચરણે જીવ જે આવે, વચનના ઝીલનાર;*
*દાસાનુદાસ કહે જરૂર પામે, મહારસનો ભંડાર."*

**❑ વચનનું મહત્ત્વ શું છે ?**

તો વચનમાં રહેવાથી... મોક્ષનો માર્ગ ટૂંકો બની જાય છે, વિઘ્નોમાંથી છુટકારો મળે છે, આ લોક-પરલોકમાં સુખ મળે છે, મહાભયંકર શત્રુઓ - કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યામાંથી મુક્તિ મળે છે, ભવબંધનમાંથી છુટાય છે. શિક્ષાપત્રીમાં મહાપ્રભુએ આજ્ઞામાં રહેનાર માટે એવી બાંહેધરી પણ આપી કે, 'ચારેય પુરુષાર્થની સિદ્ધિને પામે.' પ્રભુ પ્રત્યે મમત્વભાવ, સ્નેહ અને આત્મબુદ્ધિ

જન્મે છે, સુખના સમુદ્રમાં દોટ્યો દે છે, ભગવાન તેને વશ થઈ જાય છે વગેરે...

પૂ. સંતોરચિત એક પ્રાર્થનામાં દિવ્યજીવન જીવવા ઈચ્છનાર મુમુક્ષુના જીવનના સારરૂપ નીચેની બે પંક્તિઓ બેનમૂન છે :

*“આપના વચન મારા જીવનનો રાહ છે,*
*આપની રુચિમાં જીવી જાવું.”*

શ્રીજીમહારાજને રાજી કરવાના ઈશકવાળા અને વચનની દુનિયામાં રમણ કરનારા મુમુક્ષુ માટે તો મહારાજ અને મોટાનાં વચન એ જ તેના જીવનનો માર્ગ છે. અને તેમની નાનીમોટી રુચિમાં વર્તવું એ જ તેના જીવનનો સાર છે.

જેને જે વસ્તુનું જેટલું મહત્ત્વ સમજાય તે, તે વસ્તુનું તેટલું જ જતન કરી શકે છે. તેવું જ કંઈક આજ્ઞા વિષે છે. મહારાજ અને મોટાનું જેને મહાત્મ્ય સમજાયું હોય, દિવ્યભાવે સહિત જેટલી પ્રીતિ થઈ હોય તે વ્યક્તિ તેમની આજ્ઞાનું તેટલું જ જતન કરી શકે છે. તેથી ઊલટું વિચારીએ તો મહારાજ અને મોટાની આજ્ઞા પાળતો નથી તેને મહારાજ ને મોટાનો યથાર્થ મહિમા સમજાયો જ નથી.

વર્તમાનકાળે મહારાજ પ્રતિમા સ્વરૂપે દર્શન આપતા હોઈ; આજ્ઞા કરવાના નથી પરંતુ સત્પુરુષ દ્વારા તેમની આજ્ઞા સદાયને માટે ચાલુ જ રહેશે. તેથી ભગવાનની જેમ સત્પુરુષની આજ્ઞાનું જતન કરવું ફરજિયાત છે.

ભક્ત જ્યારે એમ સમજે છે કે કોનું કે'ણ છે અને કોનું વેણ છે ત્યારે તેના માટે મોટાપુરુષના એક-એક શબ્દ લાખ લાખના થઈ પડે છે. જેમ સ્વાંત નક્ષત્રમાં વરસાદ પડે ત્યારે માછલાં વરસાદનું ટીપું અધ્ધરથી ઝીલી લે તો તે સાચા મોતીમાં ફેરવાય છે તેમ જે ભક્ત મહારાજ ને મોટાનાં વચન અધ્ધરથી ઝીલી લે છે તેને પોતા જેવો બનાવી દે છે કહેતાં નેગેટિવની પૉઝિટિવ બનાવી દે છે. અને જે ન ઝીલે તેનું જીવન તો ફટકિયા મોતી સમાન બની રહે છે.

મહિમાવંત હરિભક્તને એવું અહોનિશ વર્ત્યા કરે છે કે મારા વહાલાની આજ્ઞા મારા સુધી હોય જ ક્યાંથી ? ક્યાં એ અને ક્યાં હું ? તેથી જો ખરેખર આજ્ઞાનું મહત્ત્વ સમજાયું હોય તો તે આજ્ઞા નાની હોય કે મોટી પણ તેનો લોપ થવા જ ન દે.

આજ્ઞાપાલન અંગે પોતાનો અભિપ્રાય જણાવતાં સ્વયં શ્રીજીમહારાજ સ્વમુખવાણી વચનામૃતમાં કહે છે...

**૧. જેતલપુરનું ત્રીજું :** “આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું (આજ્ઞામાં

રહેવું) તેથી મોટી કોઈ વાત નથી.''

**૨. ગઢડા મધ્યનું ૬૬મું :** ''પણ ભગવાન છે તે અતિ સમર્થ છે, ને તેની આજ્ઞાને બ્રહ્માદિક સમગ્ર દેવ પાળે છે તથા કાળ-માયાદિક જે સર્વે બ્રહ્માંડના કારણ તે પણ, ભગવાનના ભય થકી સાવધાન થઈને ભગવાનની આજ્ઞામાં રહે છે, માટે, ભગવાનનો ભક્ત હોય તેને એ ભગવાનની આજ્ઞા છે તે દૃઢ કરીને માનવી તે જ ભગવાનના ભક્તનું લક્ષણ છે.''

**૩. છેલ્લાનું ૩૨મું :** ''આવા અતિશે મોટા જે ભગવાન, તેની મર્યાદાને વિષે કાળ, માયા, બ્રહ્મા, શિવ, સૂર્ય, ચંદ્રમા ઈત્યાદિક સર્વે સમર્થ છે તે પણ નિરંતર વર્તે છે એવું જાણીને ભગવાને બાંધી જે ધર્મ-મર્યાદા તેને વિષે ભગવાનની પ્રસન્નતાને અર્થે પોતે નિરંતર વર્તે પણ તે ધર્મ-મર્યાદાનો ક્યારેય લોપ ન કરે.''

બીડીની ગડીઓની ગડીઓ પીનાર વ્યસની વ્યક્તિના જીવનમાં બીડીના વ્યસનનો પ્રારંભ સીધો બીડીની ગડીઓ પીવાથી થયો હોતો નથી. વ્યસનનો પ્રારંભ તો માત્ર બીડીના નાના સરખા ઠૂંઠાથી જ થયો હોય છે. પરંતુ ઠૂંઠું પીવાની શરૂઆત થઈ ગઈ એટલે ઠૂંઠામાંથી બીડી અને બીડીમાંથી બીડીની ગડીઓ પીવા સુધી પહોંચતા વાર લાગતી નથી. એ જ રીતે આપણા જીવનમાં પણ મહદ્ આજ્ઞાનો લોપ સીધો થઈ જતો નથી. તેનો પ્રારંભ પણ અલ્પ આજ્ઞાના લોપથી જ થયો હોય છે. તો અલ્પ આજ્ઞાના લોપથી જ અટકી જઈએ તો મહદ્ આજ્ઞાનો લોપ ન થાય.

આ માટે બીડીની ગડીઓ પીનારને શિક્ષા થાય એના કરતાં વધુ શિક્ષા બીડીનું ઠૂંઠું પીનારને થવી જોઈએ. કારણ કે બીડીની ગડીઓ પીનાર તો રીઢો થઈ ગયો છે. એને વ્યસન છૂટવું અઘરું છે. જ્યારે માત્ર ઠૂંઠું પીવાની શરૂઆત છે તેને વધુ શિક્ષા થશે તો એને એ વ્યસન છૂટી જશે. એ જ રીતે અલ્પ આજ્ઞા-લોપની શિક્ષા આપણે આપણી જાતને મોટી આપીશું તો કદી મહદ્ આજ્ઞા નહિ લોપાય.

સોહનસિંહ ડાકુ નાનપણમાં કીડી-મંકોડા મારતો. આગળ જતાં તે ઉંદરડા, ખિસકોલા ને પક્ષીઓ મારવા લાગ્યો. તેની માતા તેને શરૂઆતથી જ ''દીકરા ! તું તો પરાક્રમી થવાનો લાગે છે.'' એવા શબ્દોથી નવાજતી હતી. આ નાનીસરખી ખોટી પ્રશસ્તિ તેના દૂરગામી ભાવિની ચિનગારી બની ગઈ.

પછી તો તેને માણસ મારવામાં ક્ષોભ થતો નહીં. એક, બે, પાંચ, પચાસ,

સો નહિ... ૧૦૮ ખૂન કરનાર સોહનસિંહ પકડાયો ને મૅજિસ્ટ્રેટ દ્વારા ફાંસીની સજા પામ્યો ત્યારે તેણે અંતિમ ઇચ્છા પોતાની માતાને મળવાની દર્શાવી. માતા તેની નજીક આવી ત્યારે પોતે તેના નાકને કરડી લીધું. મૅજિસ્ટ્રેટે પૂછ્યું ત્યારે તેણે સ્વજીવનનો રહસ્યસ્ફોટ કરતાં જણાવ્યું કે, “હું આજે અહીં ઊભો છું તે મારી માતાને આભારી છું. તેણે પ્રથમ દિવસે જ ખોટી પ્રશંસા કરી તેને બદલે અટકાવ્યો હોત કે લાફો માર્યો હોત તો મને મારા જીવનની સાચી દિશા મળી હોત...!!”

ઉપરોક્ત દૃષ્ટાંત સમજ આપે છે કે, આજે અલ્પ આજ્ઞાનો લોપ થશે તો કાલે નાની-મોટી કઈ આજ્ઞાનો લોપ નહિ થાય તે વિચારવું કમકમાટીભર્યું છે. ઇન્દ્રિયો તથા મનને જીવાત્મા દ્વારા નાનકડી ક્ષતિ-દોષની પરમિશન મળે છે ત્યારે તે આઝાદ બની અણકલ્પ્યા ભયંકર પરિણામો ઊભાં કરી દે છે !!! આપણે પરમ કૃપાવંત છીએ કે આપણને રોલ મૉડલ (આદર્શ) સમાન બે-બે સત્પુરુષની સુપેરે ભેટ મળી છે. તેઓ વર્તીને આપણને બતાવે છે કે મહારાજની આજ્ઞા તો ત્યાગી-ગૃહસ્થ સૌએ પાળવાની હોય. તેઓ જાગ્રત છે તો હજારોને વર્તમાનકાળે જાગૃતિ બક્ષી રહ્યા છે ને પ્રેરણાપીયૂષ પાઈ રહ્યાં છે !! તેમજ સમયે સમયે રક્ષા પણ કરી રહ્યા છે.

આમ, મોટાપુરુષની જરૂર દરેક પગલે પડે છે - ચાહે વ્યવહાર હોય કે આધ્યાત્મિક માર્ગ હોય !

મહાપ્રભુએ સત્સંગમાં મોટેરો કોને કહ્યો છે ? કે જો અલ્પવચનમાં ફેર પડે તો મહદ્ વચનમાં ફેર પડ્યો એમ સમજતો હોય તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો હરિભક્ત કહેવાય. અહીં બુદ્ધિશાળી, આવડતવાળો કે યુક્તિબાજ હોય તેને મોટો નથી કહ્યો. મહારાજનો આજ્ઞાપાલન બાબતે મોટાઈનો માપદંડ અનેરો છે !!

ક્યારેક આપણે આજ્ઞાનો લોપ જાણીબૂઝીને કરીએ છીએ અને ક્યારેક ઓવર કૉન્ફિડન્સમાં કરીએ છીએ. વળી ક્યારેક “મને કોઈ જોતું નથી.” એવા સ્વસ્વીકૃત વિધાનને લઈને નિર્ભયતાપૂર્વક આજ્ઞાલોપ કરીએ છીએ. તે વખતે બાહ્ય આચરણ ઉત્તમ રાખીને અન્યને તથા પોતાને છાવરવાનો કે મોટાપુરુષને છેતરવાનો નિરર્થક પ્રયત્ન કરીએ છીએ. પરંતુ આપણે સમયે ભૂલી જઈએ છીએ કે એ સ્વરૂપ તો અંતર્યામી છે ને સદાય પ્રગટ છે તેથી આપણે તેમને છેતરી નહિ શકીએ. વળી, દંભ (કપટ) લાંબો સમય છૂપો રહી શકશે નહીં.

માટે ભલે ક્યારેક દેહભાવને યોગે આજ્ઞાલોપ થઈ ગયો હોય તોપણ તેનો

મોટાપુરુષ આગળ નિર્દોષપણે સ્વીકાર કરવાની તૈયારી તો રાખવી જ. તો ખૂબ મોટા નુકસાનમાંથી બચી જવાય અને મહારાજ રાજી થાય તે જમા પાસું. મહારાજ આપણી સરળતા પર વારી જાય છે તેમાં બેમત નથી. એક વખત થયેલ ભૂલને છુપાવવી તે હજારો વખત ભૂલ કરવાનો દરવાજો ખોલ્યા બરાબર છે જે આપણને ન પોષાય. ઘણું મોંઘું પડી જાય. આવી અલ્પવચનના લોપની જેને જેને ગંભીરતા નથી સમજાઈ તે રાજીપાના માર્ગમાંથી પડ્યા છે.

અલ્પ વચનના લોપની આટલી બધી ગંભીરતા સમજ્યા બાદ અલ્પ વચનમાં ભંગ ન થવા દેવા માટેના ઉત્તમ બે વિચારો આ રહ્યા :

(૧) એ અલ્પ વચનના ભંગથી મને શું નુકસાન થશે તેનો વિચાર.

(૨) પ્રગટભાવનો વિચાર.

વૈચારિક ક્રાંતિ એ આધ્યાત્મિક માર્ગની સફળતાનું બેનમૂન શસ્ત્ર છે. તે પૈકી પ્રસ્તુત લેખમાં મોટાપુરુષના અલ્પ વચનનો ભંગ કરવાથી મારા જીવનમાં શું નુકસાન થશે તે વિચારવું. જો તે નુકસાન ભરપાઈ ન થઈ શકે તેવું હોય તો તાત્કાલિક તેને (આજ્ઞાપાલનને) જીવનમાં પ્રાધાન્ય આપવું. સાવધાનીથી આગળ વધવું. બીજું, પ્રગટભાવનો વિચાર પણ અસરકારક છે. શ્રીજીમહારાજ અને મોટાપુરુષ પ્રગટ છે તથા અંતર્યામી છે. તે મારી પ્રત્યેક ક્રિયાના દ્રષ્ટા ને સાક્ષી છે. માટે તેઓ નારાજ થાય તેવું કાંઈ પણ વર્તન મારાથી ન કરાય.

પૂ. સ્વામીશ્રી ઘણી વાર કહે છે કે,

“જેવા વિચારો તમે કરવાના તેવા જ જરૂર તમે થવાના.”

વિચારો એ આચરણનું મૂળ છે. વિચારો જ્યારે ક્રિયામાં પરિણમે છે ત્યારે સફળતા પ્રાપ્ત થાય છે. તેથી ઉત્તમ વિચારો ઉત્તમ જીવનના જનક (પિતા) છે. અને પછી આવા વિચારોના બળને લઈને અલ્પવચનનો ભંગ કરવાનું કઠિન થઈ પડશે !!!

પત્તાથી ઊભા કરેલા મહેલને તોડવા માટે માત્ર એક જ પત્તાને હલાવવાની જરૂર છે. તેની સાથે સમગ્ર મહેલ જમીનદોસ્ત થઈ જશે. તે પ્રમાણે સત્સંગમાં આવી ભેગી કરેલી મૂડીને સાફ કરવા માટે પણ માત્ર અલ્પ આજ્ઞાનો ભંગ બહુ બની રહે છે. એક અલ્પ આજ્ઞાનો લોપ અનંત આજ્ઞાના લોપને આમંત્રણ આપે છે.

વિચાર કરો કે મહાપ્રભુએ આપણા ઉપર અનાદિમુક્ત કર્યાની અતિ ઘણી

મહેર કરી છે. ન બનવાની વાત બની ગઈ છે. તે બધું પંચવર્તમાનની મર્યાદા મૂકીને પાડાની પેઠે વર્તવા માટે નથી કરી. જો એવી જ ગાફલાઈ રાખીશું તો જેમને મહેર કરતાં આવડે છે તેમને લેતાં પણ આવડે છે.

### ❑ અલ્પ વચનમાં પડતો ફેર મહદ્ વચન લોપાવે તેવી આપણી દૈનિક ક્રિયાઓ :

ઘણી વાર સૂર્યોદય પહેલાં ઊઠવાની આજ્ઞા ન પાળીએ તો દૈનિક જીવનની ક્રિયાઓ, પૂજા, માનસીપૂજા, સંત-સમાગમ, મંદિર જવું જેવી ઘણીબધી પશ્ચાદ્‌વર્તી ક્રિયાઓ ઉપર અસર પડે છે. ક્યારેક ઝડપથી કરવી પડે, ક્યારેક ભૂલી જવાય તથા ક્યારેક વેઠ વાળીને પતાવવી પડે. જતે દિવસે તે કુટેવમાં પરિણમે. કારણ કે મહારાજે વચનામૃતમાં મનનો કે'દિ વિશ્વાસ ન કરવો એમ જણાવ્યું છે. ટૂંકમાં જતે દિવસે આપણે રાજીપાના માર્ગથી ફેંકાઈ જવાના.

- પૂજામાં ધોતી ન પહેરીએ તો શું વાંધો ?
- માનસીપૂજા ન કરીએ તો આજનો દિવસ ચાલશે. આવતી કાલે બધી જ માનસીપૂજા સમયસર કરીશું જ. અને કાલે તો અન્ય શું વિઘ્ન આવે તે કહેવાય નહીં. સરવાળે આ ઢીલાશ કે આળસ જ જીવનની દૃઢતાના પાયાને હચમચાવી નાંખે છે.
- વચનામૃત તથા બાપાશ્રીની વાતો આજનો દિવસ નહિ વાંચીએ અને કાલે બે વાતો ને બે વચનામૃત વાંચીશું. આવું આયોજન ન કરવું. અગાઉથી આયોજન અનિવાર્ય સંજોગોમાં કરી શકાય કે બહારગામ જવાનું છે તો આવતી કાલનો નિયમ આજે વહેલો પૂરો કરી દેવો.

પૂ. સ્વામીશ્રીએ 'કરીએ ભજનભક્તિ' સંકલ્પના અનુસંધાનમાં સવારે ૬થી ૮ દૈનિક ક્રિયાઓ તથા સાંજે ચેષ્ટા સમૂહમાં કરવાના નિયમો આપ્યાં છે. જેમાં પણ સહેજ બેદરકારી રાખતાં તે નિયમો ધરાશાયી થઈ જાય છે. કેમ કે જીવને ભગવાનમાં પાટો ગોઠવો એ કઠિન છે - ઉપર ચડવાનો માર્ગ છે.

મિત્રો સાથેના સંબંધો સાચવવા કે પછી સગાં-સંબંધીઓની મહોબતમાં લેવાઈ ગાળ્યા-ચાળ્યા વિનાની બહારની ખાણી-પીણીનો ઉપભોગ કર્યો તે ભલે બીજું કોઈ નથી જાણતું પરંતુ એ અલ્પ આજ્ઞાનો લોપ આપણા અંતઃકરણને મલિન કરી નાખે છે ને પછી એ જ મલિન અંતઃકરણ આપણને મહારાજની અવેરી આદિક વર્તમાનની મહદ્ આજ્ઞાના લોપ સુધી પહોંચાડી દે છે. પરંતુ આવા

સમયે શા માટે આપણે નમી દેવું જોઈએ ? આપણા સ્વજીવનની પડતી સ્વીકારી અન્યને સારું લગાડવાનું ? માત્ર સંબંધો સાચવવાના ? આ તો કેવી મૂર્ખતા છે ! માટે અલ્પ આજ્ઞાનો પણ એક દિવસેય લોપ શા માટે કરવો ? મન તો માંકડા જેવું છે. એક વખત એને ઢીલું મૂકીશું તો કાયમી ઢીલું જ પડી જશે. પરંતુ એ વખતે એક જ વિચાર રાખવો કે, “મન અધિક કે મહારાજ ને સંતોની આજ્ઞા અધિક ?” બસ, આ વિચારે કરી અલ્પ આજ્ઞાનો લોપ ન થવા દેવો.

❑ **અલ્પ વચનમાં ફેર ન પડવા દેવા શું શું કરીશું ? :**

૧. આપણે ડગલે ને પગલે જાણપણારૂપી દરવાજે ઊભા રહેવું.
૨. જેની આજ્ઞા પાળવાની છે તેમનું મહાત્મ્ય સારી પેઠે સમજવું. તે સમજવા નિયમિત કથાશ્રવણ તથા મનનની ટેવ પાડવી.
૩. દૃઢ સંકલ્પ સાથે આગળ વધવું કે મારે કોઈ પણ સંજોગોમાં અલ્પ આજ્ઞાનો લોપ નથી જ થવા દેવો. થશે જ, ન કેમ થાય ? આવા મક્કમ મનોબળ સાથે આગળ વધવું.
૪. મહારાજ અને મોટાના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો.
૫. રાજીપાનો વિચાર કરવો કે મહારાજ નારાજ થશે તો મને ભારે ખોટ આવશે. બાપાશ્રી કહે છે કે આપણા મહારાજ દયાળુ છે અને સાથે સાથે આકરા પણ બહુ છે તેથી તેઓ અલ્પ આજ્ઞા-લોપ પણ નહિ ચલાવી લે. પણ આપણા ધણી કોણ થશે ?
૬. જે વાતાવરણ, સંગ અને સ્થાનમાં આજ્ઞાઓનો લોપ થતો હોય તો તેનાથી દૂર જ રહેવું.
૭. કંઈ પણ આજ્ઞાનો લોપ થાય તો તેનું પ્રાયશ્ચિત્ત કરી લેવું અને જો કોઈ મહદ્ આજ્ઞા લોપાઈ હોય તો મોટાપુરુષ આગળ નિષ્કપટી થઈ જવું.
૮. જે રાજીપાના માર્ગે આગળ હોય ને પોતે આજ્ઞામાં વર્તે ને આપણને વર્તાવવાની ખટક રખાવે તેવા ચડિયાતાના સંગમાં રહેવું.

**“અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં અલ્પ વચનનો લોપ થાય તોપણ મહદ્ વચનનો લોપ થયો હોય એટલું દુઃખ લગાડી, પસ્તાવો કરી, સદાય આજ્ઞાપાલક બનવા જાગૃત રહેજો.”**




**પ્રાપ્તિ પૂરી માનજો, છતાં પૂરું માની છકી ન જશો...**

સત્સંગમાંય સત્સંગ એટલે કારણ સત્સંગ. જ્યાં ભગવાન સ્વામિનારાયણના સંકલ્પો સોળે કળાએ ખીલી રહ્યા છે; જ્યાં એક અને માત્ર એક સનાતન ભગવાન સ્વામિનારાયણની જ સર્વોપરીતા, એકમાત્ર એમનું કર્તાપણું; જેનો એક અને માત્ર એક જ સિદ્ધાંત : **'સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ કારણ સત્સંગ'** જેને કહેવાય છે એસ.એમ.વી.એસ. અર્થાત્ શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ. અને શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ એટલે જ કારણ સત્સંગ.

શ્રીજીમહારાજે કેવળ કૃપા કરી આપણને આ દિવ્ય કારણ સત્સંગનો ભેટો કરાવ્યો છે. આવા દિવ્ય કારણ સત્સંગનો ભેટો થયા પછી અનાદિમુક્તની પદવીની પ્રાપ્તિ તો સહજમાં મળી જાય છે. આ જ કારણ સત્સંગની આગવી વિશિષ્ટતા છે અને આ જ કારણ સત્સંગ ઉપર શ્રીજીમહારાજની અનહદ કૃપા છે. શ્રીજીમહારાજના અતિશે વ્હાલામાં વ્હાલા એવા અનાદિમુક્તની પદવી પ્રાપ્ત થયા પછી એને શોભે એવું આપણું દિવ્યજીવન બનાવવું એ આપણી અતિ મહત્ત્વપૂર્ણ જવાબદારી છે. જો અનાદિમુક્તની પદવી પ્રાપ્ત થયા પછી પ્રાપ્તિ મળી એના કેફમાં છકી જઈને એ પદવીને શોભે એવું, એ પદવીને છાજે એવું આપણું દિવ્યજીવન ન હોય, આપણું વર્તન ન હોય તો અનાદિમુક્તની પદવી લજવાય. આપણને મળેલી પ્રાપ્તિ પ્રમાણેનું આપણું વર્તન હોય એ જ આપણી શોભા છે અને એ જ કારણ સત્સંગની શોભા છે. ત્યારે આપણને મળેલા દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુવર્ય પ.પૂ.બાપજી પણ ભલામણ ગીત દ્વારા આપણને એ જ ભલામણ કરી રહ્યા છે કે, ભલા થઈને...

**"પ્રાપ્તિ અનાદિમુક્તની છે પૂર્ણ નક્કી,**
**અનહદ કૃપા થઈ છે શ્રીહરિ થકી;**
**ખટકો રાખી ન જવું કદીયે છકી..."**

આપણા ચૈતન્યને અનાદિમુક્ત કરી મૂર્તિના સુખમાં રાખી લીધો છે. આ વાત નક્કી છે. હવે આપણે દેહધારી નથી. અનાદિમુક્ત છીએ ! પહેલાં ભિખારી હતા, હવે નથી. પ્રથમ દાતણ વેચવાવાળી હતી, હવે નથી; હવે રાજાની રાણી છે. એમ જ આપણે હવે નક્કી અનાદિમુક્ત જ છીએ.

આ અનાદિમુક્તની વાત કેમ શક્ય બની..??

બસ... શ્રીહરિની અનહદ કૃપા થકી આ શક્ય બન્યું છે. પરંતુ બન્યું છે એ તો હકીકત છે. એમાં કોઈ બે મત નથી. લગીરે શંકાને સ્થાન પણ નથી..!

પ્રશ્ન એ થાય કે કેમ બન્યું ? શા માટે બન્યું ? કોણે કર્યું ? એનો જવાબ સદ્.નિષ્કુળાનંદ સ્વામી એટલો જ આપે છે કે,

*"કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ,*
*ઢાળો અલૌલિક ઢળી ગયો, હરિ મળ્યા મુખોન્મુખ."*

આ કેમ થયું ? શું કામ થયું ? કેવી રીતે થયું ? એ બધું પુછાય એવું નથી..!! વિચારાય એવું પણ નથી..!! બસ કરનારાએ કર્યું... ફવડાવનારાએ ફવડાવ્યા... કૃપા કરનારાએ કૃપા કરી દીધી ને પ્રાપ્તિ પૂરેપૂરી બક્ષી દીધી..!

અનાદિમુક્ત શું છે..? અનાદિમુક્તની પ્રાપ્તિ એટલે શું ? અને અનાદિમુક્તની સ્થિતિ એટલે શું ?

અનાદિમુક્ત એટલે નિરાકાર ચૈતન્ય પુરુષોત્તમના જેવો સાકાર થાય. અર્થાત્ ચૈતન્ય સર્વદેશી પુરુષોત્તમરૂપ થાય એટલે પોતાનો આદિ ભાવ જે 'હું દેહ છું' એ ભૂલી જાય છે ને સદાય અનાદિભાવ જે 'હું આત્મા છું ને એ આત્મા પુરુષોત્તમ જેવો સાકાર છે. ને મારું રૂપ પણ પુરુષોત્તમ જેવું જ છે.' આ અનાદિભાવમાં વર્તાય એટલે કે હું પહેલેથી આમ જ છું. અર્થાત્ અનાદિથી મુક્ત જ છું એવું વર્તાય તેને કહેવાય અનાદિમુક્ત અને તેને જ કહેવાય અનાદિમુક્તની સ્થિતિ..!!

અધ્યાત્મ માર્ગની છેલ્લી વાત, છેલ્લી પદવી, છેલ્લી સ્થિતિ અને છેલ્લું સુખ અનાદિમુક્તનું છે.

અને તેથી જ...

અનાદિમુક્તની સ્થિતિ જ પૂર્ણ સ્થિતિ છે.

અનાદિમુક્તનું પદ જ શ્રેષ્ઠતમ પદ છે.

અનાદિમુક્ત જ સર્વશ્રેષ્ઠ સુખના ભોક્તા છે..

અનાદિમુક્ત કેવા છે ? તેમનો આકાર કેવો છે ? અનાદિમુક્ત પુરુષોત્તમરૂપ છે... તેમનો આકાર અદ્દલ પુરુષોત્તમના જેવો છે !

પોલીસ શબ્દ બોલો એટલે તુરત ખાખી કપડાં, હાથમાં ડંડો, માથે ટોપી, કેડ્યે પટ્ટો એવી પોલીસની આકૃતિ નજર સમક્ષ ખડી (visulize) થાય.

ભિખારી શબ્દ બોલાય એટલે મેલાં-ઘેલાં-ફાટલાં-તૂટલાં કપડાં, રોડ પર માંગી ખાતા લઘરવઘર રખડતા ભિખારીની આકૃતિ તાદશ્ય (visulize) થાય..! સફરજન બોલતાં જ નજર સામે સફરજનનો આકાર, રંગ વગેરે તાદશ્ય થવા માંડે. એમ અનાદિમુક્ત શબ્દ બોલાય એટલે કઈ આકૃતિ તાદશ્ય (visulize) થાય ? સ્વામિનારાયણ મહાપ્રભુની મૂર્તિ... તાદશ્ય (visulize) થવી જોઈએ..!

કેમ ? અનાદિમુક્તો નિરંતર મૂર્તિમાં રહ્યા છે ને પુરુષોત્તમ સાથે માંહી-બહાર રોમરોમપણે એકતાને પામેલા છે. માટે અનાદિમુક્ત જ સંપૂર્ણ પુરુષોત્તમરૂપ છે. માટે તેમનો દેખાવ પણ પુરુષોત્તમનો રહે છે. પોતે પુરુષોત્તમ નથી પણ પુરુષોત્તમરૂપ જરૂર છે..!!

આવી શ્રીજીમહારાજ પછીથી બીજા નંબરની પદવી અનાદિમુક્તની છે... અને તે અનાદિમુક્તની પંક્તિમાં કેવળ કૃપા કરી મહારાજ અને મોટાપુરુષોએ રાખી લીધા છે કહેતાં આપણને અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવી દીધી છે.

પરંતુ સાથે સાથે એક વાત આપણે ભૂલવી ન જોઈએ કે, આપણને અનાદિમુક્તના પદની હજુ માત્ર પ્રાપ્તિ છે..!! અનાદિમુક્તની સ્થિતિ થવી હજુ બાકી છે ! અને તેથી જ કીર્તનમાં કહ્યું છે...

*"પ્રાપ્તિ પૂરી કૃપાએ કરાવી, સ્થિતિને રાખી અધૂરી.."*

આપણને પ્રાપ્તિમાં કાંઈ બાકી રહેવા દીધું નથી. પ્રાપ્તિ પૂરેપૂરી કરાવી છે પણ હજુ સ્થિતિ સુધી પહોંચવાનું બાકી છે.

આપણી પ્રાપ્તિ પૂર્ણ, પણ સ્થિતિ હજુ અપૂર્ણ છે.

આપણી પ્રાપ્તિમાં અધૂરું નથી, પરંતુ સ્થિતિમાં સંપૂર્ણ અધૂરું છે.

એટલે સાવધાન ! ક્યાંક આપણે પ્રાપ્તિને જ સ્થિતિ ન માની બેસીએ ! ક્યાંક પ્રાપ્તિમાં જ પૂરું ન મનાઈ જાય તેની તકેદારી આપણે સહુએ રાખવી ફરજિયાત છે.

પ્રાપ્તિ એટલે સાધનદશા કહેવાય. અને સાધનદશાવાળાએ જાણપણું રાખવું જ જોઈએ. જ્યાં સુધી એની પરભાવની સ્થિતિ ન થાય ત્યાં સુધી સંપૂર્ણ તકેદારી રાખવી જ જોઈએ. અને જો તે પ્રમાણે સાવધ રહેવાય, જાણપણારૂપી દરવાજે રહેવાય તો જ એ પ્રાપ્તિનું પૂરેપૂરું મૂલ્ય સમજી શક્યા કહેવાય. અન્યથા પ્રાપ્તિ શું છે ? કેવી છે ? એની એને ગમ જ નથી પડી.

પ્રાપ્તિ એટલે જ્ઞાન અને સ્થિતિ એટલે અનુભવજ્ઞાન.

પ્રાપ્તિ એટલે સાધનદશા અને સ્થિતિ એટલે સિદ્ધદશા.

પ્રાપ્તિ એટલે વાચ્યાર્થ ને સ્થિતિ એટલે લક્ષ્યાર્થ.

પ્રાપ્તિ એટલે મોક્ષનો માર્ગ અને સ્થિતિ એટલે સુખનો માર્ગ.

અને એટલે જ એસ.એમ.વી.એસ.ના હવે પછીના સુવર્ણ યુગમાં મોટાપુરુષ આપણને પ્રાપ્તિમાંથી સ્થિતિ તરફ લઈ જવા માંગે છે. મોટાપુરુષને માત્ર પ્રાપ્તિ કરાવવાથી સંતોષ નથી. એમને સંતોષ સ્થિતિમાં છે. જ્યાં સુધી તેઓ આપણને

સ્થિતિ સુધી નહિ પહોંચાડે અથવા આપણે સ્થિતિના માર્ગ ઉપર નહિ દોડીએ ત્યાં સુધી તેઓ આપણી પાછળ મંડ્યા જ રહેવાના !! તેઓ દાખડો કર્યે જ કરવાના...! તેઓ આપણને નિરંતર અવનવી ભલામણો કરતા જ રહેવાના !!

શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપની તથા અનાદિમુક્તની પ્રાપ્તિ એટલે શું ? પ્રાપ્તિ કેવી રીતે થાય ? પ્રાપ્તિનું મહત્ત્વ કેટલું બધું છે ? અને જો પ્રાપ્તિ જ ન થાય તો શું નુકસાન થાય ? તે પણ જોઈએ...

પ્રાપ્તિ એટલે મળવું.

શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપની અને અનાદિમુક્તના પદની પ્રાપ્તિ કારણ સત્સંગના સત્પુરુષો થકી થાય છે અને એવા સત્પુરુષની પ્રાપ્તિ - ઓળખાણ શ્રીજીમહારાજની કેવળ કૃપાથી થાય છે અર્થાત્ પ્રાપ્તિનો માર્ગ એ પણ કૃપાનો માર્ગ છે. કેવળ કૃપા થકી જ પ્રાપ્તિ સંભવે છે. કઈ રીતે ?

પ્રથમ મુમુક્ષુને સત્પુરુષનો ભેટો થાય છે ત્યારે સત્પુરુષ તે મુમુક્ષુને વર્તમાન ધરાવી જીવમાંથી શિવ (અનાદિમુક્ત)ની પંક્તિમાં મૂકી દે છે. અર્થાત્ અનાદિમુક્તના પદના કોલ આપી પ્રાપ્તિ કરાવે છે. જીવને જીવદશામાંથી કાઢી મુક્તની પંક્તિમાં મૂકી દે છે. અર્થાત્ જીવનો થોકડો ફેરવી નાખે છે કહેતાં તેને તળિયેથી સીધો નળિયે પહોંચાડી દે છે. જેમ રેશનિંગની દુકાનમાં કાર્ડના થોકડામાં કાર્ડ સાવ તળિયે પડ્યું હોય પણ જો તે કાર્ડનો થોકડો દુકાનદાર ફેરવી નાખે તો તળિયે રહેલું કાર્ડ ઉપર આવી જાય છે અર્થાત્ પ્રથમ આવી જાય છે. અદ્દલ આમ જ જીવ બિચારો તળિયે છે. પણ કારણ સત્સંગના સત્પુરુષ તેનો થોકડો ફેરવી નાખી જીવમાંથી સીધો જ અનાદિમુક્તની પંક્તિમાં ટૉપ ઉપર મૂકી દે છે. અનાદિમુક્તની સર્વશ્રેષ્ઠ પ્રથમ નંબરની પદવી પર તેને મૂકી દે છે. તેથી કહ્યું છે,

*"વર્તમાન ધરાવી દેહ પડાવી, મૂર્તિમાં રાખી જીવ;*
*અનાદિમુક્તની પંક્તિમાં રાખો, સદ્ય કરીને શિવ."*

કારણ સત્સંગમાં પ્રવેશતાં જ મુમુક્ષુને વિના પ્રયાસે, વિના પાત્રતાએ અનાદિમુક્તની પ્રાપ્તિ થઈ જાય છે. આ જ કારણ સત્સંગનું બહુ મોટું પ્રદાન છે. આ જ તેની વિશિષ્ટતા છે. કારણ સત્સંગના સત્પુરુષનું આ જ કાર્ય છે. જીવને અન્વયની લાઇનમાંથી કાઢી સીધો વ્યતિરેકની લાઇનમાં લઈ લે છે અને વ્યતિરેકની લાઈનમાં પણ ટૉપ એવી અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવી દે છે. આ વાત તો જીવને લૉટરી લાગવા સમાન જ કહેવાય ! તેથી જ પ્રાપ્તિનું બહુ મૂલ્ય છે. પ્રાપ્તિની મહત્તા-અગત્યતા ઘણી જ છે. અને સ્થિતિ કરતા પહેલાં પ્રાપ્તિ થવી

ફરજિયાત છે. પ્રાપ્તિ વગર સ્થિતિ કદી સંભવતી નથી અને એટલે જ પ્રાપ્તિ એ સ્થિતિ માટેનું પ્રથમ પગથિયું છે.

પણ રખે, પ્રાપ્તિને પૂર્ણ અથવા પ્રાપ્તિને જ સ્થિતિ માની ન લેવાય એ નિરંતર જોવાનું છે.

પ્રાપ્તિમાં શું અધૂરપ છે ? તે સમજીએ તો, સારામાં સારી સ્વાદિષ્ટ રસોઈ બનાવી, પણ તે જો રસોડામાં જ પડી રહી હોય તો તે રસોઈ ખરી, પણ હજુ પ્રાપ્ત થઈ નથી. એ જ રસોઈ જ્યારે ડિશમાં પીરસાઈને આવે ત્યારે તે રસોઈ પામ્યા કહેવાય એટલે કે પ્રાપ્તિ થઈ કહેવાય. પણ પ્રાપ્ત થવા માત્રથી જ ભૂખ ભાંગતી નથી કે તૃપ્તિ થતી નથી. એ રસોઈ જ્યારે જમવામાં આવે ત્યારે જ તૃપ્તિનો ઓડકાર આવે છે. માટે એ બાબત સ્પષ્ટ છે કે, આપણે રસોઈ જોવા માટે, જાણવા માટે કે પ્રાપ્ત કરવા માટે બનાવી નથી પણ તેને જમવા માટે અર્થાત્ માણવા માટે બનાવી છે.

બજારમાંથી પોશાક લાવ્યા તેને જોઈને આનંદ આવ્યો પણ તે પોશાકને દેખ્યાનો આનંદ છે કહેતાં પ્રાપ્તિનો આનંદ છે. પોશાક મળ્યાનો હરખ છે - આનંદ છે, જે ખરેખર વાસ્તવિક આનંદ નથી. એ પોશાકને જ્યારે પહેરવામાં આવે ત્યારે જ વાસ્તવિક આનંદ આવે છે. પ્રથમ પોશાક જોયાનો, લાવ્યાનો, મળ્યાનો આનંદ હતો જે આભાસી આનંદ હતો, માત્ર પ્રાપ્તિનો આનંદ હતો ! પણ જ્યારે ધારણ કરે ત્યારે વાસ્તવિક આનંદ આવે છે.

એમ આપણને મહારાજની વ્યતિરેક મૂર્તિનો સંબંધ થયો, અનાદિમુક્તની પ્રાપ્તિ થઈ તે વાત સાવ સાચી, છતાં તે માત્ર પ્રાપ્તિનો આનંદ છે. જ્યાં સુધી મૂર્તિના સુખભોક્તા ન થવાય ત્યાં સુધી વાસ્તવિક સુખનો અનુભવ થતો નથી. માટે આપણે પ્રાપ્તિથી સ્થિતિ સુધીની યાત્રા કરવાની છે. પણ પ્રાપ્તિને જ પૂર્ણ માની બેસી રહેવાનું નથી. ને જો પ્રાપ્તિને જ પૂર્ણ માનીને એમ વિચારે કે મને છતે દેહે મહારાજ મળી ગયા છે, મારો મોક્ષ થઈ ગયો છે, હવે મારે કશું કરવાનું રહ્યું નથી એવું પૂર્ણપણું માનવું એ પ્રભુને પ્રસન્ન કરવાના માર્ગથી, રાજી કરવાનાં સાધનોના માર્ગથી બેદરકાર કરી દેશે ને અંતે તે સત્સંગમાંથી ક્યારે પાડી દેશે તેની ખબર પણ નહિ પડવા દે.

પ્રાપ્તિને જ પૂરી માની લે તો આવાં કેટલાંક ભયસ્થાનો સર્જાય છે; જેવાં કે...

- તેનાથી પંચવર્તમાન ન પળે.

- રાજીપાનાં સાધન ન થાય.
- પ્રાપ્તિના કેફથી સાત્ત્વિક અહંકાર વધી જાય.
- રાજીપાનો વિચાર તેના હૈયામાંથી ભૂંસાઈ જાય.
- મૂર્તિસુખ તરફની પ્રગતિ અટકી જાય.
- તેને વાસ્તવિક સુખનો કદી અનુભવ થાય જ નહીં.
- તે માત્ર આભાસી સુખમાં જ રાચ્યા કરે.
- તેનો દેહાધ્યાસ કદી ન ટળે.
- મૂર્તિસુખની ત્વરા કદી ન જાગે.
- ગાફલપણું વર્તે.

વળી, એમ જો સમજે કે અત્યારે પ્રાપ્તિ તો છે જ ને ! દેહાંત સમયે મોટાપુરુષ સ્થિતિ કરાવી દેશે... આવું અવળું સમજાય તો આ જ્ઞાન ખૂબ નુકસાનકારક નીવડે. જ્ઞાન હંમેશાં બે-ધારી તલવાર જેવું છે. અને બાપાશ્રીએ આપેલ જ્ઞાન જો સવળું સમજાય તો છતે દેહે સુખિયો થઈ જાય ને જો અવળું સમજાય તો મોક્ષના માર્ગે વિઘ્ન ઊભું થઈ જાય. તેથી પ્રાપ્તિથી સ્થિતિ તરફ જ્યાં સુધી ન પહોંચાય ત્યાં સુધી જોખમ રહેલું છે. કઈ મિનિટે દેશકાળ બદલાઈ જાય, કયા સમયે સ્વભાવ-પ્રકૃતિ આડાં આવી જાય, ક્યારે કુસંગનો સંગ લાગી જાય, ક્યારે કોનો અપરાધ થઈ જાય તે ખબર ન પડે ! માટે આ બધાં સાધનદશાનાં જોખમ છે. તેનાથી નિરંતર ખટકો રાખી ચેતતા રહેવું.

સાધનદશાનો - દેહાધ્યાસનો ભરોસો શું ?! માટે એવું હરગિજ ન માની લેવું કે મોટાપુરુષ દેહાંત સમયે સ્થિતિ કરાવી જ દેવાના છે ને ! અથવા દેહાંત સમયે સ્થિતિ થવાની જ છે ને ! માટે આ બધું પાળવાની શી જરૂર છે !?

આપણી પ્રાપ્તિ મોટી છે તો વર્તન પણ મોટું જોઈએ જ. અનાદિમુક્તના પદને શોભાડે તેવું વર્તન, એવું જીવન હોવું જોઈએ. આપણી પ્રાપ્તિ જરૂર અનાદિમુક્તની છે, પણ ધર્મ તો ચાલોચાલના ફરજિયાતપણે પાળવા જોઈએ અને જો વર્તમાન ચાલોચાલના પણ ન હોય ને વાતો મોટી મોટી અનાદિમુક્તની કરતા હોય તો તે આપણા મોઢે શોભશે નહીં. તેની વાત બેહૂદી લાગે. માત્ર ફાંકા મારતા હોઈએ એવું લાગે !

મને છતે દેહે મહારાજ મળ્યા, મોટાપુરુષ મળ્યા, કારણ સત્સંગ મળ્યો, અનાદિમુક્ત કરી દીધા, છતે દેહે મોક્ષ થઈ ગયો. હવે આપણે કશું કરવાનું છે જ નહિ, એમ માની બજારનું-હોટલનું ખાવા-પીવાનું ચાલતું હોય, મનમુખી વર્તન

હોય, નિયમ-ધર્મનું કોઈ ઠેકાણું ન હોય તો સમજવું કે પ્રાપ્તિના કેફે કરીને છકી ગયા છીએ. પ્રાપ્તિના અભિમાનમાં ધર્મને ગૌણ કરી ઉદ્ધત થઈ ગયા છીએ. માટે આપણને સહુને મહારાજને મોટાએ ભલામણ કરી છે કે,

*"ખટકો રાખી ન જવું કદીએ છકી..."*

આપણી પ્રાપ્તિ અનાદિમુક્તની નક્કી, પણ ભૂમિકા તો ચાલોચાલની ભજવવી જ પડે. ચાલોચાલનાં વર્તમાન-ધર્મ પાળવાં જ પડશે એ કદી ભૂલવું ન જોઈએ. અને એટલે જ બાપાશ્રીએ પણ કહ્યું છે કે, "અધૂરું માનવું નહિ ને પૂરું માનીને બેસી રહેવું નહીં." સ્થિતિ માટે દેહાંત સુધી તત્પરતા રાખવી પડશે તો જેમણે કેવળ કૃપા કરીને પ્રાપ્તિ કરાવી છે એ જ કૃપા કરી આપણને આપણો દાખડો, ખપ, ભૂખ જોઈ સ્થિતિ કરાવી દેશે. આથી મોટા સંતોએ કહ્યું છે,

*"પ્રાપ્તિ પૂરી કૃપાએ કરાવી, સ્થિતિને રાખી અધૂરી;*
*તે પણ તારી કૃપાએ જ થાશે, જાણ્યુ અમે ભયહારી."*

આપણને અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવ્યા પછી પોતાને પૂર્ણકામ માનવા છતાં કેવી સમજણ રાખવી તે શ્રીજીમહારાજ ગઢડા પ્રથમના ૨૫મા વચનામૃતમાં સમજાવે છે કે, "મુને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ મળ્યા છે ને તેની આજ્ઞામાં રહીને હું તેનું ભજન કરું છું, માટે હવે મારે કોઈ ન્યૂનતા રહી નથી એમ સમજીને નિરંતર ભગવાનની ભક્તિ કરવી, ને તે સમજણને કેફે કરીને છકી પણ જાવું નહિ, અને પોતાને અકૃતાર્થપણું પણ માનવું નહીં. અને જો અકૃતાર્થપણું માને તો એને ઉપર જે એવી ભગવાનની કૃપા થઈ તે જાણીએ ખારાપાટમાં બી વાવ્યું તો ઊગ્યું જ નહિ, ને જો છકી જઈને જેમ તેમ કરવા લાગે તો જાણીએ અગ્નિમાં બીજ નાખ્યું તે બળી ગયું."

અનાદિમુક્તની પદવીની પ્રાપ્તિ થયા પછી શ્રીજીમહારાજે કરેલી પંચવર્તમાનરૂપી આજ્ઞા સરાધાર પાળીને ભજન કરતા હોઈએ તો હવે કોઈ પ્રકારની ન્યૂનતા ન સમજવી કારણ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મળ્યા અને આપણને એમનાથી બીજા નંબરના અનાદિમુક્ત કર્યા છે. પરંતુ આપણને તો અનાદિમુક્ત કરી દીધા છે હવે કાંઈ કરવાની જરૂર નથી. આવું સમજી છકી ન જવું; નહિ તો ક્યાંક આજ્ઞાના લોપ થઈ જાય. સત્સંગની મર્યાદા પણ લોપાઈ જાય અને અંતે જાતા ક્યાંક સત્સંગથી વિમુખ પણ થઈ જાય. જેને શ્રીજીમહારાજના સ્વમુખવાણીના શબ્દોમાં કહીએ તો, "બી અગ્નિમાં નાખ્યું તે બળી ગયું."

વળી, એ જ રીતે આવો કારણ સત્સંગનો યોગ મળવા છતાં અને

અનાદિમુક્તના કોલ આપ્યા હોવા છતાં જો પોતાને વિષે અકૃતાર્થપણું માનીએ અર્થાત્ દેહરૂપ માની દેહના દોષોને પોતાના માનીએ તો તે ખારા પાટમાં બી વાવ્યું તે ઉગ્યું જ નહિ તેના જેવું છે. કારણ બી ગમે તેટલું ઉચ્ચ ને સારું હોય પણ જેમાં વાવવાનું છે તે જમીન જ ખારો પાટ છે એટલે નહિ જ ઉગવાનું. તેમ આપણને જે કોલ આપ્યા છે તે ‘બી’ છે પરંતુ આપણે દેહરૂપ વર્તીએ છીએ પરિણામે અકૃતાર્થપણું માનીએ છીએ તે ખારાપાટ સમાન છે. આશીર્વાદ ભલે બહુ મોટા છે પણ આશીર્વાદ ઝીલનારને અકૃતાર્થપણું વર્તે છે તેથી એ આશીર્વાદ ઝીલવાને પાત્ર થતો નથી. માટે બી ખારાપાટમાં વાવ્યું તે ઉગ્યું નહિ તેવું થાય છે. માટે આપણે આપણને જે અનાદિમુક્ત કર્યાના આશીર્વાદ મળ્યા છે તેને લઈને છકી પણ જવાનું નથી અને અકૃતાર્થપણું પણ માનવાનું નથી. કૃતાર્થપણું માની અનાદિમુક્તની પ્રાપ્તિથી સ્થિતિ તરફ પ્રયાણ કરવાનું છે.

**“અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં આ કારણ સત્સંગનો યોગ થયો છે માટે કંઈ પામવાનું કે મેળવવાનું બાકી છે એવું પ્રાપ્તિમાં અપૂર્ણપણું ન માનશો છતાં સ્થિત કરવા માટે છેલ્લા શ્વાસ સુધી રાજીપાના ભૂખ્યા થઈ મંડ્યા રહેજો...”**




દિવ્ય દૃષ્ટિ કેળવી આત્મીયતા ને આત્મબુદ્ધિ કરજો...

થોડા સમય પહેલાં મુંબઈ મહાનગરમાં એક બહુમાળી ઈમારત ધરાશાયી થઈ ગઈ. આ અંગે સઘન તપાસ થતાં માલૂમ પડ્યું કે ઈમારતના ભોંયરાનું રિપેરિંગ કામ ચાલુ હતું. રિપેરિંગ કામ દરમ્યાન જ્યાં ઈમારતનો પાયો હતો ત્યાં પૂરતી કાળજી ન લેવાઈ. પાયાની સાચવણીની બેદરકારીને કારણે બહુમાળી ઈમારત જમીનદોસ્ત થઈ ગઈ.

આવી જ કોઈક વરવી વાસ્તવિકતા ક્યારેક આપણાં ઘર-પરિવારમાં કે સત્સંગમાં બનતી હોય છે. આત્મીયતા એ સંસાર અને સત્સંગની સંયુક્ત ઈમારતનો પાયો છે. ક્યારેક આપણાં સ્વભાવ-પ્રકૃતિ કે વાણી-વર્તને કરીને આત્મીયતારૂપી પાયાને નુકસાન પહોંચતું હોય છે. પરિણામે સત્સંગ અને સંસાર બેય વેરવિખેર થઈ જતા હોય છે.

એક સંયુક્ત પરિવાર અમદાવાદના સૅટેલાઇટ વિસ્તારમાં રહે. તેમનો સી.જી. રોડ ઉપર બહુ મોટો શો-રૂમ હતો. સુખ-સમૃદ્ધિની છોળ્યો ઊડતી હતી. ભક્તિભાવભર્યું ઘરનું વાતાવરણ હતું. પરંતુ એક દિવસ કોઈ કારણોસર તેમના પરિવારમાં આત્મીયતાનાં અતૂટ બંધનો તૂટ્યાં. શો-રૂમ ને મોટો બંગલો વેચાઈ ગયા. પરિવારના સભ્યો પણ વેરણછેરણ થઈ ગયા. સુખ-સમૃદ્ધિ અને શાંતિ સંપની સાથે ચાલ્યાં ગયાં. કારણ કે આત્મયીતારૂપી પાયાને નુકસાન પહોંચ્યું હતું ! વણકલ્પેલી વાત બની ગઈ.

સંપનું મહત્ત્વ દર્શાવતાં શ્રીહરિ કહે છે, “જ્યાં જેટલો સંપ હશે ત્યાં તેટલું સુખ વર્તાતું હશે. કુસંપ હશે ત્યાં દુઃખ હશે. જેટલો કુસંપ તેટલો કળિયુગ જાણવો ને સંપ તેટલો સત્યયુગ જાણવો.”

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૮, તરંગ-૫૧

શ્રીજીમહારાજ જ્યાં સંપ, સુહૃદભાવ અને એકતાભર્યું વાતાવરણ હોય ત્યાં જ પધારતા અને એવા હરિભક્તો ઉપર જ રાજીપો દર્શાવતા. આત્મીયતાભર્યા વર્તાવ પ્રત્યે શ્રીજીમહારાજ પોતાનો અભિપ્રાય દર્શાવે છે કે, “જ્યાં હરિભક્તોમાં પરસ્પર સુહૃદપણું હોય, એકબીજાનું હિત ઇચ્છતા હોય, છળ-કપટ અને મલિનતા હોય નહિ, એક-એકથી મન છૂપું ન હોય, ધર્મ-નિયમમાં શૂરા થઈને એક જ ભાવથી સૌ વર્તતા હોય, પરસ્પર દૈહિક સંબંધ વિના પણ ગાઢ સંબંધી જેવું હેત રાખતા હોય એવા ભક્તો પાસે શ્રીહરિ વારંવાર પધારતા. તેમની પ્રેમ અને શ્રદ્ધા-મહિમાની દોરીથી બંધાઈ રહેતા.”

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૮, તરંગ-૬૬

શ્રીજીમહારાજ જ્યાં જ્યાં આત્મીયતાની કસર જુએ ત્યાં ખૂબ દુ:ખી થઈ જતા. ગમે તેવા સારા હરિભક્ત હોય, સેવા-દાન-ધર્માદા કરતા હોય પરંતુ અરસપરસ આત્મીયતામાં કસર શ્રીજીમહારાજને મંજૂર નહોતી. શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સહિત ઝમરાળા પધાર્યા. પરંતુ ઝમરાળાના આહીર અને પટેલ જ્ઞાતિના હરિભક્તો વચ્ચે પરસ્પર સુમેળ ન જોયો તો મહારાજ ત્યાંથી તત્કાળ ચાલી નીકળ્યા અને ખૂબ નારાજગી દર્શાવી.

પોતે સ્વયં સર્વાવતારી ભગવાન હોવા છતાં સત્સંગમાં સુમેળ (આત્મીયતા) રહે તે માટે પોતે નમી ગયા. ગરજુ અને ભૂખ્યા બન્યા અને આપણને આત્મીયતા કરવાની રીત શીખવી છે.

સદ્. રામાનંદ સ્વામીના શિષ્ય રઘુનાથદાસથી શ્રીજીમહારાજની મોટપ ખમાતી નહોતી. સત્સંગનો દોર પોતાના હાથમાં લેવા માટે થઈ મહારાજ સાથે અનેક વાર ઝઘડા-કંકાસ કરતા. તેમ છતાંય તેમની સમક્ષ ગુરુભાઈના સંબંધે હંમેશાં સુમેળ કરવા સ્વયં શ્રીજીમહારાજ સદાય દાસ થઈને વર્તતા.

એક વખત શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે ભુજ પધાર્યા હતા. આ અરસામાં રઘુનાથદાસ પણ ભુજ આવેલા. રઘુનાથદાસનું સત્સંગ પ્રત્યેનું વિરોધયુક્ત વર્તન મહારાજને ગમતું નહોતું. તેથી એક દિવસ રઘુનાથદાસ જ્યાં ઊતર્યા હતા તે ઉતારાની તપાસ કરાવી. પોતે સ્વયં સર્વોપરી શ્રીહરિ સામે ચાલીને તેમની પાસે ગયા. રઘુનાથદાસ એ વખતે પલંગ ઉપર બેઠા હતા. પરંતુ શ્રીજીમહારાજને જોતાં જ તેઓ ગુસ્સે થઈ ગયા. મહારાજને આવકાર્યા પણ નહિ અને મોં ફેરવી લીધું. છતાંય શ્રીહરિની કૃપા વરસતી રહી. સંતો-હરિભક્તો શ્રીહરિ માટે ખાટલો લઈ આવ્યા, પછી તેઓ તેના ઉપર બિરાજ્યા અને પોતાની અમીદૃષ્ટિ રઘુનાથદાસ ઉપર રેલાવી રહ્યા. રઘુનાથદાસને બોલાવવા માટે મહારાજે તેમને કેટલાક પ્રશ્નો પૂછ્યા છતાંય તેઓ કાંઈ બોલ્યા નહીં. તોપણ શ્રીજીમહારાજે તેમને વારંવાર બોલાવ્યા અને ખૂબ મનાવ્યા. શ્રીજીમહારાજે કહ્યું, “ભાઈ ! સાધુને વળી વેર શું ? જેને સત્સંગમાં ફરવાની (વિચરણ કરવાની) ઈચ્છા હોય તેને સાધુની રીતમાં રહેવું, તો કોઈ કાંઈ કહે નહીં. અને એવા સંત જ શિરોમણિ બને છે. અમે તો તમારા જેવા સાધુની સેવા કરીએ છીએ. માટે તમને હાથ જોડીને કહું છું - આપણા ગુરુ રામાનંદ સ્વામીનું જે વચન-આજ્ઞા છે તે અમારે-તમારે બંનેએ પાળવાનાં છે.” આમ, શ્રીજીમહારાજે તેમને વિનય-વચને ઘણા સમજાવ્યા. પોતે સમર્થ હોવા છતાં રઘુનાથદાસ આગળ કગરી પડ્યા.

શ્રીજીમહારાજનો સંતો-હરિભક્તો પ્રત્યે પરસ્પર સુમેળ કરાવવાનો કેટલો આગ્રહ ! આવો આગ્રહ જેનો ન બને તેને શ્રીજીમહારાજે પોતાના દ્રોહી કહ્યા છે. ''જે સાચા સંત સાથે અને હરિજન સાથે સુમેળ ન રાખે ને કુમેળ રાખે તે અમારો દ્રોહી છે.''

- શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૧૪, તરંગ-૩૧

અવરભાવમાં સુખ, શાંતિ અને આનંદનું મૂળ આત્મીયતા છે. કદાચ રોજ ઘરમાં લાડુ કે દૂધપાક-પૂરી કે મિષ્ટાન્ન બનતાં હોય પરંતુ જો આત્મીયતા ન હોય તો એકેયનો સ્વાદ સુખે આવતો નથી. જમવાનો આનંદ મરી જાય છે. કદાચ કશું જ ન હોય, છાશ ને રોટલો ઝૂંપડામાં બેસીને જમવાનો હોય પરંતુ આત્મીયતા હોય તો સુખ, શાંતિ અને આનંદથી જીવન જિવાય છે. માટે, અવરભાવમાં સુખિયા રહેવા માટે સંપ, સુહૃદભાવથી રહેવું ફરજિયાત છે. પરભાવમાં સુખિયા રહેવા માટે એકતા ફરજિયાત જોઈશે.

એકતા એટલે આત્માની એકતા. વ્યતિરેક સ્વરૂપના સંબંધવાળા સૌ સંતો-ભક્તોને વિષે પરભાવની દૃષ્ટિ. તેમના અવરભાવના આકારને ભૂલી મહારાજના અનાદિમુક્તો છે એ ભાવે સૌમાં મહારાજનાં દર્શન કરવાં એ જ સાચી એકતા છે. પૂ. સ્વામીશ્રીએ સંકલ્પ પ્રાર્થનામાં આ જ વાતને દૃઢ કરાવી છે કે,

*''દીકરા-દીકરી ઘરનાં સભ્યો અનાદિમુક્ત મનાવજો;*
*મારાં છે એ ભાવ ભૂલીને, તવ અર્થે જિવાડજો...''*

ક્યારેક પરિવારના સભ્યોના કે સત્સંગમાં સંતો-હરિભક્તોના અવરભાવના સ્વભાવ-પ્રકૃતિ જોઈએ છીએ ત્યારે તેમના પરભાવને ભૂલી જઈએ છીએ. એમને વિષે અનાદિમુક્તનો ભાવ ભૂલી મનુષ્યભાવ આવી જાય છે. એ મનુષ્યભાવ જ આપણને સત્સંગમાંથી પાછા પાડે છે. ક્યારેક અભાવ-અવગુણની ઊંડી ગર્તામાં ધકેલી દે છે. વળી, મહારાજ અને મોટાપુરુષથી લાખો ગાઉનું છેટું કરી દે છે. સુખ, શાંતિ અને આનંદ નિત્ય નવા થવાને બદલે હણાઈ જાય છે.

આપણા સૌના પરમહિતચિંતક એવા શ્રીહરિ આપણને સૌને રેડ લાઈટ બતાવી સાવધાન કરે છે અને સૌને વિષે પરભાવની દૃષ્ટિ કરવાની સમજ આપતાં કહે છે કે, ''તમારે બધાએ ખબડદાર રહેવું પડશે. નહિ તો અમારી સાથે તમારો પગ ટકશે નહીં. અત્યારે જે જે સંતો-હરિભક્તો, નરનારીઓ આપણા સત્સંગમાં રહ્યાં છે તે બધાં અનાદિમુક્તો જ છે. સહુ પોતાના દિવ્યભાવને (અનાદિમુક્તો છે એ ભાવને) ભૂલી ગયા છે.

"આવું સમજનારા બહુ થોડા હોય છે. આપણા સત્સંગમાં આવા જેટલા સંતો અને હરિભક્તો છે તે બધા અનાદિમુક્તો છે, એમ સમજવું. જે મનુષ્ય પોતાના હૃદયમાં, સંતોમાં અને હરિભક્તોમાં મુક્તપણાની ભાવના રાખે છે, તે આધુનિક ભક્ત મુક્ત થઈ જાય છે."

"संत हरिजन मांहिं, मुक्त भाव जेहि उर रखत ।
आधुनिक मुक्त हो जांहि, एसो प्रताप हे समझ हुं को ।।"

– શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૫, તરંગ-૧૬

આધ્યાત્મિક માર્ગમાં મુક્તતા પ્રાપ્ત કરવા માટે સંતો-ભક્તો સૌને વિષે પરભાવની દૃષ્ટિ કરવી અનિવાર્ય છે. જો સંતો-ભક્તોને વિષે પરભાવની દૃષ્ટિ થાય તો એમને વિષેથી અવરભાવ ટળી જાય અને આપણે વિષે મુક્તભાવ દૃઢ થાય. સાથે આપણો અવરભાવ પણ દેહદૃષ્ટિ ટાળી પરભાવની દૃષ્ટિ કરવાથી જ ટળે અને તો જ સાચી એકતા થાય.

આવી એકતા હશે તો જ અંતરે સુખી રહેવાશે. અવરભાવમાં રહેનારને આવી આત્મીયતા એ જ સંસારની વિટંબણાઓમાં રહેવા છતાં સુખનું મૂળ છે. માટે સંતો-ભક્તો સાથે આત્મીયતા કરવી જ પડશે.

અવરભાવમાં દૈહિક સુખ-શાંતિ માટે પ્રયત્ન કરવા છતાં આપણા સૌનું પરભાવનું એકમાત્ર લક્ષ્ય મહારાજની મૂર્તિનું સુખ છે. પરંતુ મૂર્તિના સુખ સુધી પહોંચવા માટે દેહભાવથી પર થઈ મુક્તભાવ સુધીની યાત્રા સર કરવી પડે, જે પોતાની મેળે સર કરવી અશક્ય છે. ત્યાં મોટાપુરુષનો સહારો ફરજિયાત છે. બાપાશ્રીએ ૧લા ભાગની ૧૩મી વાતમાં કહ્યું છે કે, "મુક્ત (સત્પુરુષ) વિના પરબારું મહાપ્રભુજીનું સુખ કોટિ સાધને પણ મળતું નથી." મોટાપુરુષ થકી મૂર્તિના સુખ સુધી પહોંચવા માટે આત્મબુદ્ધિ ફરજિયાત છે અને મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ કરતા પહેલાં સંતો-હરિભક્તોને વિષે પરભાવની દૃષ્ટિ (એકતા) કરવી ફરજિયાત છે. તો જ મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ થાય; એ વિના કોટિ કલ્પે ન થાય.

એકલી એકતા પણ ન ચાલે. પછી મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિથી જોડાવું જ પડે. કારણ કે વસમી વેળાએ વહાર કરનારા અને શ્રીજીમહારાજના સુખ સુધી પહોંચાડનારા સત્પુરુષ છે. એમની સાથે જે આત્મબુદ્ધિ કરે તેની જવાબદારી મોટા પોતાને માથે લઈ લે છે. એટલું જ નહિ; તેનું નિશ્ચે કલ્યાણ કરાવે (અનાદિમુક્તની સ્થિતિ કરાવે). અવરભાવ અને પરભાવ બેયમાં સુખિયા રાખે.

મોટા મુક્તને વિષે આત્મબુદ્ધિ થાય તેને કેવો દિવ્યાનુભવ થાય તે સમજાવતાં બાપાશ્રીએ ભાગ-૨ની ૩૪મી વાતમાં કહ્યું છે કે, "જેને મોટા મુક્તને વિષે આત્મબુદ્ધિ થઈ હોય ને તેમને સાચે ભાવે સંભારે તો મોટા પ્રત્યક્ષ મળ્યા હોય ને કામ કરે તેવું જ કામ કરે છે. જેમ આંબલીને સંભારે તો મુખમાં પાણી આવે છે તેમ મોટાને જ્યાં જ્યાં સંભારે ત્યાં પોતે પ્રગટ આવીને તેનું કામ કરે છે."

ઉપરદળના રામજીભાઈ એટલે જીવનપ્રાણ બાપાશ્રી પ્રત્યેની આત્મબુદ્ધિનું અદ્‌ભુત પાત્ર. તેઓ જ્યારે બાપાનો સમાગમ કરી વૃષપુરથી પાછા ઉપરદળ પધારે ત્યારે બાપાનો અવરભાવનો વિયોગ તેમને બહુ લાગતો. વૃષપુરના સીમાડાંના ઝાડ-વેલાને બાથ ભરીને રૂએ ને કહે, "તમારે બાપાનાં નિત્ય દર્શન થાય અને મારે જોગ મેલીને જાવું પડશે." આમ, બાપાના અલ્પ સંબંધમાં આવેલા સંતો-ભક્તોનો અપાર મહિમા સમજતા.

રામજીભાઈને જ્યારે અંતિમ મંદવાડ હતો ત્યારે શરીર ખૂબ અશક્ત થઈ ગયું હતું, પરંતુ તેઓ બાપાશ્રીનાં દર્શન વગર રહી શકતા નહોતા. તેથી તેમણે દીકરાઓ પાસે પોતાને વૃષપુર લઈ જવા હઠ પકડી. રામજીભાઈને વૃષપુર લઈ જવાય એવી કોઈ શક્યતા જ નહોતી. બધા ના પાડે પણ રામજીભાઈનો આગ્રહ અતિશે હતો. અખંડ બાપાને સંભાર્યા કરે. તેમના આત્મબુદ્ધિએ યુક્ત સ્નેહથી વશ થઈ જીવનપ્રાણ બાપાશ્રીએ દિવ્ય તેજોમય દર્શન આપ્યાં અને પ્રત્યક્ષ દર્શન જેવું ખૂબ સુખ આપ્યું અને વૃષપુર ન આવવા સમજાવ્યા.

મોટાપુરુષને વિષે આવી દિવ્યભાવ સોતી દૃઢ પ્રીતિ જ મૂર્તિનું સુખ મેળવવા માટેનો એકમાત્ર ઉપાય છે. આવી આત્મબુદ્ધિ વગર બીજા કોઈ સાધને કરીને મૂર્તિના સુખ સુધી ન પહોંચી શકાય. જેની ઉપર મહોર મારી શ્રીજીમહારાજે વરતાલના ૧૧મા વચનામૃતમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, "સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થાવાનું પણ એ જ સાધન છે."

પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન એટલે પ્રતિલોમભાવે મહારાજની મૂર્તિમાં રોમરોમપણે એકતા કરવી. આવી એકતા મોટાપુરુષ થકી જ થાય છે. સત્પુરુષની જરૂર ફરજિયાત કેમ પડે તે દર્શાવતા જીવનપ્રાણ બાપાશ્રીના અભિપ્રાયો સમજી એમની સાથે આત્મબુદ્ધિ કરીએ.

"શ્રીજીમહારાજનું સુખ છે તે મોટા ચાલતાં આપી દે છે. કોટિ સાધને અને કોટિ કલ્પે ન પમાય એવું સુખ મોટા તરત આપી દે છે. ધ્યાન કરવાની લટક પણ

મોટાના શીખવ્યા વિના આવડતી નથી.''

– બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૬

''મુક્ત દ્વારે જ મહારાજ સુખ આપે છે ને પોતે તો અકર્તા રહે છે... એ તો શ્રીજીમહારાજે સંકલ્પ કરીને જે મુક્તને મૂક્યા હોય તેને પોતાના સુખની કૂંચી આપી હોય, તે મુક્ત શ્રીજીમહારાજના જેટલું કામ કરે. શા માટે જે શ્રીજીમહારાજનો સંકલ્પ છે અને શ્રીજીમહારાજ વતી આવ્યા છે.''

– બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૧૩

''શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિમાંથી અનંત અપાર સુખ ઉત્પન્ન થઈ મહા અનાદિમુક્ત દ્વારે સત્સંગમાં ફેલાય છે.''

– બાપાશ્રીની વાતો : ભાગ-૨, વાર્તા-૩૨

મહારાજના સુખનું દ્વાર સત્પુરુષ છે માટે જેટલી એમની સાથે આત્મબુદ્ધિ દૃઢ થાય એટલું જ સુખ આવે. એમની સાથે જેટલો પ્રસંગ દૃઢ થાય એટલા જ દોષ રહિત થઈ સુખિયા થવાય.

બોટાદના શિવલાલભાઈ નવલખા શેઠ હતા. પરંતુ તેમણે સદ્. ગુણાતીતાનંદ સ્વામીની સાથે દિવ્યભાવ સોતી આત્મબુદ્ધિ કરી હતી તો શ્રેષ્ઠ પાત્ર બની શક્યા. કંસારો જેમ ટીપી ટીપીને પાત્ર(વાસણ) ઘડે છે એમ મોટાપુરુષ પણ જીવાત્માને વઢીને, રોકીને, ટોકીને, સમજાવીને ગમે તેમ કરી શુદ્ધ પાત્ર કરે છે પરંતુ જો મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ જ ન થાય તો કેવી રીતે પાત્ર થવાય ? જેમ જેમ મોટાપુરુષ ઘડીને પાત્ર કરતા જાય એમ એમ મહારાજના સુખથી નજીક જવાય, અંતરે સુખ, શાંતિ અને આનંદ નિત્ય નવાં ને નવાં થતાં જાય છે. સમાધિ અવસ્થા કરતાં પણ વિશેષ શાંતિનો અનુભવ થાય છે.

શ્રીજીમહારાજે શાંતિનો ઉપાય - આત્મબુદ્ધિ દર્શાવતાં છેલ્લાના ૧૧મા વચનામૃતમાં કહ્યું છે કે, ''જેવી નિર્વિકલ્પ સમાધિને વિષે ભગવાનના ભક્તને શાંતિ રહે છે તેવી એ સમાધિ વિના પણ શાંતિ રહે એવો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજે કહ્યું જે, જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે.''

અહીં જ્યારે મોટાપુરુષને વિષે પરભાવની આત્મબુદ્ધિ અને સંતો-ભક્તોને વિષે આત્મબુદ્ધિ કહેતાં આત્મીયતા રહે તો જ શાંતિ થાય છે એવું સ્પષ્ટપણે

સમજાવ્યું છે. શ્રીજીમહારાજ અહોનિશ સંતો-ભક્તોને આ પ્રમાણે જીવન કરાવવા અતિ આગ્રહપૂર્વક વાત કરતા. વળી, અતિશે મંદવાડમાં પણ આ જ વાતની પુષ્ટિ કરી છે.

શ્રીજીમહારાજને અંતર્ધ્યાન થયા તેના પાંચ દિવસ પહેલાંની વાત હતી. મધ્ય રાત્રિના ગાઢ અંધકારમાં સૌ પોઢી ગયા હતા. શ્રીજીમહારાજ અચાનક બેઠા થઈ બોલ્યા કે, "અમારી પાસે કોઈ છે ?" મૂળજી બ્રહ્મચારી દોડતા મહારાજ પાસે આવ્યા ને કહ્યું, "મહારાજ ! હું, શુકસ્વામી ને રતનજી છીએ." મહારાજ કહે, "એક જણ જાવ અને એકલા મુક્તાનંદ સ્વામીને બોલાવી લાવો. સાથે બીજા કોઈને ન લાવતા."

રતનજી તરત સદ્. મુક્તાનંદ સ્વામીને બોલાવી લાવ્યા. સ્વામી આવીને મહારાજ પાસે બેઠા. મહારાજે પૂછ્યું કે, "અમારો વિશ્વાસ છે ?" સદ્. મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું, "હા મહારાજ, અમોને તો તમારો સંપૂર્ણ વિશ્વાસ છે." પછી શ્રીજીમહારાજે કહ્યું, "સ્વામી ! તમે સર્વે ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. અક્ષરધામમાં પણ એ સર્વેને વર્તાવે એવા મોટા છે. માટે તમે સૌ એમનો મહિમા સમજી એમની હારે પ્રીતિ રાખજો. આટલા દિવસ આ વાત તો કેટલાક જૂનાને ઠીક ન પડે તે માટે નહોતી કહી, પણ હવે આજથી તમે સર્વે એમની આજ્ઞામાં રહેજો અને એમને રાજી કરજો." ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામીએ બે હાથ જોડી કહ્યું, "મહારાજ ! અમે નિશ્ચે એમની આજ્ઞામાં જ વર્તીશું." એમ કહી વંદન કરી મહારાજની આજ્ઞા લઈ સ્વામી પોતાના આસને પધાર્યા.

શ્રીજીમહારાજે અંતર્ધ્યાન થતા પહેલાં સૌને અરસપરસ આત્મીયતાથી ભેગા ભળીને સદ્. ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં વર્તવાની ભલામણ કરી. એટલે કે 'સૌ આત્મીયતા કરજો અને સદ્. ગોપાળાનંદ સ્વામી સાથે આત્મબુદ્ધિથી જોડાઈને રહેજો.'

વર્તમાનકાળે એસ.એમ.વી.એસ.ના સુવર્ણ યુગના પ્રારંભે ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ આપણને સૌને આ જ ભલામણ કરી રહ્યા છે કે, ભલા થઈને...

**"સંતો-ભક્તોમાં આત્મીયતા જરૂર જોશે,**
**આત્મબુદ્ધિ મોટા સાથે કરવી પડશે;**
**સુખ-શાંતિ-આનંદ નિત્ય નવાં રહેશે..."**

અવરભાવમાં અને પરભાવમાં સદાય સુખિયા રહેવા અને અનાદિમુક્તની પદવીને શોભાડે એવું દિવ્યજીવન કરવા આ ભલામણને આપણા જીવનમાં વણી

લઈએ.

સૌની સાથે આત્મીય બનીને રહેવા માટે પાંચ ‘મ’કાર ને અને પાંચ ‘સ’કારને આપણા રોજબરોજના જીવનમાં ચરિતાર્થ કરીએ. સૌને મદદ કરીએ, માફ કરીએ, મહિમા સમજીએ, મનધાર્યું છોડીએ, મિલન કરીએ તેમજ સૌની આગળ સરળ થઈએ, સહન કરીએ, સવળું વિચારીએ, સ્નેહાળ અને લાગણીસભર બનીએ, સહૃદયી બનીએ તો આત્મીયતા સહજ થઈ જાય. આ વાતને આપણા વિચારમાં, બોલવામાં, વાતમાં, વર્તનમાં લક્ષ્યાર્થ કરીએ.

મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ કરતા પહેલાં પોતાપણાની બુદ્ધિ દૃઢ કરવી. મહારાજ, મોટાપુરુષ, સંતો-ભક્તો કે મંદિરને મારું માનીએ; આપણાં સમય, સંપત્તિ એમના માટે વાપરીએ તથા સમયે મોટાપુરુષના સંકલ્પોમાં ભેગા ભળી સહકાર આપીએ. એમનાં સુખ-દુઃખમાં ભાગીદાર થઈએ અને આપણી પ્રત્યે નિધડકપણું અપાવીએ. તો મોટાપુરુષ સુવર્ણ યુગમાં આપણું સુવર્ણમય જીવન ઘડનાર ઘડવૈયા બની શકે.

**“અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં સૌને વિષેથી દેહ દૃષ્ટિ ટાળી સૌ મહારાજના અનાદિમુક્તો છે એવી દિવ્ય દૃષ્ટિ કેળવજો તો સૌમાં આત્મીયતા થશે ને મોટાપુરુષની સાથે આત્મબુદ્ધિ થશે.”**




**કાર્ય કરવામાં કારણને મુખ્ય રાખજો...**

અધ્યાત્મ માર્ગ એ મૂળભૂત બે તત્ત્વોનો બનેલો માર્ગ છે - સત્ એવો જે આત્મા અને સત્ એવા જે પરમાત્મા. આ બંનેનું મિલન થાય છે ત્યારે અધ્યાત્મ માર્ગની પૂર્ણાહુતિ થાય છે. સત્સંગ એટલે માત્ર બહારથી થતું પરિવર્તન નથી. પણ આંતરિક પરિવર્તન એ જ સત્સંગ કહેવાય. સત્ વસ્તુનો સંગ થાય એનું નામ જ સત્સંગ કર્યો કહેવાય. અનંતકોટિ બ્રહ્માંડમાં અસલ સત્ સ્વરૂપ જો કોઈ હોય તો એ છે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ. એ સ્વરૂપની સાથે રોમરોમપણે એકાત્મપણું થાય ત્યારે ખરા અર્થમાં સત્સંગ કર્યો કહેવાય. અને ત્યારે જ સત્સંગની પૂર્ણાહુતિ થાય.

સત્સંગના પણ મુખ્ય બે પ્રકાર છે : (૧) કાર્ય સત્સંગ અને (૨) કારણ સત્સંગ. જ્યાં કાર્યનું જ પ્રધાનપણું હોય, કાર્યનું જ તાન હોય અને કારણ સ્વરૂપ કહેતાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની ગૌણતા હોય તેને કહેવાય કાર્ય સત્સંગ. અને જ્યાં એક અને માત્ર એક જ કારણ સ્વરૂપનું પ્રધાનપણું હોય, કારણ સ્વરૂપનું જ કર્તાપણું હોય અને કાર્યની ગૌણતા હોય તેને કહેવાય કારણ સત્સંગ. કાર્ય સત્સંગ એટલે નર્યો અવરભાવમાં રાચતો સત્સંગ અને કારણ સત્સંગ એટલે નર્યો પરભાવમાં રાચતો સત્સંગ. કાર્ય સત્સંગ અને કારણ સત્સંગની જે પ્રાપ્તિ અને તેનું જે ફળ તે વચ્ચેનો ભેદ સમજાવતાં જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ વાતોમાં કહ્યું છે કે,

"લાખ-કરોડ જન્મ ધરો અને કાર્ય સત્સંગ કરો પરંતુ કારણ સત્સંગનો એક મિનિટનો જોગ અધિક છે કેમ જે એક મિનિટમાં અનાદિ કરી મૂકે."

- બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૭૯

હવે સમજીએ કે કાર્ય એટલે શું ? અને કારણ એટલે શું ? જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ પહેલા ભાગની ૪થી વાતમાં કાર્ય અને કારણનો સ્પષ્ટ ખ્યાલ આપતાં કહ્યું છે કે, "મહારાજ અને મુક્ત એ બે કારણ છે અને મંદિરો, આચાર્ય, સાધુ, બ્રહ્મચારી, સત્સંગી એ સર્વે કાર્ય છે." કાર્ય અને કારણ આ બેની કારણ સત્સંગી તરીકે સ્પષ્ટતા આપણને હોવી ફરજિયાત છે. કારણ સત્સંગના સિદ્ધાંતોની સ્પષ્ટતા આપણી રગેરગમાં વ્યાપક હોવી જોઈએ, જેનાથી કાર્ય અને કારણ સંમિશ્રિત ન થઈ જાય. કારણ એટલે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ. જે આપણા સૌનું ધ્યેય, લક્ષ્ય, સેન્ટર પોઈન્ટ ને અંતિમ વિરામસ્થાન છે. કાર્ય એટલે આપણો ધ્યેય, આપણું લક્ષ્ય હાંસલ કરવા માટે જે કંઈ સાધન, પ્રયત્ન કે દાખડો કરીએ તેને કહેવાય કાર્ય. કાર્ય એ ધ્યેય નથી - સાધ્ય નથી. એ માત્ર સાધન છે. જ્ઞેય, ધ્યેય, ઉપાસ્ય અને કારણ સ્વરૂપ એક ને માત્ર એક જ છે -

ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ.

સમૈયા, ઉત્સવો, મંદિરો, આચાર્યો, દેશ, ગાદી, સાધુ, બ્રહ્મચારી, હરિભક્તો કે સત્સંગનાં સાધનો આ બધું જ કાર્ય છે. કાર્ય એ કારણમાં જોડાવા માટે છે. સમૈયા, ઉત્સવો-મહોત્સવો, મંદિરો કરવાં પડશે પરંતુ એ બધું કરતાં-કરતાંય આપણો ધ્યેય - કારણ મૂર્તિની ગૌણતા ક્યારેય ન થવી જોઈએ. જેમ અભ્યાસમાં ભૂમિતિના વિષયમાં ચાપ મારવામાં આવે છે એ બધા જ ચાપ એક જ સેન્ટર પોઈન્ટ ઉપરથી મરાય છે. તેમ મહારાજને રાજી કરવા કાર્ય કરવું પડે પરંતુ બધું જ કારણ મૂર્તિરૂપી સેન્ટર પોઇન્ટને મુખ્યપણે રાખીને જ.

જેમ કોઈ વેપારી હોય તે ધંધો-વ્યવસાય કરે છે. ધંધા-વ્યવસાયની અંદર માલ ખરીદવો, માલ વેચવો, માલનું ઉત્પાદન કરવું, કારીગરો પાસે કામ લેવું, ગ્રાહકોને સંતોષ આપવો, ગ્રાહકો સાચવવા આ બધું જ તેને કરવું પડે છે. પરંતુ આ બધુંય કરતાં કરતાં એની નજર હંમેશાં નફા ઉપર જ હોય છે. કારણ કે પેલું બધું કાર્ય છે અને નફો એ કારણ છે. ગમે તેટલો મોટો વેપારી હોય પરંતુ આ બધાની સાથે એ નફાની ગૌણતા ક્યારેય થવા દેતો નથી. કાર્ય કરે છે પરંતુ કારણને ભૂલીને કશું જ નથી કરતો. કારણ કે કાર્ય છે એ કારણ સુધી પહોંચવા માટે છે. કદાચિત્ ગમે તેટલો મોટો લાખો-કરોડોનો વેપાર કરીએ પરંતુ એમાં નફો જ ન મળે તો શા કામનું ? એમ મોટાં-મોટાં મંદિરો કર્યાં, ઉત્સવ-સમૈયા કર્યા, લાખો માણસોને રંજન કરાવ્યું પરંતુ કારણ સ્વરૂપ કહેતાં મહારાજ જ ગૌણ થઈ ગયા તો શા કામનું ? કારણ(મૂર્તિ)ને વિસારીને અથવા તો તેમના રાજીપાને ગૌણ કરીને કરેલું શ્રેષ્ઠતમ કાર્ય પણ સાવ નિરર્થક છે, સમય બગાડવા જેવું છે.

કાર્ય કર્યા પછી કાર્યને વિસારવાની અદ્ભુત રીત શીખવતાં શ્રીજીમહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૨૨મા વચનામૃતમાં જણાવે છે કે, “અમદાવાદના બ્રાહ્મણ ચોરાશી જમી રહ્યા પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા તે જેતલપુર જઈને રાત રહ્યા. પછી ત્યાં જઈને એવો વિચાર કરવા માંડ્યો જે, જેટલા માણસ દેખ્યા છે ને જેટલી પ્રવૃત્તિ દેખી છે તેને ટાળી નાખવી, પછી તેને વિસાર્યાને અર્થે હૈયામાં અતિશે દુઃખ થયું તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા. પછી ત્યાં થકી ધોળકે જઈને રાત રહ્યા અને ધોળકાના ચાલ્યા એ ને એ વિચારમાં ગામ કોઠને પાસે ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈને રાત રહ્યા તે વિચાર એવો કરવા માંડ્યો જે, દેહની સ્મૃતિ ન રહી પછી વિચારતાં-વિચારતાં સર્વે પ્રવૃત્તિને વિસારી મેલી.”

સ્વયં શ્રીજીમહારાજને પ્રવૃત્તિ વિસારવાની કોઈ જ જરૂર નહોતી. એ તો

સ્વયં પોતે જ કારણ સ્વરૂપ હતા. પરંતુ પ્રવૃત્તિપ્રધાન કહેતાં કાર્યપ્રધાન સમાજ શ્રીજીમહારાજને જરીયે પસંદ નહોતો. પ્રવૃત્તિપ્રધાન સમાજ જોઈને શ્રીજીમહારાજના અંતરમાં ઘણું જ દુઃખ થતું હતું. પ્રવૃત્તિ કરતાં-કરતાંય કારણ સ્વરૂપને વિસરવા ન દેવું, ગૌણ ન થવા દેવું એ મહારાજનો અંતર્ગત અભિપ્રાય હતો અને છે. જેની મહારાજ આપણને અહીં ઉમદા રીત શીખવી રહ્યા છે.

'કેળું' જે છાલ સોતું નજરે દેખાય છે તેને જ આપણે કેળું કહીએ છીએ. પરંતુ હકીકતે એ કેળું નથી. ઉપર જે દેખાય છે એ તો કેળાની છાલ છે; અંદર જે ગર્ભ છે તે કેળું છે. એની જ કિંમત છે. એનું જ મૂલ્ય છે. એમાં જ ગળપણ છે. એ જમવાથી જ આનંદ આવે છે. આ જ હકીકત છે. એમ અવરભાવ એ કાર્ય છે અને પરભાવ એ જ કારણ છે. કાર્ય શાના માટે છે ? તો એક મહારાજની મૂર્તિના સુખને પામવા માટે. માટે મહારાજની મૂર્તિ એ જ કારણ છે, બાકી બધું કાર્ય છે.

વળી, એક વાત પણ સનાતન સત્ય છે કે છાલ વગર કેળું શક્ય જ નથી, ફોતરાં વગર ચોખા શક્ય નથી, ખોખા વગર સીંગદાણા શક્ય નથી. એનો ઉપયોગ કરવો હોય, એનું સુખ લેવું હોય તો ફરજિયાત ઉપરની છાલનો, ફોતરાંનો અને ખોખાનો ત્યાગ કરવો જ પડે. એમ જેને 'કારણરૂપ' મૂર્તિનું સુખ લેવું હોય તેણે કાર્યનો અર્થાત્ અવરભાવનો ત્યાગ ફરજિયાત કરવો જ પડે.

આ દિવ્ય કારણ સત્સંગનો યોગ થયા પછી કારણ સ્વરૂપમાં જોડાવું કહેતાં મહારાજમાં જોડાવું અને મૂર્તિ સાથે રોમરોમપણે એકમેક થઈ મૂર્તિના સુખને માણવું એ આપણા સૌનો અંતિમ ધ્યેય છે, અંતિમ વિરામસ્થાન છે. કારણ સત્સંગ એટલે કેવળ કૃપાનો સત્સંગ. શ્રીજીમહારાજ કારણ સત્સંગમાં આવનાર દરેક મુમુક્ષુમાત્રને અનાદિમુક્તની પ્રાપ્તિ સહજમાં કરાવી દે છે. પરંતુ મૂર્તિનું સુખ મેળવવા માટે પાત્રતા કેળવવી પડે છે.

મૂર્તિના સુખને પાત્ર થવા માટેનાં ચાર સ્ટેપ છે. એમાં પહેલું સ્ટેપ - મહારાજના સ્વરૂપને જાણવું. એટલે કે અન્વય-વ્યતિરેકપણે ભગવાન સ્વામિનારાયણને સર્વોપરી, સનાતન, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વ નિયંતા, સર્વ કર્તા-હર્તા સમજીને તેઓની સર્વોપરી ઉપાસના દૃઢ કરવી. બીજું સ્ટેપ - મહારાજના સ્વરૂપને પામવું. એટલે કે શ્રીજીમહારાજના સ્વરૂપનો પ્રત્યક્ષપણે નિશ્ચય કરવો. પ્રત્યક્ષપણે નિશ્ચય એટલે હું જે મૂર્તિનાં દર્શન કરું છું એમાં જ અનંત અનાદિમુક્તો, તેજ, સામર્થી, ઐશ્વર્ય, લાવણ્યતા, સુખ રહેલાં છે અને

એ મને સાક્ષાત્ મળ્યા છે. ત્રીજું સ્ટેપ છે - મહારાજના સુખને પાત્ર થવું. પાત્ર થવું એટલે કે મૂર્તિના સુખને લાયક થવું. હવે પાત્ર કેવી રીતે થવાય ? તો તેનો ઉપાય મોટા સંતોએ કીર્તનમાં વણી લીધો :

*"મૂર્તિને નિશદિન સમરતાં, પૂરણ પાત્ર થવાય;*
*પુરુષોત્તમરૂપ પાત્ર બને તો, જ મૂર્તિનું સુખ પમાય."*

મૂર્તિને નિશદિન સમરવી એટલે કે અનાદિમુક્તની લટકે નિરંતર વર્ત્યા કરવું કહેતાં કારણરૂપ થવું. અને એ થયા પછી જ ચોથું સ્ટેપ છે - મહારાજના સુખને માણવું એટલે કે અનાદિમુક્તની સ્થિતિ થવી, મહારાજના સુખનો સાક્ષાત્કાર થવો. માટે આપણા સૌનો અંતિમ ધ્યેય છે - મૂર્તિના સુખને પામવું. ત્યારે એ ધ્યેયને સરળતાથી પાર પાડવા માટે મૂર્તિ રૂપે વર્તવું કહેતાં કારણરૂપ થવું ફરજિયાત છે. કારણ કે કારણરૂપ થયા વિના કારણ મૂર્તિના સુખને પાત્ર થવું એ તદ્દન પાયાવિહોણી વાત છે. કારણરૂપ થવાથી જ કારણ સ્વરૂપના સુખને પાત્ર થવાય. આ સનાતન સત્ય છે, નરી વાસ્તવિકતા છે. કારણ કે જેનું સુખ લેવું હોય તેના જેવા થવું જ પડે. એ આકારે વર્તવું જ પડે. એનું નિરંતર પ્રતિલોમપણે ચિંતવન કર્યા કરવાથી જ એના જેવા થવાય. માટે મોટા સંતો કહે છે કે,

*"જે જેનું ચિંતવન કરે, તે તેમય થઈ જાય,*
*શ્રીજી ચિંતવી શ્રીજીમય થવું, કીટ ભ્રમરને ન્યાય."*

એક આ લોકની રીતે પણ જો કોઈ વૃદ્ધ વ્યક્તિએ બાળક સાથે સેટ થવું હોય ત્યારે પોતાની અવસ્થાના ભાવ ભૂલીને બાળકના ભાવમાં આવવું જ પડે અર્થાત્ બાળકરૂપ થવું જ પડે છે. ત્યારે જ બાળકને એની સાથે રહેવું પસંદ પડે છે. માટે બાળકને સજાતિ થવાય છે ત્યારે જ બાળક સાથે સેટ થાય છે. જો બાળક સાથે રહેવા માટે પણ બાળક જેવા થવું પડતું હોય તો મૂર્તિમાં રહેવા મૂર્તિ જેવા ન થવું પડે ? કારણ સત્સંગના સભ્ય તરીકે કારણ સત્સંગીની આપણી રીત કાર્ય સત્સંગ તથા કાર્ય સત્સંગી કરતાં તદ્દન નોખી છે. સાધન કરતાં, સેવા-પ્રવૃત્તિ કરતાં કરતાંય મૂર્તિમાં રહેતાં આવડે, મૂર્તિમાં ઠરતાં આવડે તે કારણ સત્સંગી. જે કંઈ પણ કરીએ તે મૂર્તિમાં રહીને કરવું તે કારણ સત્સંગની ગળથૂથી છે, કારણ સત્સંગની આગવી ઓળખ છે. કારણ સત્સંગના સભ્ય હોવા છતાં સાધન કરતાં, સેવા-પ્રવૃત્તિ કરતાં મૂર્તિમાં રહેતાં ન આવડે તો હજુ આપણે કાર્ય સત્સંગી જ છીએ. આવો ત્યારે, શ્રીજીમહારાજ અને જીવનપ્રાણ અબજીબાપાશ્રીના કારણરૂપ થવા માટેના કેવા આગ્રહો છે તે જોઈએ...

"ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે, તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી."

- ગઢડા પ્રથમ પ્રકરણનું ૧લું વચનામૃત

"મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઈત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં, તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયા જેવું છે."

- ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૨મું વચનામૃત

"જેમ પક્ષી ચારો કરીને પોતાના માળામાં આવે છે, તેમ તમે સર્વે ભગવાનની કથા-કીર્તનાદિકરૂપી ચારો કરીને પાછા ભગવાનના સ્વરૂપરૂપી માળામાં વિરામ કરો છો કે બીજે જ્યાં-ત્યાં વિરામ કરો છો ? અને વળી જેમ ધણિયાતું ઢોર હોય તે સીમમાં ચરીને સાંજે પોતાને ખીલે આવે છે, ને જે હરાયું ઢોર હોય તે ખીલે આવે નહિ ને જેનું તેનું ખેતર ખાઈને જ્યાં-ત્યાં બેસી રહે, પછી કોઈક ધોકા મૂકે કાં વાઘ આવે તો મારે, તેમ તમે તે ધણિયાતા ઢોરની પેઠે પોતાને ખીલે આવો છો ? કે હરાયા ઢોરની પેઠે કોઈનું ખેતર ખાઈને જ્યાં-ત્યાં બેસીને વિરામ કરો છો ?"

- ગઢડા પ્રથમ પ્રકરણનું ૩૨મું વચનામૃત

"મૂર્તિની સ્મૃતિ અખંડ રાખવી. રાગમાં, રંગમાં, કથામાં, વાર્તામાં મૂર્તિની સ્મૃતિ ભૂલી જવાય તો ચાળે ચઢી ગયા એમ જાણવું. શાસ્ત્ર ભણીને પાનું ઝાલીને કથા વાંચે ને જો મૂર્તિ ભુલાય નહિ તો તો ઠીક. જો મૂર્તિ ભૂલી જવાય તો જેમ રાંડીને ખૂણે બેઠી એવું કહેવાય, માટે અખંડ તેલધારાવૃત્તિ મૂર્તિમાં રાખવી."

- બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૨૦

"સુખ મહારાજમાં છે અને માંગવા બીજે જાય છે એટલે કાર્યમાં સુખ માને છે, ત્યાં સુખ તે ક્યાંથી હોય ? જેમ રાજાને પડ્યા મૂકીને વસ્તી પાસે સુખ માંગે તે ક્યાંથી મળે ? માટે કાર્યને પડ્યું મૂકીને કારણ જે મૂર્તિ તેમાં ચોંટી પડે તો સુખ મળે." - બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૫૨

"ગૃહસ્થ હોય તેમણે તો શ્રીજીમહારાજ સુખેથી સાંભરે ને કથા-વાર્તા, ધ્યાન, ભજન, માળા, માનસીપૂજા વગેરે નિયમ બરાબર સચવાય અને પોતાના જીવાત્માનું પરલોક સંબંધી સુખ થવાનું સાધન સુખે થાય, એવી રીતે દેહનિર્વાહ જેટલો જ વ્યવહાર કરવો પણ વ્યવહારરૂપ થઈ જવાય એવો વેગે સહિત વ્યવહાર ન કરવો." - બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૧૦૮

"અમારો વેપાર તો જીવને કાર્યમાંથી એટલે સત્સંગમાંથી દેહ મુકાવીને

કારણ જે મૂર્તિ તેમાં પહોંચાડવા એ જ છે. મૂર્તિથી બહાર જેટલું સુખ મનાય છે તે અજ્ઞાન છે, તેને ટાળીને સર્વે ક્રિયા મૂર્તિમાં રહીને કરવી, પણ મહારાજને મૂકીને કોઈ ક્રિયા કરવી નહીં.'' - બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૧૩૫

''જેમ દીવો ફાનસમાં હોય પણ કાચના આવરણને ભેદીને અજવાળું કરે છે, તેમ જીવ પોતે દિવ્ય થાય તો આવરણ ન રહે ને મૂર્તિનું સુખ આવે.''

- બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૧૬૧

''પગલાં પદાર્થ કાંઈ કામનાં નથી. મૂર્તિ રાખો તો બધુંય આવ્યું, પણ કાર્યમાં તાન છે તેટલું કારણમાં તાન થાતું નથી; તે બહુ ખોટ છે.''

- બાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૧૬૭

''મૂર્તિમાં શાંતિ છે, બીજે શાંતિ નથી. માટે મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવું. આપણે તો એ કારણ મૂર્તિનું જ કામ છે... મૂર્તિમાં રસબસ રહેવું.''

- બાપાશ્રીની વાતો : ભાગ-૨, વાર્તા-૧૨

''કેટલાકને વ્યવહારમાં ડહાપણ ઘણું હોય તેથી મૂર્તિને ભૂલીને કાર્યમાં હણોહણ કરે, તો તે શું કમાણા ? આપણે તો પુરુષોત્તમનારાયણના થયા છીએ, માટે એ મૂર્તિનો સદાય કેફ રાખવો... મહારાજ વિના બધુંય કાર્ય છે. કારણ વિના આત્યંતિક મોક્ષ ન થાય.'' - બાપાશ્રીની વાતો : ભાગ-૨, વાર્તા-૧૩૬

કારણરૂપ થવાય ત્યારે જ ખરા અર્થમાં સત્સંગ કર્યો કહેવાય. જીવનપ્રાણ અબજીબાપાશ્રીની બંને ભાગની વાતોમાં બાપાશ્રીએ કુલ ૧૯ વખત આ વાતને દોહરાવી છે કે, ''વ્યવહારને ગૌણ કરીને મહારાજને મુખ્ય કરો.'' તે માટે જ વ્હાલા ગુરુવર્ય પ.પૂ.બાપજી આપણને ભલામણ કરી રહ્યા છે કે, ભલા થઈને...

**''ભલે થાય કાર્ય પણ કારણ મુખ્ય કરો,**
**દેહ દૃષ્ટિ ટાળી દિવ્ય દૃષ્ટિ ધરો;**
**એક મેક મૂર્તિમાં રહી હરો ફરો...''**

અવરભાવ છે એટલે અવરભાવમાં રહીને કાર્ય કરવું પડશે. પરંતુ તેની સાથે સાથે કાર્યરૂપ ન થઈ જવાય, કારણની ગૌણતા ન થઈ જાય તેનો સવિશેષ ખટકો રાખવો પડશે. કારણ સ્વરૂપમાં તન્મય થવાશે અર્થાત્ કારણરૂપ થવાશે તો જ કારણ સ્વરૂપના સુખને પમાશે. અવરભાવને ભૂલવાથી જ પરભાવમાં જવાય. આ નરી વાસ્તવિકતા છે. ત્યારે રોજિંદા જીવનમાં કારણરૂપ થવા માટે આટલું કરીએ...

હરતાં-ફરતાં, ખાતાં-પીતાં પરભાવનાં કીર્તનોનું મનન કરીએ. પરભાવની

વાતોનું મનન કરીએ. પરભાવની વાતો તથા કીર્તનના મનનથી અવરભાવ વિસરાતો જશે અને પરભાવ દૃઢ થશે. વળી, સાથે સાથે પોતાના સ્વરૂપની દૃઢતા માટે પણ પરભાવનું જ મનન કર્યા કરીએ કે, મહારાજ અને મોટાપુરુષે કેવળ કૃપા કરીને મને મૂર્તિમાં રાખ્યો જ છે. આ દેહ તે હું નથી, દેહ મારું સ્વરૂપ નથી. હું અનાદિમુક્ત છું. મૂર્તિમાં જ છું. મહારાજ જ છે. આ ભાવમાં આવતાં શીખીએ.

વ્હાલા પૂ. સ્વામીશ્રી કાયમ આપણને આ અંગે ટકોર કરતાં જણાવે છે કે, "દિવસ દરમ્યાન અવરભાવમાત્રને સળગાવતાં શીખો. પરભાવના વિચારે કરીને, મનને કરીને અવરભાવને વિસારી દો. મૂર્તિરૂપી માળામાં વિરામ કરવાની ટેવ પાડો. પ્રવૃત્તિ કરતાં કરતાં પણ પ્રવૃત્તિરૂપ ન થઈ જઈએ. પ્રવૃત્તિમાં ગોટમોટ, એકમેક ન થઈ જઈએ. મહારાજરૂપ થઈને મૂર્તિનો સંબંધ કેળવીને પ્રવૃત્તિ કરવાની ટેવ પાડીએ. શક્ય હોય તેટલું અવરભાવને ભૂલવાની ટેવ પાડીએ. બિનજરૂરી કોઈનાંય નામ, ઠામ કે વાતો યાદ કરવાનો કે જાણવાનો પ્રયાસ ન કરીએ."

વ્હાલા પૂ.સ્વામીશ્રી આ બાબતે એક અદ્‌ભુત રીત શીખવતાં કહે છે કે, "મને તમારું અવરભાવનું નામ યાદ કરવું પડે છે એ પણ અતિશે કષ્ટ લાગે છે. અંતરમાં અતિશે દુઃખ થાય છે. કારણ કે ભૂલવાનું જ છે તેને શા માટે પાકું કરવું ?" આ તમામ ઉપાયોની સાથે સાથે કારણરૂપ થવા માટે પાયાની જરૂરિયાત છે - દેહદૃષ્ટિ ટાળીને દિવ્ય દૃષ્ટિ કરવી. દેહદૃષ્ટિ એ જ દોષમાત્રનું મૂળ છે. માટે ચારેય સ્વરૂપને વિષેથી અવરભાવ ટાળી પરભાવ દૃઢ કરવો ફરજિયાત છે.

**૧. મહારાજનું સ્વરૂપ :**

હું જે મૂર્તિનાં દર્શન કરું છું એ મને ચર્મચક્ષુએ, મારી દેહદૃષ્ટિએ દેખાય છે આરસ, પ્રતિમા કે કાષ્ઠનું સ્વરૂપ. પરંતુ એ તો અવરભાવ છે, દેખાવામાત્ર છે. મહારાજ તો સદાય પરભાવમાં છે. તેજના સમૂહમાં જ છે. દિવ્યાતિદિવ્ય છે. જ્યારે જ્યારે મહારાજની મૂર્તિનાં દર્શન કરીએ ત્યારે આ રીતે પરભાવની દૃષ્ટિથી જ દર્શન કરીએ.

**૨. મોટાપુરુષનું સ્વરૂપ :**

મોટાપુરુષ નિરંતર મહારાજની મૂર્તિમાં રહ્યા છે. મને મારાં ચર્મચક્ષુએ દેખાય છે મારા જેવા પરંતુ એ મારા જેવા નથી. મહારાજ મને સુખિયો કરવા માટે, પાત્ર કરવા માટે કેવળ દયા કરી વેશાંતરભાવે આ સ્વરૂપ દ્વારા દર્શન આપે છે. બસ... 'પોતે અખંડ મૂર્તિમાં રહે છે સંકલ્પે શ્રીજી દેખાય રે...' એ મૂર્તિમાં છે ને તેમના દ્વારા વાત કરનાર મહારાજ છે, સુખ આપનાર મહારાજ છે.

**૩. સંતો-હરિભક્તોનું સ્વરૂપ :**

સૌ સંતો-હરિભક્તો કે પરિવારના સભ્યો એ મહારાજના વ્હાલા અનાદિમુક્તો છે. એમને વિષે મુક્તભાવ દૃઢ કરીએ. જ્યારે જ્યારે અનાદિમુક્ત શબ્દ આવે ત્યારે મૂર્તિ વિઝ્યુલાઇઝ કરીએ. ભલે અવરભાવમાં કોઈના ઉપલક દૈહિક સ્વભાવ-પ્રકૃતિ કે દોષો દેખાય પરંતુ એ બધાય છે તો મહારાજના અનાદિમુક્ત જ. જે કાંઈ દોષ દેખાય છે એ એમના દેહના છે. આત્માને વિષે કોઈ દોષ છે જ નહિ ને મહારાજે તો તેમના આત્માને અનાદિમુક્ત કર્યો છે. પરંતુ જ્યાં સુધી દેહદૃષ્ટિથી જ જોઈશું ત્યાં સુધી દેહના દોષો જ દેખાવાના, પરંતુ એ દેહદૃષ્ટિ ટાળી પરભાવની દૃષ્ટિ કેળવીશું તો મુક્તભાવ સમજાશે.

**૪. પોતાનું સ્વરૂપ :**

પોતાને વિષે પણ પરભાવ દૃઢ કરવો. અવરભાવને દૃઢ કરી દેહરૂપ થઈ ચાળા ચૂંથ્યા ન કરવા. બસ, આપણને મોટાપુરુષ દ્વારા મહારાજે આપેલા કોલનો નિરંતર વિચાર કરવો,

*"નક્કી રાખ્યા છે તમને મૂર્તિમાં, કરી દીધા છે મુજ આકાર રે."*

જેમ સંતો-ભક્તોને વિષે જે અવરભાવમાં દોષ-સ્વભાવ દેખાય છે તે દેહના છે, એમના નથી; તેમ આપણે વિષે પણ જે કાંઈ દોષો, સ્વભાવો દેખાય છે તે દેહના છે, આપણા નથી. તો શું એ ટાળવાની જરૂર નહીં ? એને ટાળવાના જરૂર છે પરંતુ સાક્ષીભાવમાં રહીને ટાળવાના છે. એ દોષરૂપ પોતાને માનવાની કોઈ જરૂર નથી. આપણે વસ્તુતાએ અનાદિમુક્ત જ છીએ. એમાં કોઈ મીનમેખ નથી. આ રીતે ચારેય સ્વરૂપને વિષે પરભાવ દૃઢ કરીને મહારાજે મોટાપુરુષ દ્વારા આપણને જે અનાદિમુક્તની લટક આપી છે તે પ્રમાણે વર્ત્યા કરીએ. કાર્ય કરતાં કરતાં પણ નિરંતર કારણ સ્વરૂપનું કહેતાં મહારાજનું અનુસંધાન રાખીએ - મહારાજરૂપ થઈએ તો સહજમાં પરભાવમાં પહોંચી જવાશે. બસ, એક જ આગ્રહ,

*"રોમેરોમના સુખમાં, રસબસ ભાવે થીજવા;*
*અનાદિમુક્તની હારમાં, ઉત્તમ સુખો માણવા,*
*અતિ સ્નેહે એકમેક થઈ ફરો."*

**"અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં ઉત્સવ, સમૈયા, મંદિરો, સંતો આ બધું કાર્ય છે એમાં આનંદ ન માનવો. એ બધું કારણ એવી જે મહારાજની મૂર્તિ એમાં જોડાવા માટે છે. માટે કારણમાં આનંદ માનજો અર્થાત્ કારણના ભોગે કાર્યનું તાન ન રાખશો."**



ભલામણ-૧૧ ભલા થઈને...

**મૂર્તિરૂપ માની પાત્ર બનજો અને**

**ધ્યાન કરી સુખ લેજો....**

સૃષ્ટિના સર્જનથી શરૂ કરી અદ્યાપિ મનુષ્યજીવનમાં જે કંઈ પ્રગતિ કે પરિવર્તનો થયા છે તેની પાછળનું મૂળભૂત કારણ છે – વ્યક્તિનો ધ્યેય. ધ્યેય એટલે નિશાન, લક્ષ્ય, પૂર્ણવિરામ. કોઈ પણ કાર્યની શરૂઆત કરતા પહેલાં તે કાર્યના અંતિમ ચરણને નક્કી કરવું એને કહેવાય ધ્યેય. અને તે નક્કી કરેલા કાર્યના અંતને કેન્દ્રસ્થાને રાખી દરેક ક્રિયા કરીએ તેને કહેવાય ધ્યેયસભરજીવન. વ્યક્તિમાત્રના જીવનમાં ધ્યેય એ અનિવાર્ય ભૂમિકા ભજવે છે. દરેક વ્યક્તિના જીવનનો આગવો ધ્યેય હોવો એ ખૂબ જરૂરી છે. ધ્યેયવિહીન જીવન એ સમય, શક્તિ અને સંશાધનોનો વ્યય જ નોતરે છે.

ધ્યેય વિના કોઈ કાર્ય સંભવિત નથી. ગાડી લઈને ઘરની બહાર નીકળ્યા હોઈએ, પરંતુ નક્કી જ ન કર્યું હોય કે ક્યાં જવું છે ? તો કઈ બાજુ ગાડી લઈ જઈશું ? ક્યાં ઊભી રાખીશું ? ગાડી લઈને નીકળીએ ત્યાં પણ ધ્યેયની જરૂર છે કે આપણે ક્યાં પહોંચવું છે ? વિદ્યાર્થી અભ્યાસ કરે છે પરંતુ જો તેનો કોઈ ધ્યેય જ નહિ હોય કે મારે ભણીને ડૉક્ટર કે એન્જિનિયર બનવું છે તો તે ક્યારેય ડિગ્રી નહિ પામી શકે. વ્યવહારિકમાર્ગ હોય કે આધ્યાત્મિકમાર્ગ હોય, બંનેમાં ધ્યેયનું મૂલ્ય મોખરે છે. મોટાપુરુષોએ પણ એમના જીવનકાળ દરમ્યાન આપણને આ જ શીખવ્યું છે.

એક વખત સદ્. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢની એક શેરીમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક બાળક શેરીમાં આમથી તેમ દોડાદોડ કરતો હતો. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ બાળકને નજીક બોલાવીને પૂછ્યું કે, “અલ્યા છોકરા, તું આ દોડાદોડ શું કામ કરે છે ?” છોકરો કહે, “સ્વામી, કંઈ નહીં. અમથો અમથો.” એમ બોલીને પાછો દોડવા માંડ્યો. તરત સ્વામીએ ઉપદેશ આપ્યો કે, “આવું ધ્યેય વગરનું અમથું અમથું કાર્ય ન કરવું. એવા અમથા અમથા ધોડા કાઢી મનુષ્યદેહ શા માટે એળે જવા દેવો ?” કેવા મોટાપુરુષોના અભિપ્રાયો છે !

આપણે આપણા જીવનનો જેવો ધ્યેય નક્કી કરીશું એવા જ આપણે થઈશું. વળી, ધ્યેય જેટલો પ્રબળ બાંધીશું એટલા જ વહેલા ધ્યેય સુધી પહોંચીશું. માટે આપણા જીવનની પ્રગતિનો આધાર ધ્યેય ઉપર છે. ધ્યેય પણ આપણે ઘણા બાંધીએ છીએ પરંતુ આપણા જીવનનો એક એવો કાયમી ધ્યેય હોવો જોઈએ જે જીવનપર્યંતનો હોય. અર્થાત્ જીવનધ્યેય હોવો જોઈએ.

જીવનધ્યેય એટલે જ કાયમી ધ્યેય. જીવનના છેલ્લા શ્વાસ સુધી, દેહના અંત સુધી તે ક્યારેય બદલાતો નથી, કાયમી રહે છે તેને કહેવાય જીવનધ્યેય. જેનો

જીવનધ્યેય નક્કી હોય તે જ અસાધારણ વ્યક્તિત્વ કેળવી શકે છે. દરેક વ્યક્તિના જીવનમાં કાર્યધ્યેય તો ઘણા હોય છે, પરંતુ જીવનધ્યેય નથી હોતો. પરિણામ સ્વરૂપે એમની પાસે જીવન જીવવાની ગતિ કે સાચી દિશા હોતી નથી. માટે, જીવનધ્યેય જેટલો પ્રબળ અને જેટલો વહેલો નક્કી થાય એટલો આપણો સમય, શક્તિનો વ્યય થતો અટકે.

આપણે શ્રીજીમહારાજના આશ્રિત થયા છીએ ત્યારે આપણું જીવન ધ્યેયવિહીન હોય તે ન ચાલે. આપણા જીવનનો ધ્યેય નક્કી હોવો જ જોઈએ. અવરભાવમાં રહેવા છતાં અવરભાવ અને પરભાવ બંનેનો ધ્યેય આપણા જીવનમાં સ્પષ્ટ હોવો જોઈએ. અવરભાવનો ધ્યેય સમજાવતાં પૂ. સ્વામીશ્રી ‘હરિને ગમે એવા થવું જ છે’માં કહ્યું છે કે, “આ દેહે કરીને મળેલા મહારાજ અને મોટાપુરુષને રાજી કરી જ લેવા છે. - આ અવરભાવમાં આપણો જીવનધ્યેય છે.” આ અવરભાવના જીવનધ્યેયના સહારે આપણે પરભાવના જીવનધ્યેયને હાંસલ કરવાનો છે.

આપણા સૌનો પરભાવનો જીવનધ્યેય એક અને માત્ર એક જ છે : ધ્યેયમૂર્તિ એવા શ્રીજીમહારાજના સ્વરૂપને ઓળખી એમના સ્વરૂપમાં રસબસભાવે જોડાવું અર્થાત્ ‘છતે દેહે મૂર્તિસુખના અધિકારી થવું.’ અવરભાવમાં રહેવા છતાં, અવરભાવના બધાં જ કાર્યો કરવા છતાં, આપણને આપણો આ પરભાવનો ધ્યેય કદી ભૂલાવો ન જોઈએ. જે કંઈ કરીએ તે પરભાવના ધ્યેયને કેન્દ્રસ્થાને રાખી કરવું. આ જીવનધ્યેયને પ્રાપ્ત કરવા સતત યત્નશીલ રહેવું. આપણા ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ આ જ વાતનો આગ્રહ દર્શાવી આપણને ભલામણ, કરતાં કહે છે, ભલા થઈને...

**“પાત્ર થાવું માની સદા મૂર્તિરૂપ,**
**તેજોમય, તદાકાર, તદ્રૂપ;**
**ધ્યાન ખૂબ કરી બનો સુખરૂપ...”**

કારણ સત્સંગ એટલે મૂર્તિનો સત્સંગ... પરભાવનો સત્સંગ. કારણ સત્સંગના અંતિમ ચરણ સુધી પહોંચવાનો અર્થાત્ આપણા પરભાવના ધ્યેયને હાંસલ કરવાનો રાહ અહીં ભલામણ રૂપે ગુરુવર્ય પ.પૂ. બાપજી ચીંધી રહ્યા છે. શ્રીજીમહારાજે આપણા ઉપર અનહદ કૃપા કરી આપણને કારણ સત્સંગનો દિવ્ય યોગ કરાવી, અનાદિમુક્ત કરી છતે દેહે મૂર્તિમાં રાખ્યાના કોલ આપ્યા છે. પરંતુ હવે આપણી

ફરજ બને છે કે મળેલા આશીર્વાદ મુજબનું જીવન કરવું. આપણને અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવી છે; હવે આપણે અનાદિમુક્તની સ્થિતિ પામવાની છે. અનાદિમુક્તનો ધર્મ એક અને માત્ર એક જ છે – મૂર્તિમાં રહીને મૂર્તિનું રોમેરોમનું સુખ ભોગવવું. અને એ જ આપણે કરવાનું છે. છતે દેહે મૂર્તિના સુખને ભોગવવું એ જ આપણા સૌનું લક્ષ્ય છે. અને એ લક્ષ્ય સુધી પહોંચવા નીચેના સ્ટેપ મુજબ આગળ વધવું એ અતિ આવશ્યક છે. જે કારણ સત્સંગમાં આવ્યા પછી કારણ સત્સંગી તરીકેનું આપણું મુખ્ય કાર્યક્ષેત્ર છે જેમાં પ્રથમ છે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ ઓળખવું.

અર્થાત્ કારણ સત્સંગી (અનાદિમુક્ત) તરીકે આપણા બે ગોલ (ધ્યેય) છે : જેમાં (૧) શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખવું. જેને કારણ સત્સંગની ભાષામાં કહીએ તો પ્રાપ્તિ, અવરભાવનો નિશ્ચય તથા સત્સંગનો પ્રારંભ. વળી, (૨) શ્રીજીમહારાજને ઓળખ્યા પછી એમાં જોડાવું. જેને કારણ સત્સંગની ભાષામાં કહીએ તો અનાદિમુક્તની સ્થિતિ, પરભાવનો નિશ્ચય, સત્સંગની પૂર્ણાહુતિ અને આ બે ગોલ પૂરા કરવા માટે એક રોલ ભજવવાનો છે. તે શું તો પુરુષોત્તમરૂપ પાત્ર થવું.

મૂર્તિનું સુખ ભોગવવાના માર્ગે મહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખવું એ જ પ્રથમ પગથિયું છે. આ જ કારણ સત્સંગનું ઍડમિશન (પ્રવેશ) છે. જો મેડિકલ કૉલેજમાં ઍડમિશન નહિ મળ્યું હોય તો ડૉક્ટર બનાશે કેવી રીતે ? તેમ મહારાજના સ્વરૂપને ઓળખ્યું જ નહિ હોય તો એમાં જોડાવાનો પ્રશ્ન જ નથી આવતો. માટે મહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખવું એ ફરજિયાત છે.

મહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખવું એટલે શું ? તો, મહારાજના સ્વરૂપસંબંધી છ બાબતોની આપણને સ્પષ્ટતા ને દૃઢતા થઈ જાય ત્યારે મહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખ્યું કહેવાય : (૧) અનંતકોટિ બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન એક જ સનાતન ભગવાન છે. (૨) અન્વય અને વ્યતિરેકપણે મહારાજને સર્વોપરી સમજવા. (૩) સ્વામિનારાયણ ભગવાન મૂર્તિ રૂપે સદાય પ્રગટ અને પ્રત્યક્ષ છે અને એ આપણને મળ્યા છે. (૪) સ્વામિનારાયણ ભગવાન સદાય અંતર્યામી છે. (૫) સ્વામિનારાયણ ભગવાન સદાય દિવ્ય અને સદાય સાકાર મૂર્તિ છે. (૬) સ્વામિનારાયણ ભગવાન સર્વ કર્તા-હર્તા છે.

આ છયે અંગોની દૃઢતા થાય ત્યારે મહારાજના સ્વરૂપને જેમ છે તેમ જાણ્યું

કહેવાય. આ છ બાબતોને માત્ર વાંચી લઈશું, સાંભળી લઈશું કે ગોખી નાંખીશું તો એણે કરીને દૃઢતા નહિ થાય. એ માત્ર જાણકારી મેળવી કહેવાય. જેને કહેવાય KL એટલે કે 'નૉલેજ ઈન લાઈફ'. આ છ બાબતો કે શબ્દોનો અર્થ જાણવાથી - સમજવાથી એ દૃઢ નહિ થાય. તેના માટે PL કહેતાં 'પ્રેક્ટિકલ ઈન લાઈફ' કરવું પડશે. એટલે કે જે વાંચ્યું, સાંભળ્યું કે જાણ્યું તેનો આપણા રોજબરોજના જીવનમાં અમલ કરવાનું શરૂ કરીશું તો જ આ બાબત આપણા જીવનમાં દૃઢ થશે અને ત્યારે જ મૂર્તિમાં જોડાવારૂપી બીજા ગોલ પર આગળ વધી શકાશે.

હવે આપણને મહારાજની સર્વોપરી નિષ્ઠા દૃઢ થયા પછી અને પ્રતિમા સ્વરૂપે મહારાજ સાક્ષાત્-તેજોમય મળ્યા છે એવો પ્રત્યક્ષપણે નિશ્ચય થયા પછી દેહભાવ છોડી, પુરુષોત્તમરૂપ પાત્ર થવાય તો જ પુરુષોત્તમના સુખમાં જોડાવાય.

જેમ સિંહણનું દૂધ ઝીલવા માટે શુદ્ધ સોળવલ્લા સોનાનું પાત્ર હોય તો જ એમાં ટકે. તેમ જ્યારે મૂર્તિનું સુખ ઝીલવાનું છે ત્યારે પણ પાત્ર અનાદિમુક્તનું જ જોઈશે. અને તો જ મૂર્તિનાં સુખને ઝીલાશે અર્થાત્ પરભાવના ધ્યેય સુધી પહોંચાશે. પરંતુ ત્યાં સુધી પહોંચવા માટે અનાદિમુક્તની લટક પ્રમાણે વર્તવું ફરજિયાત છે અને આ ભલામણમાં પણ એ જ લટકે વર્તવાની ભલામણ કરી છે કે,

*"પાત્ર થાવું, માની સદા મૂર્તિરૂપ..."*

મારા ચૈતન્યને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. જ્યાં બેઠા છીએ, જે રીતે બેઠા છીએ તે રીતે મહારાજ જ બેઠા છે. લખતાં હોઈએ તો પેન મહારાજના હાથમાં છે અને મહારાજ જ લખે છે. જમતી વખતે કોળિયો મહારાજના હાથમાં છે અને મહારાજ જ જમે છે. માળા કરતી વખતે માળા મહારાજના હાથમાં છે ને મહારાજ જ ફેરવે છે. આમ, દરેક ક્રિયા કે કાર્યમાં આવું પ્રતિલોમપણું કેળવવું એ જ મૂર્તિ રૂપે વર્ત્યા કહેવાય." અને એ જ અનાદિમુક્તની લટક છે. આ લટકે જેમ જેમ આગળ વધતું જવાય તેમ તેમ મૂર્તિના સુખને પાત્ર થતું જવાય. અર્થાત્ પુરુષોત્તમરૂપ પાત્ર સમજણે કરીને થતું જવાય.

વળી, પુરુષોત્તમરૂપ પાત્ર થવાની સાથે સાથે પ્રતિલોમભાવે મૂર્તિનું ધ્યાન કરવું એ ફરજિયાત છે. અનાદિમુક્તનો અનાદિકાળનો ધર્મ મહારાજના સ્વરૂપનું સુખ લેવાનો છે, તે સુખ લેવા માટેનું એકમાત્ર સાધન એટલે જ ધ્યાન. એટલે તો કારણ સત્સંગનું મુખ્ય સાધન પણ ધ્યાન જ છે.

આપણે અનાદિમુક્તની લટકે વર્તવાનો અભ્યાસ કરીએ છીએ, પરંતુ માત્ર તેનાથી જીવાત્મા પર અનાદિકાળથી ચોંટેલી કારણ શરીરની વાસના બળીને ભષ્મ થઈ જતી નથી, ‘હું દેહ છું’ એવું અજ્ઞાન સંપૂર્ણપણે ટળતું નથી અને જ્યાં સુધી એ કારણ શરીરની વાસના ન ટળે ત્યાં સુધી કોટિ ઉપાયે કરીને પણ મૂર્તિના સુખને ન પમાય. અને એ કારણ શરીરની વાસના ટાળવા માટેનો ઉપાય એક અને માત્ર એક જ છે - ધ્યાન.

ધ્યાનનું મહત્ત્વ સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ કારિયાણી પ્રકરણના ૧૨મા વચનામૃતમાં જણાવે છે કે, “જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે તેણે કરીને એ કારણશરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે, જેમ આંબલીનું બીજ હોય ને તે બીજની છાલ બીજ સાથે અતિ દૃઢ ચોંટી હોય પછી તેને જ્યારે અગ્નિમાં શેકે ત્યારે એ છાલ દાઝીને ખોખા જેવી થઈ જાય ને પછી હાથમાં લઈને ચોળે તો જુદી થઈ જાય તેમ ભગવાનનું ધ્યાન ને ભગવાનનું વચન તેણે કરીને કારણશરીર શેકાઈને આંબલીનાં ફોતરાંની પેઠે જુદું થઈ જાય છે ને તે વિના બીજા કોટિ ઉપાય કરે તોય પણ કારણશરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થતો નથી.” અર્થાત્ જ્ઞાનરૂપી અગ્નિએ કરીને આત્મા શેકાય છે. જેથી કારણશરીરરૂપી છાલથી છૂટી પડે છે ને ધ્યાનરૂપી હથોડી મારતા એ નોખો પડી જાય છે. માટે મૂર્તિના સુખને માણવા માટેનું રાજમાર્ગરૂપી સાધન એકમાત્ર ધ્યાન છે.

સ્વયં જીવનપ્રાણ બાપાશ્રી પણ ધ્યાનનો ખૂબ આગ્રહ દેખાડતા. મોટા મોટા અનુભવી સત્પુરુષો પણ ધ્યાનના ખૂબ આગ્રહી હતા. વર્તમાન સમયે પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી વહેલી પરોઢે ૩ વાગ્યે જાગી ધ્યાન કરે છે. તેઓને જરૂર નથી; માત્ર આપણને શીખવવા માટે જ તેઓ ધ્યાન કરે છે. ત્યારે આપણે સૌ પણ એમના જીવનમાંથી પ્રેરણા લઈ ધ્યાનના આગ્રહી બનીએ.

પરંતુ પ્રશ્ન જરૂર થાય કે ધ્યાન કેવી રીતે કરવું ? તેનો ઉત્તર પણ ભલામણમાં જ જણાવ્યો છે.

*“તેજોમય, તદાકાર, તદ્રૂપ,*
*ધ્યાન ખૂબ કરી બનો સુખરૂપ”*

પુરુષોત્તમરૂપ તેજોમય ને તદાકાર થઈને ધ્યાન કરીએ ત્યારે જ મૂર્તિના


સુખભોક્તા થવાય. એ માટે સૌપ્રથમ પોતાના આત્માને દેહથી તદ્દન નોખો સમજવો ફરજિયાત છે. જ્ઞાને કરીને સૌપ્રથમ દેહથી પૃથક્ થઈ જવું. તે દેહથી જુદો જે આત્મા તેને શ્રીજીમહારાજે કેવળ કૃપા કરીને પોતા જેવો તદાકાર, દિવ્ય, સાકાર, પુરુષોત્તમરૂપ અનાદિમુક્ત કરીને પોતાની મૂર્તિના સુખમાં રાખ્યો છે ને મૂર્તિમાં રાખ્યા પછી મુક્તનો જુદો દેખાવ રહેતો નથી. પુરુષોત્તમનો આકાર અને પુરુષોત્તમનો દેખાવ જ એનો દેખાવ થઈ જાય છે. એને મૂર્તિથી જુદાપણું રહેતું નથી. મૂર્તિરૂપ, તદ્‌રૂપ થઈ જાય છે. આવી રીતે પુરુષોત્તમના મસ્તકે મસ્તક, હસ્તે હસ્ત, ચરણે ચરણ એમ પ્રતિલોમ મૂર્તિ ધારીને ધ્યાન કરવું. આવી રીતે જે ધ્યાન કરીએ તેને પ્રતિલોમપણે ધ્યાન કર્યું કહેવાય. એટલે કે જ્યાં બેઠા છીએ ત્યાં ને જેમ બેઠા છીએ તેમ રોમ રોમપણે મૂર્તિ સાથે એકતા કરીને મૂર્તિને પ્રતિલોમ ધારી ધ્યાન કરવું. આવી રીતે થતું પ્રતિલોમ ધ્યાન એ જ કારણ સત્સંગની એટલે કે આપણી રીત છે. છતાં સ્વામી-સેવકભાવ, દાતા-ભોક્તાપણાનો ભાવ તો રહે જ. અને જો આવી રીતે પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન થાય તો છતે દેહે મૂર્તિસુખના અધિકારી થવાય કહેતાં આપણો પરભાવનો ધ્યેય સિદ્ધ થઈ જાય માટે ભલા થઈને આવી પ્રતિલોમ લટકે મૂર્તિરૂપ થઈને ધ્યાન કરજો. એવી મોટાપુરુષ આપણને અહીં ભલામણ કરે છે.

*"તેના જેવા થાવા દેહાંત તત્પર રહેવું,*
*એમ પોતાના જનને બાપાનું છે કહેવું..."*

બસ, મોટાએ કરેલી ભલામણ મુજબ ધ્યાન કરો... ધ્યાન કરો... ધ્યાન કરો...

**"અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં કારણ સત્સંગી તરીકે આપણે શું કરવાનું છે ? તેનો ખ્યાલ કરજો. આપણા બે ગોલ છે : જેમાં એક તો 'મહારાજને જેમ છે તેમ ઓળખવા' અને બીજો 'એ સ્વરૂપમાં જોડાવું' અને આ બે ગોલ માટે એક રોલ ભજવવાનો છે - 'પુરુષોત્તમરૂપ પાત્ર થવું'. તે મુજબ ખટકો રાખી વર્તજો."**




**તન, મન, ધન સર્વસ્વ અર્પી હોમાઈ જાજો...**

*"તક આવી રે મારે તક આવી, સુંદર સેવા કરવાની મારે તક આવી."*

સંપ્રદાયનાં સવા બસો વર્ષનાં પૃષ્ઠો પર સર્વોપરી, સર્વાવતારી એવા 'ભગવાન સ્વામિનારાયણની ઉપાસના અને અનાદિની સ્થિતિ'નું પ્રવર્તન કરવાની એક મહામૂલી તક અકબદ્ધ રહી હતી.

શ્રીહરિએ પોતાના સંકલ્પોને, પોતાના અરમાનોને તથા પોતાની આશાઓને ફળીભૂત કરવાની સેવાનો અમૃત કળશ ઈ.સ. ૧૯૮૭માં નિર્માણ પામેલ એસ.એમ.વી.એસ. સંસ્થા પર કહેતાં 'શ્રીજીમહારાજના વ્હાલા સમાજ' પર કરુણા કરી ઢોળી, સર્વોપરી તક પ્રદાન કરી છે.

છતાંય આ તક હજુ પૂર્ણતાને વરી નથી. આ તક હજુ વિરમી નથી. આ તક હજુયે 'કારણ' સત્સંગ કહેતાં 'મૂર્તિ'ના સત્સંગને વિશ્વવ્યાપી કરવા માટેની નેમ લઈને બેઠી છે. ત્યારે આ નેમ મહાપ્રભુના મહાભિનિષ્ક્રમણ સમા સેવાકાર્યમાં આપણને અનૂઠી તક કેવળ કૃપા કરીને આપી રહી છે. તો હવે આપણે આ તકને ન વિસારતાં, દિવ્યાનંદમાં રાચતાં "તક આવી રે મારે તક આવી..." ત્યારે આપણા પર ઢોળાઈ રહેલ શ્રીહરિના અમૃત કળશને ઝીલીએ...

*"મહારાજ-બાપા-સદ્‌ગુરુ આવ્યા, પ્રચંડ સંકલ્પ કાજે;*
*અજોડ ઉપાસના ને સ્થિતિ અનાદિ, છડે ચોક પ્રવર્તે આજે;*
*ખૂણે વાત થતી નો'તી તે, થાય વગાડી ઢોલ-નગારાં."*

શ્રીજીમહારાજ સ્વયં પોતાના પ્રચંડ સંકલ્પો માટે આવ્યા, અને સાથે પોતાના મુક્તોને પણ લાવ્યા. પોતાના સંકલ્પોને સાકાર કરવા મહારાજ, બાપાશ્રી અને અમીરપેઢીના સદ્‌ગુરુશ્રીઓએ પૂર્વે કેટકેટલું વેઠ્યું છે ! કેટકેટલા દાખડા કર્યા છે ! શ્રીહરિના પ્રચંડ સંકલ્પો કાજે તેઓ 'દીવો ત્યાં દાતણ નહિ ને દાતણ ત્યાં દીવો નહિ' એ ન્યાયે અહોનિશ મંડી રહ્યા. 'સમર્થ થકા જરણા' કરી મહારાજના સંકલ્પો માટે પોતે પરભાવનું સ્વરૂપ હોવા છતાંય અજ્ઞાની જીવો થકી અપાતાં કષ્ટો વેઠ્યાં. છતાંય એક ક્ષણ વિરમ્યા વિના એક એક ને બેસાડી સત્સંગનાં પીયૂષ પાયાં. શ્રીહરિના સંકલ્પો માટે પોતાના કર્તવ્યની કાંટાળી કેડી પર આર્થિક અગવડોમાં માનસિક વિપદાઓની ક્ષણે ક્ષણે તેઓએ તીક્ષ્ણ શૂળો સહન કરી. આવા વિષમ સમયમાં પણ સ્વામિનારાયણ ભગવાન પ્રબોધિત વાસ્તવિક સિદ્ધાંતોને વ્યક્તિ-વ્યક્તિ, ગામો-ગામ ને દેશો-દેશમાં પહોંચાડવા ઘણું વિચરણ કર્યું અને સંકલ્પોનું વાવેતર કર્યું.

અમીરપેઢીના એ સદ્‌ગુરુશ્રીઓએ વેઠેલા એ અપાર દાખડાને નવ્ય ક્રાંતિમાં

પરિણમવા માટે પ્રાગટ્ય થયું એ આર્ષદ્રષ્ટા પુરુષ ગુરુવર્ય પ.પૂ.બાપજીનું અને એ જ હેતુથી શૂન્યમાંથી સર્જન થયું આ એસ.એમ.વી.એસ. સંસ્થાનું.

*"એકલે પંડે વિપત્ત વેઠી, સહ્યાં કષ્ટો હરખાતાં;*
*વેણ કવેણ ને અપમાનો તો, કોઠે પડી ગયાં'તાં;*
*પાંજરેથી છૂટ્યો સિંહ, એવા બાપજી ગુરુ અમારા."*

એ સમય હતો જ્યારે ગુરુવર્ય પ.પૂ.બાપજી તથા પૂ.સ્વામીશ્રી વિરોધોના પ્રચંડ વાવાઝોડા સામે એકલપંડે ઝઝૂમ્યા. એની સામે બાથ ભીડી. એ સમયે ઉપર આભ અને નીચે ધરા એવી વરવી વાસ્તવિકતાઓ વચ્ચે અપાર કષ્ટો ને શાબ્દિક પ્રહારોની વણઝાર સિવાય કશું જ ન હતું. વળી, શ્રીહરિના સંકલ્પો સાકાર કરવા આડે આવતી નાણાં, દાણા, પાણા અને માણાની ખેંચ ત્યારે સહન કરવી પડતી. આવા સમયે દેહની પરવા કર્યા વિના એસ.એમ.વી.એસ.ના સૂત્રધાર એવા ગુરુવર્ય પ.પૂ.બાપજી અને પૂ.સ્વામીશ્રીએ નિરંતર મહારાજના સંકલ્પ સામે જ દૃષ્ટિ રાખી.

"શું તમારા બાપનું મંદિર છે...?", "કોને પૂછીને મંદિરમાં પગ મૂક્યો...?", "અત્યારે ને અત્યારે મંદિરમાંથી બહાર નીકળો.", "અરે ! જલદી પાણી લાવો, મંદિર ધોવું પડશે." "અરે ! આમને ગામમાંથી કાઢો". આવાં વેણ, કવેણ, અપમાન, તિરસ્કાર, હડધૂત અને અસહકારભર્યા શબ્દોનો ગોકીરો ગાજતો. ડગલે ને પગલે નવી નવી આફતોની શૂળ ફૂટતી. એ દિવ્ય પુરુષોના શબ્દોમાં કહીએ તો, "ચારે બાજુ બૉમ્બમારો થતો હતો." તોય તેઓએ શ્રીહરિના સિદ્ધાંતોના પ્રવર્તન માટે મુસ્તાક (દૃઢ, મક્કમ) રહી નૂતન કેડી કંડારી દીધી, જે હવે આજે તો મહા મોટો રાજમાર્ગ બની ગયો છે. છતાંય ગુરુવર્ય પ.પૂ.બાપજી અને પૂ.સ્વામીશ્રી મહારાજના સર્વોપરી સંકલ્પો માટે આજે પણ એક ક્ષણ થંભ્યા વિના, દિવસ-રાત્રિના વહેણને ગણ્યા વિના અપાર દાખડો કરે છે. એમને તો બસ એક જ નેમ છે : "કેમ કરી મારા વ્હાલાના સંકલ્પો પરિપૂર્ણ થાય !"

આ વાતનું અખંડ અનુસંધાન અપાવતા ગુરુવર્ય પ.પૂ.બાપજીના મુખે કાયમ માટે એક જ સંકલ્પસૂત્ર ઉચ્ચારાય છે : "કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ." પોતાના આ સંકલ્પસૂત્રને સાકાર કરવા, પરિપૂર્ણ કરવા પ્રાતઃકાળના ચાર વાગ્યાથી લઈ મોડી રાત્રિ સુધી અવસ્થાના ભાવને ગૌણ કરી, અવરભાવના દેહનાં કષ્ટોને અવગણી અને અપાર ભીડાયુક્ત જીવનરીતિ અપનાવી એ દિવ્યપુરુષો બસ, અવિરત દોડ્યા જ કરે છે. એ દિવ્યપુરુષે શ્રીહરિના સંકલ્પો

માટે કદી રજા નથી રાખી, એક ક્ષણ ફદલની નથી કાઢી, સદાય નિયમિત રહી સભામાં મૂર્તિસુખની લ્હાણી કરી, ભાર, ભીડો ને તકલીફરૂપી કંટકમાળાની શૂળો સાંખી બસ સંકલ્પ કેમ કરી સાકાર થાય તેનું પ્રણ લઈ બેઠા છે. તેઓ તો બસ આ જ રીત કોઠે પાડી સંકલ્પો માટે દર્શન આપી રહ્યા છે.

પરંતુ એમાં આપણી શી ભૂમિકા ? એમાં આપણી શી અદાકારી ? અંતે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આપણી શી ફરજ ? એમના સંકલ્પો શું 'આપણા' કહેતાં 'મારા આગવા' નથી ? શું આપણે નથી ઈચ્છતા કે એસ.એમ.વી.એસ. કહેતાં કારણ સત્સંગ કહેતાં શ્રીજીમહારાજનો સંકલ્પ વિશ્વવ્યાપી થાય; એના દિગંતમાં ડંકા વાગે અને અનંત બ્રહ્માંડોમાં આ સંકલ્પો પ્રવર્તાય ? તો આપણે આ મહાકાર્ય પાર પાડવા માત્ર બેસી રહીશું તો ચાલશે ? આપણે એમના સંકલ્પોને કેવળ બિરદાવીશું તો ચાલશે !? ના, નહિ ચાલે. તો આપણે શું કરવું પડશે ? આપણે કેવી રીતે સંકલ્પોમાં જોડાઈ શકીશું ? ત્યારે આ સઘળા પ્રશ્નવિધાનના પ્રત્યુત્તરમાં ગુરુવર્ય પ.પૂ.બાપજી કહે છે, ભલા થઈને...

**"તન, મન, ધન સર્વસ્વ મહારાજ માટે,**
**હોમાઈ જાવું પડશે નિજ શિર સાટે;**
**કારણ સત્સંગ તો જ વિશ્વવ્યાપી થાશે..."**

ગુરુવર્ય પ.પૂ.બાપજી મહારાજના પ્રચંડ સંકલ્પોને પરિપૂર્ણ કરવા અંત્ય શરત રૂપે સર્વસ્વ અર્પવાની સાથે હોમાઈ જવાની ભલામણ કરી આપણને મહાપ્રભુના અદ્વિતીય સંકલ્પોની સેવાનું બીડું સોંપી રહ્યા છે. તેઓ આપણને તન, મન, ધન કહેતાં સર્વસ્વ અર્પવાની ભલામણ કરી શ્રીજીમહારાજના સંકલ્પો પૂર્ણ કરવા એસ.એમ.વી.એસ. કાજે જીવવાની રુચિ દાખવી રહ્યા છે. એ દિવ્યપુરુષે આપણને જે પ્રદાન કર્યું છે તેની સામે બીજું કશું નહિ પણ આપણું સાવ શૂન્ય સમું જીવન ઝંખે છે. એમની આ ઝંખના 'સ્વ' માટે નથી પણ આપણને મહાપ્રભુનું સર્વોપરી મૂર્તિસુખ પ્રદાન થાય તે માટે છે. અહીં એમનો કોઈ નિજ સ્વાર્થ નથી પણ કેવળ પરમાર્થ જ છે. અનંતકોટિ બ્રહ્માંડમાં આવા દિવ્યપુરુષ ગોત્યા ન જડે, એ તો કેવળ કૃપાએ મળે એ વાતની પ્રતીતિ ઉપરોક્ત વાતને મમળાવવાથી અનુભવાય છે.

મોટાપુરુષ મળ્યા ને એમની પાસે જે હતું તે આપણને કેવળ કરુણા કરી આપ્યું છે. ત્યારે એમનાં ઋણ તેમજ ગુરુમહિમાને અદા કરવા 'યા હોમ' કરીને ઝંપલાવીએ. એમને વફાદાર રહીને આપણું જીવન એમને અર્પી દઈએ. એમની

કષ્ટદાયક યાત્રાના હમસફર બનીએ. ખભેથી ખભો મિલાવી આપણું સર્વસ્વ એમના ચરણોમાં કુરબાન કરી દઈએ. તન-મન-ધન સર્વ ન્યોછાવર કરી દઈએ. એમનાં વચને ટુક ટુક થઈ બસ સંકલ્પોમાં હોમાઈ જઈએ. આપણા ગુરુમહિમાને અદા કરવા હવે ટાણું આવ્યું છે ત્યારે એ માટે કૂદી પડીએ. આ સેવા જ્યારે આપણે ઝડપી લેવી છે, કૂદી પડવું છે ત્યારે આપણામાં કેવી ખુમારી જોઈશે તેનું કીર્તનના શબ્દોમાં અમૃત આકંઠ કરાવ્યું છે,

*“એસ.એમ.વી.એસ. કાજે છે યુવાનો,*
*આન, બાન ને શાન એસ.એમ.વી.એસ. કાજે...(૨)*
*એસ.એમ.વી.એસ. કાજે... એસ.એમ.વી.એસ. કાજે...*
*આ એસ.એમ.વી.એસ. કાજે...(૨)...ટેક*

*કોણ મળ્યું છે ? કેવા કર્યા છે ? મનન નિશદિન કરીએ રે,*
*મુક્ત અનાદિ કરીને રાખ્યા, માળામાં જ રહીએ રે;*
*દેહ નહિ હું મુક્ત અનાદિ, નથી હવે દેહધારી રે,*
*હું, મેં, મારું છોડી દઈએ, શ્રીજી અર્થે જીવી જઈએ રે...૦૧*

*કારણ સત્સંગ મળ્યો કેવો, શિર સાટે રાખવા જેવો,*
*સર્વોપરી એક સ્વામિનારાયણ, નિષ્ઠા નિયમની દૃઢતા સેવો;*
*મહારાજ મોટા રાજી કરવા, અવસર આજે ઝડપી લેવો,*
*દિવ્યજીવન ને પવિત્રતાથી, વ્હાલાના બહુ વ્હાલા થાવો...૦૨*

*બાપાશ્રીના સિદ્ધાંતોને, દેશ વિદેશે ફેલાવો,*
*સમય, શક્તિ, બુદ્ધિ, આવડત, ગુરુ વચને સૌ રેલાવો;*
*ટાણું આવ્યું પ્રચાર કરવા, વિજય ધ્વજો બહુ લહેરાવો,*
*ગુરુ બાપજી રાજી કરવા, કૂદી પડો આગળ આવો...૦૩*

*લોહી તણું આ બુંદ બુંદ ને, માથાં દેવાં હરખાય છે,*
*સ્ત્રી, પુત્ર ને મિત્ર, પરિવાર, તન મન ધન ન્યોછાવર છે;*
*જનમ ધર્યો છે શ્રીજી માટે, કારણ સત્સંગ જીવનભર છે,*
*સ્વામીશ્રીનું હૃદય અમે સૌ, અસ્મિતા આ ઘર ઘર છે...૦૪*

આ સર્વે માટે આપણે તન, મન, ધન અને સર્વસ્વનું અર્પણ કરવું પડશે. આ માટે સમર્પણ કેવી રીતે કરવું તે પ્રથમ સમજીએ.

સમર્પણ એટલે સ્વ-ઈચ્છાએ, કોઈ પણ વિનિમયની ભાવના વિના, (તન, મન, ધન) કંઈ પણ અર્પવું. મહારાજ અને મોટાપુરુષની રુચિ જાણી શ્રીજી અર્થે

પોતાની પાસે જે (તન,મન,ધન) હોય તે અર્પવું તેને સમર્પણની ઉત્તમ ભાવના કહેવાય. ટૂંકમાં, મહારાજના સંકલ્પો માટે સમજણપૂર્વક સમયે સમયે તન, મન, ધન સર્વસ્વનું અર્પણ એટલે સમર્પણ. આમ, સમર્પણ એ મહાપ્રભુ ને મોટાનો મહિમા, એમના પરત્વે મમત્વભાવ, એમના માટે જીવવાની સમજણ અને એમને રાજી કરવા અસ્તિત્વનો પ્રલય - આ સઘળાંનો સરવાળો છે.

સમય, શક્તિ, બુદ્ધિ અને આવડત આ બધું શ્રીજી અર્થે વાપરવું તેનું નામ તનનું સમર્પણ. દેહે કરી મહારાજ ને મોટાપુરુષની સેવા કરવી અને એમને અર્થે સમર્પિત થવું તે તનનું સમર્પણ છે.

મહારાજ અને મોટાપુરુષની મરજીને આપણી મરજી કરવી તથા એમના સંકલ્પથી આપણો સંકલ્પ પણ જુદો ન રાખવો તે મનનું સમર્પણ. મનના સમર્પણમાં આપણું મનગમતું મૂકી, ધાર્યું મૂકી, ઠરાવો મૂકી, માનીનતાઓને છોડી એમના ગમતામાં રહેવું, રાચવું. આપણા કૂંડાળામાંથી બહાર નીકળી એમના ગમતાના બીબામાં ઢળી જવું તેનું નામ જ મનનું સમર્પણ. ટૂંકમાં, એમની આજ્ઞા અને અનુવૃત્તિમાં નિરંતર વર્તવું તેને કહેવાય મનનું અત્યુત્તમ સમર્પણ.

આપણી પાસે જે કંઈ દ્રવ્ય છે તે આપણું નથી, મહારાજનું જ આપેલું છે અને મહારાજનું જ છે. એવા ભાવે દ્રવ્યનું અર્પણ એટલે ધનનું સમર્પણ. ટૂંકમાં, સઘળું ધન પ્રભુ કાજે વપરાવું તેને ધનનું સમર્પણ કહેવાય.

તન, મન, ધનનું સમર્પણ કરવું એની સાથે સાથે આપણે આપણા દેહભાવનું સમર્પણ પણ કરવાનું છે. આમ, પોતાપણાના ભાવોનું સમર્પણ એટલે સ્વાર્પણ કહેવાય. આ સમર્પણ ખરું છે. આ સમર્પણ થશે તો બીજાં સમર્પણ ખરા અર્થમાં સહેજે સહેજે થઈ જશે.

તન, મન, ધનનાં સમર્પણ થશે તો શ્રીહરિનો સંકલ્પ સાકાર થશે. પરંતુ આ બધું જ સમર્પણ ક્યારે થઈ શકે ? તો પૂ.સ્વામીશ્રી એક સૂત્ર કાયમી દૃઢ કરાવે છે, "શ્રીજી અર્થે મારો જન્મ છે." એની દૃઢતા કરવાથી સઘળાં સમર્પણ થશે. 'દિવ્યજીવન ગીત'ની પ્રત્યેક કડીમાં મોટા આપણને કહે છે, 'શ્રીજી અર્થે અમારું જીવન' અને પછી કહે છે, 'શ્રીજી એ જ અમારું જીવન.' એવી ધ્યેયસભર જીવનકણિકા આપી સમર્પણ કરવા માટેની રીત આપે છે :

*"શ્રીજી અર્થે અમારું જીવન, નક્કી કર્યું છે એક કવન;*
*શ્રીજી અર્થે અમારું જીવન, શ્રીજી એ જ અમારું જીવન."*

શ્રીજી અર્થે જીવન જીવવું એટલે એમના માટે, એમના ગમતા મુજબ અને

એમની રુચિ મુજબ અને પોતાનું સર્વે એમના અર્થે કરી રાખવું. એમના માટે સ્ત્રી, પુત્ર, પરિવાર, તન, મન, ધન સર્વે ન્યોછાવર કરવું એટલે શ્રીજી અર્થે જીવન કહેવાય. શ્રીજી અર્થે જીવન જીવવું એ આપણું કવન છે. કવન એટલે કર્તવ્ય છે. આ કર્તવ્ય આપણે શા માટે અદા કરવાનું છે ? તો આપણને શ્રીહરિએ એમનું સર્વોપરી સ્વરૂપ ઓળખાવ્યું છે અને પોતાના અનાદિમુક્તનું પરમ પદ આપ્યું છે. અરે ! એટલું જ નહિ, આપણને એ પદના અધિકારી કરવા આ કારણ સત્સંગને વિષે કેવળ કૃપા કરીને લાવ્યા. આ સર્વે ઋણને અદા કરવા આપણે એમના અર્થે જીવવાનું છે. અને આ રીતે જીવન જીવતાં એમને જ આપણું જીવન કરી નાખવું છે.

"હું મહારાજનો છું... મહારાજ માટે જ મારું જીવન છે... મારું સઘળું મહારાજનું જ છે... મારું કશું છે જ નહિ... બધું મહારાજનું છે." આવી સમજણ અને આવી સમજણ સહિતનું વર્તન એ જ શ્રીજી અર્થે જીવન. અને આવું શ્રીજી અર્થે જીવન એટલે જ દિવ્યજીવન.

*"હવે માતપિતા સગાં છો આપ, મુક્ત અનાદિ છે અમ જાત;*
*ન બન્યાની બની છે વાત, આપ મળ્યા છો હરિ સાક્ષાત્;*
*જન્મ ધર્યો છે આપને માટ, જેની જોતા'તા સદાને વાટ."*

શ્રીજીમહારાજ આપણાં માતાપિતા છે, એ જ આપણાં સગાં છે, એ જ આપણો એકમાત્ર આધાર છે. આ લોકનાં માતાપિતા આપણને શું આપે ? તો પોતાની આ લોકની મૂડી ને વારસો આપે. જ્યારે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ જેનાં દર્શન કોટાનકોટિ અક્ષરાદિક અવતારોને નથી તેવા શ્રીજીમહારાજે આપણને એમના અનાદિમુક્ત કર્યા છે. અનાદિ કરી મુખોન્મુખ કહેતાં પ્રતિલોમપણે પ્રગટ મળ્યા છે. માટે શ્રીહરિ જ્યારે આપણને એમના માટે જ લાવ્યા છે ત્યારે આપણા જીવનનું લોહી તણું એક એક બુંદ અને આપણું સર્વસ્વ એમના માટે છે.

*"રાજી કર્યા નથી હવે છે કરવા, સંકલ્પ દેવો નથી હવે ફરવા;*
*અમને લાવ્યા છો ભેળા ભળવા, ખેંચી લીધા છે સંકલ્પમાં મળવા;*
*આપ રાજીપાથી અમને ભરવા, અમ થકી આપના જેવા કરવા."*

આપણે અનંત જન્મથી પોતે રાજી થવા અને અન્યને રાજી કરવામાં જ મગ્ન રહ્યા છીએ. જેના પરિણામે જેમને રાજી કરવાના છે તેમને રાજી કરી શકતા નથી. માટે શ્રીહરિના સંકલ્પોમાં સર્વસ્વ અર્પવા એકમાત્ર રાજી કરવાનો વિચાર આઠોજામ રાખવાથી જ આપણે એમના સંકલ્પોમાં ભેગા ભળી શકીશું. આ

વિચાર આપણને અખંડ મહાપ્રભુને રાજી કરવા માટે નવી દિશા અર્પશે. અનંત જન્મો ને આજ દિન સુધી શ્રીહરિને રાજી કરવાના આપણે સંકલ્પો ઘણા કર્યા છે, પણ આપણા સ્વકેન્દ્રિત જીવનને લીધે એ સંકલ્પો ફરી ગયા છે. જોકે આજે તો દેશકાળ આપણા માટે સુગમ છે. તેઓએ આપણને એમની સેવામાં ભેળા રાખ્યા છે. ભેળા રાખ્યા એટલું નહિ, એમાં આપણને ચસોચસ ખેંચી લીધા છે. આપણને એમના રાજીપાથી ભરવા પાત્ર કર્યા છે. ત્યારે આવી સુવર્ણ તકને આપણે સ્વીકારીએ. જ્યારે એમણે કેવળ આપણું સર્વસ્વ લઈ એમના જેવા કરવા નિર્ધાર કર્યો છે ત્યારે આપણે હવે ગુડિયા ન વાળીએ. બસ, આપણું સર્વસ્વ અર્પી એમને રાજી કરી લેવા છે. એવી ધ્યેયજ્યોત સ્વજીવનમાં અવિરત પ્રગટાવીએ.

"શ્વાસ ચાલી રહ્યો આપને માટે, લોહી વહી રહ્યું આપને કાજ;
હૃદય ધબકે છે એક જ અવાજ, આપ સર્વસ્વ મારું છો આજ;
આંખે જોવું કાને સૂણું એ જ, જેમાં આપ રાજી હરિ હો જ."

શ્રીજી અર્થે જીવન જેણે નક્કી કર્યું હોય એનાં આંતરિક લક્ષણો કેવાં હોય ? એની જીવનરીતિ કેવી હોય ? એના જીવનનું ચાલકબળ શું હોય ? ત્યારે ઉપરોક્ત પંક્તિના શબ્દો આપણને એની અનુભૂતિ કરાવે છે. શ્રીજી અર્થે જીવન હોય એનો શ્વાસ કેવળ શ્રીહરિ કાજે જ હોય. એના જીવનની રુધિરાભિસરણની ક્રિયા પણ શ્રીજી માટે જ હોય. એનું હૃદય એક શ્રીજી સારુ જ ધબકતું હોય. એનું સર્વસ્વ કેવળ શ્રીજીનું જ હોય. એ શ્રીજીનો વેચાણ હોય. એ શ્રીજીનો ગોલો હોય. એ શ્રીજીનો જ ગુમાસ્તો હોય. એના માટે તો કેવળ શ્રીજીની જ અનુજ્ઞા મુખ્ય હોય. એના માટે એક શ્રીજીનો જ રાજીપો પ્રધાન હોય. એના જીવનની જીવનદોરી કેવળ શ્રીજી જ હોય. તે શ્રીજી અર્થે જીવી રહ્યો કહેવાય. અંતમાં કહીએ તો એ શ્રીજી મને મળેલા મોટાપુરુષ દ્વારા સુખ આપે છે. માટે આ મારું સર્વે મળેલા મોટાપુરુષમાં આવી ગયું. હું એનો ને એ મારા આવા અસ્મિતાભેર આર્તનાદે હાકલ કરી કદમ ઉઠાવે ને મોટાના કદમે કદમ મિલાવી પોતાના જીવનને ન્યોછાવર કરી દે એ જ ખરો શ્રીજી અર્થે જીવન કરી દેનાર એસ.એમ.વી.એસ.નો ગૌરવશાળી સભ્ય છે.

સુવર્ણકાળના પ્રારંભે મોટાપુરુષ આપણને આ કીર્તનના શબ્દો માત્ર વાચ્યાર્થમાં ન રહે, પણ લક્ષ્યાર્થ થાય એવી રુચિગત ભલામણ કરી રહ્યા છે. સુવર્ણ ઘડીના પ્રારંભે પૂ.સ્વામીશ્રી જ્યારે રજત જયંતી મહોત્સવના અંતિમ ચરણે સમગ્ર સમાજ આગળ આ ભલામણ પાઠવતા હતા ત્યારે તેઓનાં ચક્ષુ અશ્રુભીનાં

થઈ ગયાં હતાં. એમની આંખો અને એમનો કંઠ મહાપ્રભુના સંકલ્પ માટે છલકાઈ ઊઠ્યાં. અને પછી તેઓએ ખોળો પાથરી ભલામણ કરી હતી કે, "તન, મન, ધન એ આપણું કશું જ નથી. મહારાજનું જ છે. મહારાજ માટે જ છે. પણ જો મારું છે એમ મનાય એ જ મોટામાં મોટું અજ્ઞાન. માટે મારું સર્વસ્વ પ્રભુનું છે. પ્રભુ માટે છે. એમનું આપેલું છે. એમના માટે જ છે. માટે ભલા થઈને આ વિચાર આપણા હૈયામાં નિરંતર ધબકતો રાખજો..."

*"હવે દેહ પુત્ર પરિવાર, તવ અર્થે આ સઘળો સંસાર;*
*ધન મારું નથી તલભાર, અર્પી શકું એ સઘળો સાર;*
*સુખ-સંપત્તિનો તું દેનાર, સેવક બની રહું હું લેનાર."*

શ્રીજી અર્થે જીવન જીવવા માટે આપણે સઘળો સંસાર એમને અર્પવો એ જ સમર્પણ. પણ આપણી પાસે આપણું કશું જ નથી. આપણું હોય તો એમને અર્પી શકીએ ને ! એમનું એમને અર્પવું એ શું મોટી વાત કહેવાય ! આ તો સાવ સામાન્ય ને સરળ વાત છે. જે આપણું જ નથી એના ધણી આપણે શા માટે થઈએ ? ધણી તો એક જ છે - શ્રીજી. એનું આપેલું અનંતકોટિ બ્રહ્માંડમાં બધા વાપરે છે. એ જ સર્વેને આપે છે. આપણે કહેવાતા છીએ. નિમિત્ત પણ નથી. બસ, શ્રીજી જ આપે છે. ત્યારે એમના સંકલ્પો શું આપણે પાર પાડવાના ! એ તો એ આપણને એમનાં સુખની અવધિ આપવા સેવક બનાવી રહ્યા છે. આ વાત આપણે નિરુત્થાનપણે દૃઢ કરીએ તેમજ આ પંક્તિને ઊંચા સ્વરે વાગોળીએ :

*"નક્કી કરો, સર્વસ્વ શ્રીજી માટ છે રે;*
*શ્રીજી માટ છે રે, જીવન કુરબાન છે રે."*

શ્રીજી અર્થે મારું જીવન છે એવું આપણે નક્કી કરીએ. જેમ યજ્ઞમાં શ્રીફળ હોમાય છે ત્યારે યજ્ઞ સફળ બને છે. તેમાં જેમ શ્રીફળની આહુતિ એ અંત્ય ને શ્રેષ્ઠ હોય છે એમ મહાપ્રભુના સંકલ્પરૂપી મહાયાગમાં આપણું સર્વસ્વ હોમી કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરીએ એ આપણી ઉત્તમ આહુતિ છે. અને આ આહુતિ આપણે ફરજિયાતપણે આપવી જ પડશે. હવે આપણે અઠવાડિયે બે-ચાર કલાક કાઢીશું તો નહિ ચાલે. ફરજિયાતપણે આપણે આ સંકલ્પો માટે સજ્જ થવું જ પડશે. આપણે મહારાજ-બાપાના દિગંતમાં ડંકા દેવાના છે. એમના મુખમાંથી સરેલા એ શબ્દો, 'કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે.' - તેને સાકાર કરવાના છે. વિશ્વભરમાં દિગ્વિજયનો નાદ ગુંજાવવાનો છે ત્યારે એસ.એમ.વી.એસ.ના સંકલ્પ-સેનાનીઓ... થઈ જાવ તૈયાર. ઊઠો અને જાગો. જાગો અને જગાડો.

દીપથી દીપ જલાવો અને ગુરુવર્ય પ.પૂ.બાપજીએ સર્જેલી નવતર ક્રાંતિને પૂર્ણ ઘાટ આપો. આપણા પ્રત્યેક કદમમાં ક્રાંતિ રસાયેલી હોવી જોઈએ. કારણ કે આપણે શ્રીજીના સંકલ્પ-સેનાનીઓ છીએ. માટે થઈ જાવ તૈયાર ગુરુવર્ય પ.પૂ.બાપજી અને પૂ.સ્વામીશ્રીની મહા હાકલને ઝીલવા. તેઓ કહે છે,

*“સમજી વિચારી ઊભા થાવો, જો હોય આન, બાન ને શાન રે,*
*એસ.એમ.વી.એસ. માટે હોમાઈ જાવા, થઈ જાવા કુરબાન રે.”*

**“અંતમાં... હે વ્હાલા સંતો... હે વ્હાલા ભક્તો...**

**આજે અને ભવિષ્યમાં મહારાજ અને બાપાના સિદ્ધાંત માટે જ જીવજો. બસ, “વેપાર તમારો મૂર્તિ કેરો કરવી અમારે સેવા...” આ સંકલ્પમાં ભળવા કટિબદ્ધ થજો. એ માટે ‘આપણું તન, મન, ધન સર્વસ્વ મહારાજનું જ છે; આપણું છે જ નહીં.’ - આ સમજણ દઢ કરજો.”**




એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવાશે...

કોઈ ચાર-પાંચ શહેરોની વચ્ચે એક જ મેડિકલ કૉલેજ હોય તો તે શહેરોમાં કૉલેજનું કેટલું મોટું વર્ચસ્વ હોય ! અને એમાંય આધુનિક સુવિધા અને સારા અધ્યાપકો (પ્રોફેસરો) દ્વારા શિક્ષણ અપાતું હોય તો કૉલેજ કેટલી લોકપ્રિય હોય ! કૉલેજની ગુણવત્તાને લઈને વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માટે થનગની રહ્યા હોય. કારણ કે એ શહેરોમાં મેડિકલનું યથાર્થ જ્ઞાન આ એક જ જગ્યાએથી મળે છે. તેમ વર્તમાન કાળે ચાર-પાંચ નહિ, અનંતકોટિ બ્રહ્માંડોમાં શ્રીજીમહારાજના સિદ્ધાંતોનું જેમ છે તેમ યથાર્થ પ્રવર્તન એક એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થઈ રહ્યું છે.

આ સાંભળતાં પ્રશ્ન જરૂર થાય કે એસ.એમ.વી.એસ.નું સ્થાપન તો આ બ્રહ્માંડોમાં થયું છે તો તેના દ્વારા સિદ્ધાંતોનું પ્રવર્તન અનંતકોટિ બ્રહ્માંડોમાં કેવી રીતે શક્ય બને ? સ્વયં શ્રીજીમહારાજ ગઢડા મધ્યના ૪૨મા વચનામૃતમાં કહે છે, "અમારા એક-એક રોમને વિષે અનંતકોટિ બ્રહ્માંડ રહ્યાં છે." અનંત મૂળઅક્ષરોથી માંડી જીવ-પ્રાણીમાત્ર સુધીનાં બધાં જ શ્રીજીમહારાજની એક કિરણની સત્તાથી થયાં છે ને રહ્યાં છે. અનંત અક્ષરકોટિ, અનંત બ્રહ્મકોટિ, અનંત ઈશ્વરકોટિ આ બધા પણ શ્રીજીમહારાજના તેજની એક કિરણમાં ઊડતાં ફરે છે. તો માયામાં રહેલાં બ્રહ્માંડોની તો શી વાત કરવી ? જો શ્રીજીમહારાજની એક કિરણમાં આવાં અનંતકોટિ બ્રહ્માંડો હોય તો શું શ્રીજીમહારાજના સિદ્ધાંતો માત્ર આ એક જ બ્રહ્માંડમાં પ્રવર્તે ? ના. સ્વાભાવિક છે કે અનંતકોટિ બ્રહ્માંડો શ્રીજીમહારાજની એક કિરણમાં ફરતાં હોય તો શ્રીજીમહારાજના સિદ્ધાંતો પણ અનંત બ્રહ્માંડોમાં પ્રવર્તે જ. એમાં શંકાને કોઈ સ્થાન નથી. એટલે જ તો ભલામણ ગીતના અંતિમ ચરણમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી કહે છે,

**"અનંત બ્રહ્માંડો તો જરૂર ખેંચાશે,**
**દશે દિશાએ જય જયકાર થતો જશે;**
**એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવાશે..."**

સિદ્ધાંતોના પ્રવર્તન માટે અનંત બ્રહ્માંડોમાં જવાની જરૂર નથી. અનંત બ્રહ્માંડો સામેથી ખેંચાઈને આવશે. કારણ કે અનંતકોટિ બ્રહ્માંડોમાં સિદ્ધાંતપ્રવર્તક હેતુક સ્વયં શ્રીજીમહારાજે આ બ્રહ્માંડમાં એસ.એમ.વી.એસ.સંસ્થાનું નિર્માણ કર્યું છે, કારણ સત્સંગનું સ્થાપન કર્યું છે. ગોળનું નાનું ઢેફું કે મધનું ટીપું જો કોઈ ઠેકાણે પડ્યું હોય તો કીડી-મંકોડાને આમંત્રણ આપવા જવું ન પડે, એ તો વગર આમંત્રણે દોડતાં આવે જ. સુગંધી પુષ્પના રસને પામવા મધુકરને સંદેશાવાહક મોકલવો ન પડે, એ તો ફૂલની ફોરમે રસ માણવા પહોંચી જ જાય. તેમ આ સિદ્ધાંતોને

બ્રહ્માંડવ્યાપી કરવા માટે અનંત બ્રહ્માંડોમાં જવાની જરૂર નથી. અનંત બ્રહ્માંડો આ સર્વોપરી સિદ્ધાંતોને ઝીલવા માટે સામેથી ખેંચાઈને આવશે. દશે દિશાએથી મુમુક્ષુઓ આ સિદ્ધાંતોને ઝીલવા એસ.એમ.વી.એસ.માં ખેંચાઈ આવશે. એ જ મુમુક્ષુઓ એસ.એમ.વી.એસ.ના સિદ્ધાંતોના રંગે રંગાઈ દશે દિશાએ સિદ્ધાંત-પ્રવર્તનની જ્યોત લઈ ખૂંદી વળશે. અને જોતજોતામાં તો એસ.એમ.વી.એસ.નો અને સિદ્ધાંતોનો દશે દિશાએ જયજયકાર થતો જશે.

*"ચો દિશાથી મુમુક્ષુ ખેંચાશે; દશે દિશાએ ખૂંદી વળશે,*
*સિદ્ધાંત ધજા લહેરાઈ જશે; સંપ્રદાય જોતો રહી જશે."*

જેમ જેમ સિદ્ધાંતોનું પ્રવર્તન થશે તેમ તેમ આ એસ.એમ.વી.એસ.ના પાયા પાતાળે નંખાતા જશે. જેને હલાવવા કે કાઢવા કોઈ સમર્થ નહિ રહે. અને ત્યારે જ

*"એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવાશે..."*

પરંતુ માત્ર શબ્દો સાંભળવાથી આવું શક્ય નહિ બને. શબ્દો તો માત્ર લખાણમાં રહેશે. માટે એસ.એમ.વી.એસ.ના સભ્ય તરીકે આપણે સિદ્ધાંતોને કાયમી જાળવી રાખવા માટે જાગ્રત બનવાનું છે. જો આ સિદ્ધાંતો સંસ્થામાં કાયમ ટકશે તો જ એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવાશે.

સંસ્કૃતિના પ્રારંભે મિસર, મેસોપોટેમિયા વગેરે જેવી ઘણી સંસ્કૃતિઓ અસ્તિત્વમાં આવી હતી. પરંતુ સમયના વહેણ સાથે સંસ્કૃતિઓ નામશેષ થતી ગઈ. આ સંસ્કૃતિઓનું નામશેષ થવા પાછળનું કારણ એ જ હતું કે જે આદર્શો અને મૂલ્યો સાથે સંસ્કૃતિનું સ્થાપન થયું હતું તે મૂલ્યોને પાછળ કોઈ જીવંત ન રાખી શક્યું. જ્યારે હિન્દુ સંસ્કૃતિ આજે યથાવત્ જળવાઈ છે. હિન્દુ સંસ્કૃતિનું જીવંત રહેવાનું કારણ એ જ છે કે ભારતની પ્રત્યેક વ્યક્તિ આ સંસ્કૃતિના જતન માટે જાગૃત છે. આ જ સંસ્કૃતિ જીવંત રહ્યાનું મૂળ કારણ તેનાં મૂલ્યોને સાચવવા જાગૃતિ રખાવનાર સંતો અને મહાન પુરુષો જ છે.

તેમ ભગવાન સ્વામિનારાયણે રચેલા આ સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો અને મૂલ્યોને સાચવવા માટે ગુરુવર્ય પ.પૂ.બાપજીએ જે ઉચ્ચ આદર્શો અને સિદ્ધાંતો સાથે આ એસ.એમ.વી.એસ.ની સ્થાપના કરી છે તે આદર્શો ને સિદ્ધાંતો કાયમ જીવંત રહેશે તો જ આ એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવવાની આશા રખાશે. એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવવાની વાત ખૂબ જ નવાઈ પમાડે એવી છે. આ સાંભળવું અતિશયોક્તિભર્યું લાગે કે પચીસ વર્ષે શતાબ્દીઓ

ઊજવવાની આશા રાખવી એ વધુ પડતું નથી ? પરંતુ પોતાની અલ્પ બુદ્ધિથી વિચારનારને આ વાત સમજાય એવી નથી. આ કોઈ કાલ્પનિક બાબત કે કાલ્પનિક તરંગો નથી. આ નરી વાસ્તવિકતા છે.

ગુરુવર્ય પ.પૂ.બાપજીએ સર્વોપરી સિદ્ધાંતોના પ્રવર્તન કરવા હેતુક આ એસ.એમ.વી.એસ.નું શૂન્યમાંથી વિશ્વવ્યાપી સર્જન કર્યું અને એમનું જે હેતુ માટે પ્રાગટ્ય હતું તે કાર્યોનું જોડાણ કરી દીધું. હવે સમય છે આપણી ફરજ અદા કરવાનો; આદર્શો, સિદ્ધાંતો પોતાના જીવનમાં ચરિતાર્થ કરવાનો. કારણ કે જ્યારે આપણાં સૌનાં જીવનમાં આ આદર્શો ને સિદ્ધાંતો સુદૃઢ થશે ત્યારે જ આપણે ખરેખર કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવા માટેના પ્રવર્તક બની શકીશું. અને એવા અસંખ્ય સિદ્ધાંતપ્રવર્તકોનું નિર્માણ થશે ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પૂ. સ્વામીશ્રીના આર્ષ સંકલ્પો "જોજો તો ખરા... એસ.એમ.વી.એસ.ની શતાબ્દીઓ ઊજવાશે." સાકાર સ્વરૂપ પામશે.

પ્રશ્ન જરૂર ઉદ્‌ભવે કે કયા આદર્શો અને સિદ્ધાંતોને આપણા જીવનમાં ચરિતાર્થ કરવા પડશે અને સંસ્થામાં કાયમી ટકાવી રાખવા પડશે ? તેનો ઉત્તર છે એસ.એમ.વી.એસ.ની સફળતાનાં છ રહસ્યો અને ભલામણ ગીતમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કરેલી જીવનલક્ષી સોનેરી ભલામણો.

**એસ.એમ.વી.એસ.ની સફળતાનાં છ રહસ્યો :**

(૧) શ્રીજીમહારાજનો સંકલ્પ

(૨) એકમાત્ર શ્રીજીમહારાજનું કર્તાપણું


(૩) સિદ્ધાંતવાદી સત્પુરુષની ભેટ

(૪) સત્પુરુષના સંગે રાજીપાની ભૂખવાળો સમાજ

(૫) સંખ્યાની ગૌણતા અને ગુણવત્તાની પ્રધાનતા

(૬) સંતો-ભક્તોનાં બલિદાનો અને સમર્પણ

આ છ રહસ્યો અને પુસ્તકમાં જે ભલામણો જણાવી છે તે આપણા જીવનમાં સાર્થક થશે ત્યારે એમના આદર્શો અને સિદ્ધાંતો કાયમી જળવાશે. તો આવો, આપણે સૌ વાચકો આ ભલામણોને સાર્થક કરી શતાબ્દીઓ ઊજવવાની દુનિયામાં પદાર્પણ કરીએ...



સંસ્થાપક
વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી



વ્હાલા
પૂ. સ્વામીશ્રી

## સંસ્થાપક ગુરુવર્ય પ.પૂ. બાપજી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવન પર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા અને ઉપાસના-મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુવર્ય પ.પૂ.બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુવર્ય પ.પૂ.બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણિશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમ્‌શૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાના પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે લાખો સંતો-હરિભક્તોનો અણિશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર હરએક વ્યક્તિના જીવનમાં જીવન-પરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

ગુરુવર્ય પ.પૂ.બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યાંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે. મનને શાંતિનો અનુભવ થાય છે. આંતર પવિત્રતા પ્રગટે છે, ઘાટ-સંકલ્પો વિરામપામી જાય છે, મનોરથો પૂર્ણ થાય છે, તનનાં-મનનાં ને જનનાં સર્વ દુઃખોથી જાણે મુક્ત થઈ પ્રભુના સુખમાં ગુલતાન થયાનો અહેસાસ અનુભવાય છે. એમના સમાગમમાં આવનાર કોઈપણ વ્યક્તિ શ્રીજીમહારાજનાં સ્વરૂપને જેમછે તેમઓળખાયાની અને છતે દેહે આત્યાંતિક કલ્યાણ પામ્યાંની પરિતૃપ્તતા પોષે છે. એમની કરુણાભીની દિવ્ય દૃષ્ટિમાં આવનાર સૌ કોઈ કૃતાર્થતા અનુભવે છે.

પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૦ વર્ષની ઉંમરે પણ અસંખ્ય ગામડાંઓમાં વિચરણ તથા હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી હોવા છતાં તેઓ અવિરત વિચરણ કર્યા કરે છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.

દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ.બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ-સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવન-પરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન-જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ પણ સંસ્થા દ્વારા ગુરુવર્ય પ.પૂ.બાપજીની પ્રેરણાથી ચાલી રહી છે.

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતાં તમામસેવાકાર્યોનું શ્રેય ગુરુવર્ય પૂ.પૂ.બાપજીના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે. સંપ્રદાય તથા ઈતર સંપ્રદાયના મુમુક્ષુઓ, સંતો અને અગ્રેસરો પણ આ સત્પુરુષની આધ્યાત્મિક પ્રતિભાને વંદન કરી કૃતાર્થતા અનુભવી રહ્યા છે. તેઓની આ દિવ્યતાનું એક અને માત્ર એક કારણ તેઓ ગણાવે છે અને તે છે એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું ! તેઓનાં ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન-જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુવર્ય પ.પૂ.બાપજીની આજ્ઞાથી પૂ.સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે.



હજાર શબ્દો છે પુસ્તકના...
લાખ શબ્દો છે કલમના...
કરોડ શબ્દો છે કાનના...
અને માત્ર એક જ શબ્દ છે મુખમાંથી આવતો જે છે ભલામણનો.
આ એક શબ્દ ભલામણનો જ આમૂલ પરિવર્તન આણે છે.
પુસ્તકના શબ્દોમાં ને કલમથી લખેલા શબ્દોમાં તથા સાંભળેલા
શબ્દોમાં જીવનપરિવર્તન કરવાની જે તાકાત નથી
એવી અજબ તાકાત ભલામણના માત્ર એક શબ્દમાં સમાયેલી છે.
કારણ એ ભલામણ કરનાર એવા અલૌકિક અને સામર્થ્યવાન છે.
જેથી એમના શબ્દો પણ એવા જ સામર્થ્યવાન અને પરિવર્તનશીલ હોય છે.
જેને ઝીલવાથી આંતરશક્તિ ઉત્પન્ન થઈ વેગવાન બને છે.
જે વિચારોમાં લાવે છે કૃતનિશ્ચયતા, પ્રબળતા, મક્કમતા અને
ફના થવાની ભાવના.
જે શબ્દોમાં લાવે છે રણકાર, નીડરતા અને નિર્ભયતા.
આવી ભલામણ કરે છે ભગવાન અને સત્પુરુષ, જેઓ સંપૂર્ણ
દિવ્ય સ્વરૂપ છે, જેથી તેમના શબ્દોમાં પણ એક દિવ્ય શક્તિ સમાયેલી છે.
આથી એમના ભલામણના દિવ્ય શબ્દો જ મુમુક્ષુને દિવ્ય જીવનનો
રાહ કંડારી આપે છે અને એ જ પંથ કાપવા માટે કટિબદ્ધ કરે છે.
આવો આ 'ભલામણ' પુસ્તકમાં જણાવેલ ભલામણોને
જીવનમાં ચરિતાર્થ કરીએ...

SMVS
**સ્વામિનારાયણ ધામ**
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૧૩૦૫૨, ૫૩
Email : ssd@in.smvs.org